7405160954

શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૧

સંસ્કાર ગ્રંથાવલિ

પુસ્તક ૧૧૯ મું

# પત્રલાલસા


રમણલાલ વ. દેસાઈ



**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❖ **સંપુટ-૧**

**નવલકથાઓ**

જયંત ✻ શિરીષ ✻ કોકિલા ✻ હૃદયનાથ ✻ સ્નેહયજ્ઞ ✻ દિવ્યચક્ષુ ✻ પૂર્ણિમા ✻ ભારેલો અગ્નિ ✻ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ✻ બંસરી ✻ પત્રલાલસા ✻ ઠગ ✻ શોભના ✻ ક્ષિતિજ ✻ ભાગ્યચક્ર ✻ હૃદયવિભૂતિ ✻ છાયાનટ ✻ પહાડનાં પુષ્પો ✻ ઝંઝાવાત ✻ પ્રલય ✻ કાલભોજ ✻ સૌંદર્યજ્યોત ✻ શૌર્યતર્પણ ✻ બાલાજોગણ ✻ સ્નેહસૃષ્ટિ ✻ શચી પૌલોમી ✻ ત્રિશંકુ ✻ આંખ અને અંજન

❖ **સંપુટ-૨**

**નવલિકાસંગ્રહો**

ઝાકળ ✻ પંકજ ✻ રસબિંદુ ✻ કાંચન અને ગેરુ ✻ દીવડી ✻ સતી અને સ્વર્ગ ✻ ધબકતાં હૈયાં ✻ હીરાની ચમક

**કાવ્યસંગ્રહો**

નિહારિકા ✻ શમણાં

**નાટ્યસંગ્રહો**

શંકિત હૃદય ✻ પરી અને રાજકુમાર ✻ અંજની ✻ તપ અને રૂપ ✻ પુષ્પોની સૃષ્ટિમાં ✻ ઉશ્કેરાયેલો આત્મા ✻ કવિદર્શન ✻ પૂર્ણિમા ✻ બૈજુ બ્હાવરો ✻ વિદેહી ✻ સંયુક્તા

❖ **સંપુટ-૩**

**પ્રકીર્ણ**

જીવન અને સાહિત્ય ૧-૨ ✻ સુવર્ણરજ ✻ ગ્રામોન્નતિ ✻ ગઈકાલ ✻ મધ્યાહ્નનાં મૃગજળ ✻ તેજચિત્રો ✻ અભિનંદન-ગ્રંથ ✻ ઊર્મિ અને વિચાર ✻ ગુલાબ અને કંટક ✻ અપ્સરા ૧ થી ૫ ✻ રશિયા અને માનવશાંતિ ✻ ગુજરાતનું ઘડતર ✻ સાહિત્ય અને ચિંતન ✻ ભારતીય સંસ્કૃતિ ✻ માનવ-સૌરભ ✻ કલાભાવના ✻ શિક્ષણ અને સંસ્કાર ✻ ઊર્મિના દીવડા

**ચિંતનમાળા**

મહાત્મા ગાંધી ✻ ન્હાનાલાલ-કલાપી ✻ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ✻ ભારતીય કલા- સાહિત્ય - સંગીત ✻ સમાજ અને ગણીકા ✻ અંગત - હું લેખક કેમ થયો ?

ઔદાર્ય, નિરભિમાન, સાલસાઈ
અને દયાની મૂર્તિસમા સદ્‌ગત

**કુમારશ્રી નંદલાલજીને**

**-રમણલાલ**

DESAI Ramanlal V.
PATRALALSA, Novel
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891-473

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૪૨-૦૦

**પ્રકાશક**
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ટાઈપસેટિંગ :**
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરઝાપુર રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ઑફસેટ મુદ્રણ :**
ચિરાગ પ્રિન્ટર્સ
સિટી મિલ કંપાઉન્ડ
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ ૩૮૦ ૦૦૧

## છઠ્ઠી આવૃત્તિના પુનર્મુદ્રણ વખતે

મુ. ભાઈસાહેબની આ એક શરૂઆતની નવલકથા. હજી વંચાયે જાય છે અને પુનર્મુદ્રણ પામતી જાય છે એ જાણી હર્ષ થાય છે.

'જયકુટીર', ટાઈકલવાડી રોડ, **અક્ષયકુમાર ર. દેસાઈ**
મુંબઈ-૧૬, તા. ૮-૧૨-'૭૬

## પાંચમી આવૃત્તિની પ્રસ્તાવના

'પત્રલાલસા' હજી પણ રસપૂર્વક વંચાયે જાય છે અને પુનર્મુદ્રણ પામે છે એ આનંદની વાત છે. વાચકો અને પ્રકાશકોનો આભાર.

'જયકુટીર', ટાઈકલવાડી રોડ, **અક્ષયકુમાર ર. દેસાઈ**
મુંબઈ-૧૬, તા. ૮-૬-'૬૧

## ચોથી આવૃત્તિની પ્રસ્તાવના

'પત્રલાલસા' ચોથી આવૃત્તિ પામે છે તે સમયે કાંઈ વધારે લખવા જેવું હોય તો તે એટલું જ કે મારી આઠેક નવલકથાઓ હિંદીમાં અનુવાદ પામી છે અને 'પત્રલાલસા' તો 'કલ્કિ' નામના તામીલ પત્રમાં 'મનોરમા'નું નામ ધારણ કરી દક્ષિણ હિંદમાં પણ ઊતરી છે.

'કૈલાસ', મદનઝાંપા રોડ, **રમણલાલ વ. દેસાઈ**
વડોદરા, તા. ૧૧-૧-'૫૪

## ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

'પત્રલાલસા' ત્રીજી આવૃત્તિ પામે છે એ સિવાય પ્રસ્તાવનામાં મારે નોંધવાનું કશું રહેતું નથી.

'કૈલાસ', મદનઝાંપા રોડ, **રમણલાલ વ. દેસાઈ**
વડોદરા, તા. ૨૪-૩-'૫૧

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

બે વર્ષ વીતતાં 'પત્રલાલસા'ની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે. પ્રકાશકોનો હું આભારી છું.

મારી વાર્તાઓનું ગુજરાતે સન્માન કર્યું છે. ગુજરાતી જનતાનો તો હું આભારી છું જ. મારી વાર્તાઓએ ગુજરાતના થોડા ભાગનું મનરંજન થોડા સમય માટે પણ કર્યું હોય તો તેને હું મારું સદ્ભાગ્ય લેખું છું.'

**રમણલાલ વ. દેસાઈ**

વડોદરા

તા. ૩ જૂન, ૧૯૩૬

## પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

સને ૧૯૨૪-૨૫માં શ્રી 'સયાજીવિજય' પત્ર માટે ચાલુ વાર્તા તરીકે 'પત્રલાલસા' દર અઠવાડિયે પ્રસિદ્ધ થતી હતી.

વાર્તાના ગુણ જે હોય તે ખરા. પ્રકાશકો કહે છે કે મારી વાર્તાઓ ગુજરાતને ગમી છે. એ તો મારું સદ્ભાગ્ય. પ્રકાશકોની શ્રદ્ધા ઉપર આધાર રાખી 'પત્રલાલસા' પણ પ્રગટ થવા દઉં છું.

'પત્રલાલસા'ના પ્રાગટ્યથી મારી વાર્તાઓ ગુજરાતને ગમતી મટી નહિ જાય એવી આશા રાખું ?

**રમણલાલ વ. દેસાઈ**

નવસારી

તા. ૧૫ માર્ચ, ૧૯૩૧

# પત્રલાલસા

※

રમણલાલ વ. દેસાઈ

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| વારાફેરા | ૧ | પૈસાની શોધ | ૯૭ |
| મિત્રોનો મેળાપ | ૫ | કુસુમાવલિ | ૧૦૨ |
| ખાનદાની | ૧૩ | શરમાળ પુરુષ | ૧૦૮ |
| સ્નેહનું સ્વપ્ન | ૧૯ | પરિણીત મંજરી | ૧૧૫ |
| દ્વિતીય લગ્નની જરૂરિયાત | ૨૫ | છેટાં હૃદય | ૧૧૮ |
| પ્રથમ ભેટ | ૩૧ | લક્ષ્મીની ચોકી | ૧૨૪ |
| ગ્રેજ્યુએટ થયા પછી | ૩૫ | પત્રદર્શન | ૧૩૦ |
| વિચિત્ર સ્થળ | ૪૨ | મજૂરો | ૧૩૮ |
| વિચિત્ર માનવીઓ | ૪૯ | નઠારો વિચાર | ૧૪૩ |
| બુલબુલ | ૫૫ | મજૂરી | ૧૪૯ |
| બુલબુલનો ભૂતકાળ | ૫૮ | સમુદ્રસ્નાન | ૧૫૫ |
| વ્યવહાર | ૬૭ | આશા | ૧૬૦ |
| સૂનાં સિંહાસન | ૭૦ | અસ્પૃશ્ય મિલન | ૧૬૭ |
| તરસી નજર | ૭૬ | ગજગ્રાહ | ૧૭૫ |
| અકસ્માતનાં પરિણામ | ૮૨ | કરાલ નિશ્ચય | ૧૮૧ |
| અસ્થિર મનોદશા | ૮૮ | પડછાયા | ૧૯૦ |
| મંજરીનું લગ્ન | ૯૪ | | |


### મુદ્રણો


| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ | : માર્ચ | ૧૯૩૧ | : પાંચમી | : જુલાઈ | ૧૯૬૧ |
| દ્વિતીય | : જૂન | ૧૯૩૬ | : છઠ્ઠી | : ડિસેમ્બર | ૧૯૭૦ |
| તૃતીય | : માર્ચ | ૧૯૫૧ | : સાતમી | : ડિસેમ્બર | ૧૯૭૬ |
| ચતુર્થ | : જાન્યુઆરી | ૧૯૫૪ | | | |

૮મું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે, ૧૯૯૨

પ્રત : ૨૨૫૦

# ૧

# વારાફેરા

*પરંતુ જેનું ગૃહ પૂર્ણતામાં*
*ભર્યું હતું આજ સુધી સદાયે,*
*ના જ્યાં હતી ભાવિ તણીય ચિંતા,*
*અસહ્ય તેને પલટો થયો આ.*

**કલાપી**

'દીનાનાથનું ઘર ક્યાં આવ્યું ?' પચાસ પંચાવન વર્ષના એક પુરુષે ચૉગાનમાંથી નીકળતા એક યુવકને પૂછ્યું. આ ઉંમર વૃદ્ધાવસ્થાનો કિનારો કહી શકાય, પરંતુ ટટ્ટાર ચાલતો આ પુરુષ વૃદ્ધ લાગતો નહોતો. તેની આંખો સહેજ ઝીણી પણ ચમકતી હતી, અને તેનું મુખ મલકતું લાગતું હતું.

'જી, હું બતાવું.' કહી યુવકે પાછા ફરવા માંડ્યું.

વૃદ્ધ હસ્યો. 'દુનિયા સુધરતી જાય છે, ભાઈ ! કૉલેજમાં જાઓ છો ?'

'હા જી, હું કૉલેજમાં જાઉં છું.' યુવકે કહ્યું. પરંતુ દુનિયા સુધરતી જાય છે એમ આપે કેમ કહ્યું ?'

'જુઓ ને ભાઈ ! અમે નાના હતા ત્યારે પરદેશીઓને આમ સહેલાઈથી કોઈનાં ઘર બતાવતા નહિ; અને બતાવતા તો કોઈ એવું ઘર બતાવીએ કે જ્યાંથી ઘર પૂછનારને ધપ્પો જ પડે. તમારી નિશાળો અને કૉલેજોએ છોકરાઓને તોફાન શીખવતાં અટકાવ્યા છે.'

યુવક આ સાંભળી આશ્ચર્ય પામ્યો. તોફાનનો શોખીન આ ડોસો વળી કોણ હશે ? નિશાળ અને કૉલેજમાં શીખવાતી સભ્યતા માટે યુવકને માન હતું. તેણે પ્રશ્ન કર્યો : 'શું આપને સભ્યતા નથી પસંદ પડતી ?'

'સભ્યતા તો અલબત્ત ગમે જ; પરંતુ સભ્ય માણસો વહેલા વાંકા વળી જાય છે. મારે સભ્યતા સામે એટલી જ તકરાર છે.'

'દીનાનાથનું આ મકાન. બારીમાં ઊભી છે એ એમની દીકરી.' યુવકે મકાન બતાવતાં કહ્યું.

'દીનાનાથનું આ મકાન ?' તે સહજ અટકી બોલ્યો. 'શું વારાફેરા

આવે છે !'

દીનાનાથ એક ગર્ભશ્રીમંત જમીનદાર હતા. તેમના પૂર્વજોની દાનધર્મ સંબંધમાં એટલી ખ્યાતિ હતી કે આજ આપણને એ બધું કલ્પનામય લાગે. તેઓ જાતે પણ એ જ વિચારશ્રેણીમાં ઊછર્યા હતા. પરાપૂર્વથી તેમના ઘરમાં પૂરતો વૈભવ હતો, અને વૈભવ એકલા ભોગવતા કરતાં સ્નેહીસંબંધીઓની સાથે ભોગવવામાં તેની સાર્થકતા તેઓ માનતા. અત્યંત દયાળુ અને ઉદાર સ્વભાવને લીધે કુટુંબનું દરેક માણસ તેમને ચાહતું અને નિકટનાં તેમ જ દૂરનાં સગાં, સગપણ સંભારીને અથવા ખોળી કાઢીને, તેમને ઘેર ઘણું આવતાં અને રહેતાં. આ કુટુંબવત્સલ ગૃહસ્થ સર્વને આવકાર આપતા - મુખનો જ આવકાર નહિ પણ મનનો. અતિથિને યજમાનનો આભાર માનવાનો કદી પ્રસંગ મળતો જ નહિ. અતિથિએ પધારીને ઘર પાવન કર્યું એ માટે તેનો એટલો બધો ઉપકાર માનવામાં આવતો કે તે અતિથિને સર્વ તિથિઓ દીનાનાથના ઘરમાં જ ગાળવાનું મન થતું, અને ઘણા એ ઇચ્છાને પૂર્ણ કરી દીનાનાથને ઉપકૃત પણ કરતા.

દીનાનાથનું મકાન ભરચક હોવા છતાં તેમને કાંઈ સંતાન નહોતું. તેમનાં પત્ની નંદકુંવર પણ સરલ અને પવિત્ર હૃદયનાં હતાં.

કુટુંબનું દરેક માણસ તેમનું પોતાનું જ લાગતું. છોકરાં પણ ખાવાનું માગવા અથવા ટંટો પતાવવા તેમની પાસે જ જતાં. આખો દિવસ તેમને નવરાશ મળતી નહિ. સવારના પાંચ વાગે ઊઠી, નાહીધોઈ, પૂજા કરી, રસોઈના કામમાં તેઓ પડતાં. ઘરમાં માણસો ઘણાં હતાં, અને ફેરો ખાવાનો ડૉળ પણ બધાં કરતા. હું કામ કરું છું એવું દેખાડવા દરેક જણ ધાંધળ કરી મૂકતું; પરંતુ ખરું કામ તો નંદકુંવરને જ માથે આવી પડતું.

આમ ખર્ચ વધ્યે જ ગયું. દયાળુ સ્વભાવને લીધે ગુમાસ્તાઓ આવકખર્ચના હિસાબમાં પણ ગોટાળો કરવા લાગ્યા. કોઈ આ બાબતની સૂચના કરે તો તેને દીનાનાથ તરફથી એક જ જવાબ મળતો કે 'આપણો કહ્યો, માટે બધે પૈસો આપણે જ માટે વપરાય એવું કોઈ દહાડો બને ખરું ? હોય, એમાં બીજાનો પણ ભાગ છે.'

પરંતુ અવ્યવસ્થિત ગૃહવ્યવહાર લાંબા વખત સુધી ચાલી શકતો નથી. જગતના કાર્યક્રમમાં અર્થશાસ્ત્રનો ઉપયોગ ન થતો હોત તો ઉદાર પુરુષોની ઉદારતાને મર્યાદિત કરવાની જરૂર રહેત નહિ. પરંતુ આવક અને ખર્ચના બે છેડાની વચ્ચે રમત કરવાની હોવાથી ઉદાર પુરુષોને ઝટ જણાઈ આવે છે કે ઉદારતાને પણ દુનિયા મર્યાદા આપવા માગે છે.

તેમનો ખર્ચ વધવા માંડ્યો અને વર્ષ ખરાબ આવવા લાગ્યાં;

ગુમાસ્તાઓ ખોટ બતાવવા લાગ્યા, અને કર્જે નાણાં લેવાવા માંડ્યાં.

દરમિયાન તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો. સંતતિરહિત પતિપત્નીનાં જીવન ટૂંક મુદતમાં ખાલી ખાલી લાગવા માંડે છે, અને બીજી હજારો વસ્તુઓમાં મન પરોવવાનું સાધન હોય છતાં હસતું બાળક ઘરમાં રમતું ન હોય ત્યાં સુધી હૃદય વિરામ પામતું નથી. દંપતીના આનંદનો પાર જ ન રહ્યો. દીકરીનું નામ મંજરી પાડ્યું.

પરંતુ દિનપ્રતિદિન દીનાનાથની આર્થિક સ્થિતિ ખરાબ થતી ચાલી. લેણદારો નાણા માગતા હતા. વખતસર નાણા ન અપાય તો કૉર્ટે ઘસડતા હતા, અને મોજમાં જીવન વ્યતીત કરનાર દીનાનાથને ચિંતાએ ઘેર્યો. અનેક મનુષ્યો તેઓ પાળતા : હવે તેમને પોતાની પુત્રીને પાળવાના વખતે જ તંગી વેઠવાનો સમય આવ્યો. પડતી હાલત પરખી જનાર સગાંસંબંધીઓ અનુકૂળતાએ ખસતાં થયાં; મિત્રો દિલગીરી બતાવી બેઠા; અને દીનાનાથને પોતાની મિલકત વેચવાનો સમય આવી ગયો.

મિલકત વેચતી વખતે જણાયું કે તેમનું કરજ કેટલું ગંજાવર હતું ! આખા પ્રાંતમાં પ્રતિષ્ઠિત ગણાતા જાગીરદાર દીનાનાથને એક નાનું ઘર, થોડાં ઘરેણાં અને કેટલીક જમીન સિવાય પોતાનાં ગાડી, ઘોડા, હવેલી અને જમીનજાગીરનો મોટો ભાગ વેચી નાખવો પડ્યો.

ગરીબી એ પણ એક મહાદુઃખ છે. તેમાંયે પરાપૂર્વથી ચાલતો આવેલો વૈભવ પોતાની નજરે જતો જોવો અને એ પાછલો વૈભવ સંભારી તંગીમાં દિવસ ગુજારવા એ વજ્રનું હૃદય હોય તો જ બની શકે. પૈસો જતાં જે દુઃખોની પરંપરા ભોગવવી પડે છે, તેની ગરીબો સિવાય ભાગ્યે જ કોઈ કલ્પના કરી શકે એમ છે.

તેમ છતાં ગરીબ હોવું અથવા થવું એ કાંઈ પાપ નથી. ઘર જોઈ પેલા વૃદ્ધના મુખમાંથી પણ ઉદ્ગાર નીકળી ગયો કે 'ગરીબ હોવું અથવા થવું એમાં કાંઈ પાપ છે ?'

યુવકે કહ્યું : 'હું રજા લઉં ત્યારે ?'

'બેલાશક ! પરંતુ તમે મને ઘર બતાવવામાં મદદ કરી એ માટે હું તમારો ઉપકાર નહિ માનું તો હું જૂના જમાનાનો જંગલી ઠરીશ. હું અહીં રહેવાનો છું. જરૂર મળજો ભાઈ, હોં ?'

યુવકની આંખ બારી ઉપર ઊભેલી મંજરી તરફ ફરી, પણ તત્કાળ દૃષ્ટિ વાળી લઈ તે વિનયથી ચાલ્યો ગયો.

'ભાઈસાહેબ ઘરમાં છે કે બહેન ?' વૃદ્ધ જેવા પુરુષે મંજરીને પૂછ્યું.

દીનાનાથ પોતાની જાહોજલાલીમાં ભાઈસાહેબ તરીકે ઓળખાતા.

દીનાનાથને અંદર બેઠેબેઠે ઘાંટો પરિચિત લાગ્યો. જૂનાં સ્મરણો ખડાં થયાં અને મુખ ઉપર વ્યાકુળતા છવાઈ ગઈ.

મંજરીએ મધુર કંઠે જવાબ આપ્યો : 'ઘરમાં જ છે.'

'છોકરી મોટી થઈ ગઈ છે.' તે મનમાં બબડ્યો અને ઉપર ચઢી આવ્યો. તેને જોતાં જ દીનાનાથ હીંચકા ઉપરથી ઊભા થઈ ગયા. આગળ વધ્યા અને ભેટી પડ્યા. આંખમાંથી આંસુ નીકળી આવ્યાં અને રૂંધાતા કંઠમાંથી ઉચ્ચાર નીકળ્યો : 'ચિતરંજન ! તું આવ્યો ?'

## ૨

# મિત્રોનો મેળાપ

*હતું તેનું હૈયું કમલ સરખું કોમળ, અને -*
*હતો તેમાં દૈવી પ્રણયરસ મીઠો ટપકતો;*
*હતું તેને મ્હોંયે મધુર સ્મિત કાંઈ ચળકતું*
*દીસે તેનાં ગાત્રો પુલકિત થતાં હર્ષ મય સૌ.*

**કલાપી**

ચિતરંજનની આંખમાં આંસુ આવ્યાં કે નહિ તે જણાયું નહિ. પરંતુ તેની આંખમાં કાંઈક ચમક દેખાઈ, ન દેખાઈ અને તેણે પોતાના બંને હાથ પોતાના મોં ઉપર ફેરવ્યા. દીનાનાથને તેણે હીંચકે બેસાડ્યા અને તે પણ જોડમાં બેઠો.

'ચિતરંજન ! હું તો ગરીબ થઈ ગયો છું.' દીનાનાથે થોડી વારમાં ઉદ્‌ગાર કાઢ્યો.

'તેની હરકત નહિ, પણ તું ગાંડો ન થાય એ જોજે.' ચિતરંજને જવાબ આપ્યો. 'તારે ત્યાં મિજબાનીઓ ઊડતી ત્યારે હું શું કહેતો હતો તે યાદ છે? દીનુ ! હું હજીયે કહું છું કે દુનિયા ગરીબોની છે. મોટા ઘરમાં રહેતો ત્યારે તારું સગુંવહાલું કોણ હતું તે યાદ આવે છે ? જો; ખુરશી, મેજ, જાજમ, રેશમ, ગાડી, ઘોડા, કૂતરા અને બહુ બહુ તો ફૂલ એ તારાં સગાંવહાલાં હતાં. હવે એ બધાં ગયાં એટલે નંદુભાભી અને મંજરી તારાં સગાં થયાં. કહે, ખુરશી અને નંદુભાભીમાં તું શું વધુ પસંદ કરીશ ? ગાડી અને મંજરી એ બેમાંથી તું કોને છોડી દઈશ ? અરે હાં, પણ નંદુભાભી કયાં છે ?'

એકવચનથી પરસ્પરને સંબોધતા આ વૃદ્ધોને જોઈ મંજરીને નવાઈ લાગ્યા કરતી હતી, અને ચિતરંજનની વિચિત્ર બોલીથી તેને વધારે નવાઈ લાગી. પોતે લગભગ સોળેક વર્ષની થઈ હતી, પરંતુ પોતાના પિતાનો આવો મિત્ર તેણે જોયો સાંભરતો નહોતો.

'એ તો વ્યોમેશચંદ્રને ત્યાં ગઈ છે.' મંજરીએ ચિતરંજનને જવાબ આપ્યો.

'અહીંથી થોડે દૂર આપણા જૂના મકાનમાં તેઓ રહે છે. મારી મિલકતનો મોટો ભાગ તેમણે વેચાતો રાખ્યો છે. સજ્જન માણસ છે.

તેમનાં પત્નીની માંદગી હોવાને લીધે તેમને ત્યાં કદી કદી જવું પડે છે.' દીનાનાથે પૂર્તિ કરી.

'અને આ મંજરી તો ઓળખતી પણ શાની હશે ?' ચિતરંજને પ્રશ્ન કર્યો. 'આ પ્રદેશ છોડ્યે મને બારેક વર્ષ વીતી ગયાં. મંજરી તો ત્યારે બહુ નાની.'

મંજરીએ હસતે મોંએ નીચું જોયું. સ્વાભાવિક સૌંદર્ય અને સંસ્કાર-શોભનકલા, એ ઉભયથી શોભતી આ બાલા અજાણ્યા મંડળમાં બેસવાથી સંકોચ વ્યક્ત કરતી હતી.

'બેટા !' ચિતરંજને કહ્યું, 'હું તો એક ખાખી છું. જમાતમાં રખડવું અને જોવું એ બે સિવાય ત્રીજું કામ મેં કર્યું નથી. જિંદગીમાં કોઈને સગાં કર્યાં નથી. સ્વાર્થની જાળો ગૂંચવી તેમાં આપણે જકડાઈ રહેવું એ કદી મને ગમ્યું નથી. કેમ, એ પીડામાં પડ્યો નહિ એ ઠીક કર્યું ને ?'

મંજરીને વાતમાં દોરવાનો તેણે પ્રયત્ન કર્યો, પરંતુ હસતું મુખ રાખી મંજરી બેસી રહી.

નંદકુંવર એટલામાં દાખલ થયાં. ચિતરંજનને જોઈ પ્રથમ તો તેઓ ચમક્યાં. બાર વર્ષનો ગાળો મનુષ્યની સ્મૃતિ ઉપર કંઈ કંઈ પડદા પાડે છે; પરંતુ પહેલાંનો નિત્યસંબંધ સ્મૃતિપટ ઉપર અંકાઈ ગયેલો હોય તો બાર વર્ષમાં કાંઈ પાછલી વાત ભુલાય નહિ.

'નંદુભાભી ! હું જીવું છું હો. મારું આ ભૂત ન હોય !' ચિતરંજને નંદકુંવરને કહ્યું.

'રંજનભાઈ !' નંદકુંવરે સંબોધન કર્યું. તેના મુખ ઉપર હર્ષ છવાઈ રહ્યો. ઘણે વર્ષે પોતાના ભાંડુને મળતાં નયનોમાંથી જે અમૃત વરસે, તે અત્યારે નંદકુંવરની આંખમાંથી વર્ષવા માંડ્યું. 'જોયે તો જુગ થઈ ગયા ! હવે તો અહીં આરામ લો !'

એનો એ જ સ્વભાવ, એની એ મૃદુતા અને એની એ સરળતા ચિતરંજને નંદકુંવરમાં જોઈ. દુઃખે તેના સ્વભાવમાં કટુતા આણી નહોતી, અને સ્વભાવમાં કટુતા ન હોવાથી તેના મુખ ઉપરનું સ્વાભાવિક માધુર્ય કાયમ રહ્યું હતું. ક્લેશી સ્વભાવનાં પ્રતિબિંબ રૂપ કરચલી પડેલી ન હોવાથી તેનું મુખ ઉંમર છતાં સોહામણું લાગતું હતું.

'હજી મહેમાનોનો શોખ નથી ગયો શું ?' ચિતરંજને આમંત્રણનો જવાબ વાળ્યો.

ગરીબી ખાનદાનીને દબાવી શકતી નથી. દીનાનાથનું મહેમાનપ્રિય

હૃદય ઊછળ્યું : 'શું તું મહેમાન થઈને આવ્યો છું ?'

'અરે ભાઈ ! તને કોણ કહે છે ? આખા ગામને નોતરજે ને ? હું તો નંદુભાભીને કહું છું.' ચિતરંજને કહ્યું.

બાર વર્ષથી ચિતરંજન ફરતો હતો. દીનાનાથનો આ પરમ મિત્ર છેક બાળપણની મૈત્રી સાચવી શક્યો હતો. અડધો મશ્કરો, અડધો અબધૂત, એવી જગતમાં એની ગણના થતી હતી. દીનાનાથના અન્ય મિત્રમાં તેની કડક ભાષા, નીડર અભિપ્રાય અને બેદરકાર વર્તન ઘણાં જ અપ્રિય થઈ પડ્યાં હતાં. પરંતુ દીનાનાથ અને નંદકુંવરને તેના વગર ચાલતું નહિ. સ્વાર્થી મિત્રોના સ્વાર્થના પ્રસંગો ગણાવી સગાંવહાલાંની પકડાઈ જાય એવી હલકી યુક્તિઓનાં વર્ણન આપી તે ઘણી વાર એ બંને જણને હસાવતો. તેઓ તેની ટીકા સાંભળી રહેતાં, હસતાં, વખતે સંમત થતાં, પરંતુ પોતાના વર્તનમાં તેથી જરા પણ ફેર પડવા દેતાં નહિ. ચિતરંજનની વિદ્વાનમાં ગણના થતી. તે એકલો જ હતો - લગ્ન કર્યું નહોતું, અને અતિશય રખડવાની અને લાંબી મુસાફરીઓ કરવાની તેને ટેવ પડી ગઈ હતી.

'દિનુ ! મને દસેક હજાર રૂપિયા ન ધીરે ?' બાર વર્ષ ઉપર ચિતરંજને દીનાનાથ પાસે માગણી કરી હતી. તેને પહેલે જ દિવસે તેણે દીનાનાથની સાથે કરકસરની બાબતમાં ખૂબ તકરાર કરી હતી.

'તારે પૈસો હવે ગમેતેમ કરીને બચાવવો જ જોઈએ. દેવું ઘણું થવા માંડ્યું છે, અને અત્યારથી નહિ અટકે તો બૂરી દશા આવશે. પૈસો ખૂટતાં જગતમાં કોઈ જ સહાય નહિ કરે.'

દીનાનાથને આથી રીસ ચડી અને આવેશમાં આવી તેણે કહ્યું : 'ચિતરંજન ! આની આ વાત કરવી હોય તો બહેતર છે કે તું ન આવે.'

'ભલે, હું નહિ આવું.' કહી ચિતરંજન ઊઠી ચાલ્યો ગયો. દીનાનાથને પસ્તાવો થયો. નંદકુંવરને તેમણે વાત કહી. પત્નીએ દીનાનાથને સહજ ઠપકો આપ્યો, અને બીજે દિવસે તેને બોલાવવા માણસ મોકલતાં હતાં એટલામાં જ ચિતરંજને આવી માગણી કરી કે :

'તું બધાં ઉપર ઉપકાર કરે છે. મારે આજે ખાસ જરૂર પડી છે. તો દીનુ ! મને દસેક હજાર રૂપિયા ન ધીરે ?'

પૈસા તેને મળ્યા, અને તે જ રાતના તે ચાલી નીકળ્યો. એક પત્ર ફક્ત તેણે દીનાનાથને લખ્યો, અને તેમાં જણાવ્યું તે પોતે જગતની પરિક્રમા કરવા નીકળે છે.

તે વાતને બાર વર્ષ થઈ ગયાં. બાર વર્ષમાં દીનાનાથના જીવનમાં અજબ પરિવર્તન થઈ ગયું. તે રાયના રંક થઈ ગયા. એ રંક અવસ્થાની હાડમારી વખત જતાં વધારે વધારે અનુભવવા લાગ્યા. હવે માત્ર નંદકુંવરમાં તેમનું સુખ હતું અને મંજરીમાં તેમનો આનંદ હતો. ચિતરંજન ઘણી વખત યાદ આવતો. તેનાથી મળતો વિનોદ હજી પણ સંભારીને કુટુંબ ઘડી આનંદ કરતું, મિલકત વેચી તે દિવસથી દીનાનાથે પોતાની સિતારનો સ્પર્શ પણ કર્યો ન હતો, માત્ર સંગીતનો અતિશય નાદ હોવાથી નાની મંજરીને તેઓ હવે ઈશ્વરસ્તુતિનાં ગીતો શીખવાડતા. રહીસહી જમીનમાંથી જે કાંઈ ઉત્પન્ન આવતું એમાંથી ગુજરાન ચાલતું. એટલામાં કેમ પૂરું થતું તે માત્ર નંદકુંવર જ જાણતાં.

આજે એકલા પડી જવાથી દીનાનાથ વિચારે ચઢ્યા હતા. ગત વર્ષોનાં ચિત્રોની પરંપરા તેમની દૃષ્ટિ આગળ ખડી થયે જતી હતી. હીંચકે ઝૂલવાથી તરંગોને બળ મળતું હતું. મંજરી બારીએ બેસી કાંઈ ભરતી હતી. મંજરીનો વિચાર આવતાં તેઓ અતિશય દુઃખી થઈ ગયા, અને એટલામાં બાર વર્ષથી વિખૂટો પડેલો મિત્ર આવી મળ્યો. તેમના આનંદનો પાર રહ્યો નહિ.

નંદકુંવર પણ બહાર ગયાં હતાં તે આવી પહોંચ્યાં અને ચારે જણ મળી વાતોએ ચઢ્યાં. મંજરીએ રસોઈ કરી રાખેલી હતી, પરંતુ વાતમાં ને વાતમાં જમવાની ઉતાવળ કોઈને હતી નહિ.

'હજી આખા ગામનાં માંદાંની માવજત તમે જ કરો છો કે શું ?' ચિતરંજને નંદકુંવરને પૂછ્યું. 'માણસ તો આટલો પૈસાદાર છે પછી બોલાવે ડૉક્ટરને કે પરિચારિકાને ! તમારે આ ઉંમરે હવે આટલી મહેનત શું કામ લેવી પડે ?'

'શું કરું, ભાઈ !' નંદકુંવરે જવાબ વાળ્યો. 'વ્યોમેશચંદ્રની વહુને ક્ષય થયો છે. બધાંએ આશા છોડી છે. મારા વગર એ બાઈ રહેતી નથી. રાત દહાડો રડ્યા કરે છે. હું જઈને ધીરજ આપું છું ત્યારે કાંઈક તેનો આત્મા પ્રફુલ્લ રહે છે. એને તો મારું વ્યસન જ લાગ્યું છે.'

'લાગે, કેમ ન લાગે !' કટાક્ષમાં ચિતરંજને કહ્યું, 'તમારાં જેવાં મફતનાં મા મળતાં હોય તો લાવો ને હુંયે માંદો પડું !'

દીનાનાથ હસ્યા. 'ચિતરંજન ! તું દુનિયામાં આટલું બધું ફર્યો છતાં દુનિયાના લોકો તરફ તને કદી સદ્ભાવ કેમ ન થયો ?'

'હું જેમ દુનિયામાં વધારે ફરું છું તેમ મારી વિશેષ ખાતરી થતી જાય છે કે લોકો સ્વાર્થી જ છે. સ્વાર્થી જનસમાજ તરફ મને કેમ સદ્ભાવ

ઊપજે?'

આમ વાતચીતમાં વખત ચાલ્યો ગયો. જમીને કલાક આરામ લેવાની દીનાનાથની અસલની ટેવ હજી પણ ગઈ નહોતી, પરંતુ આજે તેમણે એ ટેવને વિસારે મૂકી. પોતાની બાર વર્ષની લાંબી મુસાફરીમાં ચિતરંજનને ઘણા પ્રસંગો વીત્યા હતા. અફઘાનિસ્તાન, તાર્તરી, રશિયા વગેરે દેશોની પગે કરેલી મુસાફરીનાં, તેમ જ જાપાન, અમેરિકા, યુરોપ વગેરે જળપ્રવાસનાં રમૂજી વર્ણનો પોતાની અજબ શૈલીમાં ચિતરંજન વર્ણવ્યે જતો હતો. સાંજ પડતાં ચિતરંજને વાત બદલી.

'પેલો છોકરો કોણ હતો ? સવારે જેણે તમારું ઘર બતાવ્યું ?'

'મને ખબર નથી એ કોણ હતું. મંજરીને ખબર હશે. એ બારીએ બેઠેલી હતી.' દીનાનાથે કહ્યું.

'સનાતન.' ધીમેથી મંજરીએ કહ્યું. આ નામનો ઉચ્ચાર કરતાં તેનું હૃદય સહજ ધડક્યું. સનાતન તેની જોડેના જ મકાનમાં રહેતો; તેને તે નિત્ય જોતી; પરંતુ તેની સાથે તે કદી બોલી નહોતી. તેના નામનો ઉચ્ચાર પણ તેણે આજ પ્રથમ કર્યો. ઓછા જાણીતા યુવકોનાં નામ દેતાં યુવતીઓને કદાચ નહિ ફાવતું હોય.

'બહુ સારો છોકરો છે.' નંદકુંવરે પ્રમાણપત્ર આપ્યું.

'તમારી દુનિયામાં કોઈ ખોટું જ ક્યાં છે ?' ચિતરંજને કહ્યું. 'એ છોકરાને હું બહુ વિચિત્ર લાગ્યો હોઈશ. મેં એને અહીં આવવા કહ્યું છે. બોલાવો ને એને ? ભણેલાઓને હું બુઢ્ઢો છું છતાં ચમકાવી શકીશ.'

નંદકુંવરે બારીએથી ટહુકો કર્યો અને સનાતન આવ્યો.

આ ગૃહમાં તેનો પ્રથમ જ પ્રવેશ હતો. સહજ સંકોચ અને વિનયથી નમસ્કાર કરી તે બેઠો.

દીનાનાથે ઘરના માલિક તરીકે વિવેક કર્યો : 'કેમ ભાઈ ! કૉલેજમાં જઈ આવ્યા ? પડોશમાં રહો છો અને કોઈ દહાડો આવતા પણ નથી ?'

'શું આવે બિચારા !' ચિતરંજને કહ્યું. 'આજનું ભણતર તો જુઓ ? બોચી ઉપર કાંકરો મૂકી ભણે. આંખો ખૂએ, અને ભણી ઊતરે ત્યારે એકે કામના તો નહિ જ.'

'આપનું કહેવું કાંઈક ખરું છે.' સનાતને જવાબ આપ્યો.

'કાંઈક નહિ, બધું જ ખરું છે.' ચિતરંજને સામો જવાબ વાળ્યો. 'કહો જોઈએ, ભણેલા માણસને વેચવા કાઢ્યો હોય તો એને કોણ લે ? અને કેટલી કિંમતે ?'

'ભણ્યાનો આનંદ એ જ ભણતરની કિંમત છે.' સનાતને જવાબ આપ્યો.

'શું ધૂળ ભણ્યાનો આનંદ છે ? નિબંધ લખવો હોય તો તમારું વાક્ય ખરું છે, બાકી ભણતરના આનંદની વાત કાં તો મિથ્યાભિમાન અને કાં તો ગપ છે. ભણેલાથી ન હસાય, ન રમાય, ન બોલાય, ન રખડાય, ન ગવાય, અને ન ખવાય. તમારા ભણતરમાંથી આનંદને દેશપાર કર્યો છે. કહો, આપ ગાઈને પોતાને રીઝવી શકો છો ?' ચિતરંજને ભણતરની કિંમત આંકી.

'ના જી, મને ગાતાં તો નથી આવડતું.' સનાતને જવાબ આપ્યો.

'થયું; ત્યારે અમે તમને ભણેલા નહિ માનીએ. એ રીતે તમારા કરતાં આ મારી મંજરી વધારે ભણેલી છે.' સનાતન તરફ વારંવાર ચોરીછૂપીથી જોયા કરતી મંજરી ઉપર આંખ પડતાં ચિતરંજને કહ્યું. મંજરી લેવાઈ ગઈ.

'ના ના. મને કાંઈ આવડતું નથી.' ગાવું પડશે એ બીકે મંજરીએ કહ્યું.

'બહુ રાગદારી તો એને નથી શીખવી, પણ પદ-કીર્તન. બહુ સારી હલકથી ગાય છે. કંઠ મધુર છે, અને બતાવેલી ચીજ ઝટ ઉપાડી લે છે. મંજરીના વહાલસોયા પિતાએ દીકરીના ગુણ ગાયા.

'બધાં વચ્ચે આમ ન કહ્યું હોત તો, ન ચાલત ?' મંજરી મનમાં બોલી. તેને ખરેખર ડર લાગ્યો કે હવે તેને ગાવાની ફરમાશ થશે જ. ના શી રીતે પાડવી તેનાં બહાનાં તે શોધવા લાગી; એટલામાં દીનાનાથે જ કહ્યું :

'મંજરી ! કાંઈક ગા હવે.'

પરાયાં માણસો વચ્ચે ગાવું કેટલું મુશ્કેલ છે એ સહુ કોઈ જાણે છે. તેણે ઘણી આનાકાની કરી, બહાનાં કાઢ્યાં, કંઠ ખરાબ થઈ ગયો છે, ગીત યાદ આવતું નથી વગેરે કારણો રજૂ કર્યાં, પણ કોઈએ તેને ન્યાય આપ્યો નહિ, અને એક મતે તેને શિક્ષા ફરમાવી કે તેણે ગાવું જોઈએ.

મંજરી ન ચાલ્યે એકચિત્ત થઈ; તેના મુખ ઉપર ગાંભીર્ય છવાયું; અને તેનું સુંદર મુખ નીચું વળ્યું. કંઠમાં મધુરતાની રેલ આવી અને સોરઠના સૂરમાં ગીત વહ્યું :

*મારા અંતસમય અલબેલા, મુજને મૂકશો મા !*
*મારા મદનમોહનજી છેલા, અવસર મૂકશો મા !*

સનાતન સ્તબ્ધ થઈ ગયો. સ્વરોનું રમણીય વાતાવરણ બંધાતું હતું અને અચાનક ચિતરંજનના કઠોર હાસ્યનો ધ્વનિ સંભળાયો. મંજરી ગાતી ગાતી અટકી. સનાતનને એમ થયું કે આ અવિવેકી વૃદ્ધને ખરેખર

રીતભાત આવડતી જ નથી.

ચિતરંજનને હસતો જોઈ દીનાનાથને પૂર્વની વાત યાદ આવી. જ્યારે જ્યારે આ ગીત કોઈ ગાતું ત્યારે ચિતરંજન સખત વાંધો જાહેર કરતો. દીનાનાથે કહ્યું : 'મંજરી ! આ નહિ; બીજું કોઈ ગીત ગા. ચિતરંજનને આ ગીત નથી ગમતું.'

સનાતનથી રહેવાયું નહિ. 'હું નથી સમજી શકતો કે આ ગીત કેમ નહિ ગમતું હોય. આથી વધારે મધુર ગીત બીજું મળવું દુર્લભ છે.'

'આ જ તમારું ભણતર.' ચિતરંજને કહ્યું. 'હજી તો ઊગો છો અને એટલામાં અંત સમયે અલબેલાનાં દર્શન કરવાની લાલસા થઈ આવી ? અંત સમય આવશે ત્યારે આ ગીત ગાઈશું. હમણાં તો કાંઈ ઊછળતું, ઉત્સાહ પ્રેરતું ગીત સાંભળવું જોઈએ. મંજરી ! એવું કાંઈક ગા.'

મંજરીએ બીજું ગીત શરૂ કર્યું :

*પરમ ધન પ્રભુનાં લેજો લોક !*
*રૂપ ધન, ધન સોનું*
*હો અબધૂત ! હીરા મોતી ઝવેર,*
*હો અબધૂત ! હીરા મોતી ઝવેર;*
*સત્તા ધન, ધન જોબન : ચળ સહુ;*
*અચળ બ્રહ્મની લહેર;*
*પરમ ધન પ્રભુનાં લેજો લોક !*

સ્વરમાધુર્યથી સહુ મુગ્ધ બન્યા. સાધુતાનું વાતાવરણ જાણે બંધાયું હોય એમ સર્વનાં મન સાત્ત્વિક થઈ ગયાં. ચિતરંજન પોતાનું ડોકું આમતેમ હલાવી પોતાના સ્વભાવની નિરંકુશતા સાથે ગાન તરફ પસંદગી બતાવતો હતો.

નીચેથી કોઈએ બૂમ પાડી : 'મંજરીબહેન ! હું ઉપર આવું ?'

અવાજ સાંભળી મંજરીના મુખ ઉપર ભય જણાયો. ચિતરંજને તે પારખ્યો. દીનાનાથે પૂછ્યું : 'અત્યારે તને બોલાવતું કોણ આવ્યું ?'

'કોઈ નહિ એ તો. હું હમણાં મળી આવું છું.' કહી ભયના નિવારણ અર્થે મંજરી નીચે જવા લાગી. એટલામાં જ એક અપરિચિત મનુષ્ય ઉપર ચઢી આવ્યો.

મંજરીનું મોં તદ્દન પડી ગયું. ચિતરંજન આ મૂંઝવણ પારખી ગયો, પણ તેનું કારણ ન જડ્યું. દીનાનાથે પૂછ્યું : 'કોનું કામ છે ?'

'મારે મંજરીબહેનનું કામ છે.' તેણે જવાબ આપ્યો.

'તમને બીજો કોઈ વખત ન મળ્યો તે આમ સંધ્યાકાળે મંજરીને

મળવા આવો છો ?' દીનાનાથ ગુસ્સે થઈ ગયા.

'સાહેબ ! પંદર દિવસ થઈ ગયા અને મંજરીબહેન મળ્યાં નહિ એટલે મારે આવવું પડ્યું.' નવીન આવનાર માણસ પણ છોભીલો પડી ગયો. 'મંજરીબહેનને રૂપિયા આપવાના હતા. હું મારી પાસે ક્યાં સુધી રાખી મૂકું ?'

'મંજરીને તમારે રૂપિયા આપવાના હતા ?' દીનાનાથે પ્રશ્ન કર્યો. હજારો વિચાર તેમના મગજમાં આવી ગયા અને આંખ કપરી થઈ.

# ૩

# ખાનદાની

ચિતરંજને જોયું કે આમાં ગેરસમજ થાય છે. મંજરીનું વિકળ થતું મુખ અને નવીન આવનાર માણસને થતું આશ્ચર્ય એ બે ઉપરથી તે કળી શક્યો કે દીનાનાથને આમાં ગુસ્સે થવાનું કારણ રહેશે નહિ. આથી તે પોતે જ વાતમાં ઊતરી પડ્યો.

'શી બાબતમાં પૈસા આપવાના છે ? ઉછીના લઈ ગયા હશો ?'

'ના ના; એ તો મને કેટલીક કોર અને ટોપીઓ ભરી આપી હતી તેના આપવાના છે.' તેણે જવાબ આપ્યો.

દીનાનાથનું મોં પડી ગયું, તેનો ગુસ્સો જતો રહ્યો; પરંતુ તેને સ્થાને મુખ ઉપર વિષાદ ફેલાયો. જાગીરદારની છોકરીને લોકોની કોરો અને ટોપીઓ ભરવા સમય આવ્યો ?

સનાતન સ્તબ્ધ થઈ ગયો. શું આ બાળા કુટુંબનું પોષણ કરવામાં સહાયભૂત થાય છે ? અલૌકિક !

ચિતરંજન દીનાનાથની ચિંતા પારખી શક્યો. એકદમ તે હસી પડ્યો. 'મંજરીએ તો પેલી જર્મનીની ઉમરાવજાદી જેવું કરવા માંડ્યું છે. બડી જિદ્દી છોકરી ! બાપની લાખો રૂપિયાની મિલકત છતાં પોતાનું ભરતશીવણનું કામ દુકાનદારોને વેચી તેના પૈસા બાપને આપે. બર્લિનની એક દુકાનમાં હું ગયો ત્યાં તે બેઠેલી; અને દુકાનદાર જોડે ભાવની તકરાર કરતી જોઈ. પછી તો મારે એની સાથે ઓળખાણ થયું. હજી પણ કાગળો લખે છે.'

'સાથે ન આવી એટલું સારું થયું !' દીનાનાથે મજાકમાં કહ્યું.

'સાથે તો ઘણીયે આવે, પણ એ પીડા સંઘરે કોણ ?' ચિતરંજને જવાબ આપ્યો. 'મંજરી ! લઈ લે તારા પૈસા. એ ભાઈને ખોટી ન કરીશ.'

સનાતને પણ રાત પડવાથી રજા માગી. મંજરી તેના હૃદયમાં ખટકવા લાગી.

કેવી અનુપમ બાલા ! સુંદર સ્વરૂપ; આટલી બધી આવડત, અને ઉમદા હૃદય ! પોતાના ગરીબ થઈ ગયેલા પિતાને જાતમહેનત કરીને પણ

સહાય કરે છે. અને તે સહાય જણાવા પણ દેતી નથી ! એને હું આવી તંગીમાંથી ન બચાવી શકું ?

લાખો રૂપિયા કમાઈ તેને ચરણે ઢગલો કરી દેવાનો તેને વિચાર આવ્યો. એ વિચારથી તેના શરીરમાં વીજળી પ્રગટી. જરૂર, મંજરીને આમ ભરીશીવીને ગુજારો ચલાવવો પડે છે, એ હાલતમાંથી એને મુક્ત કરવી જોઈએ. અને તે હું મુક્ત કરીશ.

આમ વિચારતરંગે ચઢતો સનાતન પોતાને ઘેર આવ્યો.

દીનાનાથની વ્યગ્રતા અને ચિંતા ઓછી થતી જણાઈ નહિ. ચિતરંજનની વાતો સાંભળી તેઓ હસતા, પરંતુ વચમાં વચમાં નિઃશ્વાસ મૂકતા. મુખ ઉપરની દિલગીરી દૂર ન થઈ. રાત પડી અને બધાં સૂતાં, પરંતુ આજે દીનાનાથને નિદ્રા ન હતી.

'શું મારી હાલત છેક આવી થઈ ગઈ કે મારી દીકરીને કમાવા જવું પડે છે ? એનો જન્મ થયો ત્યારે કેવી કેવી હોંશ અને આશા રાખી હતી ? આજે એ છોકરીને મારું પોષણ કરવા સમય આવ્યો ?'

તેના મનમાં અનેક વિચારો થવા લાગ્યા. રાત્રીનો અંધકાર અને એકાંત વિચારોને પ્રેરે છે. લાગણીઓને ઉશ્કેરે છે, અને દિવસના પ્રકાશમાં અશક્ય લાગતાં કાર્યોને શક્ય બનાવે છે. ખૂન, ચોરી, વ્યભિચાર વગેરે ગુનાઓના તે પોષક છે, અને દુઃખી મનુષ્યો તેમની છાયામાં દુઃખને ભયંકર રંગોથી રંગી, હોય તે કરતાં વધારે ભયાનક બનાવે છે. એ અંધકાર અને એકાંતની ગૂઢ અસર નીચે દીનાનાથ આવી ગયો. તેણે અગાસીમાં આવી ટહેલવા માંડ્યું.

અગાસીમાં ફરતાં ફરતાં તેણે અનેક નિશ્ચયો કરી નાખ્યા. કોઈ નોકરીમાં જોડાઈ જવું ? જેણે અનેકની સલામો ઝીલી છે, કલેક્ટરો અને કમિશનરો સાથે બરોબરીનો દાવો કરેલો છે, તે હવે સલામો કરતો બીજાઓના દરવાજા ખોળશે ? નોકરી કરવા કરતાં ભીખ માગવી બહેતર છે. પરંતુ ભીખ માગવી એ શું સહેલ વાત છે ? જગત છોડીને - સંસાર તજીને - ઘણા માણસો જંગલમાં ચાલ્યા જાય છે. એ માર્ગ કેવો ? એનો અર્થ એ કે પોતાના નાનકડા કુટુંબને મૂકી ચાલ્યા જવું. જીવતા રહીને પોતાના કુટુંબથી જુદા પડાશે ખરું ? તેને એ વાત અશક્ય લાગી; તો પછી જીવતા જ કેમ રહેવું ?

આ ભયાનક વિચાર આવતાં તેની આંખો વિકસી, નસોમાં રુધિર ઝડપથી વહેવા માંડ્યું, લાગણીઓમાં તીવ્રતા આવી ગઈ, અને આખા શરીરમાં ન અનુભવેલું બળ આવી ગયું. શું તે આત્મઘાતના ક્રૂર નિશ્ચય

ઉપર આવતો હતો ?

'અગાસીમાં કોણ ફરે છે ?' જોડેના મકાનની એક જાળી અગાસીમાં પડતી હતી. એ જાળીમાંથી કોઈએ અવાજ દીધો.

'કોઈ નહિ, એ તો હું છું. ભાઈ સનાતન ! વાંચવાની તૈયારી ચાલે છે કે ?' દીનાનાથના ભયંકર વિચારો ઓસરી ગયા, એકાંત મટી ગયું, અને તેની લાગણીઓએ સ્થિરતા ધારણ કરવા માંડી. સનાતન અભ્યાસ કરવા માટે અત્યારે જાગી ગયો હતો. તેણે દીનાનાથને આમ ફરતો જોઈ પ્રશ્ન કર્યો, અને તેનો જવાબ મળ્યો.

'જી હા, પરીક્ષા પાસે આવી છે એટલે સહજ મહેનત કરવી પડે છે.' આમ કહી તે ઘરમાં ગયો.

દીનાનાથને શરમ આવી. પોતે આવા વિચારોને વશ થયો એ તેને યોગ્ય ન લાગ્યું. તેની મરદાઈને ધક્કો લાગ્યા જેવો ભાસ થયો અને તે ઘરમાં જ જવા પાછો ફર્યો.

પાછા ફરતાં જ તેણે નંદકુંવરને પોતાની પાસે ઊભેલાં જોયાં. તે ચમક્યો. શું તે એકલો નહોતો ? પોતાની પત્નીએ પોતાના વિચારો પારખ્યા હશે શું ?

'આજે જાગરણ કરવું છે કે ?' નંદકુંવરે પૂછ્યું.

'કેમ ?' દીનાનાથે કહ્યું.

'કેમ શું ? આજે તો સૂતા જ નથી ને ! હવે ઉજાગરા કરવા જેવી ઉંમર નથી !' નંદકુંવરે જવાબ આપ્યો.

પત્નીની સાચવણીમાંથી તે બચ્યો ન હતો એમ એને હવે જણાયું. તે એકલો જ જાગ્યો હતો એમ નહિ; તેની પત્ની પણ તેની જોડે જ જાગતી હતી એમ હવે તેને ભાસ થયો.

આર્યપત્નીઓ પતિની સંભાળ લેવામાં જ પોતાનું કર્તવ્ય સમાપ્ત થયું ગણે છે; પરંતુ તે એવી ગુપ્ત રીતે, એવી સરળ રીતે કરે છે કે પતિને તેનું ભાન પણ હોતું નથી.

'આજે કેમ એકદમ આમ ચિંતા થઈ આવી છે ?' નંદકુંવરે આગળ પૂછ્યું.

'કાંઈ નહિ. મંજરીનો હવે વિવાહ કરવો પડશે; મોટી થઈ. સહેજ એના વિચારે ચઢી ગયો એટલે ઊંઘ ન આવી.' દીનાનાથે જવાબ આપ્યો.

'એ ચિંતા આજની નથી; હું જાણું છું તમને શાની વ્યગ્રતા થઈ આવી છે તે.' નંદકુંવરે કહ્યું.

ક્ષણભર બંને શાંત રહ્યાં. વળી નંદકુંવરે કહ્યું :

'મંજરીનો એક પણ પૈસો આપણે ઘરમાં નથી લીધો એની ખાતરી રાખજો. હું શું નથી જાણતી કે તેનો પૈસો લેવો એ મહાપાપ છે ? આ તો એને ભરતગૂંથણનો શોખ છે, અને કંઈક સંજોગોમાં એ વેપારીની જાણમાં આવ્યું એટલે એ ખરીદે છે. એમાંથી તો લગભગ બારસો રૂપિયા એણે ભેગા કર્યા છે. તમને કહ્યું નથી, પણ એ જુદા જ રાખ્યા છે.'

દીનાનાથનું કાંઈક સાન્ત્વન થયું. સવાર પડવા આવ્યું હતું. મંજરીએ ઊઠી પ્રભાતિયાં ગાયાં, ચિતરંજન પણ ઊઠ્યો, અને સહુ સહુના કામમાં પરોવાઈ ગયાં. ચિતરંજન અને દીનાનાથ એકલા પડ્યા અને ગપોએ ચડ્યા. દીનાનાથની વ્યગ્રતા ચિતરંજનની જાણ બહાર નહોતી. એટલે તેણે અનેક તવંગર માણસો કેમ ગરીબ થઈ ગયા હતા તેનાં સ્વાનુભવનાં વર્ણનો આપી દીનાનાથને ઉત્સાહી કરવા માંડ્યો.

'દીનુ ! તું જાણે છે મેં પણ કેટલા દિવસો ભૂખમરામાં કાઢ્યા છે તે ? પૈસા સંઘરવાનું પાપ તો મેં કદી કર્યું નથી.' ચિતરંજન આગળ વધ્યો, 'અને છતાં આખી દુનિયાની મુસાફરી કરી, લોકો જોયાં, લોકોનાં જીવન જોયાં, તેમનાં સુખ પણ જોયાં અને દુઃખ પણ જોયાં. દુઃખ દેખતાં મનુષ્યો કેમ હારી બેસે છે તે મને સમજાતું નથી. કોઈને ઓટલે સૂતો હોઉં અને મને કાઢી મૂકે તો એમાં મને અપમાન લાગતું નહિ. રેલવેમાં વગર ટિકિટે મુસાફરી કરું અને હું પકડાઉં ત્યાં ઉતારી મૂકે. બહુ ભૂખ લાગી હોય તો કોઈ દુકાનદારને ત્યાં જઈને બે ચીજો ખિસ્સામાં પણ મારી લઉં. દુઃખમાં જેવી મજા આવે છે તેવી બીજા કશામાં આવતી નથી.'

દીનાનાથે હસતાં હસતાં કહ્યું : 'હજી એવો ને એવો જ રહ્યો. તારે તારી જાત સંભાળવાની. આગળ પાછળ કોઈ હોય તો દુઃખનો સવાલ રહે ને ?'

'ત્યારે તું મને મારા દુઃખને હજી સમજી શક્યો જ નથી.' ચિતરંજને કહ્યું. 'એક વખત ઘર છોડ અને છ માસ મારી સાથે રહે એટલે દુઃખ શું તે સમજાશે.'

'મારે કાંઈ સમજવું નથી. મારે મારું દુઃખ બસ છે.' હસીને દીનાનાથે કહ્યું.

'હા, પણ દીનુ ! મારે આજે તો જવું પડશે તે પહેલાં જે વાત કહેવા આવ્યો છું તે તને કહી લઉં, બીજું કોઈ નથી એટલે ઠીક છે.' ચિતરંજને કહ્યું.

આ બહુબોલા મિત્રને એવી એકાંતમાં શી મહત્ત્વની વાત કરવી હશે

તે દીનાનાથ કળી શક્યો નહિ.

'એવું શું કહેવાનું છે ?' દીનાનાથે પૂછ્યું.

'તું ચમકે નહિ તો જણાવું.' ચિતરંજને કહ્યું.

'ચમકવા જેવું હોય તો ચમકું પણ ખરો.'

'તો ભલે, ચમકવાને હરકત નથી; હું તને પકડી રાખીશ, પણ મારું વચન ઉથાપે નહિ તો જ કહું,' ચિતરંજને પહેલેથી વચનમાં બાંધવાની તજવીજ કરી.

'અરે પણ એવું શું છે ?' દીનાનાથની ગૂંચવણ વધતાં તેણે પૂછ્યું.

'હું દુઃખમાં જ કદાચ હોઉં તો તું છોડાવે ખરો ?' ચિતરંજને પૂછ્યું.

'જરૂર. મારાથી બને તેટલું હું કરું જ.'

'શાબાશ ! ત્યારે મારી ખાતરી છે કે તું મારો મિત્ર મટ્યો નથી.' ચિતરંજને દીનાનાથને ચઢાવવા માંડ્યો. 'હું તારો દેવાદાર છું તેની તને ખબર તો છે ને ?'

દીનાનાથને શક ગયો. બાર વર્ષ ઉપર ચિતરંજનને આપેલા દસ હજાર રૂપિયાની સ્મૃતિ થઈ. તેના ગૃહસ્થ હૃદયને આ સ્મૃતિ ગમી નહિ; તે સંબંધી સહજ પણ ઉલ્લેખ થાય એ એને રુચ્યું નહિ.

'હશે, તેની પંચાત શી છે ? અત્યારે તારે શી મદદ જોઈએ એ જ કહે ને ?'

'મારે હવે ખરી મદદ શોધવાનો સમય આવ્યો છે. તેં મને દસ હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા, નહિ ?' ચિતરંજને કહ્યું.

'જા જા, હવે એ વાતને મારે શું કરવી છે ?' દીનાનાથે તિરસ્કારથી એ વાતને બંધ કરવા સૂચના કરી. આ તિરસ્કાર એટલો સ્વાભાવિક અને અકૃત્રિમ હતો કે ચિતરંજન જેવા ફરંદા માણસને પણ આ ગરીબ મિત્રની ખાનદાની ઉપર પ્રેમ આવ્યો. તેણે મનમાં સિદ્ધાન્ત રટ્યો કે આવા જ માણસો દુઃખી થાય છે.

'તારે નહિ પણ મારે વાત છે.' ચિતરંજને કહ્યું. 'હું એક માગણી કરવા આવ્યો છું.'

'બનશે તેટલી સગવડ હું કરી આપીશ. પાછું કાંઈ રખડવા જવાનો વિચાર છે ? કેટલા જોઈએ ?' દીનાનાથે કહ્યું.

ચિતરંજન હસી પડ્યો. 'ઓ ભલા માણસ, સાંભળ તો ખરો ? મેં તો બહુયે પ્રયત્ન કર્યો, પરંતુ તેમાંથી એક પણ પાઈ વરી નથી. એ પૈસા હું પાછા મૂકવા આવ્યો છું.'

દીનાનાથ ખરેખરો ચમક્યો. તેણે મોં ફેરવ્યું, અણગમો સ્પષ્ટ બતાવ્યો અને વાંધો રજૂ કર્યો કે 'પાછા લેવાને એ પૈસા આપેલા નહોતા.'

'તે હું ક્યાં કહું છું ?' ચિતરંજને કહ્યું, 'પરંતુ મારે મારી થાપણ સલામત જગાએ મૂકવી જોઈએ ને ?'

'તું શું મારા ઉપર ઉપકાર કરવાને આવ્યો છે ?' દીનાનાથ હવે ગુસ્સે થયા. 'તારી યુક્તિ હું ન સમજું એવો બાળક નથી. મારા ઉપર દયા કરવા તું આવ્યો છે ?'

'અરે ભાઈ ! દયા તો તારે કરવાની છે !' ચિતરંજને કહ્યું. 'પૈસો મારો, પણ તે તું સુરક્ષિત રીતે રાખીશ કે નહિ ? મારે ઘર નથી, કુટુંબ નથી, મિત્ર નથી - તારા સિવાય. માટે હું એ દસે હજાર અહીં મૂકવા આવ્યો છું.'

અકસ્માત કોઈ માણસે આવી નંદકુંવરને બૂમ પાડી. બૂમ પાડી તે માણસ ઉપર આવ્યો. દીનાનાથે પૂછ્યું : 'શું કામ છે ?'

તેણે કહ્યું : 'જાગીરદાર સાહેબનાં પત્ની બેભાન થઈ ગયાં છે, અને નંદકુંવરબહેનને બધાં ત્યાં બોલાવે છે.'

'કોણ, વ્યોમેશચંદ્રનાં પત્ની ?' દીનાનાથે પૂછ્યું.

'હા જી.'

'એ બિચારી બચે એમ નથી.'

# ૪

# સ્નેહનું સ્વપ્ન

*એક જ્વાલા જલે તુજ નેનનમાં*
*રસજ્યોત નિહાળી નમું હું નમું !*
*એક વીજ ઝલે નભમંડલમાં*
*રસજ્યોતિ નિહાળી નમું હું નમું !*

**નાનાલાલ**

સનાતનને પણ ઊંઘ નહોતી આવી. પરીક્ષાની ચિંતા એવી જાતની છે એમ માની મનનું સમાધાન કરવા તેણે પ્રયત્ન કર્યો. પરંતુ ચિંતાની મુખ કરમાવતી અસર તેને થઈ નહોતી. જાગ્યાનો થાક તેને જણાયો નહિ. ઊલટી પ્રફુલ્લપણાની લાગણીથી તેનું મન અને શરીર હલકાં લાગતાં હતાં. મંજરીનો વિચાર ઘડી ઘડી કેમ આવતો હતો ? તેનું ગીત જાણે ઘડી ઘડી ફૂટી નીકળતું હોય એમ કેમ થતું હતું ? તેની આસપાસ એક આછું સુંદર અને વિવિધરંગી માનસિક વાતાવરણ બંધાવા માંડ્યું. અને આ ગંભીર છોકરાના મુખ ઉપર ન સમજાય એવા કોઈ સ્મિતની રેખાઓ દોરાવા લાગી. શું મંજરીની દૃષ્ટિએ આ ફેરફાર કર્યો ?

મંજરીને સુખી કરવાના વિચારથી જ આ બધું થયું. પારકાનું દુઃખ ટાળવું એ શા માટે પુણ્ય ગણાય છે તે આજે સનાતનને સમજાયું. બીજાને સુખી કરવાનો વિચાર જ આટલી સ્ફૂર્તિ આણી દે તો પછી સુખ પ્રાપ્ત કરાવ્યાનો આનંદ કેટલો થાય તેનો સનાતન વિચાર કરવા લાગ્યો. માત્ર એક જ વિચાર એણે ન કર્યો કે મંજરીને જ સુખી કરવા તે કેમ ઉત્સુક થયો હતો ? જગતમાં ઘણાંય દુખિયાં વસે છે ! અને એકલી મંજરીનું જ દુઃખ કેમ ટાળવું પડે છે એ પ્રશ્ન એને સૂઝ્યો નહિ.

સનાતનનાં માતાપિતા તેને નાનો મૂકી ગત થયાં હતાં. તેનો પિતા એક સારી આશા આપતો યુવક હોઈ, વિદ્વત્તા મેળવી નાની ઉંમરમાં સારી પાયરીએ પહોંચ્યો હતો. પરંતુ સનાતનને માતા-પિતાની દૃષ્ટિ નીચે ઊછરવાનું લખાયું નહોતું. જોતજોતામાં તેનો કાળ થયો, અને તેના શોકમાં ઝૂરતી તેની પત્નીએ પણ થોડા સમયમાં તેની પાછળ પ્રયાણ કર્યું. બાલક સનાતન માબાપ વગરનો થયો. તેના કાકાએ તેને ઉછેર્યો. તેની સ્થિતિ

અતિશય સામાન્ય હતી. નાની સરકારી નોકરીથી શરૂઆત કરી તે જેમ તેમ કરી આગળ વધ્યો હતો. પરંતુ અતિશય સ્પષ્ટવક્તાપણું અને પ્રામાણિકતાનો આશ્રય લીધેલો હોવાથી તેની જોઈએ તેવી ચઢતી થઈ નહિ. બાલક સનાતન તરફ તેને અને તેની પત્નીને અપૂર્વ લાગણી હતી, અને તેમને કંઈ જ સંતાન ન હોવાથી સનાતન તરફ તેમનું વાત્સલ્ય વહી ગયું. ચાલુ જમાનામાં ભણ્યા સિવાય બીજો રસ્તો નથી એમ તેમની માન્યતા દૃઢ થઈ ગઈ હતી. અને તે માન્યતા પ્રમાણે સનાતનના વિદ્યાભ્યાસ તરફ તેમણે ઘણી જ કાળજી રાખી.

પરિણામે ચાલાક સનાતન ભણવામાં ઘણો જ આગળ વધ્યો. વીસ વર્ષની ઉંમરે હવે તે વિદ્યાલયની છેલ્લી પરીક્ષા માટે તૈયારી કરતો હતો, અને તેના શિક્ષકોએ તેમ જ મિત્રોએ તેને માટે મોટી મોટી આશાઓ બાંધવા માંડી.

એ આશાઓ ખોટી નહોતી. હાઈસ્કૂલ અને કૉલેજમાંની શિષ્યવૃત્તિઓ તેને જ મળતી. પારિતોષિકો પણ તેને જ ચરણે પડતાં અને સારી સ્થિતિનાં માબાપો પોતાના છોકરાંના અભ્યાસ માટે પણ એને જ રોકતાં. તેનું ભણતર તેના કાકાને બોજરૂપ ન થતાં ઊલટું સહાયરૂપ થઈ પડ્યું. મોજશોખ માટે તેને વખત નહોતો અને સાધન પણ નહોતું. અને જે કાંઈ સમય મળતો તેમાં શરીર કસવા માટે તે પ્રયત્નશીલ રહેતો. કસરત એ ભણતર કરતાં પણ વધારે ઉપયોગી કેળવણી છે એમ નાનપણથી તેના કાકાએ તેને શીખવ્યું હતું.

કૉલેજમાં કેટલીક બાલાઓ ભણતી હતી. સનાતનની સરલતા સામાને આકર્ષતી, પરંતુ તેની જાતનું તે રક્ષણ કરતી.

છતાં એ બધી બાલિકાઓને મૂકી તેને મંજરીનો વિચાર કેમ આજે આવ્યા કરતો હતો ?

તે વારંવાર જાળી તરફ જોયા કરતો હતો. એ જ જાળીમાંથી એણે રાત્રે દીનાનાથને ટહુકો કરી તેના ભયંકર વિચારોમાંથી બચાવ્યો હતો.

તુલસીની પૂજા કરવા રોજ મંજરી અગાસીમાં આવતી હતી. સનાતનને આજ સુધી એમાં કાંઈ જ લાગ્યું નહોતું. પરંતુ આજે ? આજે તો એ પ્રસંગનું મહત્ત્વ ઘણું વધી ગયું. 'મંજરી ક્યારે પૂજા કરવા અગાસીમાં આવશે ?... આજે કેમ એને વાર લાગી ?... પેલા ડોસાએ એને વાતોમાં રોકી રાખી હશે.' આમ સનાતનને મંજરીની કાળજી થવા લાગી.

પારકી છોકરી તેનું નિત્યકામ કરશે યા નહિ કરે તેમાં આટલી બધી પંચાત સનાતને શા માટે કરવી જોઈએ ? તુલસીપૂજાનું ફળ સનાતનને

મળવાનું નથી. અને મંજરીને તે મળશે કે નહિ તે માટે ઊંચો જીવ સનાતને કેમ કરવો ? આવી નિરર્થક અને પારકી બાબતમાં તેણે કદી માથું માર્યું નહોતું અને આજે તે જુદી જ બાજુએ ઘસડાતો હતો; તેના હૃદયના ઊંડાણમાંથી મંજરીને જોવાની લાલસા તેને થઈ આવતી. હૃદય તે કબૂલ કરતાં સંકોચાયું. હૃદય કબૂલ કરે યા ન કરે, પણ સનાતનની આંખોમાં આજે કોઈ જાદુઈ અંજન અંજાયું હતું.

'હવે કોણ વાંચે ! પરીક્ષા માટે આજ રાતે તો જવું છે. એક દિવસમાં શું વધારે ઓછું થશે ?' એમ કહી સનાતને હાથમાં વગરવાંચ્યે રાખી મૂકેલું પુસ્તક બાજુએ મૂક્યું.

પુસ્તક મૂકતાં મૂકતાં માધુર્ય રેલતો સૂર તેને કાને પડ્યો અને તેનાં રોમ ઝબકી ઊઠ્યાં. તેણે પાછું ફરી જાળીમાં દૃષ્ટિ કરી તો જોડેની અગાસીમાં મંજરી તુલસીપૂજા કરવા આગળ આવતી હતી. ધીમું ધીમું ગાતી ગાતી તે આગળ વધી.

*'હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું ?*[૧]
*વારે વારે સામું ભાળે*
*મુખ લાગે મીઠું !*
*હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું ?'*

અજ્ઞાત યૌવનની અનુપમ વાણી મંજરીના કંઠમાં બરાબર દીપી નીકળી, અને વિદ્યાર્થી સનાતન - સરળ અને સખત સનાતન - મુગ્ધ થઈ હતો ત્યાં જ ચોંટી ગયો.

મંજરી ગાતે ગાતે અટકી, સંકોચાઈ, અને જાણે રખે ને કોઈએ તેનું આ અમર્યાદ ગીત સાંભળી તો નહિ લીધું હોય, એવી શંકાથી તેણે પણ પાછાં ફરી જાળી તરફ જોયું.

સનાતન એકીટસે મંજરીને જોતો હતો અને તેનું ગીત પીતો હતો.

મંજરી અતિશય લજ્જા પામી; તેણે દૃષ્ટિ નીચી કરી દીધી અને માથે ઓઢેલું લૂગડું સહજ નીચું આણ્યું.

સનાતને પહેલી જ વાર જોયું અને જાણ્યું કે સ્ત્રીઓમાં સૌંદર્ય હોય છે, અને તેમના પ્રત્યેક હલનચલનમાં સૌંદર્યસાગરની લહરીઓ ઊછળે છે.

મંજરીનો ક્ષોભ તે પારખી શક્યો, અને એવી સ્થિતિમાં જ મંજરીને રાખી ચાલ્યા જવું એ તેના પુરુષહૃદયને ગમ્યું નહિ. મંજરીના કુટુંબ સાથે

---

૧ દયારામ

- કહો કે મંજરી સાથે તેને ઓળખાણ ગઈ કાલે જ થયું હતું. શા માટે તેનો લાભ લઈ મંજરી સાથે તે બોલી ન શકે ?

'મંજરી ! મને પાસ થવા નથી દેવો, ખરું ?' સનાતને હિંમત કરી પૂછ્યું. બોલતાં બોલતાં જાણે તે પોતે સ્વપ્નસૃષ્ટિમાં હોય એમ તેને ભાસ થયો.

મંજરી પણ સ્વપ્નાવસ્થામાં હોય એમ બોલી :

'શા માટે નહિ ?'

મંજરીને પુરુષો સાથે બોલવાની ટેવ નહોતી એમ કહી શકાય નહિ. યુવકો સાથે બોલતાં લાજવાનું તેને કારણ નહોતું. કૃત્રિમ લજ્જાનો દેખાવ કરી સામા માણસને આકર્ષવાનો તેણે કદી પ્રયત્ન કર્યો નહોતો. છતાં સરળ, નિર્દોષ અને નિર્ભય મંજરી આજે સનાતન સાથે વાત કરતાં ખરેખર સંકોચ અનુભવતી હતી.

'તમે એવું સુંદર ગાઓ છો કે ગીત સાંભળ્યા પછી મારું મન અભ્યાસમાં પરોવાતું જ નથી.' સનાતને કારણ જણાવ્યું.

'તો હું હવેથી નહિ ગાઉં !'

'નહિ નહિ,' સનાતન બોલી ઊઠ્યો, 'એટલો ભારે ગુનો મેં નથી કર્યો કે જેથી આવી સખત સજા તમે કરો.'

'આપે હમણાં જ કહ્યું ને કે આપના અભ્યાસમાં હરકત થાય છે !' મંજરીએ પૂછ્યું.

'હું તો હસતો હતો.' સનાતને કહ્યું. 'મારો અભ્યાસ હવે પૂરો થાય છે અને પરીક્ષામાં પસાર થઈશ એટલે હવે આવી જાતના અભ્યાસની જરૂર પણ નહિ રહે.'

'ક્યારે પરીક્ષા છે ?' મંજરીને લાગ્યું કે તે વાતે ચઢે છે છતાં તેનાથી પુછાઈ ગયું.

'ચારેક દિવસમાં.' સનાતને જવાબ આપ્યો. 'હું કાલે પરીક્ષા માટે જવાનો છું.'

મંજરીને આ હકીકત સાંભળવી કેમ ગમી નહિ ? સનાતન જવાનો છે એમાં એને શું ? આટલા દિવસથી તે પાડોશમાં રહેતો હતો. આજે જ કેમ સનાતનના જવાથી અણગમો આવ્યાનો ભાસ થયો ?

'મંજરી અને સનાતન પરસ્પરને આકર્ષતાં હતાં !

'પાછા ક્યારે આવશો ?' મંજરીએ આર્જવભર્યા સૂરથી પૂછ્યું.

'તમે બોલાવશો ત્યારે !' પુરુષની નફટાઈનો ભાસ કરાવતાં સનાતન બોલી ઊઠ્યો. વિવેક અને સારી રીતભાતના શીખેલા પાઠ તેણે ક્ષણભર વિસારી દીધા. તેની એક આંખ સહજ ઝીણી થઈ અને મુખ ઉપર સ્મિતની છાયા જણાઈ. સ્ત્રીઓને કફોડી સ્થિતિમાં મૂકી આનંદ મેળવવાની ટેવ એ પુરુષનો વંશપરંપરાનો વારસો હોય એમ લાગે છે. નહિ તો આવો સભ્ય છોકરો એકલી ઊભેલી બાળાને આવો જવાબ આપે ?

મંજરીને આ જવાબ ગમ્યો કે નહિ તે કોણ કહેશે ? તે કશું જ બોલી નહિ, અને સહજ ઊભી રહી. પાછી ફરી તે સૂર્ય અને તુલસીની પૂજા કરવા લાગી. સનાતન હજી ત્યાં જ ઊભો હતો.

પૂજા કરી તે પાછી ફરી. તેને ખાતરી જ હતી કે સનાતન ત્યાં જ ઊભો રહ્યો હશે. સહજ સંકોચ સાથે તે તદ્દન જાળીની નજીક ગઈ, અને પૂછ્યું :

'સનાતન ! કાલે જ જવું છે ?'

'ગયા સિવાય ચાલે એમ નથી.' સનાતને જવાબ આપ્યો.

'પાસ થશો ત્યારે કાગળ લખી જણાવશો ને ?' મંજરીએ પૂછ્યું.

'પાસ તો થઈશ જ એ નક્કી માનજો.' સનાતનનું અભ્યાસી તરીકેનું અભિમાન આગળ તરી આવ્યું. 'કાગળ લખું અગર ન લખું તોપણ.'

'એટલે પત્ર બિલકુલ નહિ લખો ?' મંજરીએ બધી હિંમત વાપરી નાખી પ્રશ્ન કર્યો.

'પત્ર લખીશ.' સનાતને જવાબ આપ્યો.

'ક્યારે ?'

'મેં એક પણ લીધું છે. એ પણ પૂરું કરીશ ત્યારે જરૂર કાગળ લખીશ.'

'એવું શું પણ છે ?' મંજરીએ પૂછ્યું.

'એ હું પત્રમાં જ જણાવીશ.'

'હું રાહ જોઈશ, પત્રની.' મંજરીએ કહ્યું. સનાતન સામું નજર નાખી તે અગાસીમાંથી ઘરમાં ચાલી ગઈ. જતે જતે તેણે ગાયેલું ગીત સાંભરી આવ્યું.' હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું.' તેણે તે લીટી ફરીથી ગુંજી.

સનાતન જાળીમાં ઊભો જ હતો. તેને શું સ્વપ્ન આવ્યું ?

'ભાઈ !' સનાતનને જાગૃત કરતો અવાજ આવ્યો. તેના કાકા તેની પાસે આવી તેને સંબોધતા હતા.

'જી.'

'હું વ્યોમેશચંદ્રને ત્યાં જરા જાઉં છું. તે બિચારાની પત્ની ગુજરી ગઈ.'

એમ કહી તેણે સનાતનને ખબર આપી.

મૃત્યુ સર્વદા દુઃખદ છે. જગતને કાળો બુરખો ઓઢાડતું આ ભયંકર સત્ય કોને કંપાવતું નથી ? સનાતને ફિલસૂફીમાં મૃત્યુનું સ્થાન શોધવા પ્રયત્ન કર્યો.

दंष्ट्राकरालानि च ते मुखानि ।
दष्ट्वैव कालानलसनिभानि ॥

ગીતામાં વર્ણવેલું ભયંકર સ્વરૂપ યાદ આવ્યું. તેણે મનમાં સંતોષ વાળ્યો કે મૃત્યુ એ પણ ઈશ્વરનું રૂપ છે. તત્કાળ મંજરી યાદ આવી અને સાથે જ ગીતાનું વાક્ય યાદ આવ્યું :

विशंति वक्त्राण्यभिविज्वलंति।

તે થથરી ઊઠ્યો. શું સૌન્દર્ય પણ એ જ કરાલ મુખમાં ખેંચાય છે ? તેણે પોતાના મનથી જગતના ક્રમમાં એક સુધારો સૂચવ્યો : 'કોઈની પણ પત્ની મરવી ન જોઈએ' તે લવ્યો.

રસ્તે જતાં કોઈનું ખડખડાટ હસવું તેના સાંભળવામાં આવ્યું. તે બેસી ગયો.

# ૫

# દ્વિતીય લગ્નની જરૂરિયાત

*જરી તો શાન્ત લજ્જા ધાર !*
*ફૂલગુલાબી તારી ઓઢણી તેમાં છૂપલા છાયા મોર !*
*ખાલી દૃષ્ટે પ્રેર ના એ તો મુગ્ધ હૃદયના ચોર !*
*હૃદયપટ તુજ પર નર્તતા !*

**નાનાલાલ**

વ્યોમેશચંદ્ર જાગીરદારનાં પત્ની ગુજરી ગયાં. પૈસો છતાં અભિમાન ન રાખવાથી તેઓ ગામમાં અને ખાસ કરી પડોશીઓમાં પોતાને માટે સારી લાગણી ઉપજાવી શક્યા હતા. તેમના પૈસાને લીધે સરકાર દરબારમાં પણ તેમનું માન હતું. દીનાનાથને પોતાની મિલકત વેચવાનો પ્રસંગ આવ્યો ત્યારે તે મિલકત રાખવા વ્યોમેશચંદ્ર આગળ આવ્યા, અને તેથી દીનાનાથ અને વ્યોમેશચંદ્ર વચ્ચે સારો ભાવ રહ્યો હતો. તેમનાં પત્નીને પણ નંદકુંવર સિવાય ચાલે જ નહિ એવી સ્થિતિ થઈ હતી.

બે વર્ષથી વ્યોમેશચંદ્રનાં પત્ની માંદાં પડ્યાં હતાં. અલબત્ત તે પહેલાં માંદાં નહોતાં થતાં એમ માનવાનું કારણ નથી. ગરીબ વર્ગ સિવાયના સર્વ વર્ગોને માંદા પડવાનો હક છે, અને તેમાંય શ્રીમંતની ગણનામાં ગણાવા માટે નબળાઈ અને માંદગીની ખાસ જરૂર પડે છે. આમાં શ્રીમંતો કે મધ્યમવર્ગના ગૃહસ્થોનો વાંક નથી શારીરિક મહેનતના પ્રસંગો ઓછા થઈ જતાં આહાર અને વિહાર તેમના જીવનમાં સામ્રાજ્ય ભોગવે છે. પરિણામ માંદગીમાં આવે છે.

વ્યોમેશચંદ્રનાં પત્નીને પણ એમ જ થયું. ત્રીસ વર્ષની ઉંમરમાં તેમનો સ્વર્ગવાસ થયો. પાછળ ચાર બાળકો મૂકેલાં હતાં અને બે બાળકો દુર્ભાગ્યે ગુજરી ગયાં હતાં. છેલ્લા એક વર્ષથી તેમને ક્ષયનો રોગ લાગુ પડ્યો, અને ડૉક્ટરોએ છેવટની વાત કહી દીધી કે તેઓ બચશે નહિ.

વ્યોમેશચંદ્રના મનને ઘણો આઘાત લાગ્યો. પત્ની તરફ તેમને મમતા હતી અને તેને બચાવવા માટે પૈસો જેટલું કરી શકે તેટલું કરવા તેમણે સહજ પણ આનાકાની કરી નહોતી. પરંતુ ડૉક્ટરોની વાણી ફળી, અને ચાળીસીમાં પ્રવેશ કરતા આ ધનાઢ્ય જાગીરદારને પત્નીવિહોણા થવું

પડ્યું.

નંદકુંવર અને દીનાનાથ વારંવાર તેમને આશ્વાસન આપતાં. 'દુઃખનું ઓસડ દહાડા' એ કહેવત જેણે ઘડી કાઢી હશે, તેણે જનસ્વભાવને સારી રીતે પિછાન્યો લાગે છે. અલબત્ત, આ કહેવત અત્યંત ક્રૂર છે; દુઃખ સમયે તે કહેવત આશ્વાસન આપી શકતી નથી. પ્રેમી, સ્નેહી અને ભાવનાશીલ સ્ત્રીપુરુષો આ કહેવતને મિથ્યા ઠરાવવા સતયુગથી મથી રહ્યાં છે, છતાં તે કહેવત ખરી જ છે એમાં શક નથી.

વ્યોમેશચંદ્ર પત્નીના અવસાનથી અતિશય દુઃખી થઈ ગયા. તેમનું જીવન જાણે શૂન્ય થઈ ગયું હોય એમ લાગ્યું. મા વગરનાં રડતાં બાળકો દેખી તેમનું હૈયું વારંવાર ભરાઈ આવતું. ઘરમાં અણગમતું આવવાથી તેઓ વારંવાર દીનાનાથને ત્યાં જઈ બેસતા. પત્નીવિહોણા અને લક્ષ્મીવિહોણા આ બે જાગીરદારોને પોતપોતાની કથની કહેવા અને દિલાસા આપવા-લેવા આથી સારું સાધન મળ્યું.

થોડે દિવસે વ્યોમેશચંદ્રે પોતાનાં ગત પત્નીની છબી મોટી (Enlarge) કરાવી. એક પોતાના સૂવાના ખંડમાં અને એક પોતાના દીવાનખાનામાં મોખરાની જગાએ મુકાવી. પત્ની જીવતાં હતાં ત્યારે સમભાવ હતો. હવે પૂજ્યભાવ પ્રગટ્યો. એ પૂજ્યભાવને આધીન થઈ ઉત્તમ રેશમ અને હીરાના હાર ખાસ તૈયાર કરાવી પત્નીની છબીઓ ઉપર લટકાવ્યા. પત્નીની છબી તરફ તેઓ વારંવાર જોયા કરતા. અને જેટલી વાર જોતા તેટલી વાર તેમની આંખ અશ્રુથી ભરાઈ આવતી અને અંતે તેઓ એક ઊંડી હાય મારી બેસી જતા.

કેવો અપૂર્વ પ્રેમ !

લોકો આ જોઈ ચકિત થતા. આવાં પ્રેમી યુગલોને પ્રભુ કેમ વિખૂટાં પાડતો હશે ? કેટલાક ડાહ્યા, અનુભવી અને સંસારમાં ઘડાયેલા પુરુષો આને એક જાતની ઘેલછા કહેતા. 'આ વળી નવીન જમાનાનું તૂત છે. વહુની પાછળ આવી ઘેલછા કઢાતી હશે ?' આમ તેઓ ટીકા કરતા.

આજે અતિશય દુઃખિત હૃદયે વ્યોમેશચંદ્ર દીનાનાથને ઘેર આવ્યા.

મંજરીનું મુખ આજે પ્રફુલ્લ જણાતું હતું. તેની આંખમાં કાંઈ નવો ચમકાર જણાતો હતો. ચહેરા ઉપર છવાયેલી હંમેશની ગંભીરતા બદલાઈ તેને સ્થાને ચાંચલ્ય જણાતું હતું. તેના પગ ઉતાવળા ચાલતા. જવલ્લે જ હસતી બાલાના હોઠ ઉપર સ્મિત રમવાની તૈયારી થતી હોય એમ લાગતું હતું. સહજ વાતમાં હસી પડવા માટે મનની હલકી ફૂલ જેવી વૃત્તિ થાય છે તેવી વૃત્તિ તે આજે અનુભવતી હતી. પરંતુ તે હસી તો નહિ જ.

વ્યોમેશચંદ્ર સાથે તે કદી બોલતી નહિ. ઘરમાં આવી માતાપિતા સાથે વાત કરી જાય. મંજરીના ખબર પૂછે, પરંતુ મંજરીએ કદી વ્યોમેશને સંબોધન કર્યું નહોતું.

આજે તેની રીત બદલાઈ. હસતે ચહેરે તેણે વ્યોમેશને આવકાર આપ્યો અને પોતાના પિતાને ઘરમાંથી બોલાવી લાવી.

દુઃખી વ્યોમેશ સહજ નવાઈ પામ્યો. મંજરીએ તેને બોલાવ્યો તે સારું લાગ્યું. 'છોકરીનો સ્વભાવ સારો છે !' તેમણે મનમાં વિચાર્યું. 'દેખાવડી પણ ઘણી છે !'

દીનાનાથ આવી વ્યોમેશચંદ્ર સાથે બેઠા.

'નંદુબહેન ઘરમાં નથી ?' વ્યોમેશચંદ્રે પ્રશ્ન કર્યો.

'આવતાં હશે હવે; જરા વાર થઈ ગયો.' દીનાનાથે જવાબ આપ્યો.

'કંઈ ગયાં હશે !'

'હા, અમારી પાસે રહે છે એમનો ભત્રીજો પાસ થયો તેથી ખુશી થવા ત્યાં ગયાં છે. બહુ ઉમદા છોકરો !' દીનાનાથે જણાવ્યું.

'એ કોણ ?'

'સનાતન. એ નામમાં કાંઈ ખાસ આકર્ષણ હોય તો તે નામ ધારણ કરનાર જાણે અગર તે નામથી આકર્ષનાર વ્યક્તિ જાણે પરંતુ દીનાનાથે તેના નામનો ઉચ્ચાર કર્યો તે સાથે મંજરીએ આડું જોઈ સાળુને માથા ઉપર આગળ લાવવાનો ચાળો કર્યો. વ્યોમેશને આ સુંદર અભિનય નિહાળતાં પોતાનો પૂર્વાશ્રમ યાદ આવ્યો, પોતાની ગત પત્ની યાદ આવી, પત્નીના વિલાસ યાદ આવ્યા, અને ગત પત્ની અને જીવંત મંજરીના સૌંદર્યની તુલના તેમનાથી સહજ થઈ ગઈ.

'હા જી, એ છોકરાને જોયો પણ છે. ચાલો, ગરીબ કુટુંબને એનો આધાર મળી જશે. એના કાકાની સ્થિતિ બહુ સારી નથી.' જાગીરદારે સ્વાભાવિક રીતે જ કહ્યું. સઘન માણસોની તુલનામાં લક્ષ્મી પ્રધાનપદ ભોગવે છે. દીનાનાથે કાંઈ જવાબ ન આપ્યો. મંજરીની ભમ્મરો સહજ ઊંચી થઈ. મંજરીને નિહાળતાં વ્યોમેશચંદ્રને એ ભમ્મરોમાં અલૌકિક સૌંદર્યનો નિવાસ લાગ્યો. રોજ કરતાં તેઓ આજે વધારે બેઠા. પોતાના બંગલાઓની, ગાડીઘોડાઓની, મિજલસોની, મોટા માણસોની મુલાકાતોની એમ પોતાની મહત્તા જણાઈ આવે એવી વાતો કરવા માંડી. એટલામાં નંદકુંવર આવી પહોંચ્યાં.

'સનાતનના કાકાની તો બદલી થઈ.' તેમણે આવી વધારાની

માહિતી આપી. 'બહુ સારાં પાડોશી.'

મંજરીના મુખનો રંગ ઊડી ગયો. એ કુટુંબ અહીં રહેત તો સનાતન પણ આવત. હવે સનાતન શા માટે આ ગામમાં આવે ? ઉદાસ મુખ સાથે તે ઊભી થઈ ઘરમાં ગઈ. જાગીરદાર વ્યોમેશચંદ્ર પણ બહુ વારથી બેઠા હતા એટલે હવે પોતાને ઘેર જવા નીકળ્યા.

ઘેર જઈ જુએ છે તો રોજ કરતાં આજે વધારે અવ્યવસ્થા તેમણે જોઈ. છોકરાં ભૂખ્યાં સૂઈ ગયાં હતાં, પથારીઓ પણ વખતસર થઈ નહોતી. ચાકરો ભેગા મળી ગપ્પાં હાંકતા હતા અને રસોઈયો તેમનાથી સહજ દૂર બેસી મોટા કટોરામાં દૂધ પીતો હતો. ગાડીવાળાએ દારૂ પીધેલો હતો અને તેની ધૂનમાં પોતાની બૈરીને મારવા નિષ્ફળ પ્રયત્ન કરતો હતો, તેની જબરજસ્ત બૈરી તેને ખાટલા સાથે બાંધી ઉપર જાગીરદાર પાસે ફરિયાદ કરવા આવી. છોકરાને સંભાળવા માટે રાખેલી એક બાઈ છોકરાને મૂકીને ચાલી ગઈ હતી, તે કાંઈક બહાનું કાઢતી આવી પહોંચી.

વ્યોમેશચંદ્ર અકળાઈ ગયા. 'આ તે સંસાર છે ?' તેઓ બૂમ પાડી ઊઠ્યા. 'કોઈ કોઈને જવાબદાર જ નહિ. હું આ બધામાં ક્યાં સુધી જોયા કરું ? હું એકેએક માણસને કાઢી મૂકીશ.'

આખું ઘર શાંત થઈ ગયું.

થોડીવારે બાળકોને રીતસર સુવાડી, બધી વ્યવસ્થા કરી, પેલી બાઈ જાગીરદારને જમવા બોલાવવા આવી, તેની આંખ ચમકતી હતી અને હોઠ હસતા હતા. બહુ જ લલચાઈને તેણે જાગીરદારની માફી માગી, અને પોતાના ગળાના સોગન ખાઈ જમવા આગ્રહ કર્યો.

આ બાઈ આટલી બધી ચબરાક ક્યાંથી થઈ ગઈ ? ગળાના સમ ખાવા જેટલું વહાલ વ્યોમેશ ઉપર ક્યાંથી આવ્યું ? વ્યોમેશે પોતાની પત્નીની છબી તરફ જોયું. છબી હસતી લાગી. મંજરી યાદ આવી.

'હું ફરી પરણું તો ?' વ્યોમેશના મનમાં પ્રશ્ન ખડો થયો.

સામેથી પત્નીની છબી હસતી હતી. પાસે પેલી બાઈ હસતી હતી. માત્ર મંજરીની મૂર્તિ ભમરો ઊંચી કરી બેઠેલી તેના જોવામાં આવી.

પ્રથમ તો તેમને આ વિચારથી શરમ ઉત્પન્ન થઈ. કેટલીવાર તેમણે પોતાની પત્નીને વચન આપ્યાં હતાં કે તેઓ કદી કાળે ફરી પરણશે નહિ ! કેટલી વાર તેમનાં પત્નીએ હસીને મશ્કરી કરી હતી કે એ વચન વાણીમાં જ રહેશે ! અને પોતાના મૃત્યુ બાદ તરત તેમને પરણવા વિચાર થશે ! તેમને લાગ્યું કે તેઓ પોતાની ગત પત્નીને અન્યાય કરે છે. 'મારે ચાર છોકરાં છે.

ફરી શા માટે પરણવું ?' તેઓએ મનમાં વિચાર્યું. પરણવાનો વિચાર કરવા જેવી નબળાઈ બતાવવા માટે તેમને પશ્ચાત્તાપ થયો.

'લક્ષ્મી ! જા, મારે જમવું નથી.' છોકરાંને સાચવવા રાખેલી બાઈને ઉદ્દેશી તેમણે કહ્યું. પોતાને એકલા જ બેસવાની વૃત્તિ થઈ.

'હાય, હાય ! એમ રોજ શું કરો છો ? શરીર કેમ પહોંચશે ?' લક્ષ્મીએ પોતાના શેઠને માટે કાળજી બતાવી.

લક્ષ્મીનો વર્ણ ગોરો નહોતો, પરંતુ તેનું શરીર ભરાવદાર હતું અને તંદુરસ્તીની ચમકથી તેનું મુખ આકર્ષક લાગતું હતું. તેના સામું જોવું કોઈને ન ગમે એમ નહોતું - બલકે તેના સામે જોવાનું કોઈને પણ મન થાય એમ હતું.

'તું ઊંચો જીવ ન કરીશ. મહારાજને જઈને કહે કે મને દૂધ આપી જાય. જા, જઈને છોકરાં પાસે બેસ.' વ્યોમેશે જવાબ વાળ્યો.

લક્ષ્મી ગઈ. વ્યોમેશચંદ્ર પાછા વિચારમાં પડ્યા. થોડીવારમાં પાછી લક્ષ્મી દૂધ લઈને આવી. વ્યોમેશચંદ્રને લક્ષ્મીનો ડર લાગ્યો. કેમ ઘડી ઘડી આવતી હશે ? તેમને વિચાર થયો. તેનું કારણ કલ્પતાં હૃદય ધડકી ઊઠ્યું.

'રસોઈયાનું તે કાંઈ ઠેકાણું છે ? હું હતી તો આટલું દૂધ રહ્યું.' એમ બોલી પોતાનું મહત્ત્વ અને કાળજી બતાવી દૂધનો પ્યાલો તેણે વ્યોમેશના હાથમાં મૂક્યો. પ્યાલો મૂકતાં તેણે બની શકે તેટલો વ્યોમેશના હાથનો સ્પર્શ કર્યો, અને બની શકે ત્યાં સુધી સ્પર્શ જારી રાખ્યો. હસતું મુખ રાખી વ્યોમેશ ઉપર શી અસર થાય છે તે જાણવા તેણે ધારીધારીને વ્યોમેશ સામે જોયા કર્યું. વ્યોમેશને કપાળે પરસેવો વળ્યો.

દુનિયા ઘણી સારી છે એમાં શક નથી. દુનિયાનાં માણસો પણ ઘણાં સારાં છે એમાં શંકા નથી. પરંતુ સંજોગોની અસર અદ્‌ભુત છે. મહાત્માને તે ખૂની બનાવે છે, અને વ્યભિચારીને તે પતિતપાવન કરે છે. આટલી ઉમર વ્યતીત કર્યા છતાં વ્યોમેશચંદ્ર ઘણા જ સારા માણસ રહ્યા હતા. પુરુષો પાપમાં પ્રવૃત્ત થાય એમ તેઓ કદી માનતા નહિ ! લક્ષ્મીનું વર્તન આજે બહુ જ આશ્ચર્યજનક તેમને લાગ્યું.

'આજે તબિયત સારી નથી, ખરું ?' લક્ષ્મીએ ખબર પૂછી.

'ના, એવું કાંઈ નથી.' ટૂંકાણમાં વ્યોમેશે પતાવ્યું. પાસેના દીવાને તેમણે વધારે ઝગઝગાટ કર્યો. પ્રકાશથી વધારે હિંમત આવશે એમ ધારી તેમણે તેમ કર્યું. પોતાના ડરતા મનને દૃઢ કરવાનો પ્રયત્ન કર્યો, અને મુખ ઉપર સખ્તાઈનો ભાવ પ્રદર્શિત કર્યો.

લક્ષ્મી હસી. તેના હાસ્ય પાછળ શું હતું ?

'પીઈ જાઓ ને ?' હસીને તેણે કહ્યું.

વ્યોમેશચંદ્રને થયું કે આ બાઈને ધક્કો મારી બહાર કાઢવી જોઈએ; પરંતુ તેઓ ઘણા સારા માણસ હતા, અને સારા માણસોનાં અંતઃકરણ ખરાબ માણસો કરતાં વધારે મૃદુ હોય છે. તેઓ પોતાના વિચારને અમલમાં મૂકી શકે એમ નહોતું.

દૂધ પી રહીને પ્યાલો લક્ષ્મીના હાથમાં પાછો મૂક્યો. લક્ષ્મીએ જવાની ઉતાવળ બતાવી નહિ. પ્યાલો તેણે ભોંય ઉપર મૂક્યો, અને અતિશય મૃદુતાથી વ્યોમેશને પૂછ્યું :

'સહજ માથું દબાવું ?'

તેમને કદી નહિ લાગ્યો હોય એવો ડર લક્ષ્મીને જોતાં હવે લાગ્યો. તેમના હૃદયમાં થતું મહાભારત યુદ્ધ તેમનાથી ખમાયું નહિ. લક્ષ્મીને હા પણ પાડી ન શક્યા અને ના પણ પાડી ન શક્યા. લક્ષ્મીએ આગળ વધી કપાળ ઉપર હાથ ફેરવ્યો અને જાગીરદારનું હૃદય પીગળી વહી ગયું.

અચાનક પાસેની ઓરડીમાંથી બાળક રડી ઊઠ્યું. જાગીરદારે ચમકીને જોયું તો લક્ષ્મી પોતાને કપાળે હાથ ફેરવતી હતી. બાળકની ચીસથી તેમનું હૃદય ઠેકાણે આવ્યું.

'નકામી અહીં બેસી રહી છે. જા, જો છોકરાં રડે છે !' કહી તેમણે લક્ષ્મીને આઘી ખસેડી. લક્ષ્મી ગઈ અને તેઓ પલંગ ઉપર પડ્યા.

'મારે ફરી પરણવું પડશે.' તેઓ બોલી ઊઠ્યા.

## ૬

# પ્રથમ ભેટ

*અહ પ્રિત શી ! અહ હેત શું ! અહ કશો અંતર ઉમળકો !*
*શું પત્ર આ ? શું શબ્દમાં ! એ મૃતક કરથી છે લખ્યો !*

* * *

*એ પ્રાણપતિનું હૃદય છે ! એ આત્મનાં ભવનો નર્યાં !*
*એ ભવનમાં રમતાં નિરંતર સુંદરીથી છે ભર્યાં !*

* * *

*મુજ ઉપર ઝીલતી કંચુકીની ભાતડી પ્રિય, તું જ છો !*
*મુજ સાડીમાં રહી શોભતું, શોભાવતું ગુલ તું જ છો !*

**નાનાલાલ**

સનાતન ક્યાં હશે ? શું કરતો હશે ? એ બધું મંજરીને કોણ કહે ? શા માટે કહે ? કોઈને આ બધી વાત જાણવાનું કારણ શું ? મંજરીને આમ મૂંઝવણ થઈ. શા માટે મંજરીને આ મૂંઝવણ થઈ તેનું કારણ તેનાથી સમજી શકાયું નહિ. મંજરી ઘણી જ શાન્ત અને સમજણવાળી હતી. આવો ફેરફાર હૃદયમાં કેમ થયો હશે તે તેના સમજવામાં આવ્યું નહિ; અજાણ્યા-પારકા યુવક માટે હૃદયમાં કોઈક અતિ કુમળો છતાં ઉત્તેજક ભાવ એ શો પ્રગટ્યો? એ સારું કે ખોટું ?

છતાં સનાતન સાંભર્યાં જ કરતો; તેની સાથે જ એક દિવસ તેણે થોડી ક્ષણ માત્ર વાત કરી હતી; પરંતુ તે પ્રસંગનાં સ્વપ્ન નજર આગળથી ખસતાં નહિ. સનાતને પત્ર લખવાનું કહ્યું હતું, ખરું ? ક્યારે પત્ર આવશે ? પત્રમાં શું આવશે ? વિચાર કરતાં તેનાં રોમ ઊભાં થયાં. પત્રની કલ્પના થતાં તેનું હૈયું ઝોલે ચડ્યું. શું લખશે ? કાંઈક વિચાર આવ્યો, અને શરમથી મુખ રાતું થઈ ગયું. તેને સહજ હસવું આવ્યું. આ ઘેલછા શી ? મારે અને સનાતનને શું ? તે મનમાં બોલી, અને અચાનક નીચે ટપાલીએ તેના નામનો ઉચ્ચાર કર્યો.

તે ચમકી, કંપી ઊઠી, છતાં નીચે ઉતાવળી દોડી. ઉતાવળમાં તેના ઘૂંટણમાં એક ખુરશી જોરથી અથડાઈ, પણ તે વખતે તેને કશું લાગ્યું નહિ. ઉપર કોઈ જાણે તે પહેલાં, પોતાનો કાગળ છાનોમાનો વાંચી લઈ સંતાડી

મૂકી દેવાની વૃત્તિ એટલી બધી પ્રબળ હતી કે વાગ્યાનું પણ તેને ભાન રહે એમ નહોતું.

નીચે જઈ તેણે પત્ર ઉપાડ્યો. સુંદર અક્ષરોમાં પોતાનું નામ અંકાયેલું જોયું. આવા સુંદર અક્ષરોમાં ભાગ્યે જ કોઈએ તેનું નામ લખ્યું હશે, પરબીડિયું ખોલવાની તેની હિંમત ચાલી નહિ. વખતે કોઈ જોઈ લેશે તો ? તેણે પત્રને વાળી દીધો અને કબજાના ખિસ્સામાં મૂક્યો. બીજા કાગળો પણ હતા તે પોતાના પિતાના હતા. તે ભેગા કરી ઉપર ચડી કાગળો દીનાનાથને આપી દીધા.

'કોના કોના કાગળો છે ?' દીનાનાથે પૂછ્યું.

'મેં જોયા નથી; વાંચું ?' મંજરીએ કહ્યું.

'હા, વાંચી સંભળાવ.' પિતાએ કહ્યું.

મંજરીને થયું : 'પિતાજી ભણેલાગણેલા છે અને મારી પાસે શા માટે કાગળો વંચાવે છે ? ઘણુંખરું મંજરી જ કાગળો વાંચતી. પણ આજે તે નિત્યક્રમ ભૂલી ગઈ; અને કચવાતે મને બેઠી. કાગળો તો બધા વાંચવા પડ્યા; પરંતુ તેનો ક્યારે પાર આવશે એમ કંટાળાભરેલી વૃત્તિથી તેણે વાંચ્યા.

જેમતેમ કરી કાગળો પૂરા કરી તે પોતાની નાની ઓરડીમાં આવી. ઓરડીનું બારણું બંધ કર્યું. ખિસ્સામાંથી કાગળ કાઢ્યો. કાગળ કાઢતાં તેનો હાથ સહજ કંપ્યો અને હૃદય ધડક્યું.

બહુ જ સાવચેતીથી તેણે લિફાફો ઉઘાડ્યો.

અંદરથી એક સો રૂપિયાની નોટ અને પત્ર બહાર આવ્યાં. તેને આશ્ચર્ય લાગ્યું. સહજ શંકા આવી અને કાગળની ગડી ઉકેલી પત્ર ધબકતે હૃદયે વાંચવા માંડ્યો.

**'મંજરી,**

મારી આજે જન્મતિથિ છે તે નિમિત્તે હું અલ્પ ભેટ મોકલું છું. ભેટ મોકલવા મેં તારા પિતાની સંમતિ લીધી છે. માટે વગર સંકોચે સ્વીકારજે, અને તને ગમે તે વસ્તુ મારા સંભારણા તરીકે તેમાંથી મંગાવજે.

**લિ. વ્યોમેશચંદ્ર'**

મંજરીને લાગ્યું કે તેના હૃદયસાગરમાં અચાનક ઓટ આવે છે. તેનો ઉત્સાહ ઓસરી ગયો. રસ ફીટી ગયો અને આનંદ ઊડી ગયો. જગત શૂન્ય ભાસવા માંડ્યું. અસહાય જીવન કોઈક અણધારી દિશામાં જ ઘસડાતું

લાગ્યું. કેટલીક વાર સુધી ખાલી નજરે એક બાજુ તરફ જોયા કરતી તે બેસી રહી.

બારીમાંથી સહજ પવન આવ્યો અને કાગળ હાલ્યો. શૂન્યમય સ્વપ્નમાંથી ઝબકી મંજરીએ કાગળ અને નોટ હાથમાં લીધાં અને શાન્તિથી બંનેને ફાડવા લાગી. કિંમતી નોટને ચીરતાં તેને જરા પણ અસર થઈ નહિ. ઘરમાં વધારે પડતા નકામા કાગળોને જેમ જરા પણ દયા વગર ચીરી નાખવામાં આવે છે તેમ તેણે એ બંને કાગળોના ઝીણા ચૂરા કરી નાખ્યા.

'આટલી ઉંમરે લોકો પોતાની જન્મતિથિઓ ઊજવતા ન હોય તો ન ચાલે ?' તે લવી ઊઠી. તેને ક્યાં ખબર હતી કે ઉંમર વધવાથી જિંદગીની કિંમત ઘટતી નથી ? વ્યોમેશચંદ્રની ઉંમર વધારે કહી શકાય ? એ ભલા જાગીરદારને તે ભારે અન્યાય આપતી હતી.

તે ઊભી થઈ નીચે જવા લાગી. આજે શરીરમાં કેમ અશક્તિ લાગે છે ? તેણે પોતાના મનથી ધાર્યું કે તેનામાં કાંઈ જોર રહ્યું નથી, છતાં તે નીચે પોતાના પિતા પાસે જવા લાગી. અધવચ તેણે વ્યોમેશચંદ્રને વાતો કરતા સાંભળ્યા. તે અટકી, મુખ ઉપર અસહ્ય કંટાળો પ્રદર્શિત કર્યો, અને પોતાની ઓરડીમાં જવા પાછી ફરી. ઝડપથી તે ઉપર ચડી ગઈ; ફરી પોતાની ઓરડીમાં દાખલ થઈ, બારણું બંધ કર્યું અને પલંગ ઉપર બેકાળજીથી પડી, અચાનક તેણે આંખો મીંચી દીધી; મીંચેલી આંખો ઉપર હાથ દાબ્યા. તેનું હૃદય પોકારી ઊઠ્યું : 'સનાતન ! સનાતન !'

તેને કોણ કહેશે કે સનાતન ક્યાં છે ?

નીચેથી નંદકુંવરે બૂમ મારી : 'મંજરી ! જરા નીચે આવ ને ! વ્યોમેશચંદ્ર આવ્યા છે; તને યાદ કરે છે.'

'મારું માથું દુખે છે; હમણાં નહિ આવું !' કહી મંજરી સૂતી જ રહી.

વ્યોમેશચંદ્ર ખરેખર મંજરીને યાદ કરતા હતા. પોતે મોકલાવેલા કાગળની મંજરી ઉપર શી અસર થાય છે એ જોવાની તેમની ઇચ્છા હતી. ભલા ગણાતા માણસોની યુક્તિઓ લુચ્ચા માણસોની પ્રમાણિક લુચ્ચાઈ કરતાં વધારે ગૂંચવણ ભરેલી હોય છે.

લક્ષ્મીના પ્રસંગ પછી વ્યોમેશચંદ્રની ખાતરી થઈ ગઈ હતી કે પોતાને પરણવું જ પડશે. 'પરણ્યા સિવાય જગતમાં નીતિમાન રહેવું મુશ્કેલ છે.' એમ તેમણે સૂત્ર બાંધ્યું. નીતિમાંથી ચળાય એ ભયથી થતા લગ્નમાં નીતિ કેટલી રહી શકે એ ગૂંચવણભર્યો પ્રશ્ન તેમનાં મનમાં ઊઠ્યો જ નહિ. ચારે

પાસ વહેતી લોલુપ વૃત્તિઓને એકત્ર કરી એક જ વિજાતીય વ્યક્તિ તરફ પ્રેરવી એનું જ નામ શું લગ્ન ? અને એ લાલસા સંતોષવાનું સાધન એનું જ નામ પત્ની ? નીતિ ! નીતિ ! જગતમાં તારી વ્યાખ્યા કેવી રીતે બાંધવી ?

ગત પત્નીના વિચારને વ્યોમેશચંદ્રે શરમાતા હૃદયે આઘો કર્યો. 'શું કરું ?' તેમણે દલીલ કરી. 'પરણું નહિ અને આડે રસ્તે દોરાઈ જઉં તો તેને વધારે અન્યાય થશે !' જાણે આવાં લગ્નમાં અને આડા રસ્તામાં ભારે તફાવત હોય એમ તેમને લાગ્યું. આખા જગતને એમ લાગે છે. બધા ફરી પરણે છે. શા માટે વ્યોમેશચંદ્રને એકલાને દોષ દેવો ?

અને ઉપરાંત તેમનાં પત્નીએ મરતે મરતે પણ ફરી લગ્ન કરવાનો આગ્રહ કર્યો હતો ! એ આગ્રહ, એ આજ્ઞાનું ઉલ્લંઘન થાય ? ગત પત્નીની ઇચ્છા વિરુદ્ધ જવાનું પાપ થાય ? નહિ જ.

'માટે મારે ફરી પરણવું જ પડશે.' વ્યોમેશચંદ્રે પોતાની દલીલો સબળ કરવા માંડી.

# ૭

# ગ્રેજ્યુએટ થયા પછી

*કહીં તું જાય છે દોરી*
*દગાબાજી કરી કિસ્મત !*

**મણિલાલ**

સનાતન બી.એ.માં ઊંચા નંબરે પાસ થયો. તેના મિત્રો, સગાં-સંબંધી, ઓળખીતાઓ અને કૉલેજના પ્રોફેસરોએ મુબારકબાદી આપી. તેને હજી આગળ અભ્યાસ કરવો હતો, પરંતુ જે ગામમાં તેના કાકાની બદલી થઈ હતી ત્યાં આગળ અભ્યાસની સગવડો નહોતી; અને તેથી પણ મહત્ત્વની વાત એ હતી કે તેની અગર તેના કાકાની પાસે વધારે અભ્યાસ કરવા માટેનું સાધન નહોતું.

ઉપરાંત સનાતનમાં ધનવાન થવા માટે તીવ્ર ઉત્કંઠા જાગી હતી. ભરતશીવણ કામ વેચી પોતાના પિતાની દુર્બળ સ્થિતિ ટાળવા પ્રયત્ન કરતી મંજરીને જ્યારથી તેણે જોઈ ત્યારથી તેના મનમાં એક જ વિચાર રમી રહ્યો હતો : 'હું મંજરીને લાખોની મિલકત ભેટ ન કરી શકું ? અને તેને આવી ગરીબીમાંથી છોડાવી ન શકું ?' યુવકો સર્વદા આશાવાન અને ઉત્સાહી હોય છે. તેમની અભિલાષાને સીમા હોતી નથી, અને તેમાં પણ જો એ આશા અને અભિલાષા કોઈ યુવતીમાં સંક્રાન્ત થાય ત્યારે તેમાં અપૂર્વ બળ આવે છે. આકાશમાંથી તારાઓ તોડી લાવવામાં તેને મુશ્કેલી જણાતી નથી, હિમાલયને આંગળી ઉપર ઉઠાવવો એ સહજ લાગે છે, અને સૂર્યચંદ્રને દડાની માફક ફેંકવાની પ્રવૃત્તિ સ્વાભાવિક લાગે છે. સ્ત્રીઓ માટે પુરુષો જગતમાં શું શું નથી કરતા ?

યુવકો સર્વદા પોતાનું જીવન મહત્ત્વાકાંક્ષાથી જ શરૂ કરે છે; પણ સનાતનની મહત્ત્વાકાંક્ષામાં અતિશય તીવ્રતા હતી. બને તો એક જ દિવસમાં અઢળક ધન ભેગું કરવું એમ તેના મનમાં થયા કરતું. મંજરીના ચરણ આગળ ધનનો ઢગલો કરી ઊભા રહેવું અને મંજરીના નયનમાંથી પ્રશંસાનું કિરણ પોતાની આંખમાં ઝીલવું એ તેનું અત્યારે ધ્યેય હતું. મંજરી આવી ભેટ સ્વીકારશે કે કેમ ? તેનાં અભિમાની માતાપિતા આવી ભેટ સ્વીકારવા દેશે કે કેમ ? પોતે કયા સંબંધે આ ભેટ આપી શકશે ? એવા

વિચાર કદાચ આવતા; પરંતુ તેનું સમાધાન સહજ થઈ શકતું. તે દિવસે અગાસીમાં મંજરીએ શું કહ્યું હતું ? પત્ર લખવાનો નહોતો કહ્યો ? કેવી ભાવભરી વાણીથી તે વાત કરતી હતી ? તેની આંખમાં મીઠાશ કેવી ચમકી રહી હતી ? શું તે મારી ભેટ નહિ સ્વીકારે ? અને ભેટની સાથે મને નહિ સ્વીકારે ?

આ વિચાર આવતાં જ તેનાં રોમ ઊભાં થઈ જતાં. તેના દેહમાં વીજળી ઝબકી જતી. સમુદ્ર ઉલેચી નાખવાનું બળ આવતું. 'પત્ર તો લખશો ને ?' એમ બોલતી મંજરીની મૂર્તિ તેની આગળ ઊભી રહેતી. તેણે નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી મંજરીની પાસે ધનનો ઢગલો ભેટમાં ન મૂકું ત્યાં લગી પત્ર લખવાની મારી લાયકાત ગણાય જ નહિ. આ નિશ્ચયથી તેણે ઘણી વાર મનને મારી કાગળ લખ્યો જ નહિ. તેને ઘણું મન થઈ આવતું કે પત્ર લખી તે મંજરીની ખબર પુછાવે. ક્વચિત્ પત્ર લઈને બેસતો પણ ખરો, થોડા અક્ષરો પાડતો પણ ખરો; પરંતુ પોતાની કઈ લાયકાત ઉપર તે કાગળ લખે ? લખેલો કાગળ તે ફાડી નાખતો, અને મંજરી માટે ધનવાન થવા અનેક વિચારોમાં મશગૂલ રહેતો.

મુંબઈ એ ધનની ખાણ છે એમ તેના જાણવામાં હતું. વધારે અભ્યાસ માટે પણ ત્યાં જ સગવડ થાય એવી હતી. ધનપ્રાપ્તિના અનેક માર્ગ ત્યાં જ મળી આવશે, અનેક સભાઓ અને મંડળીઓમાં ભળવાથી આગળ આવી શકાશે, આવા વિચારો કરી સનાતન મુંબઈ આવ્યો, અને પોતાના એક મિત્રની નાની સરખી ઓરડીમાં ઊતર્યો. તેને તરત વિચાર આવ્યો કે 'આવડું મોટું શહેર અને આટલાં ગંજાવર મકાનો, છતાં માણસને રહેવા માટે કેદીની ઓરડી કરતાં પણ નાની ઓરડી !'

તેણે ચારે પાસ અરજીઓ નાખી; પોતાની લાયકાતનાં ભભકભર્યાં પ્રમાણપત્રો સાથે રાખ્યાં; સરકારી અને ખાનગી કચેરીઓમાં તપાસ કરી; મળવા જેવા માણસોને મળ્યો, કાંઈ કરતાં એક વખત નોકરી મળી જાય તો પછી આગળ રસ્તો થશે એ વિચારથી નોકરી મેળવવા અત્યંત આગ્રહથી તેણે પ્રયત્નો શરૂ કર્યા.

પરંતુ જગતમાં આગળ વધવાના રસ્તા ભાગ્યે જ સરળ હોય છે. વ્યવહારમાં પ્રથમ પગલું મૂકતાં જ જગત તેને વધાવી લેશે એવી સનાતનની માન્યતા હતી. પરંતુ દુનિયા એવા હજારો અને લાખો સનાતનોની દરકાર વગર આગળ ધપ્યે જાય છે એવી તેને હવે જ ખબર પડી.

અરજીઓના જવાબો આવવા માંડ્યા : 'હાલ જગા ખાલી નથી.'

'બીજા ઉમેદવારોની નિમણૂક થઈ ગઈ છે.' 'તમે માગો છો તે પગાર ઘણો ભારે છે.' 'તમારા જેવી લાયકાત ધરાવનાર આટલા ઓછા પગારની માગણી કરે એ અમને સંતોષકારક લાગતું નથી, માટે તમારી અરજી સંબંધી કાંઈ થશે નહિ.' 'તમારા જેવી કેળવણી પામેલા યુવકને અમારી નાની સંસ્થામાં જોડી દેવાથી ભવિષ્ય બગડે એ ભયથી અમો તમને સલાહ આપીએ છીએ કે તમારે અમારી સંસ્થામાં નોકરી ન લેવી.' 'આટલું બધું ભણેલા માણસનો અત્રે ખપ નથી.' 'અમે બહુ ગ્રેજ્યુએટો અજમાવી જોયા, પરંતુ તેમનાથી અમને જરા પણ સંતોષ થયો નથી. તમે ગ્રેજ્યુએટ છો. દિલગીરી સાથે લખવું પડે છે કે હવે ગ્રેજ્યુએટ રાખવાનો એક પણ વધારે અખતરો કરવા અમો તૈયાર નથી.' 'અમને ગ્રેજ્યુએટ નહિ જોઈએ.' 'તમો પરણેલા નથી એટલે નાઈલાજ.'

કેટલીક અરજીના તો જવાબ પણ આવ્યા નહિ.

સનાતન જવાબો વાંચી સ્તબ્ધ બનતો ગયો. તેને ખાતરી થવા માંડી કે જગતને કાંઈ પણ જોઈતું હશે તો તે સનાતન તો નહિ જ હોય ! સનાતન સિવાય જગતને બધું જ જોઈએ છે !

તેણે મોટા ગૃહસ્થો અને અમલદારોને જાતે મળવા વિચાર રાખ્યો. તેને એમ લાગ્યું કે તેનો ઊંચો મજબૂત બાંધો, ગૌર વર્ણ, નાજુક મુખ અને બોલવાની છટા જરૂર સામા માણસ ઉપર છાપ પાડ્યા વગર નહિ જ રહે. પરંતુ ધનવાન અને સત્તાવાન મનુષ્યો ઉપર છાપ પાડવાનો પ્રયોગ કદી સફળ થતો જ નથી.

અડધો કલાક બેસાડી રાખી એક ગૃહસ્થે સનાતનને પોતાની પાસે બોલાવ્યો.

'સનાતન તમારું જ નામ કે ?'

'જી હા.' છટાથી સનાતને જવાબ આપ્યો.

'હાં...તે પછી...શા કામે આવ્યા છો ?' ગૃહસ્થે પૂછ્યું.

'સાહેબ ! હું પ્રથમવર્ગમાં પાસ થયેલો ગ્રેજ્યુએટ છું, અને...'

તેને આગળ બોલતાં પહેલાં જવાબ મળ્યો :

'બહુ સારી વાત છે... અરે જમાદાર ! જુઓ ને, ગાડી તૈયાર થઈ ? હાં, પછી ?'

'મારી ઈચ્છા એવી છે કે...' સનાતન બોલી રહે તે પહેલાં તો પેલા ગૃહસ્થે બીજી બૂમ મારી :

'સાંભળો ને ! ટેલિફોનમાંથી શો જવાબ આવ્યો ?....હા, હા. તમારી

ઈચ્છા ઘણી સારી છે.'

સનાતનને લાગ્યું કે આ ગૃહસ્થ ઘેલા થઈ ગયા છે કે શું ? પોતાની વાત સાંભળવાની પણ તેમને ફુરસદ દેખાતી નથી. તો પછી અંદર બોલાવ્યો શા માટે ? તેણે છેવટે કહ્યું :

'ત્યારે હું રજા લઉં છું.'

'હા ભાઈ ! આવજો હો !' બોલી તે ગૃહસ્થે ઊભા થઈ ચાલવા માંડ્યું. સનાતન રીસમાં આવી બીજી જગાએ ગયો. સિપાઈએ કલાક બેસાડી રાખી છેવટે જવાબ આપ્યો કે 'સાહેબ આજે મળી શકશે નહિ.'

'મોટા માણસો આવા અવિવેકી હોય છે ?' તે બબડ્યો. આવા લાખો બબડાટો વચ્ચે મોટા માણસો મોટા થયે જ જાય છે.

સનાતનના સ્વાભિમાનને આમ ઘા પડવા માંડ્યાં. 'દુનિયામાં મારું સ્થાન જ નથી ?' તે પોતાની જાત ઉપર ચિડાયો. 'મારું ભણતર, મારું જ્ઞાન, મારી આવડત, મારી ચાલાકી સરસ્વતીના ક્ષેત્રમાં સ્વીકાર પામ્યાં; લક્ષ્મીના મંદિરમાં શું તેમનો ઉપયોગ છે જ નહિ ? લક્ષ્મીના પૂજારીઓમાં શું જુદી જ લાયકાત જોઈતી હશે ?' તે વિચારના વમળમાં પડ્યો.

એકાએક તેની દૃષ્ટિએ પાંચ-સાત મોટરો અને પાંચ-સાત ગાડીઓ બેદરકારી અને ત્વરાથી જતી માલૂમ પડી. લક્ષ્મીદેવીના લાડકવાયાઓનાં સનાતને દર્શન કર્યાં.

તે હસ્યો.

'પેલાને બેસતાં તો આવડતું નથી. જાણે હવે મોટરમાંથી ઊઠવું જ ન હોય એમ પડ્યો છે.' પૈસાદારને જોઈને તેણે મનથી ટીકા કરવા માંડી.

'અને આ ગૃહસ્થ ! આખી બેઠકમાં એકલા પોતે જ સમાઈ શક્યા છે. આવી જાડાઈ ?'

ત્રીજા ધનવાનની દોડતી મોટર જોઈ તેને ફરી હસવાનું મન થયું. 'કેટલો કદરૂપો ! એની સાથે પરણનાર કોણ ભાગ્યશાળી હશે ?'

પરંતુ એ પ્રશ્નનો ઉત્તર તેને તુરત મળી ગયો. એક અતિશય સ્થૂળ, કાળા અને કદરૂપા ગૃહસ્થની જોડે એક દેખાવડી સ્ત્રીને લઈને મોટર તેની આગળથી પસાર થઈ. તે સ્ત્રીનું મુખ હસતું હતું. આવા કદરૂપા ગૃહસ્થની સાથે બેસવામાં તે સ્ત્રીને કાંઈ દુ:ખ કે શરમ લાગતાં હોય એમ જણાયું નહિ.

તેણે ટીકા કરવી બંધ કરી. તેને લાગ્યું કે તે પોતાની તુચ્છતા બતાવે છે.

આકાશમાંથી સૂર્ય અસ્ત થતો હતો. આ પૂર્વ લાવણ્યભર્યા રંગ

વચ્ચેથી પસાર થતો આ જગતનો આધાર અંધકારમાં ઓસરી જતો હતો. ક્ષિતિજમાં ડૂબતે ડૂબતે પણ તેનું સ્મિત કાયમ રહ્યું, અને સંપૂર્ણ અસ્ત થતાં તેના સ્મિતનાં ચિત્રો આકાશે ઝીલી લીધાં.

દોડતા જગતને આની શી પરવા હતી ? સૂર્યાસ્ત રોજ થાય છે. ઘણાયે સૂર્યાસ્ત જોયા, એ સૂર્યાસ્ત મારા ખિસ્સામાં શો ભાર વધારે છે ? ધનપ્રાપ્તિ માટે રાત્રે પણ જાગવા ઈચ્છતા જગત ને સૂર્યાસ્તની આ કિંમત કરવાની છે.

સનાતન વિચારમાં ને વિચારમાં આગળ વધ્યો. વિચાર પણ બંધ પડ્યા. આજે ઘેર જવું સાંભર્યું નહિ. રાત પડી હતી, લોકોનાં ટોળાં વહ્યે જ જતાં હતાં; તે જોતો જોતો ખાલી મને સનાતન ચાલ્યો જ જતો હતો. તેનું હૃદય શૂન્ય હતું. તેના પગ જ માત્ર ચાલતા હતા. તેની આંખ ઉઘાડી હતી છતાં કોઈ પણ પ્રકારનું દૃશ્ય તે તેના મગજ ઉપર છાપી શકતી નહોતી.

એટલામાં તેણે ખડખડાટ હસવાનો અવાજ સાંભળ્યો.

આ હાસ્ય સાંભળી તેનું હૃદય ખૂલી ગયું. તેણે આજુબાજુનાં દૃશ્ય ગ્રહણ કરવા પ્રયત્ન કર્યો. આ સ્થાને તે ક્યાં આવી લાગ્યો ?

આજુબાજુની બારીઓ અને ઓટલા ઉપર અંગ સમારીને સ્ત્રીઓ બેઠેલી હતી. રસ્તે જતા ફક્કડો સાથે ઠઠ્ઠામશ્કરી, હસાહસ અને તોફાન ચાલતાં હતાં. નફટાઈ અને અમર્યાદાની સીમા નહોતી. નાની બાળકીઓથી માંડી મધ્યવયમાં પ્રવેશ કરતી સ્ત્રીઓ ત્યાં જોવામાં આવતી અને તે સર્વ જતા આવતા, નાના મોટા અને વૃદ્ધ વયના પુરુષો ઉપર મોહનમંત્રનો પ્રયોગ ચાલુ રાખતી.

તેમનાં મુખ જોતાં સનાતન ચેતી ગયો. 'આ તો પતિત સ્ત્રીઓ !' તેણે મનમાં વિચાર્યું. પતિત સ્ત્રીઓના મુખ ઉપર તેમનું પતિતપણું સ્પષ્ટ અંકિત થયેલું હોય છે. હરકોઈ તેમને ઓળખી શકે છે.

'હું અહીં ક્યાં આવી ચઢ્યો ?' તે લવી ઊઠ્યો. તેને અપાર શરમ આવી. નાસી જવા માટે તેણે રસ્તો ખોળવા માંડ્યો. કોઈ દેખશે તો ? તેને પકડાવાનો ડર લાગ્યો. વ્યાકુળપણું તેના મુખ ઉપર જણાઈ આવ્યું હશે, કારણ તેના સામું જોઈ પેલી સ્ત્રીઓ હસતી હતી. એકે તો આ બહાવરાપણું જોઈ વગર પિછાને સનાતનને પૂછ્યું પણ ખરું.

'શેઠ ! મુંબઈ આજે જ જોયું કે ?'

તે વગર બોલ્યે આગળ વધ્યો. થોડેક છેટે ગયો એટલામાં તેને ખભે કોઈનો હાથ પડ્યો. ચમકીને તેણે પાછું જોયું. ચિતરંજનને તેણે ભાળ્યો. તે

હસતો હતો.

તેને શંકા આવી : 'આ વૃદ્ધાવસ્થાએ આવી પહોંચેલો માણસ પણ અહીં રખડે છે ?'

'કેમ સનાતન ! ઓળખાણ પડે છે ?' ચિતરંજને પૂછ્યું.

'હા. કેમ નહિ ? દીનાનાથ જાગીરદારનું મકાન મેં જ આપને બતાવ્યું હતું.' સનાતને જવાબ આપ્યો.

'મુંબઈ ક્યારનો આવ્યો છે, ભાઈ ?' ચિતરંજને એકવચનમાં સંબોધન કરી સનાતન સાથે નિકટપણું બતાવ્યું.

'થોડા દિવસ થયા. આપ ખુશીમાં છો ?' સનાતન જોઈ શક્યો કે ચિતરંજનને આ બાજુએ ઘણા જણ ઓળખતા હતા. કોઈ કોઈ સ્ત્રીઓ પણ તેને જોઈ સંકોચાતી. કદાવર પઠાણો, મજબૂત પૂરભૈયાઓ વગેરે ઘણા જ આગળ આવી ચિતરંજનને સલામ કરતા.

'ક્યાં ઊતર્યો છે ?' ચિતરંજને પૂછ્યું.

'મારા એક મિત્રને ત્યાં.'

'સાથે નથી લાવ્યો ?'

સનાતનને શરમ આવી. પોતે આ સ્થાને કેવી અણધારી રીતે આવ્યો છે તે જણાવી દેવાનું મન થયું. પરંતુ તેની વાણી ચાલી નહિ.

ચિતરંજને કહ્યું : 'આ દુનિયા જોઈ ? ઈતિહાસ અને કાવ્ય તમને સતીઓનાં જ વર્ણનો આપે છે; પરંતુ આ તમારી પાપી દુનિયાએ જ સતીઓની બહેનોને ક્યાં ધકેલી મૂકી છે એનું કથન કયો ઈતિહાસ કહેશે?'

આ અમર્યાદ વાતાવરણમાં આ વિદ્વત્તાભર્યું વાક્ય સાંભળી સનાતનને આશ્ચર્ય લાગ્યું.

'ઠીક, પણ તું મુંબઈમાં નોકરી માટે આવ્યો હોઈશ.' ચિતરંજને પૂછ્યું.

'હા, જી.' સનાતને જવાબ આપ્યો.

'કાંઈ નોકરી જડી ?'

'ના, હજી કાંઈ પત્તો લાગતો નથી. દુનિયાને મારી જરૂર હોય એવું જણાતું નથી.' સનાતને નિરાશાજનક જવાબ વાળ્યો.

'પુરુષને માટે લૂંટ અને સ્ત્રીઓને માટે દેહવિક્રય એ સિવાય પોષણનો કયો માર્ગ રહ્યો છે ?' ચિતરંજનના મુખ ઉપર સર્વદા આનંદ જ જણાતો, પરંતુ આ ઉદ્‌ગાર કાઢતાં તેના મુખ ઉપર વિષાદની એક છાયા આવી ગઈ.

એકાએક કોઈ અજાણ્યા જેવા લાગતા મુસલમાને આવી ચિત-રંજનની સાથે ધીમે રહી વાત કરી :

'રસ્તો બદલો, ખંજર લેઈ ચાર ગુંડાઓ બેઠા છે.'

આટલું બોલી તે ચાલ્યો ગયો અને આનંદ કરતા જતા ટોળામાં તે અદૃશ્ય થઈ ગયો.

ચિતરંજનની આંખો સહજ ચમકી. તે અટક્યો.

'સનાતન ! આ રસ્તે ચાલ જોઈએ.'

પાસે જ એક ગલી હતી; તેમાં સહજ અંધારું હતું, સીધો રસ્તો મૂકી ચિતરંજન અને સનાતન તુરત ગલીમાં વળ્યાં.

'ગભરાઈશ નહિ હો !' ચિતરંજને કહ્યું. 'આ તો જમપુરી છે. એ જોયા વગર સ્વર્ગે જવાય એમ નથી.' તે હસ્યો.

બંને બોલ્યા વગર આગળ ચાલ્યા. સનાતનના આશ્ચર્યનો પાર ન હતો. શું થાય છે તેની તેને ખબર નહોતી. તેનું હૃદય નિર્બળ બની ગયું હતું. તેને જે રસ્તે દોરે તે રસ્તે જવાને તે પણ તૈયાર હતો. સઘળું ઝગઝગતું દૃશ્ય તેણે પાછળ મૂક્યું. તેની કલ્પનામાં પણ ન આવે એવી વાંકીચૂંકી ગલીઓમાં તેમણે માર્ગ લીધો.

સનાતન મૂંગો મૂંગો ચિતરંજનની પાછળ જતો હતો.

# ૮

# વિચિત્ર સ્થળ

*દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની;*
*ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની !*

**કલાપી**

દૂર દૂર બળતા દીવા પ્રકાશ આપવાને બદલે અંધકારને વધારે ગાઢ સ્વરૂપ આપતા હતા. ક્વચિત્ જતા આવતા માણસો નિર્જનતાને વધારે તીવ્ર બનાવતાં. અંધકાર સાથે ભળી જતાં મકાનો છેક નજીક આવતાં નાનાં મોટાં લાગતાં.

સનાતનને સ્પષ્ટ સમજાયું કે તે કોઈ અવનવા લત્તામાં ફરે છે. એક-ાએક બે મકાનોની વચ્ચે અંધારા ખૂણામાંથી કાંઈક ચળકાટ જણાયો, અને સાથે જ કોઈ માણસે ધસારો કર્યો હોય એમ લાગ્યું. સનાતનને ખંજર લઈ ઊભેલા બદમાશોની ચેતવણી યાદ આવી, ને ચિતરંજનની અને ધસી આવતી વ્યક્તિની વચમાં તે આવી ઊભો.

સનાતનને સખત ધક્કો વાગ્યો, પરંતુ તેને અત્યારે કશી ભીતિ રહી નહોતી. ચિતરંજન ઉપર ઊપડેલા હાથને તેણે એક વખત નિષ્ફળ કર્યો; ફરીથી તે હાથ ઊપડ્યો અને સનાતને તેને ઝાલી લીધો. તેનામાં અપૂર્વ બળ આવ્યું. પોતાના કરતાં એક વેંત ઊંચા અને બેવડા શરીરને તે અટકાવી રહ્યો હતો.

ચિતરંજનને લાગ્યું કે સનાતન મુશ્કેલીમાં છે. એક ધારદાર મોટો છરો ઉપાડેલા હાથને તે પકડી રહ્યો હતો, અને સામા મનુષ્યના બળવાન શરીર સાથે તે યુદ્ધમાં ઊતર્યો હતો.

'છોડ, હાથ છોડ !' પેલા નવીન માણસે બૂમ મારી. ધારેલા મનુષ્ય ઉપર ઘા ન થઈ શક્યાની મૂંઝવણ તે બૂમમાં સ્પષ્ટ જણાતી હતી. એકદમ સનાતનના ગળા પર પેલા માણસે હાથ મૂક્યો. તેના પહોળા પંજા નીચે સનાતનનું ગળું દબાવા લાગ્યું, અને છરાવાળા હાથ ઉપરથી પકડ હલકી થઈ ગઈ. સનાતનને લાગ્યું કે કાં તો ગળું દબાઈને અગર છરો ભોંકાઈને મરવાનો વખત આવી પહોંચ્યો અને અંત સમય ધારી તેણે સઘળું જોર વાપર્યું. પરંતુ તે જોરની નિષ્ફળતા તેને તુરત સમજાઈ.

પરંતુ એકાએક તેનું ગળું હલકું થયું, છતાં એક આછો જખમ હાથ ઉપર થતો લાગ્યો. ચિતરંજને પેલા નવીન મનુષ્યના મસ્તક ઉપર એક મુક્કીનો એવો પ્રહાર કર્યો કે તેને તમ્મર આવી તે નીચે પડ્યો. પડતાં પડતાં તેણે છરાનો બની શકે તેટલો ઘા કરવા પ્રયત્ન કર્યો, અને તેમાં સનાતનના હાથ ઉપર તે લાગ્યો.

'બદમાશ ! હજી મારો હાથ નથી જોયો, ખરું ?' ચિતરંજન મોટેથી પુકારી ઊઠ્યો.

પાસેનું એક બારણું ખૂલ્યું, અને તેમાંથી એક મધ્યવયની સ્ત્રી ઝાંખું ફાનસ લઈ આવી.

મધ્યવય છતાં તેનું મુખ સુંદર અને આકર્ષક લાગતું હતું.

'સનાતન ! વાગ્યું કે શું ?' ચિતરંજને પૂછ્યું.

'જરા. ગભરાવાનું કારણ નથી.' સનાતને કહ્યું.

'શું થયું ? અંદર આવતા રહો ને ? પાછો ઝઘડો થયો કે શું ?' પેલી સ્ત્રીએ પૂછ્યું.

'કાંઈ નહિ, મેના ! એ તો આ માખી સહજ મસળાઈ ગઈ.' ચિતરંજને જવાબ આપ્યો. 'સનાતન ! અંદર જા. વાગ્યું છે ત્યાં પાટો બંધાવ. આ ખાનસાહેબને જરા જાગતા કરું.'

પરંતુ સનાતન ત્યાંથી ખસ્યો નહિ. ચિતરંજને જોયું પેલા ભોંય પડેલા માણસની મૂર્છા વળી હતી. ચિતરંજને તેનો એક હાથ પકડ્યો અને તેને વાગે છે કે નહિ તેની જરા પણ દરકાર વગર તેને ઘસડી તેણે ઓટલે ચઢાવ્યો, અને મેના જે બારણામાંથી બહાર આવી હતી તે બારણામાં થઈ તેને ઘરમાં લીધો.

સનાતન તથા મેના એ બંનેની પાછળ ઘરમાં દાખલ થયાં.

ઘર આછું શણગારેલું હતું. ચિતરંજને પેલા માણસને એક કોચ ઉપર બેસાડ્યો, અને સનાતનને લઈ તે એક હીંચકા ઉપર બેઠો.

મેના અંદર જઈ પાણી અને સફેદ કપડું લઈ આવી.

'ભાઈ ! બહુ વાગ્યું જણાય છે. હજી લોહી અટકતું નથી. લાવો, હું પાટો બાંધી દઉં.' મેનાએ સનાતનને કહ્યું. તેના બોલવામાં માર્દવ ઊભરાઈ આવતું હતું.

પેલા માણસે ચારે પાસ નજર નાખવા માંડી. તે અત્યંત કદાવર અને મજબૂત હોઈ એક પહેલવાનનો ખ્યાલ આપતો. તેણે માત્ર ધોળું પહેરણ અને સુરવાળ પહેરેલાં હતાં. માથે ફૂમતું લટકતી ટોપી પહેરી હતી. આ

સ્થિતિમાં પણ ટોપીને વાંકી મૂકેલી હતી. તેના પહેરણમાંથી તેનો વિશાળ સીનો તેની મજબૂતીનો સામા માણસનો ખ્યાલ આપતો. તેની મોટી લાલ આંખો, તથા કાળી ભરાવદાર દાઢી અને મૂછ તેના સ્વરૂપમાં વિકાળતા ઉમેરતાં.

સનાતનને પણ સહજ સંકોચ થયો. આવા ભયંકર પુરુષની સામે તે બાથે પડ્યો હતો ? કદાચ તેને પૂરેપૂરો નિહાળ્યો હોત તો તેની સામે થવાની તે ભાગ્યે જ હિંમત કરી શકત.

'કેમ, રફીક ! હવે મરવાનો જ તેં ઠરાવ કર્યો છે, નહિ ?' થોડી વારે ચિતરંજને તેને પૂછ્યું.

સનાતનને આશ્ચર્ય લાગ્યું. ચિતરંજન તો તેનું નામ પણ જાણતો હતો !

રફીકે મગરૂરીથી ડોકું ઊંચું કર્યું. તેની આંખમાંથી અગ્નિ વરસતો લાગ્યો. 'તમને મારતા પહેલાં હું મરવાનો નથી એ ખાતરી રાખજો.' રફીકનો ઘેરો અવાજ આવ્યો.

ચિતરંજન ખડખડાટ હસી પડ્યો. તેના હાસ્યમાં રહેલી બેદરકારી અને તુચ્છતાએ રફીકની આંખમાં વધારે ખૂન પ્રેર્યું.

'આ નાદાન છોકરો વચ્ચે આવ્યો અને તમે બચી ગયા. પણ રફીકને બીજા રસ્તા પણ જડે છે.' રફીકે હાસ્યનો ઉત્તર આપ્યો.

'તું નકામો ફાંફાં મારે છે. કોઈ ને કોઈ મારી અને તારી વચ્ચે આવશે જ.' ચિતરંજને જવાબ આપ્યો.

એટલામાં અંદરથી એક નાની બાળકી દૂધના પ્યાલા લઈ આવી.

'કેમ, ખાનસાહેબ ? દૂધ તો પીશો ને ?' ચિતરંજને પેલા ધૂંધવાતા રફીકને પૂછ્યું. 'શરાબ તો અહીં નહિ મળે !'

રફીક કાંઈ જ બોલ્યો નહિ. તેના મુખ ઉપર ક્રોધની લાગણી વધારે સ્પષ્ટ જણાયા કરતી હતી. પેલી બાળકીએ એક પ્યાલો ચિતરંજનની પાસે; એક પ્યાલો સનાતન પાસે, અને એક રફીકની પાસે મૂક્યો.

રફીકે ગુસ્સામાં જ એ પ્યાલાને જોરથી લાત મારી. દૂધ ચારે પાસ ઢોળાઈ ગયું અને પ્યાલાના ટુકડેટુકડા થઈ ગયા.

સનાતનને કશી સમજ પડી નહિ. રફીક અને ચિતરંજન એક બીજાને ઓળખે છે છતાં આમ પરસ્પર દુશ્મનાવટ શાની રાખે છે ? અને એ દુશ્મનાવટ હોય તો ચિતરંજન આટલો બધો વિવેક કરી તેને દૂધ પાવાનો નિષ્ફળ પ્રયત્ન કેમ કરે છે ?

ચિતરંજને ધીમે રહી રફીકને પૂછ્યું : 'હરકત નહિ. બીજો પ્યાલો મંગાવું ?'

રફીકે જવાબમાં દાંત કચકચાવ્યા.

થોડી વારે તે બોલ્યો : 'અમારા પેટ ઉપર તમે પગ મૂક્યે જ જાઓ છો. તમને શો ફાયદો થાય છે ?'

ચિતરંજને જવાબ આપ્યો : 'જે દિવસે તારે ઉપવાસ કરવો પડે તે દિવસે મારી પાસે આવીને પૈસા લઈ જજે. પણ તારો આ પાપી ધંધો તો હું નહિ જ ચાલવા દઉં.'

'હું તમારી પાસે પૈસા માગવા આવીશ ? બહેતર છે કે એથી તો ફાકામાં મરવું.' રફીકે કહ્યું.

'શાબાશ !' ચિતરંજને જવાબ આપ્યો. આવી હિંમત રાખીશ તો કોઈક દિવસ તારું ભલું થશે. હું કહું તે રસ્તે જાય તો આજથી હું તને રોજગાર ઉપર ચઢાવું.'

'છે તે રોજગાર તો તોડી પાડવા માંડ્યો છે !'

'એ પૂરતી જ મારી તકરાર છે. નાની કુમળી વયની છોકરીઓ અને યુવતીઓને ફોસલાવી લાવો છો, અને તેમની કમાણી ઉપર મજા કરો છો. મર્દ નામને બટ્ટો લગાડો છો !'

'અમે કદી ફોસલાવતા જ નથી. અમે તો ચોખ્ખી વાત કહી દઈએ છીએ. જે બૈરીને એ જિંદગી ફાવતી હોય તે પસંદ કરે.'

'બદમાશી ઉપરાંત જૂઠાણું ! જાણે મને તમારી કશી ખબર જ નહિ હોય !' ચિતરંજને કહ્યું, 'બોલ, પેલી આગ્રાની બે છોકરીઓને કેવી રીતે તું લઈ આવ્યો હતો ?'

'હું તમારી સાથે વાત કરવા માગતો નથી.' રફીકે કહ્યું.

'હું તને અહીંથી જીવતો જવા દેવા પણ માગતો નથી.' ચિતરંજને મોટે અવાજે કહ્યું.

'શું કરશો !' રફીકે મિજાજમાં પૂછ્યું. તેની આંખોમાંથી ખૂન વરસવા લાગ્યું.

'તને અહીં લટકાવીને જીવતો બાળી નાખીશ.' ચિતરંજનના મુખ ઉપર કદી ક્રોધની છાયા જણાતી નહિ; પરંતુ ત્યારે તેની બેદરકાર મોજીલી મુખમુદ્રાએ સહજ ભયંકરતા ધારણ કરી. 'અરે, કોણ છે અહીં ?'

એક મોટા કદનો નોકર જેવો લાગતો પુરુષ અને મેના બે બહાર આવ્યાં.

'અલ્યા, એક દોરડું તૈયાર કર અને થોડાક લૂગડાંના કટકા લેતો આવ.' . ચિતરંજને કહ્યું.

પેલો નોકર જરા ખમચ્યો.

ચિતરંજને બૂમ મારી : 'કેમ, બહેરો થયો છે કે ? સંભળાતું નથી ?'

કાંઈ પણ બોલ્યા વગર નોકર અંદર ચાલ્યો ગયો.

સનાતન અને મેના બંને સ્તબ્ધ થઈ ગયાં. તેમની વ્યાકુળતા બહાર જણાઈ આવી. સનાતનને લાગ્યું કે આવો આનંદી ચિતરંજન આટલી મોટી ઉંમરે, અત્યંત ટાઢકથી એક જીવતા માણસને બાળી નાખવાની તૈયારી કરાવે છે એ કેવું આશ્ચર્ય ?

રફીક પણ સહજ ચમકતો જણાયો, પરંતુ તેને આ બધી ધમકી ખરી લાગી નહિ. થોડી ક્ષણોમાં તેણે સ્થિરતા મેળવી.

મેનાથી બોલ્યા વગર રહેવાયું નહિ.

'જવા દો ને એને ? એનું પાપ એને ખાશે !'

'એનું પાપ પણ એની પાસે આવતાં ગભરાય છે. એને તો હું જ ખાઈશ.' ચિતરંજને શાંતિથી જવાબ આપ્યો.

આ ભયંકર પ્રસંગથી સનાતન દિઙ્મૂઢ બની ગયો. પોતે કઈ સૃષ્ટિમાં છે તે પણ એને સમજાયું નહિ. ચિતરંજનને લાગ્યું કે સનાતનની કલ્પનામાં પણ નહિ આવેલો પ્રસંગ નિહાળી તે ચકિત બની ગયો છે. રાત્રિ વધતી હતી તેમ તેમ આ પ્રસંગની ભયંકરતા પણ વધતી હતી.

'મેના ! સનાતનને હવે સુવાડી દે. એને વાગ્યું છે અને પાછો ઉજાગરો થશે.' ચિતરંજને કહ્યું.

માણસનું ખૂન કરવા તૈયાર થયેલો રાક્ષસી માણસ એક વાત્સલ્યથી ઊભરાતું વાક્ય બોલે એ પણ માનવહૃદયની વિચિત્રતા છે. સનાતનને સમજાયું નહિ કે ચિતરંજન તે એક ખૂની હશે કે પાલક !

'હમણાં કાંઈ સૂતો નથી. તમારી સાથે સૂઈશ.' સનાતને કહ્યું. પેલો નોકર અંદરથી એક મોટી રસી અને લૂગડાંના કટકા લઈ બહાર આવ્યો.

રફીકે શાંતિથી તે જોયા કર્યું.

ચિતરંજને હુકમ આપ્યો : 'પેલે કડે રસી લટકાવ, અને અંદરથી બીજા માણસો બોલાવી પેલા ચાંડાળને રસી સાથે બાંધી દે.'

નોકરે વગર બોલ્યે મોટી રસી કડે લટકાવી.

મેના અને સનાતન થરથરવા માંડ્યાં. ચિતરંજને પાસે પડેલો પાનનો ડબ્બો લીધો અને જાણે કાંઈ જ બનતું ન હોય તેમ પાન બનાવી

ખાધું.

'કેમ, ખાંસાહેબ ! પાનબાન જમશો ?' ચિતરંજને રફીકને પૂછ્યું. જવાબમાં ફૂટેલા ગ્લાસનો એક મોટો કાચ નજીક પડ્યો હતો તે લઈ રફીકે ચિતરંજન તરફ અત્યંત બળથી ફેંક્યો.

ચિતરંજને માથું સહજ હઠાવી લીધું. તે આ પ્રસંગ માટે જાણે તૈયાર જ થઈને બેઠો હતો એમ લાગ્યું.

'હરકત નહિ.' ચિતરંજને જણાવ્યું. 'છેલ્લો ઘા કરી લીધો. હવે બીજો ઘા કરવા રફીક જીવવાનો નથી.'

આટલું બોલતાં ચિતરંજને એક છલંગ મારી રફીકને ગરદનથી ઝાલ્યો. કદાવર છતાં રફીક ચિતરંજન આગળ ઝાંખો લાગ્યો, મોજીલા ચિતરંજનના મુખ ઉપરનો ક્રોધ જોતાં સર્વ કોઈ શૂન્ય થઈ ગયાં.

'રફીકને એક જબરજસ્ત ધક્કો મારી તેણે આગળ લીધો. સઘળાંને લાગ્યું કે કોઈ ભયંકર પ્રસંગ બને છે. સનાતન ચિતરંજનને મદદ આપવા તૈયાર થયો અને હીંચકેથી ઊઠ્યો.

'તારી જરૂર નથી.' ચિતરંજને રફીકને દોરી પાસે ઘસડી જતાં સનાતનને જણાવ્યું. 'આવા તો કંઈક માણસોને મેં એકલાએ સળગાવી દીધા છે !'

રફીકનું લોહી ઊડી ગયું. 'વખતે આ ક્રૂર ડોસો મને બાળી મૂકશે તો? મારું અહીં કોણ ? કોને ખબર પડશે ?'

ચિતરંજને રફીકને બાંધવા માંડ્યો. રફીક આમ એકદમ નાકૌવત થઈ જશે એમ કોઈને પણ લાગેલું નહિ. સહુ કોઈ ભયંકર મારામારી માટે તૈયાર થતાં હતાં.

પરંતુ ચિતરંજનની આવી કૃતિથી રફીક જેવા બદમાશનાં પણ ગાત્ર ગળી ગયાં : તે ચીંથરા જેવો થઈ ગયો. અભિમાનને લીધે તે એકે હર્ફ ઉચ્ચારી શક્યો નહિ. પરંતુ તેના શરીરની સ્થિતિ તેના હૃદયની વ્યથા સૂચવતી હતી.

'હવે ખુદાને સંભારવા હોય તો સંભારી લે !' ચિતરંજને કહ્યું. 'જોકે તને જોઈને ખુદા પણ સંતાઈ જાય છે.'

રફીક કાંઈ જ બોલ્યો નહિ.

'અલ્યા. થોડું તેલ લાવ તો ? કપડાં બાંધી સળગાવીએ.' ચિતરંજને પેલા નોકરને જણાવ્યું.

નોકર કાંઈ પણ બોલ્યા વિના અંદર ગયો. રફીકને બરાબર રસી સાથે બાંધી દીધો હતો. ફક્ત સળગાવવાની જ વાર હતી.

મેના અને સનાતન થરથર કાંપવા લાગ્યાં. તેમનો કંપ સહુ કોઈને જણાઈ આવે એવો હતો.

ચિતરંજન શાંતિથી તેલની રાહ જોઈ ઊભો.

## ૯

# વિચિત્ર માનવીઓ

*દીધું વિધિએ તે પીધું, લીધું રૂપ અબધૂત ઘોર,*
*તોડી જગતના તોર.*
*ભય ભૂલણી જગજીભ છો ભાખે હવે ભૂંડું,*
*હું એકલો ઊડું,*

**નાનાલાલ**

થરથરતી મેનાની વ્યાકુળતા વધી. રફીકને જરૂર આ ચિતરંજન સળગાવી દેશે એમ તેને લાગ્યું. આટલી હદ સુધી જવા માટે તે તૈયાર નહોતી. તેણે કાંઈ કહેવાનો વિચાર કર્યો.

નોકર તેલ લઈ આવ્યો.

'બોળી દે આ કપડાં.' ચિતરંજને નોકરને હુકમ આપ્યો. મૂંગે મોઢે નોકર આજ્ઞા પ્રમાણે કરવા લાગ્યો.

મેના સહજ આગળ વધી.

'આટલો વખત એને માફ કરો. માણસની હત્યા માથે લેવી સારી નથી.' મેનાએ અતિશય વ્યાકુળતાથી કહ્યું.

'મેના ! તારે વચ્ચે પડવાનું કારણ નથી. તારાથી ન સહેવાય તો અંદર જા. આજે એક નહિ પણ બે હત્યાઓ થવાની છે.' ચિતરંજને કહ્યું.

તેલમાં કપડાં બોળતો નોકર ચમક્યો. મેના અને સનાતન પણ ચમક્યાં. એ જોઈ ચિતરંજને સહજ મોં મલકાવ્યું.

'ચાલ, ઉતાવળ કર.' નોકરને ચિતરંજને આજ્ઞા કરી. 'રફીક પછી તારો વારો છે, સમજ્યો ?'

નોકરના હાથમાં કપડાં પડી ગયાં. તેનું મુખ ફિક્કું પડી ગયું. તેના હોશકોશ ઊડી ગયા. અને ચિતરંજનના પગ આગળ લાંબો થઈ તે પડ્યો.

'સાહેબ ! માફ કરો. હું ગુનો કબૂલ કરું છું.' તે બોલ્યો.

'તું ગુનો કબૂલ કરે યા ન કરે, તેની મને દરકાર નથી. હું જાણું છું કે રફીકની પાસેથી પૈસા લઈ તું તેને બાતમી આપ્યા કરે છે. ઠીક છે, એ તો અમે બચી ગયા; નહિ તો સનાતનનું કે મારું આજે રફીકને હાથે ખૂન જ

થાત. હરામખોર ! મારા અહીં આવવાની ખબર તેં જ રફીકને કરી હતી, અને સામે સંતાડ્યો હતો, ખરું ને ?' ચિતરંજને નોકરનો ગુનો જણાવ્યો. બધાંને નવાઈ લાગી કે ચિતરંજને આ બધું શી રીતે જાણ્યું.

ચિતરંજને એક ચીથરું હાથમાં લીધું અને દીવાસળીથી સળગાવ્યું.

ગમે તે ગુનો થયો હોય છતાં આવી ઘાતકી રીતથી બે માણસોને જીવતા બાળી નાખવા માટે થતો આ પ્રયત્ન અતિશય ભયંકર હતો. બહાર શાંત, નિઃશબ્દ રાત્રિ વહી જતી હતી. પણ એ નિઃશબ્દ રાત્રિમાં કાળનું ખડ્ગ જગતના આ એક નજીવા ખૂણામાં કેવું ક્રૂરપણે ફરતું હતું તે જોવા જાણવાની કોઈને પરવા નહોતી. પરવા હોય તોપણ કોઈ જાણી શકે એમ નહોતું. રાત્રિનો અંધકાર કેટકેટલા ગુનાઓને છુપાવે છે ?

ચીંથરાનો ભડકો થતાં મેનાએ સનાતન સામે જોયું. બંનેની અસ્વસ્થતા સરખી જ હતી. સનાતન તો મૂઢ બની ગયો હતો. મેનાએ ધીમે રહી તેને કહ્યું : 'તમે કાંઈક કહો; તમારું માનશે.'

એકાએક ભાન આવ્યું હોય એમ ચમકી સનાતન આગળ આવ્યો; તેણે ચિતરંજનનો હાથ પકડ્યો, અને અત્યંત આર્જવપૂર્વક વિનંતી કરી :

'મારી ખાતર આ લોકને આજે જવા દો. હું આ બધું જોઈ શકતો નથી.' સનાતને કહ્યું.

'તને ખબર છે કે મારું ખૂન કરવા રફીકે આ પાંચમો પ્રયત્ન કર્યો છે ?' ચિતરંજને પૂછ્યું. તેના મુખ ઉપર મૃદુતાનો ભાસ થતો જણાયો. સનાતને તેનો લાભ લેવા ઈચ્છા કરી.

'ગમે તેમ હોય પણ મારી ખાતર આટલો વખત તો માફ કરો. હું મને જીવતદાન આપ્યું માનીશ.' ચિતરંજને સનાતને વધારે આગ્રહ કર્યો.

ચિતરંજન હસ્યો : 'તમે ગુજરાતીઓ ક્યારે બહાદુર થશો ? મરતાંય નથી આવડતું અને મારતાંય નથી આવડતું ! હશે, ચાલ. તારી ઈચ્છા છે તો છઠ્ઠી વાર રફીકને મારું ખૂન કરવાની તક આપું.'

ચિતરંજને બળતો કટકો હોલવી નાખ્યો, અને પેલા ભયભીત નોકરને તેણે આજ્ઞા કરી : 'જા, હવે તારા દોસ્તને છૂટો કર. એની સાથે તું પણ બચ્યો.'

સનાતને ખભે હાથ મૂકી હસતે મુખે પાછો ચિતરંજન આવી હીંચકે બેઠો. મેના પણ દૂર જમીન ઉપર એક પાથરણા ઉપર બેસી ગઈ. નોકરે રફીકને છોડ્યો. બંધાયલા શરીરને છૂટતાં ઘણી વેદના થતી હોવી જોઈએ; પરંતુ બહાદુર રફીકના મુખમાંથી એક પણ વેદના દર્શાવતો સ્વર નીકળ્યો

નહિ. તેને એક ખુરશી ઉપર બેસાડ્યો.

'રફીક ! તું બહાદુર તો છે જ હોં !' ચિતરંજને તેનાં વખાણ કર્યાં. 'મારી ઈચ્છા હતી કે તું માફી માગે તો છોડી દઉં. પરંતુ મરવાની અણી ઉપર આવ્યા છતાં તું ડગ્યો તો નહિ જ. શાબાશ !'

રફીકનું મુખ સહજ પ્રફુલ્લ થયું.

'એ પણ ખરું કે જો આ સનાતન વચ્ચે ન આવ્યો હોત તો તારી હોળી પણ હું કરી નાખત.' ચિતરંજને આગળ કહ્યું. 'બોલ, હવે શો વિચાર છે ? અહીં રહેવું છે કે જવું છે ?'

'હું જઈશ.' રફીકે જવાબ આપ્યો.

'મારે પણ બહાર જ જવું છે. આપણે સાથે જ નીકળીએ.' રફીક સુધ્ધાં સર્વને અત્યંત નવાઈ લાગી. જેને જીવતો બાળવા ધાર્યો હતો તે જાણે મિત્ર હોય તેમ તેની સાથે ચિતરંજન બહાર જવા તૈયાર થતો હતો ! મેનાના મુખ ઉપર ચિંતા જણાઈ. સનાતને કહ્યું : 'હું પણ સાથે જ આવીશ.'

'ના, અત્યારે તો તું આરામ લે. લાગ્યું છે અને વધારે રખડીશ તો માંદો પડીશ. હું કાલે તને તારા મિત્રને ત્યાં પહોંચતો કરીશ.' ચિતરંજને કહ્યું. 'મેના ! ભાઈને જમાડી મારા ઓરડામાં સુવાડી દેજે.'

'પણ તમે ન જાઓ તો ? આટલી રાતે પાછું ક્યાં જવું છે ? શરીર આમ નહિ પહોંચે.' મેનાએ કહ્યું. કહેતાં કહેતાં તેના મુખ ઉપર ન સમજાય એવા ભાવ પ્રગટ થતા હતા. મધ્યવય છતાં તે ભાવ તેના સૌંદર્યમાં અદ્‌ભુત ઉમેરણ કરતા હતા. રફીક અને સનાતન બન્ને મેના સામું જોઈ રહ્યા. ચિતરંજન ભાગ્યે જ મેનાની આંખ સાથે આંખ મેળવી શકતો. તે નીચું જોઈને અગર આડું જોઈને જ તેની સાથે વાત કરતો. શું કારણ હશે ?

'હરકત નહિ. મારો ઊંચો જીવ કોઈ ન રાખશો. મને કંઈ જ થવાનું નથી. ચાલ, રફીક !' ઊભા થઈ જતાં જતાં ચિતરંજને રફીકને સાથે લીધો.

નોકર તરફ ચિતરંજને પાછું કહ્યું : 'હવે જરા પણ શક આવશે તો તારી ખાલ ઊતરડી નાખીશ, સમજ્યો ?' ધ્રૂજતો નોકર નીચું જોઈ ઊભો. ચિતરંજન અને રફીક બારણું ઉઘાડી બહાર નીકળ્યા.

મેનાએ લૂગડાથી પોતાની અશ્રુભીની આંખ લૂછી નાખી, બારણાં તરફ હાથ લંબાવી ઓવારણાં લેઈ માથે હાથનાં આંગળાં અવળાં કરી દાબ્યાં, અને એક લાંબો નિસાસો મૂક્યો.

સનાતન નવાઈ પામ્યો.

મેના અને ચિતરંજનને શો સંબંધ હશે કે શું સગપણ હશે તેની

સનાતનને ગમ પડી નહિ, માટે જ આ મધ્ય વયની સ્ત્રીએ ચિતરંજન માટે પ્રદર્શિત કરેલી લાગણીથી તેને નવાઈ લાગી. દુનિયાની વિચિત્રતાનો પાર નથી એમ તેને થોડા વખતથી સમજાવા લાગ્યું હતું. વિચિત્રતાના નમૂનામાં ચિતરંજન, મેના અને રફીકનો ઉમેરો થયો.

'ભાઈ ! ચાલો હવે આરામ લ્યો.' કહી મેનાએ તેને ઘરના અંદરના ભાગમાં દોર્યો. મકાન વિશાળ હતું. અંદર એક મોટો બગીચો હોય એમ લાગ્યું. તે બગીચાની ચારે તરફ દીવાલ હતી, અને દીવાલને લાગીને પણ બગીચામાં કેટલાંક મકાનો પડતાં હતાં એમ જણાયું. મકાનોના એક સમૂહના આગલા ભાગમાં ઉપરનો બનાવ બન્યો હતો એમ સહજ સનાતનને જણાયું.

'બહુ મોટી જગા છે. મુંબઈમાં આવી જગા મળવી મુશ્કેલ છે.' સનાતન બોલી ઊઠ્યો.

'તોયે નાની પડે છે. જોડેનાં થોડાં મકાનો લેવાં પડશે.' મેનાએ દાદર ઉપર ચઢતાં ચઢતાં જણાવ્યું. સનાતન પાછો ગૂંચવણમાં પડ્યો. આવડું મોટું મકાન છે છતાં નાનું પડે છે એનું કારણ શું ? ઘરમાં બીજાં માણસો તો જણાતાં નથી ! દાદર ચઢી રહી તેઓ મોટા ખંડમાં આવ્યાં.

આ ખંડમાં વિવિધ જાતનાં યંત્રો ગોઠવેલાં દીઠાં. રેંટિયા, શીવણનાં સંચા, મોજાં ભરવાનાં યંત્ર, પુસ્તકો બાંધવાનાં યંત્ર, પુસ્તકો બાંધવાના સાધનો, વગેરે જુદે જુદે સ્થળે મૂકેલાં હતાં. કેટલાંક અધૂરાં તોરણો, અધૂરા ગૂંથેલા રૂમાલ, પડદા, વગેરે પડેલાં પણ સનાતનના જોવામાં આવ્યાં. તેને કોઈક કારખાનાનો ભાસ થયો. આ સ્થળે આવું કારખાનું ક્યાંથી ? મેનાએ પૂછવાનો વિચાર કર્યો એટલામાં તે બીજા ઓરડામાં દાખલ થયો.

આ ઓરડામાં ઘણાં ચિત્રો તેના જોવામાં આવ્યાં. તેમાંનાં કેટલાંક બહુ ઊંચી જાતનાં હતાં. કેટલાંક અસલ ચિત્રો ઉપરથી ચિતરાયેલાં હોય એમ લાગ્યું. કેટલાંક તદ્દન પ્રાથમિક હતાં. આ ચિત્રશાળા તો નહિ હોય ? તેના મનમાં શંકા આવી.

એ ઓરડાની નજીકમાં બીજી નાની ઓરડી આવતી હતી. તેમાં મેના સનાતનને લઈ ગઈ. આ ઓરડી પ્રમાણમાં મોટી હતી છતાં તેમાં ભેગી થયેલી વસ્તુઓને લીધે તે નાની લાગતી. વિવિધ હથિયારો, વિવિધ છબીઓ, જુદાં જુદાં કપડાં અને જુદી જુદી નવાઈની ચીજોનું આ સ્થળ જાણે સંગ્રહસ્થાન હોય એમ સનાતનને લાગ્યું. કેટલાંક પુસ્તકો પડ્યાં હતાં. થોડાંક મૃગચર્મ પણ જમીન ઉપર પાથરેલાં હતાં. પાસે એક પલંગ પડ્યો હતો.

મેનાએ સનાતનને તે પલંગ ઉપર સૂવાની સૂચના કરી. સનાતનને આ બધું ઘણું જ અપરિચિત લાગ્યું, છતાં હવે સૂતા વગર છૂટકો જ નહોતો. થાક લાગ્યો હતો અને જોકે ઘાની પીડા વધારે નહોતી છતાં તે વધવાની ધાસ્તી રહેતી હતી એટલે મેનાની સૂચનાને તેણે માન આપ્યું.

'બહુ સૂનું તો નહિ લાગે ને ?' મેનાએ જતાં જતાં પૂછ્યું. 'હું આ પાસેના ઓરડામાં છું, હોં !'

'કાંઈ હરકત નહિ. આપ હવે આરામ લો. મારી ચિંતા ન કરશો. મને અહીં બહુ જ ફાવશે.' આમ કહી સનાતને મેનાને વિદાય કરી. શરીરને અતિશય થાક લાગ્યો હતો એટલે તેને ઊંઘી જતા વાર લાગી.

તે કેટલી વાર સૂતો હશે તેની તેને ખબર નહોતી. પરંતુ તેને મંજરીનું સ્વપ્ન આવતાં તે જાગી ગયો. મંજરીને જાણે રફીક લઈ જતો હોય અને તેને છોડાવવાના પ્રયત્નમાં નિષ્ફળ નીવડતાં ચિતરંજન તેના ભયંકર બેદરકાર હાસ્યથી પોતાની મશ્કરી કરતો હોય એવી કલ્પના સ્વપ્નમાં ખડી થઈ, અને જાગી ઊઠતાં ખરેખર એક મૃગચર્મ ઉપર બેઠેલા ચિતરંજનને હસતો સાંભળી સનાતનને અતિશય નવાઈ લાગી. પ્રભાત થઈ ગયું હતું. મેના ચિતરંજનને ઈશારો કરતી હતી કે સનાતન સૂતો હોવાથી તેણે હસવું ન જોઈએ. છતાં તેનું હાસ્ય ખાળ્યું રહ્યું નહિ અને સનાતન જાગી ઊઠ્યો.

મેનાએ કહ્યું : 'હું નહોતી કહેતી કે સનાતન જાગી જશે ?'

'હશે, કાંઈ હરકત નહિ. જુવાન છોકરાઓએ ઊંઘ ઉપર કાબૂ રાખવો જોઈએ.' ચિત્તરંજને જવાબ આપ્યો. સનાતન ઊઠી બેઠો થયો, અને તેણે ચિતરંજનને અને મેનાને નમસ્કાર કર્યા.

ચિતરંજન આવી સભ્યતાથી જરૂર હસી પડત. મેનાએ પણ ધાર્યું હતું કે સનાતનનો આ શિષ્ટાચાર તેને ચિતરંજનની ટીકામાંથી મુક્ત નહિ રાખે, પરંતુ ચિતરંજને તેના નમસ્કારને હસી ન કાઢતાં, તેના ઉપર કોઈ અણધાર્યા વિષાદની છાયા ફરી ગઈ અને ક્ષણમાં તે હસતું મુખ ધારણ કરી બોલ્યો :

'સનાતન ! તારો ઘા મટતા સુધી તારે અહીં જ રહેવાનું છે હોં !'

'મારો મિત્ર મારી રાહ જોતો હશે. હું ન મળું અને કદાચ ઘેર ખબર આપે તો બધાંના જીવ ઊંચા થાય.' સનાતને કહ્યું.

'તેની હરકત નહિ. હું ખબર પહોંચાડીશ. તેનું સિરનામું મને આપજે.'

હવે તેને કાંઈ બોલવાનું રહ્યું નહિ. તેણે મોં ધોઈ ઓરડીમાં ફરવા

માંડ્યું, અને ભીંતે ટાંગેલી ચીજો અને છબીઓનું તે નિરીક્ષણ કરવા લાગ્યો. એટલામાં એક સુંદર યુવતી દૂધના પ્યાલા લઈ અંદર આવી.

આ યુવતી ખરેખર સુંદર હતી. ગઈ કાલે સનાતને તેને જોઈ નહોતી. એકાએક બગીચામાંથી દિલરૂબા સાથે કોઈ ગાતું હોય એવો સનાતનને ભાસ થયો, ધ્યાનપૂર્વક સાંભળતાં તે કોઈ સ્ત્રીનો મીઠો સૂર હતો એમ તેની ખાતરી થઈ. તેને મંજરી યાદ આવી. 'શું તે અહીં તો નહિ આવી હોય ?' તેના મનમાં શંકા ઉપસ્થિત થઈ. કંઠમાધુર્ય મંજરી વિના બીજામાં શક્ય હોય જ નહિ એમ તેની માન્યતા હશે.

કેટકેટલા યુવકોની મંજરીઓનાં ગાન અપૂર્વ હોય છે ! તેને ખાતરી થવા લાગી કે આ ગાન મંજરી જ ગાય છે. દીનાનાથને અને ચિતરંજનને એટલો ગાઢ સંબંધ હતો કે મંજરીની અહીં હાજરી હોય એમાં તેને આશ્ચર્ય જેવું લાગ્યું નહિ.

'સનાતન ! દૂધ પીઈશ કે ચહા મંગાવું ?' ચિતરંજને આમ કહ્યું ત્યારે સનાતન મંજરીની કલ્પનામાંથી જાગૃત થયો.

'કંઈ પણ ચાલશે.' સનાતને જણાવ્યું.

'જા, છોકરી ! ચાનો પણ પ્યાલો લેતી આવ.' એમ કહી મેનાએ પેલી યુવતીને બહાર મોકલી.

સનાતન હસ્યો. 'ચહાનું અજબ સામ્રાજ્ય વ્યાપ્યું છે; બ્રિટિશ સલ્તનત કરતાં પણ વધારે વિસ્તૃત છે.'

ચિતરંજને કહ્યું : 'પરંતુ હજી મારા જેવા ઘણા ગામડિયાઓ છે કે જે જૂનાપુરાણા દૂધને પસંદ કરે છે.'

હજી પેલું ગાન ચાલ્યા કરતું હતું. બિલાવલના સૂર અદ્‌ભુત માધુર્ય પ્રસરાવતા હતા. વચમાં ચિતરંજન પણ ક્વચિત્ હાથનો તાલ આપતો. સનાતનનો જીવ રહ્યો નહિ. તેણે પૂછ્યું :

'દીનાનાથ અહીં છે ?'

# ૧૦

## બુલબુલ

*ખોવાયેલાંને બોલાવો : સ્વામીનો સંદેશો કહાવો :*
*પગ ધોવાને પાણી લાવો : ખોવાયેલાંને માટે !*
*ભૂખ્યાંને ભોજનમાં લાવો : તરસ્યાને દ્રાક્ષાસવ પાઓ :*
*પાથરજો હૈયાં થાક્યાંને : લાવો ખોવાયાં સહુને !*

**કલાપી**

'દીનાનાથ અહીં હોય તો તને મળ્યા વગર રહે ?' ચિતરંજને જવાબ આપ્યો. પ્રશ્નના કારણો કેવાં ગૂઢ રીતે સનાતનના હૃદયમાં છુપાઈ રહ્યાં હતાં તેની ચિતરંજનને શી ખબર પડે ? દીનાનાથને સંભારવાનું કારણ મંજરી, અને મંજરી યાદ આવવાનું કારણ પેલું સુંદર ગીત ! પ્રેમીઓના પ્રશ્નો કોણ પારખે ?

સામાન્ય વાતચીતમાં સનાતનને જરાયે રસ ન પડ્યો. દીનાનાથ ભલે અહીં ન હોય; પરંતુ આ ગીત તો મંજરી જ ગાતી હશે એમ તેને ખાતરી થવા માંડી. સુંદર ગીત ચાલ્યા જ કરતું હતું અને તેનું મધુર વાતાવરણ સમગ્ર ગૃહ ઉપર છવાઈ રહેલું હતું.

સનાતનથી રહેવાયું નહિ. હિંમત લાવી તેણે પૂછ્યું :

'આ કોણ ગાય છે ?'

'તમે લોકો ગાયનમાં શું સમજો ?' ચિતરંજને પતિપ્રશ્ન કર્યો.

'કદાચ ન સમજીએ; પણ તેથી મળતો આનંદ તો અનુભવી શકીએ.'

મેના આ વાદવિવાદમાં પડી નહિ. તેણે કહ્યું :

'એને અહીં જ બોલાવી ગવરાવીએ.'

સનાતન ખુશ થયો. એ ખુશીમાં હૃદયનો કંપ પણ હતો. મંજરી જ હશે ? તોપણ હૃદય ધડકતું હતું. આજે મંજરી આટલી બધી કેમ યાદ આવ્યા કરે છે તેનું કારણ તેને સમજાયું નહિ.

હાથમાં દિલરૂબા લઈ એક છોકરીએ ઓરડામાં પ્રવેશ કર્યો. સનાતન તેને જોતાં જ ડરી ગયો. તેનું હૃદય ધબકતું બંધ પડશે એમ તેને

લાગ્યું. છોકરી આંખે દેખતી ન હતી. તેનું મુખ છોકરી જેવું કુમળું હતું તથાપિ તે છોકરી નહોતી; તે યુવતી હતી. પરંતુ તેનો શુષ્ક થઈ ગયેલો દેહ તેને બહુ નાનું સ્વરૂપ આપી રહ્યો હતો.

'આ છોકરી ગાતી હતી ?' સનાતનના હૃદયમાં પ્રશ્ન થયો. મંજરીને જોવાની લાલસા આ દૃશ્યમાં પરિણામ પામશે એમ તેણે સ્વપ્ને ધાર્યું નહોતું. નિરાશા ને અનુકંપા એ બંને ભાવો વચ્ચે તેનું હૃદય ઝોલાં ખાતું હતું. એના અને ચિતરંજનના મુખ ઉપર પણ અતિશય કરુણા છવાઈ ગઈ. યુવતી હસતી હસતી સ્પર્શથી પોતાનો માર્ગ કરતી આગળ આવી.

'બુલબુલ ! ત્યાં જ બેસી જા, બેટા !' ચિતરંજને કહ્યું. 'આપણે ત્યાં મહેમાન આવ્યા છે; તારું ગીત સાંભળવા માગે છે.'

બુલબુલના અંધ નયનો નિરાધારપણાનાં ઊંડાં ગર્ત હોય એમ ભાસ થતો હતો. જગતમાં સહુનો ઉપકાર માનવા માટે જ અંધ અવસ્થા સર્જાઈ હોય એમ તેનું મુખ વીલું પડી ગયું. ઉપકારની લાગણી કેમ વ્યક્ત કરવી તે સમજાતું ન હોવાથી થતી ગૂંચવણ મુખ ઉપર સ્પષ્ટ જણાઈ આવી. સર્વની નજર પોતાના ઉપર જ હતી એમ તેના હૃદયમાં સમજાયું. અને સ્ત્રીજાતિનો આવી સ્થિતિમાં સ્વાભાવિક ઉત્પન્ન થતો સંકોચ તે અનુભવવા લાગી. પરંતુ તે કોઈને દેખી શકતી નહોતી. પોતે આ જિંદગીમાં દર્શનસૃષ્ટિના ભંડાર કદી ખોલી શકવાની નહોતી એમ તે જાણતી હતી; અને તે ભાવમાંથી ઉત્પન્ન થતી દીનતા પાછી તેના મુખ ઉપર સામ્રાજ્ય ભોગવી રહી.

છતાં તેનું મુખ હસતું જ રહ્યું હતું.

મેનાએ એક ઊંડો નિઃશ્વાસ નાખ્યો. સનાતન મંજરીને ભૂલી ગયો. કરુણાનો પારાવાર ઉલટાવવા માટે અંધાવસ્થા બસ છે. તે કરુણાના સાગરમાં ડૂબકાં ખાવા લાગ્યો.

'આ છોકરીને હું બુલબુલ કહું છું. એનામાં નથી રૂપ, નથી રંગ, એની આંખ ગયા પછી એની આખી દુનિયા મરી ગઈ છે. ફક્ત એ એના કંઠમાં જીવે છે. એનું ગાન સાંભળ્યા પછી આપણી પણ આખી દુનિયા મરી જાય તો હરકત નહિ.'

ચિતરંજને બુલબુલને ઓળખાવી, અલબત્ત, તે રૂપાળી તો નહોતી જ; પરંતુ તેના મુખ સામું જોવું ન ગમે એવું તેનું સ્વરૂપ ન હતું. સનાતન કશું બોલી શક્યો નહિ. જરા રહીને તેની કરુણાએ જિજ્ઞાસાને થોડું સ્થાન આપ્યું. તેણે ધીમે રહી ચિતરંજનને પૂછ્યું :

'એ કોણ છે ?'

'મેં હમણાં જ ઓળખાવી ને ? એ બુલબુલ છે !' ચિતરંજને તેની જિજ્ઞાસાને વધારે તીવ્ર કરે એવો ઉત્તર આપ્યો.

'એ તો એનું નામ. પણ એ છે કોણ ?' સનાતનથી સ્પષ્ટ પૂછી ન શકાયું કે એ ચિતરંજનના શા સંબંધમાં આવી છે ? એટલે ફરી ઉલટાવીને તેની તે જ વાત પૂછી.

ચિતરંજન સમજી ગયો હતો કે સનાતનથી સ્પષ્ટ રીતે કાંઈ પુછાતું નથી. તેની મુશ્કેલી દૂર કરવા તેણે કહ્યું :

'હં હં. એ મારી શી સગી થાય એમ તું પૂછવા માગે છે ? એ તો મારી દીકરી છે.'

'આપની દીકરી ?' આશ્ચર્ય પામી સનાતને પૂછ્યું. તે જાણતો હતો કે ચિતરંજને કદી ઘરસંસાર માંડ્યો જ ન હતો.

'મારે એવી ઘણી દીકરીઓ છે, જેને દુનિયા તજી દે છે તેને હું સંઘરું છું.' ચિતરંજને જવાબ આપ્યો. જવાબથી સંજોગોનું ગૂઢપણું ઓછું થયું એમ સનાતનના મુખ ઉપરથી લાગ્યું નહિ. ચિતરંજન હસ્યો.

'સમજ ના પડી, ખરું ? હરકત નહિ. બુલબુલ ! હવે ગા જોઈએ !' ચિતરંજને વાત બદલી.

બુલબુલે પ્રથમ સંકોચ સાથે દિલરૂબા વગાડવા માંડ્યું. આછા આછા સૂરે તેણે ગાનની શરૂઆત કરી.

# ૧૧

## બુલબુલનો ભૂતકાળ

*આશાભર્યાં ઊછરતાં પ્રિય બાલ બાલા,*
*સંસાર મધ્ય વડવાનળ કેરી જ્વાલા.*

**નાનાલાલ**

સવારથી બિલાવલની છાયા જામી ગઈ હતી. બુલબુલના મનમાં હજી તેની તે જ ધૂન હતી. પ્રભાતને અનુકૂળ બિલાવલના સૂર તેના કંઠમાંથી નીકળ્યા અને તેણે એક સુંદર ચીજ ઉપાડી.

*યહી બીધના તોપેં અંચરા પસાર માગું,*
*જનમોજનમ દીજો યહી બ્રિજ બસસો :-યહી.*
*દધી કો જો દન લેત, બ્રિજકી કુંજનમેં,*
*ટેર ટેર પિયારેસેં હેર હેર હસસો :-યહી.*

ગાન પૂરું થયું પરંતુ તેના ભણકારા વાગવા ચાલુ જ હતા. સનાતન પણ આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયો. તેણે ક્વચિત્ ગાયું હશે, પણ તે શાકુંતલ કે મેઘદૂતની છંદરચના બહાર કદી ગયો નહોતો. કંઠમાંથી કેટલું માધુર્ય ઉત્પન્ન કરી શકાય છે તેનો તેને પૂરો ખ્યાલ નહોતો. ગાનાર વગાડનાર ઉપર તેને એક જાતનો તિરસ્કાર આવતો. કામધંધો ન હોય, ભણવા-ગણવાની મહેનત કરવી ગમતી ન હોય, એવા માણસો ગાવાનું સહેલું કામ ઝટ હાથ કરી લે એમ તેને લાગતું હતું. સંગીતમાં હૃદયને ડોલાવવાની શક્તિ છે તેની તેને આજે ફરીથી ખાતરી થઈ.

ચિતરંજન તો ગાનમાં લીન જ થઈ ગયો હતો. નશામાં આવેલા માણસને આજુબાજુનું ભાન રહેતું નથી; સંગીત પણ એક પ્રકારનો નશો ઉત્પન્ન કરે છે. માધુર્યથી છલકાતા જામ ચારે પાસ ઊછળતા હોય, ઉપરા-ઉપરી પ્યાલા પીવા છતાં તૃપ્તિ થતી ન હોય, રખેને મીઠાશનું એક પણ બિંદુ વગર પીધે ઢળી તો નહિ જાય એની કાળજી રખાતી હોય - આવી નશાબાજી સંગીતના દર્દીઓ અનુભવે છે. ન સમજદારને તેઓ ઘેલા લાગે છે; પણ દર્દીઓને પારકાના અભિપ્રાયની ભાગ્યે જ દરકાર હોય છે.

ગાન પૂરું થતાં ચિતરંજન બૂમ પાડી ઊઠ્યો : 'વાહ, વાહ ! બુલબલ!

સંગીત ઉપર તો રાજ્યો કુરબાન થતાં એમાં નવાઈ નથી.'

સનાતને વખાણમાં ઉમેરો કર્યો : 'આપણી કુરબાની ગાયનની અસર નીચે ઘણી જ વધી જાય.'

'વધી જાય એમ નહિ; કુરબાનીની મર્યાદા જ સંગીત તોડી નાખે છે.' ચિતરંજને સુધારો કર્યો. 'સંગીતના લયમાં તમે પગ ઉપાડો અને રણભૂમિમાં જરૂર હસતે મુખે મરી શકશો. મંદિરમાં જાઓ અને સૂરદાસનું એક પદ સાંભળો; તમે પ્રભુના ચરણમાં જરૂર તે વખતે મસ્તક મૂકી દેશો. હું જો ડૉક્ટર હોઉં તો દુનિયાના સર્વ દર્દીઓ માટે ગાયન સિવાય બીજી દવા જ ન આપું. હું જો રાજા હોઉં તો સર્વ ગુનેગારો માટે એક જ ઈલાજ અજમાવું: તેમને સંગીતની અસર નીચે છૂટા મૂકી દઉં.'

સનાતન આટલી હદ સુધી જવા તૈયાર નહોતા, છતાં તેને વિરુદ્ધ કહેવાપણું હતું નહિ !

મેના અને ચિતરંજન થોડી વારે ત્યાંથી ઊઠી ગયાં. સનાતનને વાગેલા ઘાની આજ સહજ પીડા લાગવા માંડી હતી. તેનાથી એકાદ માસ સુધી અહીંથી જવાય એમ નહોતું. તેના મિત્રને આ સંબંધમાં ખબર પહોંચાડવાનું ચિતરંજને માથે લીધું હતું. જતે જતે ચિતરંજને બુલબુલને સૂચના કરી કે સનાતનની ઈચ્છા હોય ત્યાં સુધી તેણે તેને ગાન સંભળાવવું.

બુલબુલે બે-ત્રણ ચીજો સંભળાવી. સનાતન ઘણો જ ખુશી થયો. છેવટે તેણે બુલબુલને પૂછ્યું : 'મને ગાયન ન શીખવો ?'

અંધ યુવતી સહજ હસી : 'બહુ મહેનતનું કામ છે; પણ મને તો સારું લાગશે, ને મારો દિવસ જશે.'

'હું અહીં એકાદ માસ તો રહેવાનો છું. તેટલા વખતમાં શિખાશે તે શીખીશ.' સનાતને કહ્યું. 'તમે તો અહીં જ રહેશો ને ?'

પ્રશ્ન સાંભળી બુલબુલનું મોં પડી ગયું.

'હું તો અહીં જ રહીશ. બીજે ક્યાં આશરો મળે એમ છે ?' તેના મુખ અને ઉચ્ચારમાં ઊંડા દુઃખનો રણકાર સંભળાયો.

'એમ કેમ ?' સનાતને પૂછ્યું.

'મારે મા નથી, બાપ નથી, સગું નથી, વહાલું નથી. મારી આંખો હતી ત્યાં સુધી સૌ કોઈ વહાલું હતું. આંખો ગઈ એટલે સર્વને અળખામણી થઈ પડી. નિરાધારને આ સ્થળ સિવાય ક્યાં આશ્રય મળે ?' દુઃખી હૃદયે બુલબુલે જણાવ્યું.

સનાતનને અતિશય દયા આવી. તેની હકીકત વધારે જાણવા તેનું

મન થયું, પરંતુ તેમ કરી તેના દિલમાં વધારે દુ:ખ ભેળવવું એ વાસ્તવિક થશે નહિ એમ તેને લાગ્યું. કાંઈ સૂજ ન પડવાથી આશ્વાસન આપવા પૂરતું તે બોલ્યો :

'ઈશ્વર સહુનો બેલી છે.'

પરંતુ બુલબુલને તેથી આશ્વાસન મળ્યું એમ લાગ્યું નહિ. તેનું મન સહજ ઉશ્કેરાયું. તેણે જવાબ આપ્યો :

'મારો બેલી તો ઈશ્વર પણ નથી. બધા કહે છે કે પ્રભુ સહુને ભૂખ્યાં ઉઠાડે છે, પરંતુ ભૂખ્યાં સુવાડતો નથી. આમ કહેનારાઓ ભૂલી જાય છે કે દિવસોના દિવસ ભૂખ્યાં સૂઈને એકાદ સવારે માણસો ઊઠવા પણ પામતાં નથી. ઈશ્વર તે વખતે ક્યાં નાસી જાય છે તે જણાતું નથી.'

સનાતનનું હૃદય કંપી ઊઠ્યું. ખરે, જગતમાં અસહ્ય દુ:ખો વેરેલાં છે, અને તેનું પ્રમાણ એટલું બધું બહોળું છે કે દુનિયા ઈશ્વરને કેમ માને છે એ સમજવું મુશ્કેલ થઈ પડે છે.

બુલબુલ આગળ બોલી :

'મારી આંખો ગઈ, અને જગતે મને હડસેલી મૂકી. ચિતરંજન મારી વહારે આવ્યા ન હોત તો હું આજ તમારી પાસે આમ ગાવાને જીવતી રહી ન હોત.'

સનાતનને ઈશ્વરની વિરુદ્ધ બહુ વિચાર કરવા ગમ્યા નહોતા; પરંતુ બુલબુલના વાક્યે તેની મરજી વિરુદ્ધ તેને નાસ્તિક બનાવી દીધો હતો. તેનું આસ્તિક હૃદય ઈશ્વરનો બચાવ કરવા બહાનાં ખોળતું હતું તે બહાનું તેને બુલબુલના વાક્યમાં જ મળી ગયું.

'મારે, તો ઈશ્વરનો ઉપકાર જ માનવાનો છે કે તમને જીવતાં રાખ્યાં અને આજે તમારું ઈશ્વરી ગાન સાંભળ્યું. તમે ભલે તેને નિંદો ! તમારે કારણ છે.'

'શું કરું, ભાઈ !' બુલબુલે કહ્યું. 'મારાં જ પાપનો વિચાર હું કરતી નથી અને ઈશ્વરને દોષ આપું છું. હું આંધળી થઈ તે પણ મારાં જ પાપે. મારે જાણવું જોઈતું હતું કે જીવનમાં અનાચારની એક ક્ષણમાં પણ ભવોભવ ચાલે એટલાં પરિણામોનાં બીજ રોપાય છે. મારી આંખો ન જાય તો બીજું શું થાય ?'

નિરાધાર અને અપંગ માણસો સહાનુભૂતિ માગે છે. તેમનું દુઃખ સાંભળવાની જગતના મોટા ભાગને દરકાર હોતી નથી, છતાં કોઈ વિરલ વ્યક્તિ સહજ દયાભાવ બતાવી તેમનાં વીતકો સાંભળે તો તેમના દુ:ખની

તેમને દવા મળે છે. સનાતન સરખો સંસ્કારી યુવક બુલબુલની કથની સાંભળવા તૈયાર હતો, અને તેથી બુલબુલનું હૃદય તેના આગળ ખૂલી ગયું.

તે એક ગૃહસ્થ કુટુંબમાં જન્મેલી હતી. નાનપણથી જ તેને સંગીતનો નાદ લાગ્યો હતો. કિશોર અવસ્થાને કોણ સમજી શક્યું છે ? એક બાજુએથી યૌવનનો તનમનાટ અને મસ્તી અને બીજી બાજુએથી બાલ્યાવસ્થાનું અજ્ઞાન, ભોળપણ અને હલેતાપણું - એ ભાવોની સામસામી ખેંચતાણની રંગભૂમિ એ કિશોર અવસ્થા. એ કિશોરવયમાં બુલબુલને તેના સંગીતશિક્ષકે ભોળવી. અજ્ઞાન બાળાએ પોતાનું ગૃહ અને કુટુંબ છોડી એ શિક્ષકના અજાણ્યા ભાગ્ય સાથે પોતાનું ભાગ્ય જોડી દીધું. સંગીતની છાયામાં પાપ થતું હશે એમ માની શકાતું નથી, છતાં મૌવરના નાદથી મોહ પામી ડોલતો મણિધર ભાગ્યે જ સમજી શકતો હશે કે તેને માટે મદારીનો કંડિયો સેવવાનું સર્જાયું હશે ! મુરલીનો નાદ સાંભળી ભાન ભૂલી જતું હરણ ક્યારે જાણે છે કે એ મુરલીના મીઠા સૂર પાછળ તીરનો જીવલેણ જખમ સંતાયો છે ? સુખના અને દુઃખ વિવિધ અનુભવો થોડા સમયમાં કરાવી સંગીત શિક્ષક અદૃશ્ય થઈ ગયો, અને આ ભાગ્યહીન યુવતીએ જાણ્યું કે તે એક પાપગૃહમાં આવીને ફસાઈ ગઈ છે. જાળમાં સપડાયેલી માછલી ઘણું તરફડે છે, પણ તેનાથી ક્યાં છુટાય છે ? બુલબુલે આ પાપગૃહમાંથી છૂટવાને ઘણાં જ તરફડિયાં માર્યાં, પરંતુ તેનું મોહક સંગીત અને મોહક શરીર, પુરુષવર્ગની ધિક્કારપાત્ર લોલુપતા, નઠોર બેશરમી અને નિર્દય પશુભાવનાનું પ્રદર્શન કરાવતા પેલા સ્ત્રીઓના બજારમાં વેચાયાં. થોડો સમય આ સ્થિતિમાં ગાળતા તેને એક યુવકમાં સહૃદયતાનો ભાસ થયો. તે યુવક ગૃહસ્થ હતો, પરણેલો હતો; છતાં તેણે બુલબુલને છૂપી રીતે આશ્રય આપ્યો. બુલબુલને ખબર ન પડી કે આ યુવક તેના કંઠનો ભોગી હતો કે દેહનો; પરંતુ ટૂંક સમયમાં બુલબુલે જોયું કે પોતે એક મહા ભયંકર રોગનો કોળિયો થતી જાય છે. પાપીને પણ મરવું ગમતું નથી. તેણે પ્રાપ્ત કરેલું સર્વ ધન રોગ મટાડવામાં ખર્ચી નાખ્યું. ધન ગયું; રૂપ જવા માંડ્યું, તે કૃશ થતી ચાલી. પ્રથમના સુંદર દેહમાં કુરૂપતાની રેખાઓ ક્યાં ને કેવી રીતે છુપાઈ રહેતી હશે ? વૃદ્ધ અને રોગી એ બે જ જાણી શકે કે કોઈ જાદુઈ હાથ ફરતાં પ્રથમના ચમકતાં ચંચળ નયનો સુસ્ત અને જડ બની જાય છે અને પ્રથમના ગુલાબી ગાલ ફિક્કા અને કરચલી ભરેલા થઈ મુખને બિહામણું બનાવે છે. બુલબુલ દરરોજ આયનામાં પોતાના મુખને જોવા લાગી. તે કરમાતી ચાલી. અચાનક એક દિવસ તેને લાગ્યું કે તેની આંખે ઝાંખ વળે છે. તે કંપી ઊઠી : 'શું આંખ જશે ?' તેને ભયભીત કરનારો

વિચાર આવ્યો. અને જોતજોતામાં તેની આંખો ગઈ જ. તેનું રુદન અને પશ્ચાત્તાપ તેને કાંઈ જ કામ લાગ્યાં નહિ. તે કોને કામ લાગે છે ?

આંખ જતાં જ ગૃહસ્થ યુવકે તેને આપેલું ઘર પાછું છીનવી લીધું. બુલબુલને રોગ થવામાં અને તેને પરિણામે તેની આંખો ખોવડાવવામાં આ યુવક કેટલો કારણરૂપ હતો તે ડૉક્ટર જ કહી શકે. પરંતુ મનુષ્ય ખોટાં પરિણામો માટે પોતાની જવાબદારી લેવા ભાગ્યે જ તૈયાર થાય છે. અને તેમાંયે જો એ ખોટાં પરિણામો અન્યની જાત ઉપર સ્ફુટ થતાં હોય તો તે ઘણી જ ખુશીથી અને બહુ જ સગવડ સાથે પોતાની જવાબદારીને ધકેલી દે છે. બુલબુલ તો ગણિકા હતી. તે અંધ થઈ. ભોગ એના ! એમાં કોઈ શું કરે ? જરા પણ સંકોચ વગર આ યુવકે આંખ વિનાની થયેલી બુલબુલને ઘરમાંથી કાઢી મૂકી.

તે ક્યાં જાય ? તેને કોણ સંઘરે ? તેનો કોણ ખપ કરે ? ગૃહસ્થ કુટુંબની કન્યા, અને લક્ષાધિપતિ મોજીલાઓને ગાંડા બનાવી દેનારી લલના - તેને આજે ઉપર આભ અને નીચે ધરતી હતાં. અરે તે પણ ક્યાં હતાં ? તેની આંખોથી આભ અને ધરતી સુધ્ધાં છુપાઈ ગયાં હતાં ! તેનું હૃદય શૂન્ય થઈ ગયું; અંધકારમય જીવનમાં તે ઘેલછાની ટેકરીઓએ અથડાવા લાગી. ચાર દિવસ સુધી તે ભૂખી રહી. પોતાનો દેહ વેચનારને પણ ભીખ માંગતાં ન આવડ્યું - અગર પાપમાં પણ સચવાઈ રહેલી સ્વમાનની ચિનગારીએ તેને ભીખ માગીને પેટ ભરતાં રોકી.

હવે ખરેખર તેને મરવું ગમ્યું. કોને માટે - શાને માટે જીવવું ? અને જિવાડે કોણ ? આંખ હોત તો મજૂરી પણ કરત. રસ્તે જતા કોઈ માણસનો ભાસ થતાં તેણે દયાજનક એક ભીખ માગી :

'ભાઈ ! મારું એક કામ કરશો ? બહુ પુણ્ય થશે.'

'પુણ્ય થશે કે નહિ તેની મને દરકાર નથી; પણ તારે શું કામ છે ? તું આંખે નથી દેખતી, ખરું ?' પેલા રસ્તે જનારે પૂછ્યું.

ચાર દિવસમાં આવો સરળ ઉત્તર તેને પહેલો જ પુછાયો હતો. બુલબુલને આશા પડી.

'મને દરિયે લઈ જશો ?'

'દરિયો તો પાસે જ છે. ત્યાં તારે કેમ જવું છે ?' પેલા પુરુષે પૂછ્યું.

'મારે નાવું છે. મારે એક વ્રત છે.' બુલબુલે જવાબ દીધો.

'ભૂખી લાગે છે. ચાલવાની તો શક્તિ નથી ને નાવા શી રીતે જઈશ? કશું ખાવું છે ?' પેલા પુરુષે પૂછ્યું.

જગતના શુષ્ક પહાડમાંથી આ દયાનું ઝરણ કેવી રીતે વહી આવ્યું તેનો બુલબુલ વિચાર કરવા લાગી. પરંતુ જગત ઉપર તેને એટલી દાઝ ચડી હતી કે જગતમાં વસતા કોઈપણ પુરુષની દયાનો તે સ્વીકાર કરી શકે એમ નહોતું.

'નાહ્યા પછી ખાઈશ. એટલા માટે ભૂખી છું.' બુલબુલે કહ્યું.

'ઠીક ચાલ, હું લઈ જાઉં.' કહી તે માણસે બુલબુલને આંગળીએ વળગાડી દોરવા માંડી.

જગતના કહેવાતા નીતિમાનોથી આ પાપી સ્ત્રી સામું જોઈ પણ શકાય નહિ, પછી તેનો સ્પર્શ કરી દોરવાની તો વાત જ ક્યાંથી થાય ? બુલબુલને પોતાની જાતનું ભાન થયું, અને કદાચ આ મનુષ્ય નીતિમાન હશે તો પોતાનો સ્પર્શ તેને અપવિત્ર બનાવશે એ વિચારથી તે સંકોચ અનુભવતી આગળ દોરાવા લાગી.

'જો સંધ્યાકાળ પડી ગઈ છે, ભરતી આવવા માંડી છે. હું ઊભો છું અને નાહી લે.'

'ના ના, મારાથી એમ નહિ નવાય. આપ હવે જાઓ. હું નાહીને ધીમે ધીમે આવીશ. આપના દેખતાં હું નાહી શકીશ નહિ.' બુલબુલે તે માણસને ત્યાંથી ખસેડવા પ્રયત્ન કર્યો.'

'ઠીક, તું ત્યારે રસ્તો હવે ખોળી લેજે; હું જાઉં છું.' એમ કહી પેલો માણસ ત્યાંથી સહજ દૂર ખસ્યો. આવી અંધબાલા રાતના વખતે દરિયા ઉપર એકલી નાહી શી રીતે બહાર આવશે તે તેને સમજાયું નહિ. તેને શક પડ્યો: રખે ને આ બાઈ આપઘાત કરે !

ખરે, બુલબુલ સાગરને ખોળે મોત માગતી હતી. પાણીનાં મોજાં વધતાં વધતાં આગળ આવતાં હતાં. તેનું ગર્જન તેને ઘણું પ્રિય લાગ્યું. ક્ષણમાં બે ક્ષણમાં સાગર આવી પોતાને ઝડપી જશે અને આ પાપમય, દુઃખમય જીવનનો અંત આવશે, એ વિચારથી તેનું મન સહજ પ્રફુલ્લ થયું.

એક મોજું આવી તેના પગને ભીંજવી ગયું. આનંદમાં તે ધીમે સ્વરે એક ગઝલની પંક્તિ ગાઈ ઊઠી :

*'તુજકો આના હો તો આ ચુક, અય અઝલ* !'*

સાગર સાથે ચાલતી આ રમત પેલો પુરુષ દૂર ઊભો ઊભો નિહાળતો હતો તેની બુલબુલને ખબર નહોતી.

* મોત

એક મોજું, બીજું મોજું - અને બુલબુલના પગ રેતી ઉપરથી ઊપડી ગયા. પાછી જતી છોળ સાથે તે ઘસડાઈ અને કૃતઘ્ન જગતને છોડી નવીન ભૂમિની ઝાંખી કરતી દરિયાને આશ્રયે પડી.

પરંતુ દરિયાના કરતાં વધારે સબળ આશ્રય તેને મળવાનો હતો. પેલો પુરુષ એકાએક પાણીમાં કૂદી પડ્યો. વધ્યે જતાં મોજાં વચ્ચે બેદરકારીથી હીંચતી બુલબુલને તેણે ઝાલી લીધી, અને અત્યંત બળથી તેને પાણીની બહાર ખેંચી લાવ્યો. બુલબુલનું ભાન જતું રહ્યું હતું.

દરિયામાં ડૂબી આપઘાત ઈચ્છતી આ અંધ યુવતીને પાણીમાંથી ઊંચકી પેલો માણસ તેને એક સ્થળે લઈ ગયો. તેનાં ભીનાં કપડાં દૂર કરી ગરમ વસ્ત્રોમાં તેને લપેટી, અને અનેક જાતની માવજત કરી તેને સચેતન બનાવી.

ભાન આવતાં જ બુલબુલ બોલી ઊઠી :

'મને મરવા પણ ન દીધી ?'

પેલા પુરુષે બુલબુલની ગઝલના ચરણનું ઉત્તરાર્ધ જવાબમાં આપ્યું:

*'બેઅઝલ આયે મરા જાતા નહિ !'*

ક્ષમભર સ્તબ્ધ બની અંધ બાળા બોલી :

'મને આંધળીને - નિરાધારને જિવાડી શું કરશો ?'

'તારું ગીત સાંભળીશ. તારો અવાજ સાંભળ્યા પછી તને મરવા દેવાય એવું હતું જ નહિ.'

પાણીમાં ઊભાં રહી તેણે ગઝલની એક લીટી ગાયેલી યાદ આવી અને તે પોતાના સંગીતને દોષ દેવા લાગી.

'ઠીક; પણ હું કોણ છું તે તમે જાણો છો ? એ જાણશો તો પછી મને એક ક્ષણભર પણ તમારા ઘરમાં નહિ રહેવા દો.' સંતાપથી બુલબુલે થોડી વારે જણાવ્યું.

પેલા પુરુષે હસીને જવાબ આપ્યો :

'જો, છોકરી ! તું કોણ છે એ જાણવાની મને જરા પણ દરકાર નથી. ને મારા ઘર વિષે તું જરાયે ઊંચો જીવ ન કરીશ. મારે ઘર નથી, હું ઘર ચલાવતો નથી; હું તો ફક્ત મુસાફરખાનું રાખું છું.'

બુલબુલને નવાઈ લાગી. હિંસક માનવીઓથી ભરેલા જગતમાં આવો પરોપકાર પણ છુપાઈ રહ્યો છે એ તેને અત્યારે સમજાયું. તેની આંખમાંથી આંસુ ઊભરાઈ આવ્યાં. આંખ વિનાની આ અબળાનાં વહી

જતાં અશ્રુ કોઈએ રૂમાલ વતી લૂછ્યાં, અને આ નિરાધાર બાળાની આભારવૃત્તિ બમણી ઊછળી આવી. તેનાં આંસુ ખાળ્યાં ખળાયાં નહિ. તેની પાસે બેસી કોઈ રૂમાલથી ઘડી ઘડી તેનાં આંસુ લૂછતું હતું. બુલબુલથી રડાય એટલું તે રડી. તેને રડવા દીધી. કેટલી વારે તેનું હૃદય હલકું પડ્યું. તેનાં આંસુ ખૂટ્યાં અને છેવટે મોં ઉપર રૂમાલ ફેરવતા હાથને પકડી તેણે પોતાની છાતી સાથે દાબ્યો.

બુલબુલ ચમકી. તેના ગાલ ઉપર એક આંસુનું બુંદ ટપક્યું. છાતી ઉપર દબાવેલો હાથ તેને અતિશય કુમળો લાગ્યો. તેની ખાતરી થઈ કે તે કોઈ સ્ત્રીનો હાથ હતો.

'તમે કોણ છો ?' બુલબુલે પૂછ્યું.

'તારા જેવી જ એક ભાગ્યહીન અબળા.' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો. 'હુંય તારી જ ન્યાતની છું.'

બુલબુલ પાછી ગભરાઈ. શું ફરીથી હું કોઈ પાપગૃહમાં આવી છું ? તેને વિચાર આવ્યો.

'તમારું નામ શું ?'

'મારું નામ મેના !'

નામ ઉપરથી જ બુલબુલની ખાતરી થઈ કે પોતે પાછી એક કુટ્ટણખાનામાં ફસાઈ પડી છે. દયા ઊપજે એવા સ્વરે તેણે પૂછ્યું :

'મને આંખ વગરનીને અહીં રાખી શું કરશો ?'

મેના સમજી ગઈ. તે હસી : 'તારે બીજે ક્યાં જવા જેવું છે ?'

'ના, મારું કોઈ નથી માટે તો હું મરતી હતી.'

'પછી અહીં જ રહે.'

'ફરી પાપમાં પડવા ?'

'નહિ. કરેલા પાપનો પશ્ચાત્તાપ કરવા.' મેનાએ જવાબ આપ્યો.

ટૂંક સમયમાં જ તેને જણાયું કે અહીં તો પાપમય જીવન ગાળતી એક નહિ પણ અનેક સ્ત્રીઓને આશ્રય મળેલો છે. તેને નવાઈ લાગી. માણસો પુણ્યદાન કરે છે, અપંગોને આશરો આપે છે, અનાથ બાળકોના આશ્રમો કાઢે છે. પરંતુ પાપમય જીવનમાં ફસાઈ પડેલી યુવતીઓને આશ્રય આપી નવીન જીવન ગાળવાની તક આપવાનું પુણ્ય જગતમાં કોઈ પણ લેતું હોય એમ તેને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહોતો. પુણ્યનો એ માર્ગ જગતને હજી અજાણ્યો જ હતો. પતિત સ્ત્રીને પાળવી, તેના પતિત માર્ગમાંથી ખસેડવી, અને દેહ વેચી ગુજરાન કરવા કરતાં દેહની મહેનત વેચી ગુજરાન કરવાનો

પ્રામાણિક રસ્તો બતાવવો એમાં પુણ્ય છે એમ માનવાને પણ કોઈ તૈયાર નહોતું. કેટલીક જાતો અસ્પૃશ્ય હોય છે; તેમને અડકવાથી પાપ લાગે છે એમ મનાય છે. પરંતુ જગતના મોટા ભાગને વારંવાર સ્પર્શ કરતી આવી પતિત સ્ત્રીઓને જગતના નીતિમાન કહેવાતા પુરુષો, સુધારકો અને આગેવાનો ઉચ્ચારને પણ પાત્ર ગણતા નથી ! તો પછી તેમના તરફ દૃષ્ટિ તો કરે જ કેમ ? અને દૃષ્ટિ જ ન કરે તો તેમને ઉગારવાનો વિચાર પણ કેમ થાય ? ચાંડાળનો પડછાયો સુદ્ધાંત પડતાં સ્નાન કરવા સુધી ધર્મઘેલછાએ આપણી અસ્પૃશ્યપણાની ભાવનાને ખેંચી છે. પરંતુ શબ્દના ઉચ્ચાર માત્રથી જ અભડાઈ જવાય એવી કોઈ હીનભાગી સંસ્થા હોય તો તે ગણિકાની જ છે. તેના નામોચ્ચાર પછી જો નાહી શકાતું હોય તો નીતિમાન પુરુષ નાહી પણ નાખે અને પવિત્ર થાય !

અને છતાં તે પતિત સ્ત્રીઓના પણ હૃદય માનવહૃદય છે એ સહુ કોઈ ભૂલી જાય છે. જગતમાં નીતિમાન હોવાનો ગર્વ રાખનાર સ્ત્રીપુરુષો પોતાનાં અંતઃકરણ તપાસી જોશે ? સ્ખલન અને પતનમાંથી જ આગળ વધવાનો રસ્તો છે. જેને સ્ખલન નથી, જેને પતન નથી, તે મનુષ્ય નથી. અને આપણી દુનિયા-નીતિમાનોની દુનિયા તો મનુષ્યોથી જ વસેલી છે. નીતિમાન અને પતિત વચ્ચે બહુ તફાવત હશે ? નીતિમાનનાં સ્ખલન છૂપાં હોય છે; પતિતનાં સ્ખલન બહાર પડે છે. આ સિવાય બીજો વિશેષ તફાવત હોય તો તે નીતિમાન જાણે !

બુલબુલ અને બુલબુલના સરખી બીજી ઘણી પતિત સ્ત્રીઓને સન્માર્ગે ચઢાવવા, રોગનો ભોગ થઈ પડતી અટકાવવા, નિરાધાર બની ગયેલી સ્ત્રીઓને આશ્રય આપવા, અને ઉદ્યોગથી પોષણનું સાધન તેમને મેળવી આપવા માટે ચિતરંજને પતિત-આશ્રમો કાઢ્યા હતા : ચિતરંજનને તેની જ ઘેલછા લાગી હતી.

બુલબુલે પોતાની કથની બહુ જ કરુણ ભાવથી સનાતનને કહી. તેનું હૃદય દ્રવી ગયું. ચિતરંજનની વિચિત્રતામાં કેટલો પરોપકાર સમાયો હતો તે હવે સમજી શક્યો અને છતાં વિચારમાં પડ્યો : ‘જગતમાં કેટલી બુલબુલો સંજોગોનો ભોગ થઈ પડતી હશે ?’

# ૧૨

## વ્યવહાર

*બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે !*
*આધાર સૌને સહુનો રહ્યો જ્યાં !*

કલાપી

રફીકે કરેલો જખમ જલદી રુઝાય એમ નહોતું. સનાતન બુલબુલની કથની ઉપર વિચાર કર્યે જતો હતો, અને ભલો નિશાળિયો મટી જગતનો અનુભવી બનતો હતો. ચિતરંજનની વિચિત્ર અને અનિયમિત રીતભાતથી તેને આનંદ થતો અને મેનાની સારવારથી તે પોતાનું ઘર પણ ભૂલી જતો.

બુલબુલે તેને રોજ ગાયન શીખવવા માંડ્યું. કંઠમાંથી સૂર કાઢવા એ કેટલું મુશ્કેલ છે તેની હવે તેને સમજ પડી. ભૂમિતિના સિદ્ધાન્તો રટવા એના કરતાં પણ રાગનું સ્વરૂપ રટવું તેને વધારે કપરું લાગ્યું. તે ગળામાંથી પનો સૂર કાઢવા જાય તો ઘ નીકળે. અગર સાતે સૂરમાંથી એકે સાથે ન મળે એવો જ કોઈ ધ્વનિ નીકળે. જે સહેલાઈથી અને સરળતાથી બુલબુલ ગાતી હતી તે સહેલાઈ અને સરળતાની પાછળ કેટલી મહેનત અને કેટલો અભ્યાસ સમાયાં હતાં તેનું તેને હવે ભાન થયું. તેની ખાતરી થવા લાગી કે સંગીત એ એક શાસ્ત્ર જ છે.

પતિતઆશ્રમની બીજી યુવતીઓ સાથે પણ તેને થોડો વધારે પરિચય થયો. અનીતિમાં ફસાયેલી, અનીતિથી કંટાળેલી અગર અનીતિનો માર્ગ ગ્રહણ કરવા તત્પર થયેલી અનેક સ્ત્રીઓનાં સંબંધમાં તે આવ્યો. તેની ખાતરી થઈ કે પાપીઓને પણ હૃદય હોય છે, અને તે હૃદય કદાચ જગતના શેઠ સદ્‌ગૃહસ્થો, શુષ્ક નીતિમાનો અગર દંભી ડાહ્યા પુરુષો કરતાં વધારે કુમળું હોય છે.

તેનો મિત્ર એક-બે વખત આવીને તેને મળી ગયો. સ્ત્રીઓથી ભરેલા ઘરમાં એક યુવાને રહેવું એ પાપમાં અચૂક પડવા જેવું છે એમ તેને લાગ્યું, અને સનાતનને તેણે પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે જણાવ્યો પણ ખરો.

ચિતરંજને એક વખત હાજર હતો. તેનો દેખાવ જોઈને પેલા મિત્રને લાગ્યું કે ખરેખર આ બદમાશની સોબતમાં સનાતન બગડતો જાય છે.

ચિતરંજનને દુનિયાની પરવા ન હતી. તે કેવો દેખાય છે, તે સામા માણસ ઉપર કેવી અસર કરે છે, તેનો વિચાર કરવા તે કદી અટકતો નહિ. સનાતનના વિદ્વાન મિત્રને તેણે એક વખત પાપ સંબંધી વાર્તાલાપમાં ઘણો જ ચમકાવ્યો :

'હું તો પાપને માનતો જ નથી. પાપ જેવી વસ્તુ જ દુનિયામાં નથી, તમારા જ નીતિવેત્તાઓની બીકણ કલ્પના સિવાય પાપને રહેવા માટે બીજું સ્થાન જ નથી.' ચિતરંજને કહ્યું.

'છેક એમ તો કેમ કહેવાય ?' પેલા મિત્રે જવાબ આપ્યો. 'કોઈ પણ ખોટું કામ કરવું એ પાપ જ છે.'

'હું કબૂલ કરું છું, અને તમારાથી જરા આગળ વધું છું, ચિતરંજને જણાવ્યું. 'ખોટું કામ કરવું એમાં કશું જ પાપ નથી, પરંતુ ખોટું કામ કરી તેને છુપાવવું એનું નામ પાપ. નહિ તો ખોટું કામ કોને કહેવું અને કોને નહિ એ પણ એક ન સમજાય એવો પ્રદેશ છે.

'ખોટું કામ ન સમજાય એવું હોત તો તમારાં રાજ્યો કાયદા કરી ખોટાં કામને અટકાવત નહિ.' મિત્રે જણાવ્યું.

'રાજ્યોના પાયા લોહીથી પુરાયેલા છે, અને કપટના ચણતરથી રાજ્યોનાં બંધારણ રચાયેલાં છે. એ રાજ્યો પુણ્યને શું સમજે ? પુણ્યના પાયા ઉપર રચાયલાં રાજ્યો તો હજી સ્વપ્નામાં જ દેખાય છે. માટે ખોટા ભ્રમમાં ન પડશો અને કાયદાની વાત જ ન કરશો. વકીલોની શબ્દજાળ, ન્યાયાધીશની ભ્રમજાળ અને ન્યાય ખોળનારાઓની દુઃખજાળ એનું જ નામ કાયદો.' ચિતરંજને જણાવ્યું.

પેલા મિત્રને લાગ્યું કે આ ગાંડા માણસને સમજાવવો એ અશક્ય વાત છે. તિરસ્કારથી તેણે પાપપુણ્યની ચર્ચા છોડી દીધી. સનાતન હસ્યો. ચિતરંજનને તે બરાબર ઓળખી ગયો હતો. આ હાસ્યથી પેલા મિત્રને લાગ્યું કે સનાતન આ દુષ્ટ વૃદ્ધ માણસની પૂરી અસર નીચે આવી ગયો છે. સનાતનના આત્મા માટે એક પ્રાર્થના કરી મિત્રે રજા લીધી, અને કોઈને ન કહેવાની શરતે પોતાના બીજા એક મિત્રને વાત કરી કે સનાતન ન બોલાય એવે સ્થાને રખડે છે, લફંગાઓની સોબતમાં ફરે છે, મારામારીમાં ઊતરી લોહીલુહાણ થાય છે અને બીજાને કરે છે.

બીજા મિત્રે શોકભરી મુખમુદ્રા બનાવી નિઃશ્વાસ નાખ્યો : 'પ્રભુ એને જેલથી બચાવે ! આમાંથી સનાતન કયે વખતે ફાંસીને લાકડે લટકે તે કોણ કહી શકે ?'

દિવસો જતાં સનાતનનો ઘા રુઝાવા લાગ્યો. ચિતરંજનનો પરિચય

તેને અદ્ભુત રસમાં નિમગ્ન કરતો, અને તેની સંગતથી સનાતને એટલું બધું નવું જાણ્યું કે તે ચિતરંજન સરખી જિંદગી ગુજારવા તત્પર થયો.

'તારી તબિયત હવે સારી થવા માંડી છે. તારે માટે હું કોઈ સારી નોકરીની ખોળમાં જ છું.' એક દિવસ ચિતરંજને સનાતનને જણાવ્યું.

'મારે નોકરી નથી કરવી. હું તમારી સાથે જ રહીશ અને પતિતોદ્ધારમાં મારી જિંદગી ગુજારીશ.' સનાતને જવાબ આપ્યો.

'તે દિવસે તો તું કહેતો હતો કે તારે એકદમ લક્ષાધિપતિ થવું છે. મારી સાથે રહ્યે પૈસો મળે એમ નથી.' ચિતરંજને કહ્યું. ' ઉપરાંત મારા જેવી જિંદગી ગુજારવાની હું તને સલાહ પણ નહિ આપું.'

'કારણ ?'

'કારણ એટલું જ કે પ્રથમ તો પથ્થર જેવું શરીર જોઈએ. તારું શરીર મારી જિંદગીની વ્યથા સહન કરી શકે એવું નથી. વજ્ર જેવું મન જોઈએ એ બીજી વાત. તારું મન તેવું નથી. તું ધારે તોપણ તારાથી લોહીવાળા હાથ નહિ થાય. કટાર ભોંકાશે નહિ ને તલવાર ઊપડશે નહિ. ફક્ત એક ગુણ છે : તું રડી શકે છે. પણ એટલું બસ નથી. હજી જગતનો અનુભવ મેળવ અને પછી જો મારા જીવનમાં રસ હોય તો આવજે.' ચિતરંજને જણાવ્યું. 'આશા રહિત જીવન થાય ત્યારે મને સંભારજે; ત્યાં સુધી નહિ.'

સનાતનને આ સલાહમાં સત્ય લાગ્યું. તેને હજી આશા અને ઉત્સાહ વળગેલાં હતાં. તે ધનવાન થવા માગતો હતો. ધનવાન બનીને તેને હજી મંજરીને દુઃખમાંથી ઉગારવી હતી. એ કાર્ય હજી શરૂ થયું નહોતું. પછી તે પૂરું કર્યા સિવાય બીજા માર્ગમાં જવું એ તેને કાયરતા લાગી. મંજરી પ્રથમ અને બીજું બધું પછી. એક વખત મંજરીના પગ પાસે લક્ષ્મીનો ભંડાર ઠલવાય ત્યાર પછી બીજું કાર્ય થાય; ત્યાં સુધી કાંઈ જ નહિ.

પણ મંજરી ક્યાં ?

સનાતનના હૃદયમાં તે હજી એમ જ માનતો હતો કે મંજરી તેની ખાતર બેસી રહી છે. ધીમે ધીમે ધનસંચય કરી સનાતન લાવશે, તેના પગ આગળ મૂકી દેશે અને પછી સનાતનના દૃઢ નિશ્ચય અને બીજા ગુણો ઉપર વારી જઈ તે એક સ્મિત કરશે, એટલે પૂરતો બદલો મળી જશે !

એ સ્મિત કદાચ પોતાનું વર્તુલ લંબાવે અને સનાતનના જીવનને તેમાં ભેળવી દે. મંજરી સનાતનની પણ થાય !

આવી આશા સનાતને કદી છોડી નહિ અને ચિતરંજનની સોબત છોડી તે ફરી જગતમાં ઝંપલાવવા તૈયાર થયો.

પણ મંજરી ક્યાં ?

# ૧૩

## સૂનાં સિંહાસન

*આશાભર્યાં ઊછરતાં પ્રિય બાલ બાલા !*
*સંસાર મધ્ય વડવાનલ કેરી જ્વાલા !*

*... ... ... ...*

*પોષ્યાં દૂધે અમૃતથી અજવાળી ગોરાં !*
*તે વત્સ કાજ વિષઅશ્રુ તણા કટોરા !*

**નાનાલાલ**

વ્યોમેશચંદ્રને મળવા માટે નંદકુંવરે બૂમ મારી તે વખતે મંજરીનું માથું ખરેખર દુખતું હતું. તેનાં માતાપિતાને આશ્ચર્ય લાગ્યું કે આવી કહ્યાગરી છોકરી નીચે આવવા કેમ ના પાડતી હતી ? માથું ખરેખર દુખતું હોય તોપણ વિવેકી માણસોએ વિવેક તજવો ન જોઈએ.

વ્યોમેશના ગયા પછી નંદકુંવર ઉપર જઈ જુએ છે તો મંજરીની ઓરડી બંધ હતી. મંજરી કોઈ દિવસ ઓરડી બંધ કરી બેસતી નહોતી. તેમણે બૂમ પાડી. મંજરીએ ઊઠી બારણું ઉઘાડ્યું. તેની આંખો લાલ હતી. વાળ સહજ વીખરાયલા હતા. મુખ ઝાંખું, ચોળાયેલું લાગતું હતું. માતા કાંઈ પણ પૂછે તે પહેલાં મંજરી બોલી : 'મારું માથું બહુ જ દુખે છે.' અને આમ બોલતાં બોલતાં તે રડી પડી.

માતાપિતાનાં હૃદય જીતવા માટે બાળકનું એક જ આંસુ બસ છે. દીકરીને વાંસે હાથ ફેરવી નંદકુંવરે બેસાડી, અને પોતે પણ તેની પાસે બેઠાં. તેનું માથું દબાવવા માંડ્યું. થોડી વારમાં દીનાનાથ પણ ઉપર આવ્યા. મંજરીના આધારે જીવતાં આ માતાપિતા તેના શરીરની સ્થિતિ વિચારી ગભરાઈ ગયાં. મંજરી તે સમજી ગઈ. તેનું માથું ખરેખર દુખતું હતું પણ પોતાનાં માતાપિતાનું હૃદય તેથીયે વધારે દુખતું હોવાને લીધે તેણે સ્વસ્થતા ધારણ કરી. સ્વસ્થ થતાં મુખ ઉપર પ્રફુલ્લપણું આવવા માંડ્યું. અને તેણે વાતો કરવા માંડી.

માતાપિતા આ જોઈ ખુશ થયાં. દીનાનાથની નજર પલંગ આગળ પડેલા કાગળોના ટુકડા ઉપર પડી. છોકરીને હવે પરણાવી દેવી જોઈએ

એવો વિચાર વધારે તીવ્ર થયો.

મંજરીને મળવા તેની એક સહીપણી આવી. તેને સોંપી નંદકુંવર અને દીનાનાથ નીચે ગયાં. બાળલગ્નથી કશો જ ફાયદો નથી એમ દીનાનાથ જાણતા હતા. પરંતુ બહુ મોટી ઉમરે લગ્ન કરવું એ પણ વાસ્તવિક નથી એમ તેમનો વિચાર હતો. તેમનું ચાલ્યું હોત તો મંજરીને ક્યારની પરણાવી દીધી હોત. પરંતુ લાયક વરનો અભાવ અને પોતાની આર્થિક અશક્તિ એ બે કારણોને લીધે તેમની ઈચ્છા નહિ છતાં મંજરી વગર પરણ્યે મોટી થતી હતી.

મંજરી કેટલીક વખત ઘણી જ દિલગીરીમાં હોય એમ લાગતું. કેટલીક વખત તે વગરકારણે આનંદમાં આવી જતી. ક્વચિત્ તે ઘણી જ વાતોએ ચઢતી અને ક્વચિત્ તે વગરબોલ્યે આખો દિવસ ગાળતી. નંદકુંવર પણ સમજી શક્યાં કે આ બધાં દર્દનો એ જ ઈલાજ છે. 'છોકરીને જલદી પરણાવી દેવી એટલે તેનું જીવન આમતેમ હાલતું મટી સમતોલ થશે.'

જીવનના મહાસાગરમાં યૌવનનો વંટોળ ભયંકર ઊથલપાથલો કરે છે. મહાસાગરનાં મોજાંને તે હિમાલયની ઊંચાઈએ ચઢાવે છે અને પાતાળની ઊંડાઈએ ધકેલી દે છે. હૃદયનાવડું બિચારું આ ઉછાળાઓને વશ થઈ ઘડીમાં આકાશ જુએ છે અને ઘડીમાં સાગરનું તળિયું નિહાળે છે. સમાજના સુકાનીઓ લગ્નનો એ જબરજસ્ત ખડક ખોળી કાઢી નાવડાને સમતોલ કરવા પ્રયત્ન કર્યો છે. એક ખડકે નાવડું લંગરાય તો યૌવનનો વંટોળ શાંત પડે અને મધ્યસાગરનાં આકાશ-પાતાળ એક કરી નાખતાં મોજાંના ભયંકર હીંડોળમાંથી નાવડું ઊગરી જાય.

પરંતુ એ ઊગરેલું નાવડું બિચારું સાગરના હીંડોળને તો ન જ અનુભવી શકે. જીવન શાંત થાય, સભ્ય થાય, સરલ થાય : પરંતુ લગ્નથી જીવન સમતોલ થઈ જાય; પ્રમાણિક વ્યાપારીના ત્રાજવા સરખી બંને બાજુ સરખી : નહિ વધારે, નહિ થોડી. જુગારીની લાખોની હારજીતનો કંપ તેનાથી અનુભવી શકાય નહિ. હિમાલયના શિખર ઉપર જણાતું સૌંદર્ય તેમાં ન જ જણાય. સાગરના અંધકારમાં ડૂબકી મારી તેના તળિયા ઉપર ઊભા રહેતાં જે કમકમી આવે તે આ જીવનને અજાણી જ રહે. સપાટ જમીન ઉપર સીધે રસ્તે ચાલ્યા જતાં જે મધ્યમ અનુભવો થાય તેને પરિણીત જિંદગી સાથે સરખાવાય.

એ બેમાંથી સારું શું હશે ? કોણ જાણે ! વસતિ તો સપાટ પ્રદેશમાં જ હોય છે. ઈશ્વરનો શો ઉદ્દેશ હશે ? હિમાલય ઉપર જીવન નથી જ.

પણ એટલું તો ખરું જ કે તોફાની જીવન લગ્ન થયે ઠંડું પડે છે; શાંત થાય છે, તોફાની જીવનને એક જ ધમકી આપવી બસ છે. 'તને પરણાવી દઈશું !' ઉછાળે ચઢેલું હૃદય શાંત થવું જ જોઈએ, પામર બનવું જ જોઈએ. જીવનની મસ્તી મટાડવા માટે આ માત્ર બસ છે.

અને છતાં બધાંય પરણે છે. જીવન તેથી જ ઉચ્ચ નહિ થતું હોય ? લગ્નો અજાણતાં જ થાય છે ! પુરુષ સ્ત્રીને ખોળે છે અને સ્ત્રી પુરુષને ખોળે છે. પરસ્પરને માગે છે, પરસ્પરનાં બંધનને માગતાં નથી. પરંતુ તેમને ભાગ્યે જ ખબર હોય છે કે લગ્ન એ પરસ્પરનો સંબંધ નહિ પણ પરસ્પરનું બંધન પણ છે. સંબંધ વિના બંધન શક્ય નથી. પરંતુ બંધન વિનાનો સંબંધ શક્ય છે ? જગતે ખોળવું પડશે. અને તે ખોળે જ છે.

હિંદુ સંસારમાં આવાં બંધનો રચવાનું કામ માબાપ બહુ સારી રીતે બજાવે છે. વંશપરંપરાથી ઊતરી આવેલી આ આવડત બાળકનાં જીવનને શાંત પાડવા બહુ ઉપયોગી થઈ પડે છે. દીનાનાથ અને નંદકુંવર હિંદુ જ હતાં અને તેમને પણ આ ગુણ વારસામાં મળેલો જ હતો. તે આધારે તેમણે વિચાર કર્યો કે હવે મંજરીને પરણાવવી જ જોઈએ.

મંજરીની સહિયરનું નામ માલતી હતું. બંને બહેનપણીઓએ એકબીજાની ખબર પૂછી. આજે મંજરીને માલતીનું આગમન બહુ જ ગમ્યું. ઘણે દિવસે તે આવી હતી. તેનું સાસરું આ ગામમાં હતું, અને તે પિયર જઈ આવી હતી. તેનો વર પણ કૉલેજમાં ભણતો હતો અને તે આ વર્ષે છેલ્લી પરીક્ષા પસાર કરી ગયો હતો. તે ઘણુંખરું સનાતન પાસે આવતો એટલે તેને મંજરીએ પોતાની શેરીમાં આવતો જોયેલો પણ ખરો. મંજરીએ પોતાની ખુશાલી દર્શાવી, તેના વર સંબંધી વાતમાં જ તેને દોરી. ખરે, સખીઓની વાતમાં નેવું ટકા વરની જ વાત હોય છે. માલતીનો વર મુંબઈ ગયો હતો. તેને વધારે ભણવાની ઇચ્છા હતી. તેને વકીલ થવું હતું. બહુ ખર્ચ આવે છે. નાનીનાની ઓરડીઓમાં રહેવું પડે છે. એકલા ગમે નહિ એટલે એક દોસ્તદારની સાથે તેને રહેવું પડ્યું, વગેરે નાની વિગતો માલતીએ સંભળાવી.

'પણ તું જાણે છે ને બહેન, કે મુંબઈમાં વગર પરણેલાઓથી રહેવાય જ નહિ.' માલતીએ મુંબઈમાં રહેવાની એક ભારે શરત બતાવી.

'એમ કેમ ?' મંજરીએ સવાલ કર્યો.

'મુંબઈની તો વાત જ જવા દો ને, એટલું બધું નઠારું છે ! એમનો કાગળ આવ્યો હતો કે એમનો પેલો દોસ્ત તો ચાલ્યો જ ગયો.' માલતીએ કહ્યું.

'કયો દોસ્ત ? અને શું કર ને ચાલ્યો ગયો ?' મંજરીને વાતમાં રસ પડ્યો હતો. ગમે તે રીતે સનાત-ની ખબર મળી આવે તો સારું એ ઇચ્છાથી તેણે માલતીની સાથે તેન વરની વાત લંબાવ્યા કરી. બિચારી માલતી ! પોતાના પતિ સિવાય જગ માં બીજી મહત્ત્વની વસ્તુ હોઈ શકે નહિ એમ ધારી તે તેના ઝીણામાં ઝીણ સ્વભાવનું વર્ણન કરતી હતી. પરંતુ તેને ખબર નહોતી કે મંજરીનું ધ્યાન માલતીના પતિ કરતાં તેના દોસ્તની વાત તરફ વધારે વળતું હતું.

'મુંબઈમાં તે કાંઈ એક લાલચ હોય છે ? હજારો લાલચો !' માલતીએ જવાબમાં કહ્યું. 'એટલે મારા પતિની સાથે રહેતાં એને ફાવે ? એમનું કામ તો એવું કે નજર ઊંચી કરે જ નહિ.'

નજર પણ ઊંચી ન કરે એવા શુષ્ક પતિનાં વખાણથી મંજરીને કંટાળો આવ્યો. ચોખ્ખી વાત ન કરતાં હજારો લાલચની મોઘમ વાતથી મંજરીને સંતોષ થાય એમ નહોતું.

'શાની લાલચ ? અમથી ઘેલીઘેલી વાત કર્યા કરે છે ! અને તારો વર પણ એ લાલચમાં નહિ ફસાય એવું તું શા ઉપરથી કહે છે ?' મંજરીએ જણાવ્યું.

'એ કદી ફસાય જ નહિ ને ! હું એમને ન ઓળખું ?' પત્ની તરીકેનું અભિમાન માલતીમાં વ્યક્ત થયું. 'અને પાછી હું છું ને ? માટે જ મેં કહ્યું હતું કે પરણેલા હોય તે જ મુંબઈ રહી શકે.'

જગતમાં કેટલી માલતીઓને તેમના પતિ છેતરતા હશે ? દરેક પતિએ પોતાના હૃદય ઉપર હાથ મૂકી તેને તપાસી જોવાની જરૂર છે - અગર તપાસવાની જરૂર જ નથી. હાથ મૂક્યા સિવાય પણ હૃદય કહી આપે છે કે પત્નીની નજર આગળ રહેતો પતિ અને તેની નજર બહાર રહેતો પતિ એ બન્ને ભિન્ન વ્યક્તિઓ છે.

હશે !

'હજી મને સમજાયું નહિ. તું શું કહેવા માગે છે ?' મંજરીએ પૂછ્યું.

માલતીનું મુખ સહજ મલક્યું. 'તું તો છે જ એવી !' કહી તેનું માથું પકડી પોતાની પાસે ખેંચ્યું. અને મંજરીના કાનમાં ધીમે રહીને કાંઈ વાત કરી. ઓરડો ખાલી હતો. ઘરમાં કોઈ સાંભળે એટલું પાસે નહોતું. છતાં બીતી બીતી - ચારે પાસ નજર નાખતી અને સહજ હસતી માલતીએ મંજરીના કાનમાં શી વાત કરી ?

મંજરી સહજ ગંભીર થઈ.

'એમાં પડ્યા એટલે એમને કાંઈ ફાવે ?' 'એ' અને 'એમાં' અને 'એમને' વગેરે સ્વરનો ઘણી જ અર્થસૂચક ભાષામાં માલતીએ બધો ભાવાર્થ સમાવ્યો. 'અને તું એને ઓળખતી પણ હોઈશ.'

'કેવી રીતે ? તારા વરના દોસ્તને હું શી રીતે ઓળખું ?' મંજરીએ કહ્યું.

'ખરું કહે છે ! મારા વરના દોસ્તને તું ન જ ઓળખે. તારા વરનો દોસ્ત હોત તો તને ઓળખાણ પડત.' કટાક્ષમાં માલતીએ જણાવ્યું.

'જા, જા, હવે. ઓળખતી હઈશ તો તને કહીશ. શું નામ ?' મંજરીએ પૂછ્યું. પૂછતાં પૂછતાં તેનું હૃદય ધબક્યું. માલતીનો વર તેની પડોશમાં ઘણી વખત આવતો હતો. કોનું નામ દેશે ?

'સનાતન.' માલતીએ કહ્યું.

પોતાને ગમતા પુરુષનું નામ બીજું કોઈ લે તોપણ તે સારું જ લાગે છે. મંજરીને આ નામ બીજાને મુખેથી બહુ દિવસે સાંભળતાં સંતોષ થયો.

'સનાતનનાં વખાણ કરતાં એ થાકતા જ નહિ.' માલતીએ પ્રથમની સ્થિતિ કહી. 'જે કાંઈ વાત આવે તેમાં "સનાતન આમ કહે છે અને સનાતન તેમ કહે છે" એમ તેનો જ મત આગળ કરતા. હવે બધી જ વાત ફરી ગઈ. નઠારી સોબતમાં સનાતન પડ્યો ! લુચ્ચા લફંગાઓની સંગતમાં ફરે છે, મારામારીઓ કરે છે, કુટ્ટણીઓના ઘરમાં છે અને આમ દિવસ ગુજારે છે. કાગળમાં આ વાત લખતાં પણ એમને તો રડવું આવ્યું. આંસુથી થોડા અક્ષરો પણ ચેકાઈ ગયા એટલો બધો સનાતન માટે ભાવ છે !'

મંજરી આશ્ચર્યથી મૂઢ બની ગઈ. ક્યાં સનાતન ઉચ્ચ પ્રકારનો અભ્યાસી, શરમ અને સભ્યતાથી ભરેલો, જીવનમાં પ્રવેશતો યુવક ! અને ક્યાં આ અસભ્ય વાતાવરણમાં ફરતો અનાર્ય !

સનાતનની ખબર મળશે એ લોભથી માલતીને તેના વરની સામાને કંટાળો ઉપજાવે એવી વાત કરવાને મંજરીએ પ્રેરી હતી. કંટાળો સહીને પણ તેણે વાત કઢાવી. અને પરિણામ ?

પરિણામ એ જ કે સ્વપ્ને પણ ન ધારેલી હકીકત સાંભળવાનો પ્રસંગ આવ્યો. તે દુઃખી થઈ ગઈ. અને દુઃખના આવેશમાં માલતીની વાત સાચી ન હોવાનું તેણે જાહેર કર્યું.

માલતીએ પોતાના પતિનો કાગળ મંજરી પાસે ધર્યો. મંજરીએ વાંચ્યો. સનાતનના અધઃપતનની જ તેમાં કથની લખેલી હતી.

'માટે જ મેં કહ્યું કે મુંબઈમાં વગર પરણેલાથી રહી શકાય જ નહિ.'

માલતીએ પરણેલાનું મહત્ત્વ બતાવતું કથન ફરી કર્યું.

મંજરીને વિચાર આવ્યો કે સનાતનને તે કાગળ લખે તો ? તે પોતે મુંબઈ જઈ સનાતનને આ ખરાબ રસ્તેથી બચાવે તો ? વિક્રમની વાતો વાંચેલી, અને તેમાં ખરાબ માર્ગે જતા પતિને છૂપે વેષે લલચાવી સુપંથમાં વાળનાર પત્નીઓની વાર્તાઓ તેના ધ્યાનમાં હતી. પણ તે કામ તો પત્ની કરી શકે ! પોતે કોણ ? શું સગપણ ? શો સંબંધ ? પારકાને માટે આ બધું કેમ થાય ?

તેનું હૃદય વીંધાઈ ગયું. તેને અને સનાતનને કશો જ સંબંધ નથી એમ તેની ખાતરી થઈ. અને છતાં હૃદય તેની પાછળ દોડતું હતું !

માલતી વિદાય થઈ. સનાતનની વધારે વાત છેડવાનું મંજરીએ બંધ રાખ્યું. તેનું સિરનામું પૂછી જોવાનો વિચાર પણ મોકૂફ રાખ્યો. શરમથી તે આગળ કાંઈ જ કરી શકી નહિ.

એકલી પડતાં ફરી તે વિચારમાં ગૂંથાઈ અને ગૂંચવાઈ. કાંઈ જ ન ફાવ્યું એટલે તેણે ગાવાનું શરૂ કર્યું. ગીતમાં પણ રડવું આવે એવી જ કડીઓ કંઠમાં આવ્યા કરતી હતી. આમ કેમ ?

*'સૂનાં સૂનાં ફૂલે ફૂલડાં*
*ને મારા સૂનાં સિંહાસન કાન્ત રે*
*સ્નેહધામ સૂનાં સૂનાં રે !*
*આંબાની ડાળી મ્હોરે નમી*
*મ્હોંય કોયલ કરે કલ્પાંત રે*
*સ્નેહધામ સૂનાં સૂનાં રે !'*

ગીત ગાતાં તે ખરેખર રડી પડી. એ કોને માટે રડતી હતી ? શાને માટે રડતી હતી ? તેનો ખોવાયેલો સનાતન જડ્યો અને પાછો ખોવાઈ ગયો !

# ૧૪

# તરસી નજર

*એક ચાંદરણું આભમાં લ્હેરાય રે !*
*પાણીડાં હેલે ચઢ્યાં, હેલે ચઢ્યાં !*

**નાનાલાલ**

જાગીરદાર વ્યોમેશચંદ્રને ખાતરી થઈ ગઈ કે સ્ત્રી વગર મિલકત, ઘર, પૈસો બધું બગડી જાય છે. તેમને વિશેષ ખાતરી એ થઈ કે તેમનું ચારિત્ર્ય પ્રત્યેક ક્ષણે જોખમમાં આવી પડેલું છે. લક્ષ્મી ઘરમાં જ હતી. પોતાના માલિકનું હૃદય વશ કરવા માટે તેના પ્રયત્નો ચાલુ જ હતા. કઈ ક્ષણે પોતાનું પતન થાય એનો વ્યોમેશચંદ્રને ભરોંસો નહોતો.

લોકોમાં પણ આવા સુખી અને સારા પુરુષની સાથે સંબંધ બાંધવાની સ્પર્ધા ચાલી હતી. ઉમરલાયક અને નાની ઉમરની કન્યાઓનાં માબાપ વ્યોમેશ તરફ હવે કહેણ મોકલવા લાગ્યાં. જુદી જુદી કન્યાઓ માટે જુદે જુદે સ્થળેથી સિફારસો પણ આવતી, અને કન્યાઓનાં રૂપ, ગુણ, કન્યાઓનાં માબાપની લાયકી, ને લાયક માણસોની સાથે સંબંધ બાંધવામાં થતા લાભનાં વર્ણનો દરરોજ તેમની પાસે ચાલતાં હતાં. પોતાનો માલ ખપાવવાની દુકાનદારો સરખી તીવ્ર અભિલાષા કન્યાઓનાં માબાપમાં વ્યક્ત થતી. શાને માટે ? પોતાની કન્યા વ્યોમેશ જેવાને ત્યાં ખપે એટલા માટે ! કન્યા એ શું જેમતેમ ખપાવી દેવાની ચીજ છે ? લગ્ન એ શું વેચાણનો વ્યવહાર છે ? કોણ કહેશે ?

પરંતુ વ્યોમેશચંદ્રનું મન માન્યું નહિ. શા માટે પરણવું ? લક્ષ્મી હવે બધી કાળજી રાખતી હતી. પરંતુ લક્ષ્મીને કાંઈ ગાડીમાં સાથે લઈ જવાય? તેની સાથે કાંઈ છબી પડાવાય ? તેને કાંઈ મિલકત સોંપાય ? તે તો ચાકરડી હતી. માત્ર દીનાનાથની છોકરી મંજરી આંખ ઠારે એવી હતી. પોતાની ગત પત્નીને ભુલાવી દે એવું તેનામાં સ્વરૂપ હતું. મુખ સામું જોવું ન ગમે એવી છોકરીઓને કેમ પરણાય ? દીનાનાથ અને નંદકુંવર એ બેમાંથી કોઈ પણ વ્યોમેશચંદ્રની વિરુદ્ધ જાય એમ નહોતું. એટલું જ નહિ, પણ તેમણે મંજરીને પોતાની વર્ષગાંઠ નિમિત્તે ભેટ આપવાની પણ સંમતિ આપી હતી. આ બધું

શું સૂચવતું હતું ? પોતે મંજરીને કેમ પરણી ન શકે ? પોતાના કરતાં વધારે સારો વર મંજરીને કોણ મળવાનો હતો ? મંજરીને બીજા કોઈ ભાગ્યે જ સુખી કરી શકશે !

આમ પોતાના સ્વાર્થમાંથી મંજરીને સુખી કરવા માટે તેની સાથે લગ્ન કરવાના વિચારો કરતાં વ્યોમેશચંદ્રે પરમાર્થનો રસ્તો શોધ્યો. દરેક વ્યક્તિને પોતાની મહત્તાનો ખ્યાલ હોય છે જ. અને એ મહત્તા સામાના સુખને માટે જ વાપરવાની હોય છે. બાળકને સોટી ચમચમાવનાર શિક્ષક એમ જ બચાવ કરે છે કે તેથી બાળકોનો અવતાર સુધરે છે. શિક્ષક ભૂલી જાય છે કે સોટીના વપરાશમાં બાળકને સુધારવાની અશક્તિનું પ્રદર્શન થાય છે !

વ્યોમેશચંદ્રના ગત પત્નીની મોટી છબી હસતી હોય એમ ફરી તેમને ભાસ થયો. છબીની હાજરી તેમના વિચારોમાં હરકત રૂપ થવા લાગી હતી. તે ઘડી ઘડી દુઃખમય વિચારો ઉપજાવ્યા કરતી હતી.

લગ્નના વિચારમાં તે પ્રતિકૂળ શરમની ભાવના ઉપજાવતી હતી એ સત્ય તે કહી શકે એમ નહોતું.

'છબીને દીવાનખાનામાં મૂકીએ તો કેવું ?' વ્યોમેશચંદ્રે લક્ષ્મીની સલાહ લીધી. 'આ ખંડમાં આવડી મોટી અને આવી સારી છબી દીપતી નથી.'

લક્ષ્મી સર્વ વાતે અનુકૂળ જ હતી. તેણે સંમતિ આપી.

જે પત્ની જીવતાં પોતાનાં બાળકો સાથે આ ખંડમાં સમાઈ જતી હતી તે પત્ની મૃત્યુ પામતાં તેના કદથી પા ભાગની છબીના સ્વરૂપમાં ભીંત ઉપર ટીંગાયલી પણ સમાઈ શકી નહિ !

લગ્નનો વિચાર વૃદ્ધોને પણ યુવાન બનાવે છે. વ્યોમેશચંદ્ર બિચારા વૃદ્ધ નહોતા. અને જોકે પોતે ચાર બાળકોના પિતા હતા છતાં તેમને પોતાની ગત પચીશીના ભણકારા વાગવા માંડ્યા. તેમના પોષાકમાં સફાઈ અને નવીનતા આવવા લાગ્યાં. તેઓ નાનપણમાં ઘોડાનો ઘણો શૉખ ધરાવતા હતા. કેટલાંક વર્ષોથી ગાડીમાં ફરવાની પડી ગયેલી સુસ્ત ટેવનો તેમને કંટાળો આવ્યો. આજે ઘોડા ઉપર ફરવા જવાની ઊર્મિ થઈ આવી હતી.

'સાહેબ ! ઘોડો તૈયાર છે.' સાઈસે જણાવ્યું.

'ઠીક.' વ્યોમેશચંદ્ર નીચે ઊતર્યા. ઘોડાને બરાબર નિહાળ્યો, પંપાળ્યો અને થાબડ્યો. સુંદર જાનવર મગરૂરીમાં ઊભું રહી પોતાની કિંમત અંકાતી જોઈ ખુશાલીમાં આવી ગયું.

'ઘોડો જરા ભારે થઈ ગયો, ખરું ?' વ્યોમેશે ઘોડાવાળાને પૂછ્યું.

'સાહેબ, એને મહેનત ક્યાં છે ? છોકરાં કોઈક દિવસ બેસે, કે હું પાણી પાઈ આવું, એટલું જ.' સાઈસે જવાબ આપ્યો. ઘોડો બાંધ્યો રહે અને ઘાસચંદી ખૂબ મળે એટલે એમ જ થાય.'

'એને તો ફેરવતા જ રહેવું જોઈએ. હવેથી હું જ એને હાથમાં લઈશ.' એમ બોલતાં બોલતાં તેઓ પેંગડે પગ મૂકી ચપળતાથી ઘોડા ઉપર બેસી ગયા. બહુ જ દિવસે આવડતવાળા માણસને પોતાના ઉપર સવાર થયેલો જોઈ ઘોડો આનંદમાં આવી ગયો. થનકથનક કરતો આ ઊંચો ઘોડો, શહેનશાહોના ગુમાનને પણ વિસરાવી દે એવી મરોડભરી ગરદન રાખી અભિમાનભર્યાં ડગલાં મૂકતો આગળ વધ્યો.

'સાહેબ ! બહુ દિવસે કાઢ્યો છે, એટલે જરા સંભાળજો. આજે બહુ દૂર ન લઈ જશો.' ઘોડાવાળાએ શિખામણ દીધી.

વ્યોમેશચંદ્રે નાનપણમાં કંઈક ઘોડાઓને થકવી દીધા હતા. એ ઘોડાઓને થકવનારો જૂનો જુસ્સો આજ તેમનામાં પ્રગટ્યો હતો. તેમને આ શિખામણની જરૂર નહોતી. સાઈસ કરતાં અલબત્ત તેઓ વધારે કુનેહવાળા હતા. તેમણે તેમની શિખામણનો ઉત્તર આપવાની દરકાર જ ન કરી.

'લાવ, દીનાનાથને કહેતો આવું કે તેઓ આજે રાહ ન જુએ.' એમ વિચાર કરી તેમણે ઘોડાને દીનાનાથની શેરી તરફ વાળ્યો. જાગીરદારને ત્યાં માણસો પૂરતાં હતાં. એકાદ માણસ સાથે કહેવડાવ્યું હોત તો ચાલી શકત. તેમણે જાતે જઈને શા માટે કહેવું પડે, તે તેઓ જાણે.

દીનાનાથના ઘર પાસે આવી તેમણે એક તરસી નજર બારી અને અગાસી તરફ ફેંકી. ઘોડાનાં પગલાં સાંભળી મંજરીએ કુતૂહલથી બારીએ જોયું. ભારે છટાથી ઘોડા ઉપર બેઠેલા વ્યોમેશચંદ્રના મનથી ઘોડાની કિંમત વસૂલ થઈ ગઈ, અને પોતાની આવડત સફળ થઈ એમ લાગ્યું. જરા નજર કરી મંજરીએ ભમ્મરો ઊંચી ચઢાવી. પરંતુ તે સાથે કાંઈક સ્મિતની રેખા તેના મુખ ઉપર દોરાઈ અને તેણે ડોકું અંદર લઈ લીધું.

એ સ્મિતમાં અણગમો અને હાંસી હતાં કે આવકાર અને આહ્વાન? સ્મિત કરનાર વ્યક્તિ તે સંબંધમાં સ્પષ્ટતા ન કરે ત્યાં સુધી ગમે તે ધારી લેવાની છૂટ હોય છે.

વ્યોમેશે બૂમ મારી :

'ભાઈસાહેબ !'

દીનાનાથનું માનવંતું ઉપનામ હજી લોકો ભૂલ્યા નહોતા.

મંજરી ફરી બહાર આવી. તેણે જવાબ આપ્યો :

'ઘરમાં નથી.'

આટલા ટૂંકા જવાબથી તેમને સંતોષ વળે એમ નહોતું. તેમણે આગળ પૂછ્યું :

'ક્યારે આવશે ?'

મંજરી બોલી :

'એ તો ખબર નથી.'

વ્યોમેશચંદ્રને વાત લંબાવવાનો અણગમો નહોતો. મંજરીના ટૂંકા જવાબો પણ તેમને મીઠાઈના ટુકડા જેવા મિષ્ટ લાગતા હતા. અને ઉપરાંત મંજરીને જોવાનો વધારે વખત મળ્યે જતો હતો.

'નંદુબહેન છે ?' તેમણે પૂછ્યું.

મંજરીને વિચાર થયો કે આ બધી વંશાવળી તેઓ કેમ પૂછતા હશે? જરૂર હોય તો ઘરમાં આવી બધાંને મળી જાય. ઘરમાં આવવાની કાંઈ નવાઈ હોતી નથી, છતાં જવાબ આપ્યા સિવાય ચાલે એમ નહોતું.

'હા, જી. ઘરમાં જ છે. બોલાવું ?'

પોતાની માને બોલાવી જાગીરદાર સાથે વાતે વળગાડવાથી પોતે છૂટી થઈ શકશે એમ ધારી તેણે પૂછ્યું.

'ના, ના. એમને તકલીફ આપવાની જરૂર નથી. હું જ ઘરમાં આવત, પણ આ ઘોડા ઉપર છું એટલે ઊતરતો નથી.' જાગીરદારે સજ્જનપણું બતાવ્યું અને સાથે ઘરમાં ન આવવાના કારણ તરીકે પોતે ઘોડેસ્વાર થયા હતા તે વાત સ્પષ્ટ કરી આપી.

ઘોડો આમતેમ પગ ઉપાડી રહ્યો હતો. તેનાથી સ્થિર ઊભા રહેવાતું જ નહિ ! તેને કાબૂમાં રાખી મંજરી સામું જ જોયા કરાય એવી રીતે ઘોડાને ઊભો રાખવાનો વ્યોમેશનો પ્રયત્ન હતો. ઘોડાને દોડવાની ઇચ્છા હતી. તે ખસી ગયા અને મંજરી દેખાતી બંધ થઈ.

પરંતુ હજી આ બધી પૂછપરછ કરેલી તેનું ખરું રહસ્ય તો જણાયું નહોતું. પોતે આજ રાતે ન આવી શકે તો દીનાનાથ રાહ ન જુએ એ કહેવાનું તો રહી જ ગયું ! આગળ વધવાને આતુર ઘોડાને તેમણે પાછો ફેરવ્યો. મંજરી હજી ઊભી જ રહી હતી. તેને ઘોડામાં કે સવારમાં ગમ્મત પડી લાગતી હતી. નહીં તો ઘોડો ફરતા બરાબર તે પાછી ઘરમાં જતી રહી હોત. સવારને લાગ્યું કે પોતાના સૌંદર્યનું અવલોકન થતું હતું.

ઘોડેસવાર થવું એ નાનીસૂની વાત નથી. એ આવડત મનુષ્યને જેટલો મગરૂર બનાવે એટલો મગરૂર પરીક્ષામાં પહેલો આવનાર વિદ્યાર્થી પણ નહિ થઈ શકતો હોય ! અને તેમાં જો કોઈ રૂપવાન સ્ત્રી જોઈ રહી છે એમ ખ્યાલ આવે તો જરૂર ઘોડેસવાર નેપોલિયન કે શિવાજીનો અવતાર બની જાય છે.

ઘોડાને પાછો ફેરવતાં તેણે ઘણો જ અણગમો દેખાડ્યો. પોતાની અધીરાઈ અને જુસ્સો તેણે વધારે કડક સ્વરૂપમાં દેખાડ્યો. તોફાને ચઢેલા ઘોડાને વશ રાખનાર વિશ્વવિજયનો આનંદ અનુભવે છે. ઘોડાને વ્યોમેશચંદ્રે પાછો ફેરવ્યો અને કુતૂહલથી નિહાળી ઊભી રહેલી મંજરીને જણાવ્યું :

'કદાચ રાત્રે ન અવાય તો રાહ ન જુએ એમ ભાઈસાહેબને જણાવશો ?'

'હા, જી !' મંજરીએ જવાબ વાળ્યો.

'બનશે ત્યાં સુધી તો આવીશ.'

'ઠીક' કહી મંજરી શાંત રહી. દીનાનાથ વ્યોમેશચંદ્રની આટલી બધી રાહ શા માટે જોશે કે તેને માટે આમ ઘોડા ઉપર બેસી તેમને કહેવા આવવું પડ્યું ? તેમાંયે બનતાં સુધી આવવાની જ ઇચ્છા હોય તો આ બધી વાત જ નિરર્થક છે એમ મંજરીને લાગ્યું. પરંતુ વ્યોમેશચંદ્રની આંખમાં જ આ સઘળાનો ઉદ્દેશ લખેલો હતો. મંજરી તે વાંચી શકી. 'સ્ત્રીઓની પાછળ આમ ફાંફાં મારવા પડતાં હશે ?' તેને વિચાર આવ્યો. પરંતુ તે ભૂલી ગઈ કે સનાતનના પત્રની રાહ જોતી તે દરેક સવાર વિતાવે છે અને પત્ર ન મળતાં ટપાલીને શાપ આપતી તે હજી એક નિસાસો નાખે છે.

વિચારમાં ઊભેલી મંજરી એકદમ ચમકી. કડકાશથી પાછો ફેર-વાયેલો ઘોડો આગળ વધતાં વધારે આવેશમાં આવ્યો, અને બેદરકારપણે પોતાને એડી ભોંકાતા આ સુંદર જાનવરનું પાણી ઊછળી આવ્યું. ભય પમાડે એવો હણહણાટ કરી તેણે બેલગામ થઈ જઈ દોડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેને એક ઠોકર લાગવાથી ઘોડો અને સવાર બંને જમીન ઉપર ઢળી પડ્યા.

મંજરી ચમકી. આવા ઓળખીતા ગૃહસ્થને અકસ્માત થાય છતાં તે એમ ને એમ બેસી રહે એ અસંભવિત હતું. તેનું માનવહૃદય ઝણઝણી ઊઠ્યું, અને પ્રેમી તરીકે અસંભવિત મનાયલા પુરુષને અકસ્માતના પ્રસંગે ખરેખર સહાયને પાત્ર માની તે નીચે દોડી આવી.

નીચે આવતાં આવતાં તેણે પોતાની માને બૂમ મારી :

'બા ! જો, જલ્દી આવ, વ્યોમેશચંદ્ર પડી ગયા છે.'

નંદકુંવર પણ આ બૂમ સાંભળી બહાર આવ્યાં. બારીએથી જુએ છે તો ઘોડો ઊભો થઈ રહ્યો હતો, અને બેભાન અવસ્થામાં પડેલા વ્યોમેશચંદ્રની પાસે મંજરી ઊભી રહી હતી. વ્યોમેશના માથામાંથી સહજ લોહી નીકળતું હતું, તે મંજરીએ પોતાના લૂગડામાંથી કડકો ફાડી સાફ કરી નાખ્યું, અને આછો આછો પવન નાખતી તે વ્યોમેશના જાગૃત થવાની રાહ જોઈ રહી હતી.

દસ-બાર માણસો પણ આજુબાજુએથી ભેગાં થઈ ગયાં હતાં. નંદ-કુંવરે આવી વ્યોમેશચંદ્રના મુખ ઉપર સહેજ પાણી છાંટ્યું. વ્યોમેશચંદ્ર શુદ્ધિમાં આવ્યા, અને આસપાસ માણસો ઊભેલાં જોઈ પોતે પડી ગયા હતા તેનું તેમને ભાન આવ્યું.

'હું પડી ગયો !' નંદકુંવરને જોઈ એક માતા આગળ નિરાધારપણાની લાગણી દર્શાવતું બાળક બોલે તે પ્રમાણે તે બોલ્યા.

'હોય ! એ તો ઘોડાનું કામ છે. એ પણ ઘણી વખત માથું ફોડી આવતા.' દીનાનાથ પણ ઘોડે બેસતાં જાણતા હતા તેની યાદ લાવી નંદ-કુંવરે આશ્વાસન આપ્યું.

'મને બહુ વાગ્યું નથી. મારે ઘેર કહેવડાવશો ?' વ્યોમેશચંદ્રે વિનંતી કરી.

'ના ના, હમણાં કાંઈ ઘેર જવું નથી. હું થોડી દવા કરું. તમે સહજ અમારા ઘરમાં આરામ લ્યો અને પછી જાઓ.'

એટલામાં તો પેલો સાઈસ અને વ્યોમેશચંદ્રના માણસો આવી પહોંચ્યા. તેમના ઘર સુધી વ્યોમેશચંદ્ર પડ્યાની વાત ફેલાઈ ગઈ, અને તે સાંભળતાં જ તેઓ દોડતા આવ્યા.

સાઈસે ઘોડાને પકડ્યો. તેની ઇચ્છા હતી કે ઘોડાને ચાબુકના બે ફટકા લગાડી કાઢવા. પરંતુ જાનવરના શોખીન વ્યોમેશે જણાવ્યું કે :

'એને મારીશ નહિ, ખબરદાર !'

મંજરી આ સાંભળી ખુશ થઈ. વેર વાળે એવો સ્વભાવ વ્યોમેશચંદ્રમાં નહોતો એ જોઈ તેને સારું લાગ્યું.

# ૧૫

# અકસ્માતનાં પરિણામ

*સૂનાં મંદિર, સૂનાં માળિયાં*
*ને મ્હારા સૂનાં હૈયાના મહેલ રે*
*સ્નેહધામ સૂનાં સૂનાં રે.*

**નાનાલાલ**

આજુબાજુએથી ખુરશીઓ અને ખાટલાઓ લઈ માણસો આવી પહોંચ્યા. જાગીરદારની પ્રતિષ્ઠા અને તેનો પૈસો આવી ચીજોને ખેંચી લાવે એમાં નવાઈ નથી. પરંતુ તે ઉપરાંત જાગીરદાર વ્યોમેશચંદ્રનો મળતાવડો - સહુને ઉપયોગી થઈ પડવાનો - સ્વભાવ પણ લોકોમાં તેને માટે સારી લાગણી ઉપજાવી શક્યો હતો. તેમાં આવો અકસ્માતનો પ્રસંગ બને ત્યારે તો જનહૃદયની કુમળી લાગણીઓ ખાસ આગળ તરી આવે છે. દુશ્મનને પણ ઘવાયેલો જોઈ હસનાર રાક્ષસો જગતમાં ભાગ્યે જ હશે ! રડતાને જોઈ રડવાનો હૃદયનો સ્વભાવ છે. માટે જ માનવી મનુષ્ય છે !

સહુએ મળી જાગીરદારને એક ખાટલા ઉપર સુવાડ્યા. નંદકુંવરે આગ્રહ કર્યો કે વ્યોમેશચંદ્રે પોતાને ઘેર આવવું, પરંતુ વ્યોમેશચંદ્ર બેવકૂફ ન હતો. માંદગીમાં પારકે ઘેર રહેવાથી સામા માણસને કેટલો ત્રાસ પડતો હશે તેનો તેને પૂરો ખ્યાલ હતો. તે કાંઈ દીનાનાથનો સગો નહોતો કે જે આધારે પોતે સારવારનો હક્ક ધરાવી તેમના ઘરમાં દર્દી તરીકે રહી શકે. ઉપરાંત પોતાની અનુકૂળ આર્થિક સ્થિતિ હોવાથી તે પોતાના જ મકાનમાં સર્વ પ્રકારની સગવડ મેળવી શકે એમ હતું. પછી દીનાનાથને ત્યાં શા માટે રહે ?

નંદકુંવરને વ્યોમેશચંદ્રે ના પાડી.

'ના, જી ! આપને ઘેર આવવાનું કારણ નથી. નકામી તકલીફ આપને પડે !'

'અરે ! એ શું બોલો છો ? તકલીફ કેવી ? માંદા માણસને ઘરમાં લઈ જવાય નહિ તો અમારો ખપ શો !' નંદકુંવરે કહ્યું.

'ઘેર બધી સગવડ છે, માણસોને પણ ત્યાં જ ફાવે. હું તો ઘેર જ

જઈશ.'

'આપને હરકત નહિ પડે ! કદાચ આપના જેટલી સગવડ અમારે ત્યાં નહિ હોય અગર એટલાં માણસો નહિ હોય પણ...'

વ્યોમેશચંદ્રને લાગ્યું કે તેણે ભૂલથી આ સન્નારીના હૃદયનું મર્મસ્થાન વીંધ્યું હતું. તે દિલગીર થયો અને વાત સુધારવા માંડ્યો.

'એમ નહિ. આપને ત્યાં તો મને વધારે જ ફાવે ! પણ છોકરાંને અડચણ લાગ્યા કરે. અને ઘરમાં મારી હાજરી ન હોય તો બધી અવ્યવસ્થા થઈ રહે ! અને તમે ક્યાં દૂર છો ! તમારા વગર ક્યાં ચાલવાનું છે ?'

વ્યોમેશચંદ્રે આવા શરીરે વધારે વાતચીત કરવી એ નંદકુંવરને વાસ્તવિક ન લાગ્યું. મંજરી હજી વ્યોમેશચંદ્રની પાસે જ ઊભી રહી હતી. તેના સામું જોવું તેમને ઘણું ગમતું હતું. તેમને આ અકસ્માતનું પણ કારણ હવે જડ્યું. દીનાનાથ રાહ ન જુએ એ માટે નહિ પણ એ બહાને મંજરીને જોવા ખાતર તેઓ અહીં આવ્યા હતા. તેમને લાગ્યું કે ભલે અકસ્માત થયો! મંજરીની હાજરી અને સારવારથી તેઓ પોતાનું અડધું દુઃખ ભૂલી ગયા હતા, અને લોકોની મેદનીમાં મંજરીના સામું તેમનાથી બહુ જોવાય એમ નહોતું, છતાં પણ તે પાસે ઊભી રહી છે એ ખ્યાલથી તેઓ જાણે ગુલાબનાં ફૂલની ઘટામાં ઊભા હોય એવો ભાસ થતો. પરંતુ હવે ઘેર ગયા સિવાય ચાલે એમ નહોતું. નંદકુંવરને ત્યાં જવું એ મૂર્ખાઈની પરિસીમા હતી એટલે તેમને એક પલંગ ઉપર સુવાડી બહુ કાળજીથી ઘેર લઈ જવામાં આવ્યા.

મંજરી અને નંદકુંવર પણ મેદની બહાર નીકળ્યાં. જૂના પ્રતિષ્ઠિત કુટુંબની સ્ત્રીઓને યોગ્ય માન આપવું લોકો ભૂલતા નથી. તેમણે મર્યાદાથી બંને સ્ત્રીઓને માર્ગ આપ્યો અને તેઓ ઘર પહોંચ્યાં.

એટલામાં દીનાનાથ બહારથી આવી જુએ છે તો ચોગાનમાંથી માણસો વેરાતાં નજરે પડ્યાં. નાનાં નાનાં ટોળાં મળી લોકો વીખરાતા હતા. આછો આછો થઈ જતો કોલાહલ કાંઈક ભારે બનાવ બન્યાની સાક્ષી પૂરતો હતો. કાંઈ મારામારી થઈ હશે એમ પ્રથમ દીનાનાથને ખ્યાલ આવ્યો. લોકોએ તેમને ઓળખી નમસ્કાર કરવા માંડ્યા.

'શું થયું, ભાઈ ?' એક જણને તેમણે પૂછ્યું.

'પેલા જાગીરદારને વાગ્યું.' તેણે જવાબ આપ્યો.

'કોને ? વ્યોમેશચંદ્રને ?'

'હા, જી.'

દીનાનાથને ધ્રાસ્કો પડ્યો. પૈસાદાર માણસોની જિંદગી હંમેશા

જોખમમાં જ હોય છે. કોઈએ ખૂનનો પ્રયત્ન તો નહિ કર્યો હોય, એમ ધારી તેઓ અધીરા બની ગયા.

'શાથી વાગ્યું ?'

'ઘોડા ઉપરથી પડી ગયા. વધારે વાગ્યું છે. હમણાં જ ખાટલામાં નાખીને તેમને લઈ ગયા.'

'ક્યાં ?'

'તેમને ઘેર.'

આટલું સાંભળતાં દીનાનાથ પોતાને ઘેર ન જતાં વ્યોમેશચંદ્રના ઘર તરફ ગયા. પોતાનાં જૂનાં વેચાઈ ગયેલાં મકાનો તરફ તેમને જવું બહુ ગમતું નહિ, પરંતુ તેમાં તેમના પોતાના નસીબનો વાંક હતો. વ્યોમેશચંદ્ર શું કરે ? તેણે તો અણીને વખતે મિલકત વેચાતી લઈ પૈસાની રકમ આપી હતી! એમ મનનું સમાધાન કરી તેઓ પોતાના જૂના - પણ ફેરવાઈ ગયેલા મકાનમાં ગયા.

આખા મકાનમાં ધમાલ થઈ રહી હતી. દરેક માણસને એમ લાગતું કે આટલું બધું ધાંધલ કર્યા સિવાય ઘરના માલિક માટેની લાગણી પૂરતી વ્યક્ત થયેલી નહિ ગણાય ? સહુ કોઈ દોડાદોડ કરતું હતું. છોકરાં રડતાં રડતાં આમતેમ ફરતાં હતાં. કોઈ વૈદ-દાક્તરને બોલાવવા તજવીજ કરતું જણાતું. કોઈ ગરગથ્થુ ઓસડની તૈયારી કરતું. માત્ર વ્યોમેશચંદ્રની જાતને જ કોઈ સંભાળવાની તસ્દી લેતું નહિ. પેલી લક્ષ્મી પાસે બેઠી હતી.

'હું હજી મરી ગયો નથી. આટલું બધું ધાંધલ કેમ કરો છો ? છોકરાં રડે છે તે તમારા કોઈના ધ્યાનમાં નથી આવતું ?' વ્યોમેશચંદ્ર અત્યંત અકળાઈને બોલ્યા.

'છોકરાં તો રડતાં હમણાં છાનાં રહેશે, પણ તમને વાગ્યું છે તે તો જુઓ, લોહી નીકળ્યું. ઉઠાતું નથી. જરા શાંત પડો. હમણાં દવા આવે છે.' લક્ષ્મીએ બહુ જ કાળજી બતાવી જણાવ્યું.

'તમે લોકો જ મને શાંત પડવા દેવાનાં નથી.' વ્યોમેશે જવાબ આપ્યો. 'મને અહીં એકલો સૂઈ રહેવા દે, જઈને છોકરાંને સંભાળ !'

લક્ષ્મી ઊઠીને જવા લાગી. એટલામાં દીનાનાથનો વૃદ્ધ પરંતુ ગૌર, લાંબો, ભવ્ય દેહ ઓરડામાં પેસતો દેખાયો. વ્યોમેશને જરા સાંત્વન મળ્યું.

'આવો ભાઈસાહેબ ! હું તો જરા પડી ગયો. વધારે નથી વાગ્યું.'

વ્યોમેશની પાસે ભારે મિલકત હતી. પરંતુ તેની વ્યવસ્થા કોણ કરે? અને તેમાંયે એ જાતે અશક્ત હોય ત્યારે અવ્યવસ્થાનો પાર જ શાનો હોય?

દીનાનાથને પણ આ ઘરમાં ગૃહિણીનું સ્થાન ખાલી લાગ્યું અને તે ખાલી હોવાના કારણે ઘરમાં અસાધારણ અવ્યવસ્થા અને ધાંધલ જણાયાં.

દીનાનાથે સાન્ત્વન આપ્યું. વૈદ્ય-ડૉક્ટરોને વ્યોમેશચંદ્ર તરફ ઘણો જ સદ્‌ભાવ હતો, કારણ, નાનીમોટી બાબતમાં સલાહ માટે વૈદ્ય-ડૉક્ટરને ત્યાં જવું એ તેમના આખા ઘરને સુગમ પડી ગયું હતું. વ્યોમેશચંદ્ર દવાઓના મોટા ગ્રાહક હતા. ઘરમાં એક નાના દવાખાના જેટલી દવાની શીશીઓ તેમણે ભેગી કરી હતી. રોગ અને દવાઓનાં નામ તેમને મોઢે થઈ ગયાં હતાં, અને પોતાના તે જ્ઞાનનું પ્રદર્શન કરવું તેમને ગમતું પણ ખરું. અલબત્ત પત્નીની લાંબી બીમારી આમાં કારણરૂપ હતી. છતાં ડૉક્ટરોની વિઝીટ અને તેમના બિલ ચાલુ જ રહેતાં. એટલે સહુની માફક આ ધંધાદારી વર્ગને પણ વ્યોમેશચંદ્ર માટે કુમળી લાગણી રહેતી.

ખબર પડતાં વૈદ્ય અને ડૉક્ટરો પણ આવ્યા. બની શકે તે ઉપાયો સૂચવી દવાઓ આપી તેઓ ચાલ્યા ગયા. એક નાની છોકરી એટલામાં રડતીરડતી ઓરડીમાં ચાલી આવી ! લક્ષ્મી તેની પાછળ ઘણી જ ઉતાવળથી આવી તેને ઊંચકી જવા લાગી.

'ના, મારે બાપાજી પાસે જવું છે !'

એમ કહી રડતી છોકરીએ પોતાનો વાંધો જાહેર કર્યો. વ્યોમેશચંદ્રને બાળકો ઉપર ઘણું વહાલ હતું, અને તેમણે પોતાની પાસે બાળકને બેસાડવા લક્ષ્મીને સૂચના કરી જ હોત ! પરંતુ એટલામાં દીનાનાથનું કુમળું હૃદય દ્રવી ઊઠ્યું અને સહજ અણગમો જણાવી આવે એવી ઢબથી તેમણે કહ્યું :

'આવવા દે, એ છોકરીને ! નકામી કેમ ખેંચી જાય છે ?'

સહુના માનને પાત્ર વૃદ્ધ દીનાનાથને પોતાની આશા લોપાયલી જોવાના ભાગ્યે જ પ્રસંગ આવતા. પોતાની જાહોજલાલીમાં જ નહિ, પણ પોતાની પડતી હાલતમાં પણ એ જ પ્રકાર બનતો. ચાલે ત્યાં સુધી તેઓ કોઈને આજ્ઞા આપતા જ નહિ; અને આજ્ઞા કરવાનું કારણ બને ત્યારે તે કારણ હંમેશ સત્ય હોય, એટલે સહુ કોઈને તેમનું કહેવું માન્યા વગર ચાલતું નહિ. પરંતુ લક્ષ્મીને સર્વદા દીનાનાથના ઘર સાથેનો પરિચય ગમતો જ નહિ. બને ત્યાં સુધી દીનાનાથનું ભૂંડું બોલવાને તે ચૂકતી નહિ. તેમની છોકરી મોટી થઈ હતી તે માટે તે ઘણી જ સખત ટીકા કરતી, અને સ્ત્રીની અંતર દૃષ્ટિએ તેને ખાતરી આપી હતી કે દીનાનાથ સાથેનો વધતો જતો પરિચય વ્યોમેશચંદ્રને મંજરી માટેની કોઈ લાગણીનું જ પરિણામ હતું. પોતે તો એક નોકર બાઈ હતી. શા માટે તેને મંદરી સાથેનો વ્યોમેશચંદ્રનો પરિચય ગમતો નહિ ? એ ચાલાક નોકરડીની અભિલાષાઓ વ્યોમેશ-

ચંદ્રને વશ કરી ઘરમાં સત્તા ચલાવવા તરફ વળતી હતી.

એણે દીનાનાથનું કહેવું ગણકાર્યું નહિ. અને છોકરીને લઈ ઓરડીમાંથી બહાર જવા માંડ્યું. દીનાનાથની આંખમાં આ પ્રતિકારની અસર જણાઈ, અને તેમની ભમ્મરો વળી ! મંજરીની અને દીનાનાથની ભમ્મરો ઊંચકવાની લઢણ સરખી જ હતી એમ વ્યોમેશચંદ્રને ભાસ થયો. વળી તેમણે જાણ્યું કે દીનાનાથ આવા પ્રકારના લક્ષ્મીના વર્તનથી તદ્દન અપરિચિત હતા !

તેમણે એકદમ બૂમ પાડી :

'ભાઈસાહેબ કહે છે તે સાંભળતી નથી ? બહેરી થઈ છે શું ?'

દીનાનાથની આજ્ઞા લોપી શકાય, પરંતુ માલિકની આજ્ઞા લોપાય એમ નહોતું. છણછણતી લક્ષ્મી આવી, છોકરીને મૂકી ગઈ. જતે જતે દીનાનાથને ન સંભળાય એમ બબડતી ગઈ. લક્ષ્મી સાથે કેટલાક વખતથી વ્યોમેશચંદ્ર બહુ જ અણગમાથી વાત કરતો. તેને પેલી રાતના અનુભવ પછી લક્ષ્મીનો ઘણો જ ડર લાગતો.

છોકરી પાસે બેઠી અને રડતી છાની રહી !

'બાપુજી ! બહુ વાગ્યું છે ?'

'ના ના, એ તો હવે મટી જશે.'

બાપા અને દીકરીને વાત કરતાં છોડી જવા દીનાનાથ ઊભા થયા.

'વ્યોમેશભાઈ ! હું હવે રજા લઈશ.'

'જશો ? મારી તો આ દશા છે ! નંદુબહેનને મોકલતા રહેશો તો બહુ સારું. મારી તો સારવાર કરવા કોઈ જ નથી. આપ પણ આવતા રહેશો તો મને ગમશે અને મારો વખત જશે.' વ્યોમેશચંદ્રે જણાવ્યું.

'જરૂર હું આવીશ. આપ જરાયે જુદાઈ ન માનશો. હું મોકલીશ ઘરમાંથી. ગભરાશો નહિ. જરૂર હોય તો હું અહીં જ રહું.'

'ના, જી. એમ કાંઈ નથી. પણ આપ જુઓ છો ને, ઘરમાં કાંઈ ઠેકાણું છે ?'

દીનાનાથ ઊઠ્યા અને ઘરમાંથી નીકળ્યા. લક્ષ્મીએ તેમની પાછળ બારણું બંધ કર્યું, અને અણગમતાપણાનો ચાળો કર્યો. દીનાનાથને પણ રસ્તામાં જતાં વિચાર આવ્યા કરતો હતો કે પત્નીવિહીન વ્યોમેશ બહુ જ દુઃખી થાય છે. મંજરી યાદ આવી. એને અહીં આપીએ તો શું ખોટું ? એમ તેમને વિચાર આવ્યો.

ઘેર જઈ નંદકુંવરને તેમણે વાત કરી.

'આપણે મંજરીને વ્યોમેશચંદ્ર સાથે પરણાવીએ તો ?'

'મને પણ કેટલાક દિવસથી એમ જ થતું હતું. પણ તે સાંભળશે ? એ તો શ્રીમંત રહ્યા !'

દીનાનાથનું મોં પડી ગયું.

'આપણે પણ શ્રીમંત હતા, હવે નથી; પણ મને એમ લાગે છે કે આપણે પૂછીશું તો ના નહિ પાડે.'

'મને ડર લાગે છે. ઘણાં માગાં આવી ગયાં, પણ તેમણે ના પાડી છે. આપણને ના કહેશે ?' નંદકુંવરે શંકા બતાવી.

'મંજરીની મરજી પૂછવી પડશે. એને ન ગમવાનું કારણ નથી, જો વ્યોમેશચંદ્રની મરજી હોય તો !'

'એ તો વિચિત્ર સ્વભાવની છોકરી છે. એને શું ગમશે અને શું નહિ તે કોણ જાણે !'

# ૧૬

# અસ્થિર મનોદશા

*આશાભર્યાં ઉછરત પ્રિય બાલબાલા*
*સંસાર મધ્ય વડવાનલ કેરી જ્વાલા !*

**નાનાલાલ**

મંજરી ખરેખર વિચિત્ર છોકરી જ હતી. એને શું ગમશે અને શું નહિ એ ભાગ્યે જ કોઈ સમજી શકતું. માતાપિતાની તે લાડકી હતી. તેની મરજી વિરુદ્ધ કાંઈ જ થતું નહિ; - જોકે તેની મરજી તે ભાગ્યે જ વ્યક્ત કરતી. માતાપિતાનું તે અતિશય માન રાખતી, પરંતુ કોઈ કોઈ વખત પોતાનો અણગમો બરાબર બતાવતી.

અમુક માણસો તેને ગમે અને અમુક માણસો તેને ન જ ગમે. ગમતા માણસો સાથે તે ઘણી જ વાત કરે; અને ન ગમે તે માણસો સાથે તે ઘણી જ અતડી રહે. સ્વમાનની ઘણી જ ભારે લાગણી તેનામાં ઊતરી આવી હતી; પરંતુ હૃદયની મૃદુતા ઘણી વખતે એ અભિમાનમાં ઘસડાઈ જતા સ્વમાનને સુંદર સ્વરૂપ આપતી. ઊંચો ઘાટદાર બાંધો, ગૌર વર્ણ, માર્દવની કુમળી રેખા અને સ્વમાનનું તેજ તેને આકર્ષક બનાવતાં. એના તરફ જોઈને ભાગ્યે જ તત્કાળ નજર પાછી ખેંચી લેવાય.

આટલી ઉમર સુધી તે અવિવાહિત સ્ત્રી હતી તેમાં તેની સ્વેચ્છા જ કારણ રૂપ હતી. હિંદુ સંસારમાં હજી સારું કુળ માન પામે છે. સારા કુટુંબ સાથે સંબંધ બાંધવા સઘળા આતુર રહે છે. એટલે દીનાનાથની આર્થિક સ્થિતિ ઊતરતી થયેલી હોવા છતાં તેના ઘરની કન્યા લેવા ઘણા માણસો ઉત્સુક હતા. પરંતુ કેટલાકને દીનાનાથે જ નાપસંદ કર્યા, કેટલાકને નંદકુંવરે નાપસંદ કર્યા. અને તેમની પરીક્ષામાં પસાર થયેલા સઘળા છોકરાઓને મંજરીએ નાપસંદ કર્યા.

અલબત્ત મંજરી અસભ્ય જરા પણ નહોતી. કોઈ પણ યુવકનું નામ તેની આગળ દેવામાં આવે ત્યારે તે વાતનો ઉદ્દેશ સમજતી હતી. પરંતુ ઉમરે પહોંચેલાં માબાપને પોતે જાણે કંઈ સમજતી ન હોય, એમ દેખાવ કરી તે જવાબ આપી શકે એમ હતું. અણસમજના દેખાવ પાછળ અસભ્યતા

દબાઈ જાય છે.

'મંજરી ! પેલો છોકરો કેવો ગોરોગોરો છે ?' ક્વચિત્ વાતમાં નંદકુંવર પૂછતાં.

'તને ગોરો લાગતો હશે ! મંજરી ભમ્મર ચઢાવી કહેતી. 'આટલો બધો ફિક્કો ! કમકમી ચઢે એવો ગોરો હોય તે કાંઈ સારો લાગે ?'

કોઈ યુવક ઊંચી પરીક્ષામાં પસાર થાય એટલે દીનાનાથની નજર તેના તરફ દોડતી. તેઓ ઘરમાં વાત કરતા કે અમુક છોકરો બહુ ઊંચી પાયરીએ પરીક્ષામાં આવ્યો ! મંજરી સહજ હસતી.

'કેમ બહેન ! કેમ હસે છે ? ભણનાર તો બહુ જ ઓછા છે.'

'એ જ સારું છે.' હસતાં હસતાં મંજરી કહેતી. 'બહુ ભણ્યો છે પણ એનું મોં કેવું રડતું લાગે છે ? મોં જોઈને તો આંખો બંધ કરવી પડે !'

'ત્યારે પેલો તો ભણે છે પણ ખરો, જરા ઊજળો પણ છે, અને સહેજ ચબરાક પણ છે.' નંદકુંવર બીજા કોઈ છોકરાનાં વખાણ કરતાં.

'એવા ચીબાવલા છોકરા બહુ સારા કહેવાતા હશે !' મંજરી વાંધો લેતી, 'જ્યારે જોઈએ ત્યારે વીલું હસતું મોં રાખે એનું નામ બહુ ચબરાક, ખરું કે ?'

'તને તો એટલો મિજાજ છે કે ખાસ કરીને ખૂબ કાળો અને કદરૂપો વર ખોળી હું પરણાવવાની છું. તે વગર આ તારું અભિમાન ઓછું થવાનું નથી.' નંદકુંવર અડધું ચિડાઈને અડધું હસીને બોલતાં.

આમ વર્ષો સુધી મંજરીની પસંદગી કોઈ તરફ વળી નહિ. મોટી ઉમર થતાં પોતાને લીધે માબાપને પડતી આર્થિક અડચણ મંજરી બરાબર સમજી ગઈ હતી, એટલે તેણે પોતાની આવડતનો છાનોમાનો બહુ જ ઉપયોગ કર્યો. તે રૂમાલો ભરતી, કોર ભરતી, કપડાં પણ વેતરી શકતી, અને તેની બહેનપણીઓ દ્વારા પોતાની બનાવેલી ચીજો બજારમાં વેચાવી, તે પોતાના કુટુંબને આર્થિક સહાય પણ આપતી. નંદકુંવર આ વાત જાણતાં, પણ તેમનો બીજો ઈલાજ નહોતો. માત્ર આવક બનતાં સુધી જુદી જ મૂકી રાખતાં.

દીનાનાથને માત્ર તે દિવસે જ ખબર પડી હતી કે મંજરી આવી આવી ચીજો વેચે છે. તેમને પોતાના ઉપર તે દિવસે એટલો બધો ધિક્કાર આવી ગયો હતો કે તેઓ આપઘાત કરવાના વિચારો તરફ દોરાયા હતા. ત્યાર પછી તેમણે સખત હુકમ આપી દીધો કે મંજરી પોતાના શોખથી જે કામ કરતી હોય તેના આવેલા પૈસામાંથી ઘરમાં એક પાઈ પણ વપરાવી ન

જોઈએ. છોકરીને પૈસે પોષણ પામવા કરતાં હિંદુ માબાપ મરવું વધારે પસંદ કરે છે.

મંજરીને પરણાવવાની ચિંતા ત્યાર પછી ઘણી જ વધી ગઈ. પરંતુ કોઈ સારો યુવક મળતો નહોતો. વ્યોમેશચંદ્રમાં કોઈ પણ રીતની ખામી ન હતી. તેઓ લક્ષ્મીવાન હતા. તેમની પ્રતિષ્ઠા ઘણી જ સારી હતી. તેઓ સ્વભાવે સુશીલ અને આનંદી હતા. તેમનું શરીર સુદૃઢ હતું. અને તેમના ઘરમાં ગૃહિણીની ખાસ જરૂર આજકાલ દીનાનાથ જોઈ રહ્યા હતા.

કોણ જાણે કેમ પણ વ્યોમેશચંદ્ર તરફ મંજરીને જરા પણ ઉમળકો આવતો નહિ. તે સમજી શકતી હતી કે આ જાગીરદાર પોતાના તરફ કયા ભાવથી ખેંચાય છે. એટલે તે જાણી જોઈને તેના સંસર્ગમાં આવતી જ નહિ.

તેઓ ઘોડેથી પડી ગયા તે વખતે મનુષ્ય તરીકે ફરજ બજાવવા મંજરી ચૂકી નહિ, જાગીરદારને ઘોડે બેસતાં બહુ સારું આવડે છે એમ તે જોઈ શકી. પોતે પડી ગયા હતા છતાં પોતાનો મર્તબો સાચવી રાખવાની વ્યોમેશચંદ્રની શક્તિ તેણે આશ્ચર્યથી જોઈ. ઘોડાને ફટકારવા તૈયાર થયેલા સાઈસને પડેલા વ્યોમેશચંદ્રે રોકતાં તેના હૃદયની ઉદારતા મંજરીને જરા ગમી.

છતાં વ્યોમેશચંદ્ર જાતે ગમતા નહિ !

તેમણે મોકલેલી નોટ તેણે જરાપણ સંકોચ વગર ફાડી નાખી હતી. વ્યોમેશચંદ્ર સંબંધી વાત નીકળતાં તેનો ઉત્સાહ ઓગળી જતો. પોતાનાં માબાપને મુખે તેમનાં વખાણ સાંભળવા છતાં તેના ઉપર એ વખાણની જરા પણ અસર થતી નહિ.

તે હજી સનાતનને ભૂલી નહોતી.

હજી દરરોજ પત્રની રાહ જોતી તે ઊભી રહેતી. સવારે તેનામાં ઉત્સાહ આવી જતો. જાણે આજે જરૂર કાગળ આવવાનો હોય એમ તે આશામાં ને આશામાં ફરતી. ટપાલનો વખત તે કદી ચૂકતી નહિ. બારીએ બેસી તે દરરોજ પત્રની રાહ જોતી હતી. ટપાલી આવી કાગળ નાખી જાય કે તરત દોડીને તે કાગળો ઊંચકી લેતી. જાણીતા અક્ષરવાળા કાગળો જોવાનું તે મુલતવી રાખતી, અને જે અજાણ્યો કાગળ આવે તે પ્રથમ ફોડતી. ફોડી વાંચતાં તે સદાય નિરાશ થતી.

'શું કોઈ દહાડોયે એમનો કાગળ નહિ આવે ?' અંતે નિસાસો નાખી તે બોલી ઊઠતી. ટપાલ પછી આખોયે દિવસ તે લગભગ શોકમાં ગાળતી. હસવાનો, આનંદનો પ્રસંગ આવ્યે હસતી પણ ખરી, પરંતુ તેનાં સર્વ

કાર્યમાં શોકની છાયા જણાતી.

પાછું સવાર પડે એટલે કાગળની આતુરતામાં ટપાલીની રાહ તે જોતી બેઠી જ હોય ! આ તેનો નિત્યક્રમ હતો.

પ્રિયતમાનાં દર્શન માટે હૃદયને જેટલી વિકળતા થાય તેટલી જ વિકળતા પ્રિયતમના પત્ર માટે થાય છે એ કોણ નથી જાણતું ?

નંદકુંવરને એક દિવસ તાવ આવ્યો. મંજરી પોતાના રોજના ક્રમ પ્રમાણે પત્રની આશામાં નિરાશ થઈને બેઠી હતી એટલામાં વ્યોમેશચંદ્રની નાની છોકરી ઘરમાં આવી.

'ભાઈ દાદરેથી પડી ગયો છે. બોલાતું નથી અને બાપાજીથી તો ઉઠાતું નથી. મને બોલાવવા મોકલી છે.'

ઉપર મુજબ તેણે સંદેશો કહ્યો. નંદકુવરથી તો ઉઠાય એમ નહોતું. દીનાનાથ ઘરમાં નહોતા. એકલી મંજરી જઈ સારવાર કરે એમ હતું. પરોપકારી માતાએ જરાપણ સંકોચ વગર મંજરીને છોકરી સાથે જવા જણાવ્યું. મંજરીને ઘણુંય અતડું લાગ્યું. આવી રીતે એકલા જવાનો તેને આ પ્રથમ પ્રસંગ હતો, અને સ્ત્રીના કુદરતી સ્વભાવ પ્રમાણે તેણે વ્યોમેશચંદ્રના ભાવ પરખી લીધા હતા. આથી તેને ઘણો સંકોચ સ્વાભાવિક રીતે થયો. પરંતુ આવા પ્રસંગોમાં એવાં કારણો બાજુએ મૂકવા પડે છે.

છોકરીની આંખમાંથી આંસુ વહેતાં હતાં. મંજરી તે ખમી શકી નહિ. મંજરીએ તેને પોતાની પાસે લીધી.

'વેલી ! રડીશ નહિ. હું આવું છું હોં !'

કહી મંજરી તૈયાર થઈ. માંદી માતાને મૂકી ઓળખીતાને ત્યાં સારવાર કરવા મંજરી ચાલી.

વેલી મંજરીની આંગળીએ વળગી. છોકરી ઘણી વાતોડી હતી. તેણે ઘેર પહોંચતાં પહોંચતાં તો મંજરીની સાથે કંઈક વાતો કરી નાખી. આ નાની બાળકીના સ્મિત ઉત્પન્ન કરે એવા પ્રશ્નો, તેનું સુંદર અજ્ઞાન, અને વાત કરવાની મીઠી રીતથી મંજરીને પણ તેના ઉપર મોહ ઊપજ્યો.

'તમે મને બહુ જ વહાલાં લાગો છો.' વેલીએ વાતમાં જ મંજરીને જણાવ્યું. 'તમારું મોં મને એવું ગમે છે !'

'એવું' શબ્દ ઉપર મૂકેલા ભારથી વેલીની પ્રમાણિક માન્યતા બહુ જ સ્પષ્ટ થઈ. મંજરી હસી.

'મને તમારી પાસે રાખો તો ?' જવાબ આપતાં ગૂંચવાઈ જવાય એવો પ્રશ્ન વેલીએ પૂછ્યો.

'તને મારે ત્યાં મોકલશે ?' મંજરી વાતોમાં દોરાઈ.

'કેમ નહિ ? બાપાજી કાંઈ ના નહિ પાડે. અમે તો બધાંય તમારે ત્યાં આવીએ.' વેલીએ સરળતાથી રસ્તો બતાવ્યો.

મંજરીને પોતાના પિતાની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવ્યો. આ સરળતાથી વાત કરતી વેલીના જીવનમાં આર્થિક પ્રશ્ન ઉદ્ભવે એમ હતું જ નહિ, એ પ્રશ્ન હજી તેની વિચારસૃષ્ટિની બહાર હતો. પરંતુ મંજરીને તો તે નિત્યનો પ્રશ્ન હતો, પિતાની પ્રથમ જેવી સ્થિતિ હોત તો તે કેવી સહેલાઈથી વ્યોમેશચંદ્રના ચાર છોકરાંને બોલાવી પોતાની પાસે રાખી શકત ? એ પ્રશ્ન ઉદ્ભવતા તેનું મોં સહજ ઊતરી ગયું.

'અમે આવીએ તે નહિ ગમે ?' વેલીએ પૂછ્યું.

'શા માટે નહિ ?' મંજરીની ગ્લાનિ બાલિકાની નિર્દોષ વૃત્તિએ દૂર કરી. 'જરૂર. જ્યારે જ્યારે મન થાય ત્યારે ત્યારે મારે ત્યાં રમવાને આવજો, હું બહુ રમતો બતાવીશ, હોં !'

વેલી ખુશ થઈ ગઈ અને મંજરીની આંગળી જોરથી પકડી દબાવવા લાગી. વ્યોમેશચંદ્રનું મકાન આવતાં વેલી દોડતી દોડતી આગળ ગઈ અને મંજરી આવ્યાની ખબર તેણે બધાંને આપી.

પડી ગયેલા છોકરાને વ્યોમેશચંદ્રની પાસે સુવાડ્યો હતો. પિતાનું હૃદય અતિશય દ્રવતું હતું. નંદકુંવરની રાહ જોઈ બેઠેલા વ્યોમેશચંદ્રને મંજરી આવ્યાની ખબર પડતાં ઘણી નવાઈ લાગી. પરંતુ એ નવાઈ અણગમતી નહોતી.

વેલી મંજરીને પોતાના ભાઈ પાસે લઈ ગઈ. છોકરાની મૂર્છા વળી હતી. તેને ગમે તેમ બાંધેલા પાટા છોડી મંજરીએ ઠીક કરી બાંધી આપ્યા. છોકરાને કરાર વળ્યો. બહુ દિવસથી માતાની સારવાર ભૂલેલા બાળકને મંજરીની ભાવભરી સારવારથી કોઈ અજબ સંતોષ વળ્યો. છોકરો મંજરીના મુખ સામું જોયા જ કરતો હતો. વેલી તો મંજરીની આસપાસ ઝઝૂમી જ રહેતી. કાંઈ પણ લાગ મળે એટલે મંજરીના શરીરને તે અડકી લેતી. બાળકીને મંજરીનો મોહ જ લાગ્યો હતો. આમ ઘણું ઝઝૂમવાથી મંજરી કંટાળશે એમ ધારી વ્યોમેશચંદ્રે વેલીને દૂર ખસવા જણાવ્યું.

'વેલી ! જરા દૂર બેસ. ઘડી ઘડી અડ્યા ન કરીએ.' વ્યોમેશે કહ્યું.

મંજરીએ આટલી બધી વાર વ્યોમેશચંદ્ર અત્યંત નજીક હોવા છતાં તેના તરફ દૃષ્ટિ પણ કરી નહોતી. તેને અતિશય વિચિત્ર અનુભવ થયા કરતો હતો. તેની ખાતરી હતી કે વ્યોમેશચંદ્રની નજર તેના ઉપર સતત

પડેલી જ રહી હશે. એક ક્ષણ તેણે વ્યોમેશ તરફ જોયું, પરંતુ આ સભ્ય ગૃહસ્થ ખાસ કરીને પોતાની નજર મંજરી ઉપર ન પડે એવી કાળજી રાખતા જણાયા. મંજરીના સામી તેમની નજર હતી જ નહિ.

'હું અડકું છું તે નથી ગમતું ?' વેલીએ પિતાને જવાબ આપવાને બદલે મંજરીને પ્રશ્ન પૂછ્યો.

જવાબમાં મંજરીને સહજ હસવું આવ્યું. અને વેલીને તેણે પોતાની સોડમાં વધારે દબાવી. વેલીને સ્વર્ગ મળ્યું હોય એમ લાગ્યું. પિતાની ફરિયાદ ખોટી હોવાનો વગર બોલ્યે પુરાવો મળ્યો.

થોડી વારમાં મંજરી ઘેર જવા માટે ઊઠી. બાળકોને જ નહિ પણ વ્યોમેશચંદ્રને પણ તેના જવાનો વિચાર અણગમતો થઈ પડ્યો. ઘવાયલા બાળકે મંજરીને જતી જોઈ પૂછ્યું :

'હવે તમે નહિ આવો ?'

ખરા મનથી ઉચ્ચારેલાં બાળકોનાં વાક્યો પાછળ કેટલું બળ રહેલું છે તેની બાળકોને ખબર પડતી નથી. દુઃખીને તે ખડખડાટ હસાવી શકે છેઃ પથ્થર જેવા હૃદયને પિગળાવી નાખી નયનો દ્વારા તેને આંસુ રૂપે વહેવરાવી દે છે. જગતમાં બાળક ન હોત તો માનવી પશુ કરતાં પણ નીચલી ભૂમિકાએ હોત. વગર સમજ્યે, વગર જાણ્યે હૃદય ઉપર સામ્રાજ્ય ભોગવતાં બાળકો હૃદયને અણધારી ગતિ આપે છે.

'ના ભાઈ ! હું આવીશ હો !' કહી મંજરીએ વ્યોમેશચંદ્રની હાજરીમાં ઉચ્ચારેલાં ગણ્યાંગાંઠ્યાં વાક્યોમાં ઉમેરો કર્યો.

'ત્યારે તમે જાઓ જ નહિ તો ?' વેલીએ આગ્રહમાં વધારો કર્યો.

મંજરી ફરી હસી.

'તમે લોકો કાયર નહિ કરો.' કહી વ્યોમેશચંદ્રે મંજરીને જવા માટે સૂચન કર્યું.

મંજરી એક માણસ સાથે ઘેર પાછી આવી.

# ૧૭

## મંજરીનું લગ્ન

*જરા બાલાને બળતી બચાવો, સજ્જન !*

**નાનાલાલ**

તે ઘેર આવી ત્યારે ટપાલીએ નાખેલા કાગળો મેડીમાં પડેલા તેણે જોયા. તેની નિરાશાનો પાર નહોતો. માનવ જાતની નિર્બળતા સૂચવતી નિરાશામાં પણ છૂપેલી છેવટની આશા મંજરીને છોડતી નહિ. કાગળો તેણે બહુ જ આતુરતાથી ઊંચકી લીધાં. પરંતુ તેણે ધારેલો એક પણ કાગળ તેના જોવામાં ન આવ્યો.

'શાનો કાગળ આવે ? મારે અને તેને શું છે ?'

નિસાસો નાખતી મંજરી બબડી. મંજરીને લાગ્યું કે સનાતનના પ્રસંગવશાત્ અપાયેલા વચનમાં સત્યવાદી હરિશ્ચંદ્રના પણનો આગ્રહ જોવાની આશા રાખવી એ ભૂલભરેલું છે. જગતમાં ઘણાં વચનો પાળવા ખાતર અપાતાં નથી. વચનભંગ એ સામાન્ય ક્રમ છે, અને તેથી કોઈએ નવાઈ પામવાની નથી.

ઉપર જઈ જુએ છે તો તેની સખી માલતી નંદકુંવર પાસે બેસી વાત કરતી તેણે દીઠી. માલતી તે દિવસે સનાતનનું ભૂંડું બોલી હતી એટલે તેને માલતી પ્રત્યે એક જાતનો અણગમો આવ્યો હતો. છતાં વખત બેવખત માલતી આવતી ત્યારે વાતો કરવામાં તેનો જીવ પરોવાતો.

માલતીને લઈ મંજરી પોતાની ઓરડીમાં ગઈ. કંઈક નવાઈની વાત કહેવાની હોય એમ તેના મુખ ઉપરથી લાગતું હતું. છેવટે તેણે જે કહેવાનું હતું તે કહી દીધું.

'હું તને નંહોતી કહેતી ? મુંબઈમાં તો એક લાલચ મૂકી એટલે બીજી આગળ જ આવવાની.'

'પણ તેમાં મારે શું ?' મંજરીએ કહ્યું.

'હું જાણે કશું સમજતી જ નહિ હોઉં !' માલતીએ પોતાના સ્ત્રીહૃદયના જ્ઞાનની વડાઈ બતાવી કહ્યું : 'હું જાણું છું. તારો જીવ હજી પેલા સનાતનમાં ભરાઈ રહ્યો છે. પણ બહેન ! પરદેશીઓનો ભરોંસો નહિ.'

સનાતનમાં ભરાઈ રહ્યો છે. પણ બહેન ! પરદેશીઓનો ભરોંસો નહિ.'

'મને તો બહેન ! કોઈનોય ભરોંસો નથી.' મંજરીએ જવાબ આપ્યો.

'હું નહોતી કહેતી ? હવે એ સનાતન મુંબઈના એક શેઠને ત્યાં રહ્યો છે. હોંશિયાર છે એટલે બધું હાથ કરીને બેઠો છે. શેઠની વહુ પણ-'

'મારે એ બધું નથી સાંભળવું ! જેને જે ફાવે તે કરે !' મંજરીએ કંટાળો બતાવતાં કહ્યું.

'સનાતનને તારી દરકાર નથી; એ શું કરે છે અને શું કરશે એ કોઈ જાણતું નથી; ગમે તેવી સોબતમાં રખડે છે; અને હાલ તો પેલા શેઠની વહુ સાથે એ પણ વગોવાય છે. એની આશા મૂકી દે. પેલા બિચારા વ્યોમેશચંદ્ર...'

એ વાક્ય માલતી પૂરું કરે તે પહેલાં તો વ્યોમેશચંદ્રની નાની બાળકી વેલી પાછી મંજરીને ખોળતી ખોળતી ઉપર ચઢી આવી.

'હું તો પાછી આવી !' પાછા આવવાનું કારણ કહેવાને બદલે વેલીએ પાછા આવ્યાની હકીકત જ કહી સંભળાવી મંજરીની પાસે જઈ તે બેસી ગઈ. મંજરીને આ છોકરી ઉપર ઉમળકો આવ્યો. તેણે તેને પાસે લઈ ખોળામાં બેસાડી.

માલતીને પેલું અધૂરું વાક્ય પૂરું કરવાની જરૂર જણાઈ નહિ. વ્યોમેશચંદ્રની છોકરીને આટલા બધા વહાલથી પોતાની પાસે મંજરીએ લીધી એ તેને માટે પૂરતું સૂચક હતું. તે સમજી ગઈ. અને થોડી વારે નીચે જઈ તેણે નંદકુંવરને જણાવ્યું કે વ્યોમેશચંદ્રની સાથે મંજરીનાં લગ્ન થશે તો એમાં મંજરીનો વાંધો હશે જ નહિ. મંજરી જોકે મોઢે કદાચ નહિ કહે પરંતુ એને એ વાત અણગમતી તો નથી જ એની ખાતરી માલતીએ આપી.

નંદકુંવર ખુશ થયાં. દીનાનાથને પણ તે વાત જણાવી. હિંદુ સંસારમાં કન્યાઓની મરજી નામરજી જાણવાનું સાધન કન્યાઓની સખીઓ જ હોય છે. માતાપિતાને તો કોઈ જાતનો વાંધો હતો જ નહિ. પોતાની વેચાઈ ગયેલી ઘણી મિલકત પોતાની જ દીકરીને વાપરવાનો પ્રસંગ આવશે એ તેમની મોટામાં મોટી ખુશાલી હતી. બીજો કાંઈ વાંધો નહોતો. છોકરી સુખી થશે, અને સારા માણસની સાથે તેનું ભાગ્ય જોડાશે એ વ્યવહારદૃષ્ટિ માતપિતા માટે બસ હતી.

મંજરીને હવે પૂછવાની જરૂર રહી નહોતી. વ્યોમેશચંદ્ર તરફ તેમણે માગું મોકલાવ્યું. અણધારી રીતે પોતાની ઇચ્છા પૂર્ણ થતી જોનારનો કેવો આનંદ થાય છે તે સામાન્ય સમજની બહાર છે. વ્યોમેશચંદ્રના આનંદનો

પાર જ ન રહ્યો. તેને લાગ્યું કે તેનું ગયેલું સુખ પાછું મળે છે. અલબત્ત, એક ડંખ તેને લાગ્યા કરતો હતો. એ ડંખ તે કદી પણ ફરી ન પરણવાનું પોતાની ગત પત્નીને આપેલું વચન.

પરંતુ બીજા દુઃખના પ્રમાણમાં વચનભંગ થયાનું દુઃખ બાજુએ મૂકવા જેવું હતું. એ જ ગત પત્નીનાં બાળકો દુઃખી થતાં હતાં એટલે છેવટે બધી મુશ્કેલીઓ બાજુએ મૂકી વ્યોમેશચંદ્રે ઉપકાર સાથે માગણી સ્વીકારી.

મંજરીને ચાંલ્લો થતાં જ તે ચમકી. શા માટે તેને કપાળે બીજા કોઈ ચાંલ્લો કરવા આવ્યાં હતાં ? તેને ખબર પડી : તે બીજા કોઈની પત્ની થવાની હતી. માબાપની મટી કોઈ ત્રાહિત માણસની મિલકત બનવાની હતી. તેને લાગ્યું કે તે સ્વતંત્રતા ખૂએ છે. અને તે કોને હાથે ? વ્યોમેશચંદ્ર તેને કદી ગમ્યા નહોતા. તે ગમે એટલા દેખાવડા હશે, ગમે એટલા સારા સ્વભાવના હશે, ગમે એટલા પૈસાદાર હશે, ગમે એટલી પ્રતિષ્ઠાવાળા હશે; પરંતુ મંજરીને તે કદી ગમ્યા નહોતા.

પરંતુ હવે શો ઈલાજ ? તેને શું કહેવાનું હતું ? કદાચ ના પાડે તોપણ શું ?

તેનો સનાતન ક્યાં ? તેને તો દરકાર ન હતી. તે ગમે ત્યાં ફરતો હતો. ગમે તેવું વર્તન રાખતો હતો. કદાચ તે મંજરીને ભૂલી પણ કેમ ન ગયો હોય ? અરે પણ લગ્ન કરવાનો વિચાર કર્યો હતો - કદાચ તે પરણી પણ કેમ ન ગયો હોય ?

તેને કપાળે કુમકુમ અડકતાં તે થથરી ગઈ. તેના અંતરમાંથી પોકાર ઊઠ્યો : સનાતન ! સનાતન !

છતાં ચાંલ્લો તો બીજાનો જ હતો. વ્યોમેશચંદ્ર સાથે તેનો વિવાહ મળ્યો, અને થોડા વખતમાં તેનાં લગ્ન પણ થઈ ગયાં.

તેનાથી હસાયું નહિ. કોને માટે ? શાને માટે તે હસે ? પરંતુ તેનાથી રડાયું પણ નહિ. પત્ર આવ્યો હોત તો તો તે સનાતન માટે રડી શકત અને લગ્નની ના પાડી શકત. પરંતુ સનાતન ક્યાં ? તેનો પત્ર ક્યાં ? પત્રલાલસા અતૃપ્ત જ રહી, અને જડ હૃદય અને જડ દેહ બનાવી તે પરણી તે દિવસથી તેના મુખ ઉપર પણ એક પ્રકારની જડતા આવી ગઈ. મુખ ઉપર પણ ચંચળતા બાળકો જ ઉપજાવી શકતાં - બીજું કોઈ નહિ.

# ૧૮

# પૈસાની શોધ

*સોનું ધન, ધન રૂપું હો અબધૂત !*
*હીરા મોતી ઝવેર !*

**નાનાલાલ**

લક્ષાધિપતિ થવાનો નિશ્ચય કરી મુંબઈ રહેવા ગયેલા સનાતનને પતિત સ્ત્રીઓ માટે સ્થાપેલા આશ્રમને સેવવો પડશે એમ કોણે ધાર્યું હશે ? પોતાની વિદ્વત્તા અને બુદ્ધિની ભારે કિંમત આપીને પણ તેમનો ઉપયોગ કરવા માટે જગત આતુરતાથી રાહ જોતું બેઠું હશે એમ દૃઢતાથી માનતા સનાતને જોયું કે તેની વિદ્વત્તા અને બુદ્ધિની માગણી કર્યા સિવાય જગત બહુ જ આનંદથી પોતાનો માર્ગ કાપ્યે જતું હતું. લાખો રૂપિયા મંજરીને ચરણે ધરી તેને લાયક નીવડવાનો નિશ્ચય કરનાર સનાતન લફંગા અને વિષયી સ્ત્રી-પુરુષોના મહોલ્લામાં એક અજાણ્યા બદમાશનો ઘા સહન કરવાને સર્જાયો હશે એમ તેના સ્વપ્નમાં પણ નહિ આવ્યું હોય.

મંજરી તેને હવે ઘણી યાદ આવવા લાગી. બુલબુલનું ગાન તેને મંજરીના અવાજનું ભાન કરાવતું. તે જાતે અંધ બુલબુલની પાસે બેસી ગાન શીખતો; સંગીતનો આનંદ અનુભવતો; અને ધીમે ધીમે રાગતાલની બારીકી અને ઝીણવટભરેલી ખૂબીઓ સમજવા મથતો.

તેનો ઘા હવે તદ્દન રુઝાઈ ગયો હતો. બુલબુલ પાસેથી પૂર્વી રાગની એક ચીજ શીખી તેને રટતો તે એકલો એક દિવસ બેઠો હતો, અને અચાનક ચિતરંજને આવી અંદર પ્રવેશ કર્યો.

ચિતરંજને સહજ નિઃશ્વાસ નાખ્યો. ભાગ્યે જ દિલગીરીને વશ થતા આ મહાઆનંદી પુરુષે તરત જ સનાતનને ખભે હાથ મૂક્યો અને એકાએક તેના તરફ જોતાં સનાતને ગાવું બંધ કરી દીધું.

'કેમ બંધ પડી ગયો ? હવે તને સમજાય છે કે ભૈરવીની કિંમત વધારે કે રોમન સામ્રાજ્યની પડતીની કિંમત વધારે ? માલકૌંસ સુંદર કે ભૂમિતિનો સિદ્ધાન્ત વધારે સુંદર ?' ચિતરંજને પૂછ્યું.

'સરખામણી ન થાય એવી વસ્તુઓને આપ સરખાવવા માગો છો ?' સનાતને જવાબ આપ્યો. સંગીતનો તે એટલો બધો અંધભક્ત નહોતો થઈ ગયો કે પોતાના ભણતર અને સંસ્કારને સંગીત સાથે સરખાવી તે વખોડી કાઢે.

'હું બરાબર સરખામણી કરું છું.' વાદવિવાદમાં કદી પણ પોતાનો પરાજય ન સ્વીકારનાર વૃદ્ધે જણાવ્યું. 'જો, હવે હું તને પૂછીશ એટલે સરખામણી તનેય સમજાશે. ઈશ્વર તને બેમાંથી એક વસ્તુ પસંદ કરવા હુકમ કરે અને જણાવે કે કાં તો સોહિણી રાગ પસંદ કર, અગર તર્કશાસ્ત્રનો એક સિદ્ધાંત પસંદ કર. બેમાંથી એક મળશે; બંને નહિ મળે. તો કહે, તું શું પસંદ કરીશ ? સોહિણી કે સિદ્ધાંત ?'

સનાતન આ વિચિત્ર દલીલ સાંભળી હસ્યો, તેણે કબૂલ કર્યું કે તે સિદ્ધાંતનો ભોગ આપી સોહિણીને જરૂર પસંદ કરે.

ચિતરંજને ફરી તેની પીઠ થાબડી.

'શાબાશ ! હવે તું દુનિયા બરાબર જોઈ શકશે. તમારી શાળાઓ અને પાઠશાળાઓમાં સંગિતરહિત અપાતું જ્ઞાન કેવું શુષ્ક અને જીવ વગરનું છે એ તું સમજ્યો ?' ચિંતરંજને પૂછ્યું.

અલબત્ત, વર્તમાન શિક્ષણની આ ખામી સનાતનને કબૂલ કર્યા સિવાય ચાલે એમ જ નહોતું.

'હવે ત્યારે તું દુનિયામાં ઝુકાવ.' ચિંતરંજને કહ્યું. 'તારે અઢળક પૈસો જોઈએ છે, નહિ ?'

'હા, હા. હાલ તો એ જ મારી મનોકામના છે.' સનાતને જવાબ આપ્યો.

'જો, તારી મનોકામના સફળ થાય એવો રસ્તો મેં ખોળ્યો છે. આ ચિઠ્ઠી લઈ તું દરિયા પરના બંગલા ઉપર જા. તારી બુદ્ધિ અને તારા સંગીત ઉપર વિશ્વાસ રાખજે. તને પોતાને નવાઈ લાગે એટલી મુદતમાં તું લાખો રૂપિયા કમાઈશ.'

સનાતનને તેણે કામઠેકાણું બતાવ્યું, ચિઠ્ઠી આપી, અને સાથે સાથે સૂચના આપી :

'સનાતન ! જોજે. સ્ત્રીઓથી સંભાળજે. દુનિયામાં ભારેમાં ભારે લાભ પણ સ્ત્રીની લતથી થાય છે અને તેવા જ ગેરલાભ પણ સ્ત્રીની લતથી થાય છે.'

સનાતન ખુશ થતો બતાવેલી જગાએ ગયો.

ભારે બંગલાનો ઠાઠ જોઈ સનાતનને હસવું આવ્યું. તેને વિચાર આવ્યો કે ચિતરંજનને આ બધું ઓળખાણ ક્યાંથી હશે ? એ વિચિત્ર માણસની વિચિત્રતામાં તેને ઘણો જ વધારો થતો લાગ્યો.

બંગલામાં જઈ તેણે ચિઠ્ઠી આપી. ચિઠ્ઠીનું માન પણ ઘણું જ હોય એમ જણાયું. સનાતનને તરત જ અંદર બોલાવવામાં આવ્યો.

માલિકને જોઈ સનાતનને લાગ્યું કે પૈસો સાથેસાથે આવું કદરૂપાપણું લાવતો હોય તો તે બિલકુલ ન જોઈએ.

'તમને ચિતરંજને મોકલ્યા ?' બંગલાના માલિકે પૂછ્યું.

'હા. જી.'

'તમે ગ્રેજ્યુએટ છો, ખરું ?' તેમણે પૂછ્યું. તેના પૂછવા પાછળ રહેલો દમામ સનાતનને ગમ્યો નહિ. એટલે તેણે હા કહી પતાવ્યું.

શેઠ પોતે ગ્રેજ્યુએટ નહોતો, છતાં ગ્રેજ્યુએટો તેની પાસે નોકરી અર્થે આવે છે એ ગૌરવ તેઓ કદી ભૂલી શકતા નહિ. મદનલાલ શેઠ પાસે અઢળક પૈસો હતો. તેમના દાદાએ મુંબઈ આવી, પોતાની આવડત અને અક્કલનો ઉપયોગ કરી, નાની સરખી ગુમાસ્તાગીરીમાંથી આગળ વધી, સારી આબરૂ અને મિલકત સંપાદન કર્યાં હતાં. મદનલાલના પિતાએ પણ પોતાના પિતાને પગલે ચાલી મિલકત અને આબરૂ સાચવી રાખ્યાં; એટલું જ નહિ પણ તેમાં ઘણો વધારો કર્યો. ચાર મિલો ધમધોકાર ચાલતી હતી. બીજી આવડતોમાં અને લેણદેણમાં પોતાની શાહુકારીને બાધ ન આવે એવી રીતે પ્રમાણિક ગણાઈ તેઓ મિલકત વધાર્યે ગયા.

છતાં એક વાતનું તેમને ઓછું આવતું. શેઠશાહુકારો અને વેપારી મંડળમાં તેમનું માન અતિશય સચવાતું, પરંતુ સરકારી નોકરો આગળ તેમનું જોઈએ તેવું માન રહેતું નહિ એમ તેમને લાગ્યા કરતું. ગવર્નર પાર્ટીઓમાં તેમને આમંત્રણ થતાં, પરંતુ અંગ્રેજ કાઉન્સીલરો અને ન્યાયાધીશો આગળ તેમને દબાઈ જવું પડતું. કોઈ પણ સારા કામમાં ફાળો ભરાવવો હોય ત્યારે બહુ જ મીઠાશથી અમલદારો તેમને ઘેર જઈ, અતિશય વિવેક વાપરી, તેમની પાસેથી સારી રકમ કઢાવતા; પરંતુ કોઈ સભામાં અમલદારને આગળ બેસાડવા માટે પોતાની ખુરશી ખાલી કરી આપવાનો વિવેક કરવો પડતો ત્યારે તેમના જીવને ઘણું જ દુઃખ થતું. પોતે ધારે તો એક અમલદારને પણ પોતાનો પગારદાર નોકર બનાવી શકે એટલું ધન તેમની પાસે હતું. પરંતુ તેમ છતાં કોઈ બસો-પાંચસોનો પગાર પામતા પોલીસ અમલદારના ઉપયોગ માટે પોતાનાં વાહનો મોકલવાં પડતાં ત્યારે તેમને એમ થઈ આવતું કે પોતે આટલા ધનના માલિક ન હોત

અને આવા અમલદાર હોત તો કેવું સારું ? તેઓ બની શકે તો પોતાની સ્થિતિની અદલાબદલી પણ કરવા તૈયાર થાય. પરંતુ પોલીસ કમિશનર કે ન્યાયાધીશ થવું અને ધનવાન શેઠ બનવું એ બેમાં જુદા પ્રકારની જ આવડતનો ખપ છે.

તેમની ખાસ ઈચ્છા એ હતી કે પોતાનો મદનલાલ વિલાયત જઈ ખૂબ ભણી આવે, સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી કોઈ કલેક્ટરનો અધિકાર ભોગવે. બેરિસ્ટર થઈ ન્યાયાસન ઉપર વિરાજમાન થાય. અગર છેવટે બીજું કાંઈ નહિ તો સારો ઝભ્ભો પહેરી કૉલેજના વિદ્યાર્થીઓ ઉપર છાપ પાડતો પ્રોફેસર પણ થાય તો પોતાની મિલકત સફળ થઈ ગણાય.

પરંતુ મદનલાલથી પોતાના પિતાની એ ઈચ્છા સફળ કરી શકાઈ નહિ. બેત્રણ પેઢીથી સુખ-વૈભવમાં ઊછરેલાં કુટુંબો વિદ્યાભ્યાસને પ્રતિકૂળ વાતાવરણ ઊભું કરે છે. પૈસાદારોને સામાન્યવર્ગ કરતાં ગરમી વધારે લાગે છે તેમ શરદી પણ વધારે લાગે છે. મહેનત અને થાક તેમની સામે એટલાં અથડાયાં કરે છે કે આરામની ઝંખના વધી જાય છે, અને આરામની શોધખોળમાં વિદ્યાભ્યાસ વીસરાઈ જાય છે.

મદનલાલને તૈયાર કરવા માટે એક નિશાળ ચલાવી શકાય એટલા શિક્ષકો રાખવામાં આવ્યા હતા; વિલાયત મોકલી બહુ જ બાહોશ રક્ષકના હાથતળે તાલીમ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો; પરંતુ તેઓ બેરિસ્ટર કે બી.એ. તો ન થયા, પરંતુ સિગાર-ચિરૂટની આદત ઉમેરતા ચાલ્યા. કપડાં વખત વખતનાં કેવી સફાઈથી પહેરવાં જોઈએ તેનો એમને અંગ્રેજો કરતાં પણ વધારે સારો ખ્યાલ હતો, સભ્ય સમાજમાં કેમ બોલવું બેસવું વગેરે શિષ્ટાચાર તેઓ ઘણો જાણી લાવ્યા. વિલાયતથી આવ્યા બાદ તેઓ અમુક ઢબે હસતા. અમુક પ્રકારની મશ્કરી વખતે હસતા હોઠનો ડાબો ભાગ અમુક હદ સુધી જ વધવો જોઈએ, જમણી બાજુએ હસવું હોય તો કટાક્ષનો પ્રકાર જુદો જ હોવો જોઈએ, અને બંને બાજુથી હોઠને વિકસાવવા માટેની બોલી કઈ હશે તે તેઓ જ્યારે તેવા પ્રકારનું હાસ્ય કરે ત્યારે જ સમજાતું. જમતી વખતે હોઠના ખૂણા અમુક ડિગ્રી સુધી જ દોરી શકાય એમ તેમણે ભૂમિતિ ભણીને સિદ્ધાંત સ્થાપ્યો હતો. આમ તેઓ કોઈ વિષયમાં પ્રવીણ તો ન થઈ શક્યા; પરંતુ સારી રીતભાત, સભ્યતા અને શિષ્ટાચારનો સુંદર ઓપ તેમના ઉપર ઓપાયો. તેઓ શુદ્ધ અને સ્પષ્ટ અંગ્રેજી બોલતા થયા, અને સારા અમલદારો સાથે છટાથી વાત કરતા થયા એટલો જ સંતોષ વાળી મદનલાલના પિતા ગુજરી ગયા.

ધન અને સ્થૂલતાને કોણ જાણે કેમ પણ કાંઈ ગાઢ સંબંધ હોય એમ

જણાય છે. સ્થૂલ માનવોની વસ્તીગણતરી કરી, આંકડા તારવી કાઢી હજી કોઈએ જોકે આ વિષયનો શાસ્ત્રીય રીતે અભ્યાસ નથી કર્યો; પરંતુ વૈદક અને સમાજશાસ્ત્રના અભ્યાસીઓએ આ પ્રશ્નનો ખાસ વિચાર કરવા જેવો છે.

મદનલાલના પિતા પણ સ્થૂલ હતા અને માતા પણ તેવાં જ હતાં. મદનલાલે પોતાનાં માતાપિતાનો એ ગુણ પ્રથમથી જ ગ્રહણ કર્યો હતો. અને તેમાંયે પિતાના ગુજરી ગયા પછી બાપના કરતાં સવાઈ કરનાર ભાગ્યશાળી પુત્રનું માન પામવા તેમની ઈચ્છા હોય એમ તેમનું શરીર તેમણે ઘણું જ વધારી દીધું. અસલથી બહુ સુંદર તો હતા જ નહિ, શ્યામ રંગમાં ઘણા મનુષ્યો સોહામણા લાગે છે. પરંતુ મદનલાલની ચપળ અને ચાલાક આંખો સિવાય તેમના મુખને આકર્ષક બનાવે એવું સમપ્રમાણ તેમના ઘડતરમાં ઘડાયું નહોતું, અને જે કાંઈ સમપ્રમાણ રહ્યું હશે તે પાછલા ભાગમાં ઘસાઈ ગયું.

અત્યારે ચાળીસેક વર્ષની તેમની ઉંમર હતી. તેમનાં બે પત્ની તેમની ત્રીસ વર્ષની ઉંમર થતામાં ગુજરી ગયાં હતાં અને છએક વર્ષથી તેમણે ત્રીજી વારનું લગ્ન કર્યું હતું. તેમનાં ત્રીજી વારનાં પત્ની કુસુમાવલિ તેમને ગમ્મતમાં જણાવતાં કે ચોથી વારનાં લગ્નનો લહાવો હવે તેમને મળવાનો નથી.

# ૧૯

## કુસુમાવલિ

*જોઈ હસે મુજ આંખ, ઠરે મુજ આત્મન,*
*પ્રેમની ભરતી ચઢે;*
*દાખવ દેવી ! ઓ ! ભાખ સખી !*
*મુજ વલ્લભ એ કોણ ? ક્યાંહી જડે ?*

**નાનાલાલ**

કુસુમાવલિ બહુ રંગીલી હતી. તે પણ ધનવાન પિતાની પુત્રી હતી. ધન જોઈને મદનલાલની સાથે તેને પરણાવી હતી. કુસુમાવલિને વાંચવાનો ઘણો જ શોખ હતો. અંગ્રેજી નવલકથાઓ વાંચી શકે એટલો અંગ્રેજી અભ્યાસ તેણે કર્યો હતો. અંગ્રેજી તેમ જ ગુજરાતી વર્તમાનપત્રો નિયમિત રીતે તે વાંચતી. સારા ભાષણકારોને સાંભળવા સભાઓમાં પણ તે જતી, અને કોઈ દરખાસ્તને ટેકો આપવા જેટલું સભામાં બોલવાની પણ હિંમત કરતી.

વળી તેના શોખનો પાર નહોતો. કપડાંના રંગ તે જાતે જ પસંદ કરતી. પહેરવાની ઢબમાં હંમેશ કાંઈ અવનવું હોય જ. વાળ પણ જુદી જુદી લઢણના હોળતી. કબજાના કાપ પણ તેના દેહને ઓપે એવા પોતાની નવીનવી શૈલી પ્રમાણે તે કાઢતી. ઘરેણાં આછાં; પણ અતિશય મૂલ્યવાન અને જોનારની નજરે ચઢે એવી રીતે પહેરતી. રૂપગર્વિતાનાં સઘળાં લક્ષણો તેનામાં હતાં. પોતે સામા ઉપર પ્રભાવ પાડી શકતી હતી એમ તે બરાબર જાણતી હતી, અને ખરેખર સ્ત્રીઓ અને પુરુષો તેની છટાથી અંજાઈ જતાં.

વાતચીતમાં પણ તે એટલી જ દક્ષ હતી. તેનામાં સંકોચ ઘણો જ ઓછો થઈ ગયો હતો, અને જે કાંઈ સંકોચ તેનામાં દેખાતો તે તેની આકર્ષક શક્તિને વધારે છે એમ તે જાણતી ન હોત તો તે સંકોચ ભાગ્યે રહ્યો હોત. તે ઘણી વાચાળ હતી. તે હસી તેમજ હસાવી શકતી.

મોટરમાં તે નિયમિત ફરવા જતી. નાટક બધાં જ તેના જોયા વગર સફળ થતાં નહિ. સર્કસ અને સિનેમા તો જોયા વગર ચાલે જ નહિ. સાથે સાથે સારા સંગીતની પણ તે શૉખીન હતી. તેને ગાતાં બહુ આવડતું નહિ,

છતાં તે હારમોનિયમ વગાડતી અને પોતાને ખુશ કરે એવું ગાતી પણ ખરી.

મદનલાલ શેઠને ઘણાં કામો હતાં. તેમને ભાગ્યે જ ફુરસદ મળતી એટલે કુસુમ આખોયે દિવસ એકલા જેવી જ રહેતી. મદનલાલ ઘેર આવે તો મિત્રો, આશ્રિતો અગર નોકરોથી વીંટળાયલા જ રહે. રાત્રે આવે ત્યારે થાકી ગયેલા હોય. કુસુમને મદનલાલના સૌંદર્ય ઉપર વારી જવાનું કારણ જરા પણ નહોતું, અને લગ્ન વખતે પોતાની નામરજી બતાવ્યા છતાં તેને લગ્નનો સ્વીકાર કરવો પડ્યો હતો. પરંતુ સહવાસને લીધે એક પ્રકારની સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે, અને એ સહવાસ ન તૂટે એવો છે એમ ખાતરી થયા પછી મન મનાવતાં મનુષ્યસ્વભાવ શીખી જાય છે. નોકર, પડોશી અને જાનવરને માટે પણ એક પ્રકારનું ખેંચાણ સહવાસને લઈને ઉત્પન્ન થાય છે તો પછી સાથે જીવતા સુધી ભાગ્ય જોડાયું હોય એને નભાવી લેવાની, તેના દોષો તરફ પડદો નાખવાની, સૌંદર્યરિખાઓ શોધી શોધી તેને વિચારવાની, અને સદ્‌ગુણોના જે કાંઈ રજકણો વેરાયેલાં પડ્યાં હોય તેમને મોટે રૂપે નીરખી આનંદ માનવાની ટેવ સ્ત્રીજાતિ ખીલવે તો તેમાં નવાઈ નથી.

એ ધોરણે મદનલાલને કુસુમ ચાહતી હતી. જોકે તેને કૌમારાવસ્થામાં જે પતિનાં સ્વપ્ન આવતાં તે સ્વપ્નાં મદનલાલે સાચાં પાડ્યાં નહોતાં; જે સંસ્કાર અને ઉચ્ચાભિલાષની કુસુમ પોતાના પતિમાં આશા રાખતી હતી તે તેને મદનલાલમાં જડ્યા નહિ; જે કુમળો, સોહામણો વિલાસ પતિમાં જોવાનો હક્ક દરેક પત્ની માગે છે તે તેને મદનલાલમાં દેખાયો નહિ; અને જે પત્નીઘેલાપણું પતિના હૃદયમાં ધડકતું સાંભળવા માટે પત્ની જીવ પણ કુરબાન કરી શકે છે તે ઘેલાપણું મદનલાલે કરી બતાવ્યું નહોતું.

છતાં કુસુમને મદનલાલ માટે પત્ની તરીકે સદ્‌ભાવ હતો. ઘણી વખત તે મદનલાલને પજવતી. ઘણી વખત તેમના કામમાંથી રોકતી. વખતે બધાની અજાયબી વચ્ચે મદનલાલને તેમની મિલની ઑફિસમાંથી ઉપાડી જતી.

સનાતન આવ્યો ત્યારે મદનલાલની મોટર તૈયાર હતી. તેઓ કાંઈ જરૂરના કામે જવાના હતા. ચિતરંજનની ચિઠ્ઠી વાંચી સનાતન જેવો ગ્રેજ્યુએટ પોતાને ત્યાં નોકરી ખોળવા આવ્યો છે જાણી તેમને ક્ષમાયોગ્ય ગર્વ પણ થયો. એટલામાં અંદરથી કુસુમ આવી.

'અત્યારે કાંઈ જવું નથી. ગમે તેવું કામ હોય તોયે નહિ. કામ આપણા તાબામાં કે આપણે કામના તાબામાં ?' આમ બોલતી બોલતી અંદર પ્રવેશ

કરતી કુસુમે જોયું તો શેઠ એક યુવકની સાથે વાતો કરતા બેઠા હતા. તે સહજ શરમાઈ. તેને ખાતરી જ હતી કે તેની શરમાવાની પદ્ધતિ અલૌકિક છે, અને તે સર્વનાં મન ખેંચે એવી છે. શેઠની પાસે મૂકેલી ખુરશી ઉપર તે બેસી ગઈ.

'ચિતરંજન તરફથી ચિઠ્ઠી લઈ આ યુવાન ગૃહસ્થ આવેલા છે.' મદનલાલે કુસુમને કહ્યું. 'તેઓ ઊંચા પ્રકારના ગ્રેજ્યુએટ છે, અને ઘણાં સંસ્કારી છે એમ તેમનું લખવું છે.'

'એમ કે ?' કહી કુસુમે માત્ર સુંદર રીતે આંખ જ ફેરવી સનાતન સામું જોયું. સનાતને વિવેકથી નમસ્કાર કર્યા; તે અત્યંત છટાથી કુસુમે ઝીલ્યા.

'મારે તો અત્યારે ગયા વગર ચાલે એમ નથી. ગવર્નર સાહેબે ખાસ મને બોલાવ્યો છે. માટે તું જ એમની સાથે વાતચીત કરી લે. મિ. સનાતન! સેક્રેટરી મારે નથી જોઈતો; મારી પત્નીને જોઈએ છે. તેમની ભલામણ હશે તો હું જરૂર તમને મારે ત્યાં કામ કરવાની તક આપીશ. ચિતરંજને ભલામણ કરી છે એટલે વાંધો તો નથી જ.'

એમ કહી મદનલાલ જવા માટે ઊઠ્યા. કુસુમે ફરી કહ્યું :

'નહિ જાઓ તો નહિ ચાલે ?'

'ગવર્નરસાહેબે બોલાવ્યો છે પછી ચાલે ?' મદનલાલે જણાવ્યું.

'ગવર્નરને કોઈ ના પાડતું જ નહિ હોય ?' કુસુમે પૂછ્યું.

સનાતનને આશ્ચર્ય લાગ્યું. આવી ચબરાક સ્ત્રીને જોઈને તે વિસ્મય પામ્યો. પરંતુ મદનલાલ તો સહજ હસી ઊઠ્યા, અને તેમણે 'જલદી આવીશ' કહી ચાલવા માંડ્યું.

કુસુમ સહજ બેસી રહી. પછી તેણે સનાતન તરફ ફરી પૂછ્યું :

'આપનું નામ ?'

'જી, મારું નામ સનાતન !'

'આપને સાહિત્યનો શોખ છે ?' કુસુમે પૂછ્યું.

'કૉલેજમાં એ જ મારો વિષય હતો.'

'મારે ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનો આગળ અભ્યાસ કરવો છે.'

'મારાથી બનશે તે સહાય કરીશ. આપ એક વખત મને જણાવો કે આપનો અભ્યાસ ક્યાં સુધી છે ?' સનાતને જણાવ્યું.

અંગ્રેજી નૉવેલો વાંચું છું. ગુજરાતી પણ સારી રીતે વાંચું છું. પણ કોઈ હવે સાથે વાંચનાર હોય તો વધારે ગમે. કલાપી અને ખાસ કરીને નાનાલાલ

બરાબર સમજાતા નથી. વળી હું કાંઈ લખું છું પણ ખરી; પરંતુ એ સુધાર-વાની જરૂર લાગે છે. તમે જો મને બરાબર સહાય કરો તો મારો અભ્યાસ આગળ વધે. આવો ને અંદર ? કહી કુસુમાવલિ ઊભી થઈ. સનાતન પણ ઊભો થયો, અને અંદર જતી સુંદરીની પાછળ દોરાયો.

કુસુમાવલિનો ઓરડો બહુ જ સુંદર રીતે શણગારેલો હતો. એક સુશોભિત સૉફા ઉપર તેણે સનાતનને બેસાડ્યો, અને કબાટોમાંથી સારાં પૂંઠાવાળી ચોપડીઓ કાઢી સનાતનને બતાવવા લાગી.

'હૃદયવાણી તો મેં વાંચી નાખી છે. કલાપી વાંચવો બહુ ગમે છે, પણ એની ગઝલો જરા પણ સમજાતી નથી. અને નાનાલાલની શ્રાવણી અમાસ બધા બહુ વખાણે છે, પણ મને તો સમજાતું જ નથી. પેલા કોણ ઊડ્યા ? અને બંધુનો પગ કેમ લપસ્યો ?' હસતાં હસતાં કુસુમે જણાવ્યું.

સનાતનને પણ હસવું આવ્યું. તેને પણ સમજતાં વાર લાગી હતી તે પણ તેને યાદ આવ્યું.

'મારાથી બનશે એટલું સમજાવીશ.' સનાતને કહ્યું.

થોડી વારમાં તેણે ચોપડીઓનો ઢગલો કર્યો. પછી તેણે કેટલાંક ચિત્રો લાવી સનાતનને બતાવ્યાં. આ યુવતીની રસિકતા જોઈ સનાતન ચકિત થઈ ગયો. ચિત્રકામમાં હિંદુસ્તાન કેટલું પછાત છે તે સનાતનના ધ્યાનમાં હતું જ. ચિતરંજનના સમાગમમાં આવ્યા પછી કલા સંબંધમાં તેના વિચારો જુદા જ થઈ ગયા. ચિત્રપટ ઉપર માત્ર મુખસૌન્દર્ય જ બતાવી શકાય એમ તે કૉલેજમાં ભણતો ત્યારે તેની માન્યતા હતી. શરીરનો કોઈ બીજો ભાગ ચિત્રમાં મહત્ત્વ પામ્યો હોય ત્યારે તે આંખ મીંચતો. જગતની નીતિ માટે તેનું હૃદય ચણચણી ઊઠતું અને જોકે કલા અને નીતિના સંબંધ વિષે તેની ઉદારતા વધતી જતી હતી, છતાં કલાની અમર્યાદા માટેનો પોતાનો જૂનો અણગમો તે પૂરેપૂરો દૂર કરી શક્યો નહોતો.

અને જ્યારે રોમન અને ગ્રીક કલાકારોનાં શરીર સૌન્દર્યની મસ્તીમાં મશગૂલ બનેલાં કલ્પનાચિત્રો આ ધમકભરી યુવતીએ એક પછી એક બતાવવા માંડ્યા ત્યારે તે ચમક્યો. તેને કુસુમનો સહજ ડર લાગ્યો, પરંતુ તે તેણે વ્યક્ત કર્યો નહિ, અને ચિત્રોનાં વખાણમાં તે એટલો બધો ઊતરી પડ્યો કે કુસુમને તેની વિદ્વતા અને રસિકતા માટે માન ઉત્પન્ન થયું.

સનાતન જાતે ઘણો જ સુંદર હતો તેની તેને બહુ ખબર નહોતી; બહુ પરવા પણ નહોતી. તેનો સ્વાભાવિક શરમાળ સ્વભાવ તેને ટાપટીપમાંથી મુક્ત રાખતો, અને જોકે વગર ટાપટીપે તેનું સૌન્દર્ય ધ્યાન ખેંચતું, છતાં પણ તેનો શરમાળ સ્વભાવ તેના આકર્ષણને તેના લક્ષ ઉપર લાવવા દેતો

નહિ.

કુસુમે જાણે આજથી જ તેની પાસે શીખવા માંડ્યું હોય એવો દેખાવ કર્યો. સનાતને કેટલીક કવિતા સમજાવી, અને કુસુમને તેમાં નવીન રસ લાગ્યો. સનાતનની સાથે જૂનું ઓળખાણ હોય, જાતે તે ઘરનો માણસ હોય એમ તેની સાથે વાતો કરવા માંડી. લગભગ બે કલાક સુધી કુસુમની સાથે વાત કરી સનાતન જરા અસ્વસ્થ થયો. તેને લાગ્યું કે જરૂર કરતાં તે વધારે વાર બેઠો છે, અને પ્રથમ જ પરિચયમાં જોઈએ તે કરતાં વધારે સહવાસ બતાવ્યો છે. કદાચ પોતાને માટે ખરાબ અભિપ્રાય થાય એમ તેને શંકા ઊપજી અને તેણે કુસુમને પૂછ્યું :

'ત્યારે હવે હું રજા લઉં ?'

કુસુમને નવાઈ લાગી.

'કેમ ? તમે અહીં નહિ રહો ?' કુસુમે પૂછ્યું.

આર્થિક ભેદ મનુષ્ય વચ્ચે મહાસાગર જેટલાં છેટાં પાડી દે છે; માનવબંધુઓ વચ્ચે હિમાલય જેવડી દીવાલો ઊભી કરી દે છે. સરળતાથી, નિખાલસપણે વાત કર્યે જતી કુસુમ ભૂલી ગઈ હતી કે સનાતન તો એક ગરીબ ગ્રેજ્યુએટ તરીકે તેને ત્યાં નોકર રહેવા આવ્યો હતો. વિદ્વત્તા પણ વેચાઈ શકે છે, અને વિદ્વાનોને પણ ખરીદી લેનાર ધનવાનો જગતમાં વસે છે એ વાત કુસુમના ધ્યાન બહાર હતી. તેને એ વાત ધ્યાનમાં આવી હશે તોપણ તેમાં તેને નવાઈ લાગી નહોતી. શીખવવા આવે તે પગાર માગે જ એમાં નવાઈ લાગવાપણું કશું જ નહોતું. તથાપિ બુદ્ધિની હરાજી કરી વધારે માગણી કરનારને તે સોંપી દેવા તૈયાર થયેલા સનાતનને પોતાની લાચારી ડંખ્યા કરતી હતી.

'આપને મારું શીખવવું પસંદ પડતું હોય તો આપ નક્કી કરો તે વખતે દરરોજ હું આવું.' સનાતને જણાવ્યું.

ભૂલી ગયેલી કુસુમને યાદ આવ્યું કે સનાતન તો નોકરી માટે આવ્યો હતો. તેના મુખ ઉપર એ દુઃખભરેલી લાગણી અંકાઈ રહી હતી તે કુસુમે નિહાળી. અભિમાની, સત્તાની શોખીન કુસુમ સનાતનના મુખ ઉપરના આ ભાવ પારખી ગઈ. પોતે માલિક છે, અને આ સંસ્કારી, રસિક અને રૂપવાન યુવક પોતાના નોકર તરીકે રહેવા માગે છે એમ જાણી તે બીજા કોઈ પ્રસંગે કદાચ રાજી થઈ હોત, પરંતુ સનાતનની બાબતમાં તેને એ ઠીક ન લાગ્યું. તેને અનુકંપા ઉત્પન્ન થઈ. અતિશય સમભાવની લાગણીથી પ્રેરાઈ. સનાતનને ખબર ન પડે એવી રીતે તેણે પોતાની લાગણી વ્યક્ત કરી.

'હુંયે મૂર્ખી છું ને ? કેટલી વારથી હું ત્રાસ આપ્યા કરું છું ? પણ તમારી શીખવવાની ઢબ મને એટલી બધી ગમી કે મને ભાન પણ રહ્યું નહિ કે તમારા ઘરનાં માણસો તમારે માટે ખોટી થતાં હશે !'

'નહિ જી ! એમાં કાંઈ નહિ. મારે માટે રાહ જોનાર કોઈ જ નથી એટલે તે વિષે હરકત નથી.' સનાતને જવાબ આપ્યો.

'તમે અત્યારે એકલા જ રહો છો ?' કુસુમે પૂછ્યું.

'હા, જી. હું એકલો જ રહું છું. ઘણી વખત ચિતરંજનની પાસે પણ રહું છું.' સનાતને જવાબ આપ્યો.

'ત્યારે બધાંને ક્યારે બોલાવશો ?' વાતોડી કુસુમ અણધારી અંગત બાબત તરફ વળી.

સનાતન હસ્યો. કુસુમ સહજ ખમચી. સનાતનનું સુંદર હાસ્ય તે જોઈ રહી.

'કેમ હસો છો ? હું ધારું છું કે તમારાં લગ્ન તો થયાં જ હશે ?' કુસુમે પૂછ્યું. તેનાથી સ્પષ્ટ પ્રશ્ન પૂછ્યા વગર રહેવાયું નહિ.

# ૨૦

# શરમાળ પુરુષ

*વહાલાની વાગે દૂર વાંસળી !*
*નાથ, આવો બોલો એક બોલ રે !*
*સ્નેહધામ સૂનાં સૂના રે !*

**નાનાલાલ**

બહુ જ શરમાઈને સનાતને જણાવ્યું કે પોતે પરણેલો નહોતો. તેને સમજાયું નહિ કે પરણવાની વાત કરતાં શા માટે શરમાવું જોઈએ. કુસુમે લગ્નની વાત કરતાં શરમાઈ જતાં પુરુષો જોયા જ નહોતા. તેનો પતિ તો વધારે વાર લગ્ન કરવાથી તેમાં રહેલી મનોહર શરમ વીસરી જ ગયો હતો. એટલે સનાતનના મુખ ઉપર પ્રગટી નીકળેલો આ સુંદર શરમનો શેરડો કુસુમને ઘણો જ ગમ્યો. તેણે આગ્રહ કર્યો કે જ્યારે મુંબઈમાં કોઈ જ તેનું હોય નહિ તો સનાતને આ બંગલામાં જ રહેવું.

સનાતને કુસુમનો ઉપકાર માન્યો, પરંતુ એ બંગલામાં રહેવાની આનાકાની કરી.

'મને એકાંત બહુ પ્રિય છે. દિવસનો કેટલોક ભાગ હું મારા ખાનગી અભ્યાસમાં અને વિચારમાં ગાળું છું.'

'એવું એકાંત તમને અહીં મળી શકશે.' કુસુમે જવાબ આપ્યો. 'બંગલો ઘણો મોટો છે.'

'પરંતુ જમવું અને સૂવું મને કોઈને ત્યાં ફાવતું જ નથી. બીજે મને બહુ જ અતડું લાગે છે.' સનાતને જવાબ આપ્યો. કુસુમ પણ વિચારમાં પડી. આગ્રહ કર્યા છતાં પોતાના બંગલામાં રહેવાની આનાકાની કરનાર આ વ્યક્તિ પ્રથમ જ તેના જોવામાં આવી. ઘણા આગ્રહ વગર જ રહેતા; કેટલાક બંગલાનો ભાગ માગી લેતા; અને આ યુવક પોતાનો આગ્રહ છતાં રહેવાની ના પાડે એ વિચિત્ર હતું. કુસુમને લાગ્યું કે પોતાનો બંગલો મોટો છે એમ અભિમાનભર્યા સૂચનથી સનાતનને કદાચ ખરાબ લાગ્યું હોય. ભણેલા-ઓની સ્વમાનની લાગણી તેને ગમી.

'બંગલો તમારો જ માનીને રહો. હું તમને બધી સ્વતંત્ર ગોઠવણ કરી

આપીશ.'

'જી, હું થોડા દિવસ આપને શીખવીશ, અને પછી આપને મારું શીખવવું ગોઠી જાય તો હું આપને ત્યાં રહેવાની તજવીજ કરીશ.' એમ કહી સનાતને પતાવ્યું.

પગારની વાત તો કુસુમે કાઢી જ નહિ. સનાતનને પણ લાગ્યું કે પગાર સંબંધમાં વાત કરવી એ હલકાઈનું લક્ષણ છે, એટલે તેણે રજા માગી. કુસુમે તેને જવાની ન છૂટકે હા પાડી, અને સનાતન ત્યાંથી ચાલ્યો.

તેને આ ધનવાન સ્ત્રીનો સ્વભાવ સહજ વિચિત્ર લાગ્યો. સ્ત્રીઓને કેળવણી આપવી જોઈએ એમ સનાતનની પૂરી માન્યતા હતી. પરંતુ તેમની રસિકતા સંતુષ્ટ ન થાય તો શું પરિણામ આવે તેનો વિચાર તેણે કદી કર્યો નહોતો. કેળવણી સ્વતંત્રતા માગી જ લે છે અને એ સ્વતંત્રતા પરાપૂર્વથી ચાલી આવતી રહેણીકહેણી કરતાં કાંઈ નવીન, સુંદર અને આકર્ષક જીવન ઉપજાવે છે. એ જીવનમાં ચોખ્ખી કડક જૂની નીતિ પોતાની કડકાઈ સહજ બાજુએ મૂકે છે.

પરંતુ નીતિને ડર શો ? માટે કેળવણીથી પ્રાપ્ત થતી સ્વતંત્રતા નીતિને ન પોષે ? સનાતને આ પ્રયોગ પૂરો ઉતારવા નિશ્ચય કર્યો અને નિત્ય કુસુમને શીખવવા તેણે જવા માંડ્યું. ચિતરંજન ઘણે દૂર રહેતો હતો એટલે તેને ત્યાં દરરોજ જવું-આવવું ફાવે નહિ એ માટે તેણે એક જુદું મકાન રાખ્યું અને અઠવાડિયામાં એકાદ વખત ચિતરંજન પાસે જઈને તે પોતાની હકીકત કહેતો અને બુલબુલનું ગાન સાંભળી આવતો.

કુસુમનો અભ્યાસ બહુ ઝડપથી વધ્યે જતો હતો. શિક્ષક સારો મળવાથી અંગ્રેજી તેમ જ ગુજરાતી વાંચન બહુ રસભરી રીતે થતું. કુસુમ સનાતનને ઘડી ઘડી પોતાની પાસે રહેવા આગ્રહ કરતી હતી. પરંતુ કોઈ ન સમજાય એવી બીકને લીધે તે રહેવાનું કબૂલ કરતો નહિ.

મદનલાલને તો ઘરમાં રહેવાનો વખત ભાગ્યે જ મળતો. તેની પત્ની કુસુમ સનાતનની વિદ્વત્તાનાં ઘણાં જ વખાણ કર્યે જતી, છતાં ધનમદવાળા મદનલાલ તેનાં વખાણ સાંભળી 'એમ કે ?' 'વાહ !' 'બહુ સારું' એવા એવા જવાબો આપી પોતાની શ્રેષ્ઠતાથી નીચે ઊતરતા નહિ. પૂતળીનાં વખાણ કરતાં બાળકને જોઈ કોઈ મોટી ઉંમરનો મનુષ્ય બાળકને ખુશ રાખવા ખાતર તેના વખાણમાં સામેલ થાય એવો ભાવ મદનલાલ બતાવતા.

કુસુમે કેટલાંક વ્યાખ્યાન કર્યાં; લેખો લખ્યા; કવિતાઓ પ્રગટ કરી; અને તે સર્વમાં તેને પ્રશંસા પ્રાપ્ત થઈ. ધનની કુસુમને પરવા ન હતી : તે તેની પાસે અખૂટ હતું એટલે તેને તેની નવાઈ નહોતી. પરંતુ તેના

વ્યાખાનમાં કોઈ સુંદર વાક્યસમૂહ ઉપર તેને તાળીઓ મળતી ત્યારે તે કૃતાર્થ થઈ છે એમ માનતી. કોઈ કવિતાનાં વખાણ કરતું ત્યારે તેના હર્ષનો પાર નહોતો રહેતો. તેના લેખની માગણીઓ કરવામાં આવતી ત્યારે તેને ગર્વ થતો. પરંતુ આ સર્વમાં સનાતનનો હાથ હતો એ તેનાથી ભુલાતું નહિ. અને ધીમે ધીમે પોતાનાં વખાણ થાય કે તરત કહેતી : 'જુઓ સનાતન ! તમે સુધાર્યા પ્રમાણે કવિતા મોકલી ત્યારે કેટલી વખણાઈ ?'

મદનલાલની પત્નીને મદનલાલ તરફ આકર્ષણ થવાના પ્રસંગો હતા જ નહિ અને તેમાં સનાતન આવતાં તેની વિદ્વત્તા, રસિકતા, સૌન્દર્ય અને મનને ગમે એવી શરમનો પરિચય થતાં તેમને સનાતનની જ રઢ લાગી.

કુસુમને સનાતનની લાગેલી રઢ અનેક સ્વરૂપે વ્યક્ત થતી. સનાતનને ખુશ રાખવા તે પોતાનો અભ્યાસ પણ બહુ જ સારી રીતે કરતી. સનાતનને પણ આ સ્વરૂપવાન યુવતીમાં ઘણી નવીનતા લાગી, અને તેની રીતભાત, બોલચાલ અને વર્તનમાં નિર્દોષ અને મનોહર ભાસતી સ્વતંત્રતા નિહાળી સ્ત્રીવર્ગ માટે તેને જે માન હતું તે એકદમ વધી ગયું. પરંતુ તેનું હૃદય સર્વથા સરખામણીમાં પડેલું જ રહેતું.

એક દિવસ બપોર પછી શીખવવા માટે સનાતન આવી મદનલાલના બંગલામાં બેઠો. કુસુમ ઘરમાં નહોતી. મદનલાલ પણ નહોતા. તેણે પાછા જવા વિચાર કર્યો. પરંતુ ઘરમાંથી એક નોકરે જણાવ્યું કે બાઈસાહેબ તેને બેસવાનું કહી ગયાં હતાં. સનાતન બેઠો અને વિચારમાં ઊતરી પડ્યો.

એના વિચારમાંથી મંજરી કદી પણ ખસી નહોતી. તેણે પોતાનો પાછલો ઈતિહાસ સંભાર્યો. મંજરી અને કુસુમની તેણે સરખામણી કરવા માંડી. સાથે સાથે અંધ બુલબુલ પણ સાંભરી. એકનું હૃદયમાધુર્ય, બીજીનું બુદ્ધિચાપલ્ય અને ત્રીજીનું કંઠસૌન્દર્ય એમ ત્રણેની વિશિષ્ટતા તેના મન આગળ તરી આવી. કયું વધારે સારું ? તેને શું વધારે ગમે ? હૃદયને પસંદ કરે કે બુદ્ધિને ? જગતમાં હૃદય તો ઘણાંનાયે સારાં હોય છે; પરંતુ બુદ્ધિની તીવ્રતા વિના સારાં હૃદય પણ વખત જતા અણગમતાં થઈ પડે છે ! પરંતુ મંજરીમાં બુદ્ધિ નથી એમ કોણે કહ્યું ? અલબત્ત, કુસુમ જેવી મનોહર ભભક તેનામાં ન હતી. પરંતુ એ અટપટી નવીનતા સદાય સુંદર લાગે ખરી ? તેનો પણ કંટાળો આવે ત્યારે ? બહુ જ આગળ પડનારી બહુ જ બુદ્ધિમાન સ્ત્રીઓ ચોવીસ કલાક પોતાની શક્તિનું પ્રદર્શન કરે તો તેમના હૃદયની કુમાશ ભોગવવાનો અવસર ક્યારે ?

પરંતુ બુલબુલ બિચારી બહુ સારી અને સાદી હતી. તે ગાતી ત્યારે

જગતમાં સ્વર્ગ ઊભું થતું. તેનું સંગીત સાંભળી પાવન થવાતું, પવિત્ર થવાતું. રાગદ્વેષ અને વિકારથી પર રહેલી કોઈ ભૂમિકામાં ઊંચકાઈ અવાતું. પરંતુ બુલબુલ કોણ ? એક પતિત અંધ અબળા ! ત્યારે કુસુમ કોણ ? મદનલાલ સરખા ધનાઢ્ય ગૃહસ્થની પત્ની ! અને મંજરી ? સનાતનનું હૃદય પોકારી ઊઠ્યું : 'હા હા, એ જ મારી. એ જ મારી મંજરી.'

બહાર મોટરનો અવાજ સંભળાયો, અને સનાતન તેના જાગૃત સ્વપ્નમાંથી ચમકી સ્વસ્થ થયો. પારકી સ્ત્રીઓના વિચાર અને સરખામણી શા માટે તેણે કરવાં જોઈએ તે તેને સમજાયું નહિ. સ્ત્રીઓના સૌંદર્યનું પૃથક્કરણ શા માટે તેણે કરવું જોઈએ તે તે સમજી શક્યો નહિ પરંતુ તેનું પુરુષહૃદય તેની શરમ અને નીતિની કડક ભાવના સામે બંડ ઉઠાવવાની તૈયારી કરતું હતું તે વાત સનાતન સમજી શક્યો. તેને પોતાના ઉપર ચીડ ચઢી. ચઢે યા ના ચઢે, પરંતુ પુરુષહૃદય સ્ત્રીસૌંદર્ય પાછળ એક ભિખારીની માફક ઘસડાયા કરે છે એમ ધીમે ધીમે સહુ કોઈ સમજે છે. સ્ત્રીઓ સહુથી પહેલી સમજી શકે છે, પછી એ સૌંદર્ય હૃદયનું હોય, બુદ્ધિનું હોય કે શરીરનું હોય.

કુસુમ એકદમ ઓરડામાં દાખલ થઈ. સનાતનને જોતાં જ તેની આંખ હસી ઊઠી. હસતી આંખનો પડઘો આખા મુખ ઉપર પડ્યો, અને સ્મિતથી કુસુમનું મુખ ઊભરાઈ ગયું.

'આજે બહુ વાર થઈ ગઈ. માફ કરજો, સનાતન !' સનાતનની પાસે બેસતાં કુસુમે જણાવ્યું. 'વહેલા આવવાનું બહુયે ધાર્યું, પણ લોકો ઊઠવા દેતા નથી. મને લાગ્યું કે તમે તો ગયા હશો !'

'ના, જી.' સનાતને જણાવ્યું, 'હું જતો હતો, પણ આપના માણસે મને બેસવાનું કહ્યું.

'એ બહુ જ સારું કર્યું. આજે કાંઈ વાંચવું નથી; બહુ મોડું થયું છે, વાતો જ કરીશું.' કહી કુસુમ ઊભી થઈ અને પાસેના મેજ ઉપર પડેલા કાગળો લીધા. 'સવારથી ટપાલ પણ જોઈ નથી.' કહી એકેએક કાગળો ફોડવા માંડ્યા. કાગળોમાં એક નાનું પારસલ સુવ્યવસ્થિત રીતે આવેલું તેણે ઉઘાડ્યું. તેમાંથી એક છબી બહાર કાઢી. થોડી વાર તેણે છબી સામું જોયું અને સહજ ન જણાય એવી રીતે ભમ્મરો ઊંચી કરી તેને પાછી મેજ ઉપર મૂકી દીધી. સનાતને નજર કરી. નજર કરવી ન જોઈએ એમ સારા માણસો કહે છે પરંતુ મનુષ્ય સારી રીતભાત કઈ વખતે બાજુએ મૂકતો નથી ? મનુષ્યસ્વભાવ જ એવો છે. અને સનાતન તેના અપવાદ રૂપ નહોતો.

નજર કરતાં જ તે ચમકી ઊઠ્યો. એ તો મંજરીની છબી હતી ! તેને ઘણી ઇચ્છા થઈ કે તે છબી માગી લઈને બરાબર જુએ. પરંતુ જેને તે પોતાની માનતો હતો તે મંજરીની છબી આ ઘરમાં કુસુમની પાસે માગી શકાય એમ નહોતું. વાચાળ પુરુષે કાંઈ બહાનું કાઢી છબી જોઈ લીધી હોત, પરંતુ શરમાળ અને સભ્ય સનાતન એવી અમર્યાદા બતાવી શક્યો નહિ. છબીમાં તેને મંજરીનો પૂરો ભાસ થયો, પરંતુ તે ખાતરી કેવી રીતે કરી શકે ?

બહાર બીજી મોટર આવતી સંભળાઈ. ક્ષણવારમાં મદનલાલ અંદર આવ્યા. તેમના મુખ ઉપર ઉતાવળ હતી. સુંદર ચિત્રો, સુંદર સરસામાન, અને સુંદર સ્ત્રી તેમને આકર્ષી શક્યાં નહિ. સનાતન શેઠને આવતાં જોઈ ઊભો થયો, અને તેણે નમસ્કાર કર્યા. ઉતાવળથી સામું હસી, ઉતાવળથી નમસ્કાર ઝીલી શેઠ બોલ્યા :

'વાચન ચાલે છે ? ચાલવા દો. હું હરકત નહિ કરું. તમારાં બહુ વખાણ કરે છે.'

એમ બોલી તેમણે આગળ ચાલવા માંડ્યું. કુસુમને આ ઉતાવળ ગમી નહિ.

'તમે જરા બેસો તો ખરા !' કુસુમે કહ્યું.

'હું તરત પાછો આવું છું. જરા કામ છે. પછી હું બેસું છું.' શેઠે પોતાની પત્નીને વહાલથી જવાબ આપ્યો.

'પછી નહિ, હમણાં જ બેસો. હું તમારી મિલો ને ઑફિસોને એક દિવસ સળગાવી મૂકવાની છું. આ શો રઘવાટ ?' કુસુમે કહ્યું.

શેઠસાહેબ કુસુમને સારું લગાડવા ખાતર હસ્યા. ખોટું હસવું સર્વદા કમકમાટ ઉપજાવે છે. કુસુમના મુખ ઉપર એ કમકમાટ સહજ ફરકી ગયો.

સનાતનને પણ લાગ્યું કે આટલા વહાલથી આગ્રહપૂર્વક બેસાડવા છતાં મદનલાલ બેસતા નથી એ બરોબર નહિ. શેઠ હસી અંદર ગયા. કુસુમે ભાગ્યે જ પરખી શકાય એમ મોં મચકોડ્યું; અને ચઢેલા મોં સાથે કાગળો વાંચી બાજુએ મૂક્યા. અંદરથી કેટલાક કાગળો લઈ મદનલાલ પાછા ઓરડામાં આવ્યા.

કુસુમે આ વખતે તેમના સામું પણ જોયું નહિ અને તેમની સાથે વાતચીત પણ કરી નહિ. મદનલાલને લાગ્યું કે કુસુમને ખોટુ લાગ્યું છે. એટલે બારણા સુધી જઈ પાછા આવી કુસુમ પાસે ઊભા. કુસુમે બીજી તરફ ફરી લખવાનું શરૂ કર્યું. સનાતનને લાગ્યું કે આ માનપમાનનો ખેલ પોતાના

દેખતાં ભજવાવો ન જોઈ. એટલે તે ઊઠીને બહાર જવા લાગ્યો.

'સનાતન ! બેસો ને ! આપણે હમણાં ફરવા જઈશું.' સનાતનને જતો જોઈ કુસુમે કહ્યું. શેઠ મદનલાલને લાગ્યું કે કુસુમને ખરેખર સમજાવવી જ જોઈએ. તેઓ ફરી હસ્યા, અને કુસુમને ખભે હાથ મૂકી સમજાવવા લાગ્યા:

'જો, કુસુમ ! આજે હું અહીં બેસત, તારું વાચન સાંભળત અને આપણે બધાં ફરવાયે જાત, પરંતુ શું કરું ? જો કોઈ સારો માણસ મળે તો આ બધી જંજાળ જતી કરું. આજે બધી મિલોમાં હડતાલ પડી છે. મજૂરો વધારે પગાર માગે છે. હવે આપણી મિલમાં પણ એ જ તોફાન થવા સંભવ છે. મારે પાછા ત્યાં જવું જ જોઈએ, નહિ તો વાત હાથમાં નહિ રહે. તમારે ફરી આવવું હોય તો બીજી મોટર છે. હું એટલામાં પાછો આવું છું.'

કુસુમ બોલી નહિ. મદનલાલને મિલની ચિંતા હતી; પરંતુ મિલમાં બેકારી ઘટાડવા જતાં તેમના જીવનમાં બેકારી વધી જશે તેનો તેમને ખ્યાલ નહોતો. મિલ ચાલશે તો લાખો રૂપિયાની આમદાની થશે. કુસુમ નહિ બોલે તો શું નુકસાન ? એટલો વખત બચશે. મિલની સાચવણી થશે અને લાખો રૂપિયા જતા અટકશે. કુસુમ આજે નહિ બોલે તો કાલે બોલશે. ફુરસદના વખતમાં તેને મનાવી લેવાશે. બહુ સારા શબ્દો વપરાશે; જરૂર પડ્યે માફી મંગાશે. આવો કાંઈ વ્યવહાર-વિચાર મદનલાલના મનમાં ચાલતો હતો.

પરંતુ આવી બેદરકારીથી બંને હૃદયો કેવા જુદા જુદા પ્રવાહોમાં ખેંચાઈ જાય છે તેની આવા પતિને ખબર પડતી નથી. શરીર સાથે સાથે એક જ સ્થળે હોવા છતાં હૃદયનાં છેટાંનો પાર રહેતો નથી. પ્રત્યેક બેદરકારીએ બંને હૃદયો વધારે અને વધારે છૂટાં પડતાં જાય છે. ધનવાન અને બહુ કામમાં રોકાયલા ગૃહસ્થોએ પત્નીની દૃષ્ટિનો વિચાર કરવા જેવો છે. જિંદગીની સહજ બેદરકારીનાં પરિણામ અણધાર્યાં આવે છે.

અને તેમાં સનાતન સરખા મોહક યુવાન સાથે મૈત્રી થતાં કુસુમ સરખી યુવતીના, મદનલાલના સંસર્ગમાં દબાઈ, કચરાઈ રહેલા હૃદયતરંગો મર્યાદા રહિત થઈ ઉછાળા મારે તો તેમાં કોનો દોષ ?

'ત્યારે જઉં છું.' કહી મદનલાલે જવા માંડ્યું.

'ઠીક.' કહી કુસુમે પ્રત્યુત્તર આપ્યો.

હવે સનાતન પણ જવા તૈયાર થયો.

'ચાલો, હું તમારી સાથે જ આવું છું. તમારા ઘર આગળ તમને મૂકી દઈશ અને પાછી આવીશ.' કહી કુસુમે મોટર મંગાવી.

સ્ત્રીઓને સનાતન કદી અડક્યો નહોતો. તેને ભારે ડર લાગ્યો. મોટરમાં કુસુમની સાથે જ બેસવું પડશે તો શું થશે ? એ વિચારથી જ તે સંકોચાઈ ગયો. મોટરમાં બેસવા માટે અમુક જાતનું માનસિક વલણ જોઈએ : જગત તરફ તિરસ્કાર અને તોછડાઈ; પગે ચાલનાર તરફ દમામ અને દબદબા ભરેલી દયાવૃત્તિ; હવે બીજું કાંઈ જ દુનિયામાં મેળવવા જેવું રહ્યું નથી એવી માન્યતાવાળો સંતોષ; હાથ અને પગનો સુખમય વિસ્તાર; અને સાથે સ્ત્રી હોય તો કોઈની ટીકાને ન ગણકારતું છટેલપણું : આટલાં વાનાંની તૈયારી સિવાય મોટરમાં બેસી શકાતું નથી. આવું વાતાવરણ મોટર ઉત્પન્ન કરે છે કે કેમ એ પ્રશ્ન વિવાદગ્રસ્ત હશે; પરંતુ મોટરમાં બેસનાર સર્વને જોઈ સનાતનને એવો જ ખ્યાલ આવતો.

છતાં તેનાથી ના પાડી શકાઈ નહિ. મોટર આવતાં કુસુમ બહુ જ છટાથી અંદર બેસી ગઈ. દુઃખમાં આવી પડેલો સનાતન શૉફરની સાથે બેસવા ગયો. તેની આવી અતિશય સરળતા જોઈ કુસુમને હસવું આવ્યું. વિવેકી અને શરમાળ માણસો પોતાને માટે ખરાબમાં ખરાબ જગા પસંદ કરે છે, અને સારું સ્થાન બીજાઓ માટે રહેવા દે છે.

'ત્યાં ક્યાં બેસો છો ? અહીં આવો ને !' હસતી હસતી કુસુમ સનાતનની મુશ્કેલી વધારવા લાગી. મોટરમાં બેસવાથી ફેર આવે છે એવું બહાનું નીકળી શકતું હોત તો સનાતન જરૂર તેમ કહેત. પણ હવે તેનાથી કાંઈ જ બોલાય એમ નહોતું. કુસુમની સાથે તે બેસી ગયો.

બેઠકની પોણાભાગની જગા કુસુમ અને તેનાં સુશોભિત વસ્ત્રોએ રોકી દીધી હતી. બેઠકની એક બાજુએ, કિનારી ઉપર, અઢેલ્યા સિવાય ટટારપણે બેઠેલા સનાતનને લઈ મોટર ઊપડી. કુસુમનાં લૂગડાંનો ઊડતો ભાગ એને અડકતાં સનાતન ચમકી ઊઠતો. માલિકની સ્વતંત્રતા, શોખીનની સરળતા, અને મસ્તીખોરના સ્વચ્છંદથી બેઠેલી, મોટરથી ટેવાઈ ગયેલી કુસુમના હાથપગ ક્વચિત્ સનાતનને અડતા અને તે વધારે ચમકી ઊઠતો. કુસુમે સનાતનની અસ્વસ્થતા પારખી લીધી. નવવધૂની વિચિત્રતા ઉપર હસતી કોઈ મોટી સાહેલીની માફક કુસુમને હસવું આવતું. છેવટે તેનાથી રહેવાયું નહિ અને તે ખડખડાટ હસી પડી. સનાતન ઝંખવાણો પડી ગયો. તેને કાંઈ પણ પૂછવાનો સમય મળે તે પહેલાં તો ચાલતી મોટરે સનાતનનો હાથ પકડી, ખભો પકડી તેની મરજી વિરુદ્ધ ગાદીએ અઢેલી શકાય એમ તેને બેસાડી દીધો.

હસતે હસતે બેસાડતાં કુસુમ બોલી :

'અરે તમે તે કેવા માણસ છો ? મોટરમાં આમ બેસાતું હશે ? કોઈ તમને ખાઈ જવાનું નથી. આમ આરામથી બેસો ને ?'

# ૨૧

## પરિણીત મંજરી

*કહીં તું જાય છે દોરી દગાબાજી કરી કિસ્મત !*
*ભરોસે તેં લઈ શાને આ હરાજી કરી કિસ્મત !*

**મણિલાલ**

મંજરી વ્યોમેશચંદ્ર સાથે પરણી. કહો કે તેને પરણાવી દીધી. માતાપિતા ખુશી થાય એમાં નવાઈ નહોતી. ગામમાં અને ગામમાં પ્રતિષ્ઠિત જમીનદાર અને ધનિકને ઘેર દીકરી અપાય એના જેવું માબાપની દૃષ્ટિએ ઈચ્છવા સરખું બીજું શું હોય ? દીનાનાથ અને નંદકુંવરની જીવનમાંની એક તૃષ્ણા સંતુષ્ટ થઈ.

લોકોને પણ આ વાત ઘણી જ ગમી. સગાંવહાલાં તથા ઓળખીતામાં પણ લગ્ન પ્રશંસાપાત્ર ગણાયું. વ્યોમેશચંદ્રને મંજરી સરખી રૂપ અને ગુણની ભરી પત્ની મળી એથી લોકો વ્યોમેશચંદ્રને મુબારકબાદી આપવા લાગ્યા. મંજરીને વ્યોમેશચંદ્ર સરખો પતિ મળ્યો તેથી મંજરીનાં માતાપિતાને લોકો મુબારકબાદી આપવા માંડ્યા. પરંતુ મંજરીને ધન્ય કહેનાર સખીઓ તો વીલી જ પડી ગઈ. તેણે લગ્નમાં કાંઈ જ હોંશ કે ઉત્સાહ બતાવ્યાં નહિ. માબાપ સમજ્યાં કે દીકરીને પોતાનાથી અળગું થવું પડશે એ વિચારે લગ્નમાં ઉમંગ ઓછો થઈ જતો હશે. એવું તો બધીયે દીકરીઓને થાય છે. નંદકુંવરને પોતાનો લગ્નપ્રસંગ યાદ આવ્યો. તેઓ પણ માબાપથી વિખૂટાં પડવાના વિચારે રોતાં જ હતાં ને !

ચિતરંજન માત્ર લગ્નને દિવસે આવી તે ને તે જ દિવસે ચાલ્યો ગયો. દીનાનાથે ઘણોયે આગ્રહ કર્યો, પરંતુ તે રહ્યો નહિ.

'દીનાનાથ ! લગ્ન કરતા પહેલાં મને પૂછવું તો હતું !' ચિતરંજને જતા પહેલાં જણાવ્યું.

'તું રખડતો રહ્યો. તને ક્યાં શોધતો આવું ? અને આવા લગ્નમાં પૂછવા જેવું જ શું હોય ? વ્યોમેશચંદ્ર સરખા વર અમારી કોમમાં ક્યાં મળે?' દીનાનાથે પોતાનો બચાવ કર્યો.

'એ બધું તારા મત પ્રમાણે. પણ મંજરીને પૂછી જોયું ?' ચિતરંજને જણાવ્યું.

'હા, હા. નહિ તો હું લગ્ન કરું ખરો ? મંજરીએ જરા પણ આનાકાની દેખાડી નથી.' દીનાનાથે કહ્યું.

'હં !' સહજ હસીને પોતે કાંઈ માનતો ન હોય એવો દેખાવ ચિતરંજને કર્યો.

લગ્નપ્રસંગે મંજરીને કપાળે કંકુ અરાડી ચિતરંજને ચાંલ્લો કર્યો. 'દીનુ! મારા ગયા પછી જ આ બૅગ ઉઘાડજે. એમાં મારો ચાંલ્લો છે : મંજરી માટે.' અને પછી મંજરીને માથે હાથ મૂકી. 'બેટા ! સુખી થજે.' કહી સદાય આનંદમાં રહેતો ચિતરંજન સહજ શોકની છાયા મુખ ઉપર વિસ્તારતો નંદકુંવર અને દીનાનાથની રજા લઈ ઘણો આગ્રહ હોવા છતાં ચાલ્યો ગયો. બૅગ ઉઘાડી જોતાં તેમાં રૂ. ૧૫૦૦૦ની નોટો મૂકેલી દેખાઈ. દીનાનાથ સ્તબ્ધ થઈ ગયા. જેમણે જાણ્યું તે સઘળાં સ્તબ્ધ થઈ ગયાં. આટલી ભારે રકમનો ચાંલ્લો મંજરીને થયો તેથી તેને હર્ષ થવો જોઈતો હતો, પરંતુ આ ખબર જાણીને તેણે કાંઈ પણ જવાબ ન આપ્યો.

'મેં પેલા દસ હજાર પાછા ન લીધા એટલે ચિતરંજને આ રસ્તો કર્યો લાગે છે. એનું ઠેકાણું શું ? કેવો વિચિત્ર માણસ છે !' દીનાનાથે જણાવ્યું.

વ્યોમેશચંદ્રની ખુશાલીનો પાર નહોતો. તેમનાં બાળકો હવે સુખી થશે, ઘર વ્યવસ્થિત રહેશે. લક્ષ્મી જેવી નોકરડીઓ પોતાના ઉપર જુલમ ગુજારવાનું માંડી વાળશે, અને - પોતે નીતિમાન રહી સંસાર ભોગવી શકશે. આવા વિચારે તેમનો સમય આનંદમાં વ્યતીત થવા લાગ્યો.

નીતિના બહાના નીચે કેટલાં અનીતિમય લગ્ન થતાં હશે એનો કોઈ સમાજશાસ્ત્રી હિસાબ કાઢશે ? નીતિને અને લગ્નને કેટલો અને કેવો સંબંધ છે તેનું સહજ દિગ્દર્શન કોઈ નીતિવેત્તા કરી શકશે ? લગ્નથી નીતિ વધે છે કે ઘટે છે ? નીતિને નામોશી લાગે એવા દોષો લગ્નની સંસ્થામાં કેટલા પોષાય છે ? આ બધું આપણને કોણ કહેશે ?

કદાચ આપણે સહજ દૃષ્ટિ ફેરવીએ તો ઝાંખો ખ્યાલ તો આપણને જરૂર આવી શકશે. આપણાં બાળકો, આપણાં દવાખાનાં, આપણાં કેદ-ખાનાં, આપણાં ભિખારીઓ, એ સર્વ આપણને લગ્ન અને નીતિનો સંબંધ નહિ સમજાવી શકે ?

ગમે તેમ હોય પરંતુ વ્યોમેશચંદ્રને લગ્નથી થતો આનંદ અટકાવવાનો કોઈને અધિકાર નહોતો જ. પરણીને મંજરી ઘેર આવી. તેની

વાચા ઊડી ગઈ હતી. તેની આંખનું તેજ ઓછું થતું હતું. કોઈની સોબત તેને ગમતી જ નહિ. લક્ષ્મીએ મંજરીની માનીતી થવા ઘણો પ્રયત્ન કરવા માંડ્યો. તેની પાસે બેસે, જમવાનો આગ્રહ કરે, ગાડીમાં ફરવા જવા સૂચના કરે, ઘરનાં ઘરેણાં-લૂગડાંનું વર્ણન આપે, વ્યોમેશચંદ્રના સ્વભાવનાં વખાણ કરે, તેના રૂપની અને આવડતની પ્રશંસા કરે. પરંતુ મંજરીમાં કશી પણ વાત ઉત્સાહ પ્રેરતી નહિ.

'મોટા મોટા સાહેબો અને ગોરાઓ પણ ભાઈને સલામો કરે છે.'

મંજરીને વ્યોમેશચંદ્રનું મહત્ત્વ સમજાવવા લક્ષ્મીએ પ્રયત્ન કર્યો.

'એક વખત મુંબઈ જતાં ગાડીમાં બે ગોરા સોલ્જરો આવ્યા. ભાઈને કહ્યું કે ઊતરી જાઓ. ભાઈ એમ માને ખરા કે ? એમણે તો ચોખ્ખી ના પાડી. સાહેબોએ તો ધમકી આપવા માંડી; પણ એમણે તો કાંઈ જવાબ આપ્યો નહિ. છેવટે સાહેબે એક પોટલું ફેંકી દેવા માંડ્યું. એટલે તો પછી પૂછવું જ શું ? એકદમ ભાઈએ પિસ્તોલ કાઢી સાહેબ સામે ધરી. પેલા બંને ભૂરિયા ગભરાઈને ઊતરી ગયા. આ છોકરીનાં મા તે વખતે જીવતાં હતાં.'

મંજરીને આ બહાદુરી ઉપર કાંઈ મોહ થયો હોય એમ લાગ્યું નહિ. તેણે નીચું જોઈ રાખ્યું.

# ૨૨

## છેટાં હૃદય

*આ રાત પહેલી વરલની માશુકના ઇન્કારની ?*
*ત્યાં બેવકૂફી તેં કરી ! તુજ જામ કાં ફૂટ્યું નહિ ?*

**કલાપી**

લક્ષ્મી જેવી અનુભવી બાઈને પણ નવાઈ લાગી કે, મંજરીને કોઈ પણ વાત રસ ઉપજાવતી કેમ નથી ? તેને શક પડ્યો કે મંજરી બીજા કોઈને ચહાતી તો નહિ હોય ?

'બહેન ! તમને કેમ અહીં ગમતું નથી ?'

મંજરીએ જવાબ આપ્યો નહિ. ઘરમાં તે ઘણું જ થોડું બોલતી. વધારેમાં વધારે બાળકો સાથે તેની વાત થતી. બીજા કોઈ સાથે તો હા અગર નાથી વધારે શબ્દોનો વ્યય તે કરતી જ નહિ. તેને કોઈ પણ ચીજની માગણી કરવી પડતી નહિ. અને જરૂર હોય તો તે પોતાની જાતે જ કામ કરી લેતી. પોતાની માતા ઘેર બોલાવે ત્યારે જતી. ત્યાં પણ ન છૂટકે જ બોલતી. માતાપિતાને આશ્ચર્ય લાગ્યું કે મંજરીમાં ફેરફાર થાય છે ! શા માટે થાય છે? કોઈ કળી શક્યું નહિ.

માત્ર લક્ષ્મી જેવી ચબરાક બાઈ કારણની શોધમાં બરાબર ઊતરી ગઈ. તેણે મંજરીની બધી હિલચાલો તપાસવા માંડી. તે બેઠી હોય, તે સૂતી હોય, બાળકો સાથે રમતી હોય અગર વાંચતી હોય તોપણ છૂપી રીતે લક્ષ્મી તેના ઉપર નજર રાખતી. તેને કાંઈ ખાસ સ્વાર્થ નહોતો. વ્યોમેશચંદ્ર બીકણ હતા એમ તેના મનમાં ખાતરી થઈ ગઈ હતી, નહિ તો લક્ષ્મીથી તેમને ડરવાનું કારણ શું હતું ? પોતાનાથી ભલે ડરે, પરંતુ મંજરી સાથે સુખમય દિવસો ગુજારવામાં હરકત આવવી ન જોઈએ એમ તે માનતી. એ રીતે પણ તે ઘરમાં માનીતી થઈ શકે એવો પણ તેને લોભ હતો જ. એટલે અનેક રીતે મંજરીનું મન પારખવાના તેણે પ્રયત્ન આદર્યા.

વ્યોમેશચંદ્રને પણ મંજરીનું વર્તન આશ્ચર્યજનક લાગ્યું. પહેલાં તે પતિની સાથે બોલતી નહિ. ઘણી છોકરીઓ ઓળખાણ હોવા છતાં બોલતી નથી. પોતાના વૈભવથી પણ તે આકર્ષાતી નહોતી. હોય ! સારાં

કુલીન કુટુંબોમાં બાળકો ગરીબી અનુભવતાં હોય તે છતાં બીજાના વૈભવ જોઈ તેમને મોહ થતો નથી. તેમને એમાં કાંઈ નવાઈ લાગતી નથી. અને પોતાનો સુંદર દેખાવ જોઈ મંજરીએ કદી તીરછી નજરે નિહાળ્યું નથી. દેખાવની બાબતમાં એકલી સ્ત્રીઓ જ દૂષિત હોય છે એમ નથી; પુરુષો પણ દેખાવના એટલા જ શોખીન હોય છે; રૂપનો ગર્વ એટલો જ હોય છે. માત્ર સ્ત્રીઓ કરતાં જુદા પ્રકારનાં કામોમાં રોકાવાને લીધે દેહનો વિચાર કરવાનો તેમને ઓછો વખત મળે છે. પરંતુ જેમને સ્ત્રીઓ જેટલી નવરાશ હોય છે તેઓ આયનાને દૂર કરી શકતા નથી, કપડાંને કરચલી પડવા દેતા નથી, વાળનો ચકચકાટ ઓછો થવા દેતા નથી, અને ચહેરો સારામાં સારો કેવી રીતે દેખાય તે માટે આંખ, હોઠ, હડપચી વગેરે કેમ ગોઠવી રાખવાં તેના વિવિધ પ્રયોગોમાંથી ઊંચા આવતા જ નથી. વ્યોમેશચંદ્ર શ્રીમંત હતા, તેમને ફુરસદ ઘણી જ હતી, અને ફુરસદની અસર નીચે, ચારેક બાળકોના પિતા હોવા છતાં, પોતાના દેહની સુંદરતા માટે ઘણી જ કાળજી રાખતા. અને મર્યાદાની હદમાં રહીને, વિનયની હદ ઓળંગ્યા વગર તેઓ પોતાના રૂપને માટે ગર્વ પણ ધરાવી શકતા. પોતાનું રૂપ મંજરીને મોહ પમાડે એવા જાણ્યે-અજાણ્યે ઘણા પ્રયત્નો તેમણે કર્યા હતા; પરંતુ પુરુષોના સૌંદર્ય સંબંધમાં સ્ત્રીઓના બહુ જ વિચિત્ર ખ્યાલ હોય છે. દેખાવડા મનાતા, સફાઈદાર કપડાં પહેરેલા ગોરા ગોરા માણસો તરફ સ્ત્રીઓ આંખ પણ નાંખતી નથી, જ્યારે કેટલાક કાળા અને દેખાવડા ન ગણાતા પુરુષો માટે અનેક જાતની વાતો સાંભળવામાં આવે છે. તે જે હોય તે ખરું; પરંતુ આવા વિચારોમાં વ્યોમેશચંદ્ર આશ્વાસન લઈ શકતા.

પરંતુ પરણ્યા પછી સ્ત્રીઓનું માનસિક વાતાવરણ બદલવું જ જોઈએ. રૂપ, સ્વભાવ અને ધન એ સર્વ બાબતોમાં મંજરીને વધારે સંતોષ આપે એવો પુરુષ વ્યોમેશચંદ્ર સિવાય બીજો ભાગ્યે જ મળી શકે. છતાં તેણે કદી બોલાવવાનો પ્રયત્ન કર્યો નહિ, ચોરીછૂપીથી વ્યોમેશચંદ્ર સામું જોઈ લેતાં તે કદી પકડાઈ નહિ. તરત પરણીને યુવતીઓ વર સિવાય બીજી કોઈ પણ વાત કરી શકતી નથી. મંજરીની સખીઓએ કદી વ્યોમેશચંદ્ર સંબંધી સૂચન પણ તેની પાસેથી સાંભળ્યું નહિ. શરૂઆતના દિવસોમાં શરમ, સગપણમાં ફેરફાર, જીવનની નવીનતાનો ગભરાટ એ બધાં કારણોથી મંજરીનું મૌન સમજાવી શકાય પરંતુ હવે શું ?

વ્યોમેશચંદ્રને ફિકર પડી. મંજરીને તેઓ ઘણા જ ચાહતા હતા. પરંતુ એ પ્રેમનો પડઘો મંજરીના હૃદયમાં કેમ પડતો નહોતો ?

એક દિવસ મંજરી હીંચકા ઉપર સૂતી સૂતી કાંઈ વાંચતી હતી.

લક્ષ્મી પાસે જ બેઠી હતી, અને બીજું કાંઈ કામ ન હોવાથી તે મંજરીના પગનાં તળિયાં દબાવતી હતી. મંજરીને આ વૈભવ ગમ્યો નહિ. તેણે લક્ષ્મીને પગ દબાવવાની ના પાડી. પરંતુ લક્ષ્મી તે માને એમ નહોતી. તેણે ઘણા આગ્રહ સાથે પગ દબાવવા ચાલુ રાખ્યા.

મંજરી એકલી હશે એમ ધારી ધીમે રહી વ્યોમેશચંદ્રે ઓરડામાં પ્રવેશ કર્યો. લક્ષ્મી ઊઠીને ઊભી થઈ અને ઓરડાની બહાર જવા લાગી. મંજરીએ પુસ્તકમાંથી નજર કાઢી જોયું તો વ્યોમેશચંદ્રને - પોતાના પતિને - નજીક આવતા જોયા.

'લક્ષ્મી ! ક્યાં જાય છે ? ઊભી રહે ને ! હું તારી સાથે જ આવું છું.' કહી મંજરીએ લક્ષ્મીને થોભવા જણાવ્યું. લક્ષ્મીએ ઘણાં જોડાંના એકાંત મેળાપ કરાવી આપ્યા હતા. તે 'આવું છું' કહી બહુ જ ઝડપથી ઓરડાની બહાર ચાલી ગઈ. પરણ્યા પછી મંજરી ભાગ્યે જ એકલી પડી હતી. કોઈ નહિ તો નાની છોકરી પણ સાથમાં તો હોય જ. આજે એ અને વ્યોમેશચંદ્ર એ બે એકલાં જ પડ્યાં હતાં. મંજરી ગૂંચવણમાં પડી. તે હીંચકા ઉપરથી ઊભી થઈ. વ્યોમેશચંદ્રે મંજરીનો હાથ ઝાલી તેને ફરી હીંચકા પર બેસાડી, અને પોતે પણ સાથે બેસી ગયા.

વ્યોમેશચંદ્રનો હાથ પોતાના હાથે અડકતાં તેનું મુખ બદલાઈ ગયું. અસ્પર્શ્ય વસ્તુને અડતાં જેટલો કંટાળો ઊપજે તેટલો જ કંટાળો મંજરીના મુખ ઉપર ફરી વળ્યો. વ્યોમેશચંદ્રને માનભંગ થતું લાગ્યું; પરંતુ તે મુખ ઉપર જણાવા ન દેતાં તેમણે મંજરીને ખભે હાથ મૂકી પૂછ્યું :

'મંજરી ?'

મંજરીએ ખભો સંકોચી લીધો અને જાણે હાથનો ભાર સહન થતો ન હોય તેમ ખભેથી વ્યોમેશચંદ્રના હાથને ખેસવી દીધો.

મંજરીએ ખભેથી હાથ ખસેડી નાખ્યો એટલે વ્યોમેશચંદ્રને એકાએક ગુસ્સો ચઢી આવ્યો. પત્ની તરફથી આવા વર્તનની કોઈ આશા રાખતું નથી. તેમને મનમાં લાગ્યું કે મંજરીને એના પિતાને ઘેર મોકલી દેવી; મંજરીનું અપમાન કરવું; અગર તેણે કરેલા અપમાનના બદલામાં તેણે ધોલ મારી તેની પત્ની તરીકેની પરાધીનતા સ્પષ્ટપણે સમજાવવી.

**પરંતુ ગુસ્સો એમણે દબાવ્યો. અને હસતું મુખ રાખી ફરીથી તેના ખભા ઉપર હાથ મૂક્યો. મંજરી સમજ વગરની નહોતી. તે જાણતી હતી કે કાયદાની દૃષ્ટિએ, લૌકિક નીતિની દૃષ્ટિએ, તેનો દેહ વ્યોમેશચંદ્રની માલિકીનો થયો હતો. પરંતુ તેનું મન, તેનું હૃદય એ દૃષ્ટિ સ્વીકારી શક્યું નહોતું. તેને તો હજી પેલો કુમળા મુખવાળો સનાતન યાદ આવ્યા કરતો

હતો. સનાતનના પત્રની આશા રાખી થાકી ગયેલી, સનાતનની નિંદા સાંભળી તેના ઉપર પોતાનો કાંઈ અધિકાર ન હોવાના કારણે નિરુપાય બની ગયેલી, અને પોતાને માટે સનાતનને લાગણી નહિ જ રહી હોય એવી ખાતરી થતાં ભયંકર મૂંઝવણમાં પડેલી આ યુવતીએ કાંઈ સમજ ન પડવાથી માતાપિતાની ઈચ્છાને માન આપી લગ્ન તો થવા દીધું, પરંતુ એ લગ્ન થતાં તેને લાગ્યું કે તેણે એક ન સુધરે એવી ભૂલ કરેલી છે. સનાતન ચાહે છે કે નહિ તેનો વિચાર પણ મંજરીને આવવો જોઈએ. સનાતનને માત્ર ચહાવું એટલું જ શું બસ નહોતું ? તેનું હૃદય, તેનો દેહ જો સનાતનને શોધતાં હતાં તો મંજરીએ વ્યોમેશ સાથેના લગ્નને સ્વીકારવું જ નહોતું ! છતાં જ્યારે તેણે લગ્ન સ્વીકાર્યું ત્યારે લગ્નના ધર્મો પાળવા એ જ તેનું કર્તવ્ય હતું. વ્યોમેશચંદ્ર તેને પરણીને સુખી થવા માગતા હતા : જીભ વગરની, પ્રેમ વગરની, પૂતળીને પોતાનાથી નાસતી ફરતી જોવા તેઓ પરણ્યા નહોતા. મંજરીને એકાંતમાં આવા આવા બહુ વિચારો આવતા હતા. વ્યોમેશચંદ્રને તે ભારે અન્યાય કરે છે એમ તે માનતી હતી. પતિને રીઝવવાની બે યુક્તિ એ જ પતિ પ્રત્યે બજાવવાની બે મુખ્ય ફરજ : પતિને હૃદય સોંપવું અને પછી દેહ સોંપવો. હૃદય સોંપાઈ ચૂક્યું હતું. હૃદયની પ્રેરણા વગર - હૃદયની દોરવણી વગર દેહ ડગલું પણ ભરી શકતો નહોતો. ડગલું ભરતાં તો આંખ આગળ સનાતન પ્રગટી નીકળતો હતો, અને વ્યોમેશચંદ્ર તરફના અણગમાને તે વધારી મૂકતો હતો.

વ્યોમેશનો હાથ ફરીથી તેને ખભે મુકાતાં શું કરવું તે મંજરીને સમજાયું નહિ. વ્યોમેશનો હાથ તેને ન ગમ્યો. જે હાથ ન ગમ્યો, તે હાથનું ગ્રહણ કરવું જોઈતું નહોતું. પતિને પત્નીને ખભે ક્વચિત્ હાથ મૂકવા જેટલો પણ હક્ક ન હોય ? હક્ક સ્વીકાર્ય છતાં વ્યોમેશનો હાથ ફરી તરછોડી નાખવા તેના હૃદયે બળ કર્યું. પરંતુ વ્યોમેશનું વારંવાર અપમાન કરવા જેવી ક્રૂરતા તેનાથી થઈ શકી નહિ. તેનું માર્દવ કોઈને પણ દુઃખી કરે એ અસંભવિત હતું. એ જ માર્દવે તેને વેલી તરફ આકર્ષી હતી, અને લગ્ન વિરુદ્ધ બંડ કરતાં તેને અટકાવી હતી. જગતમાં એવાં પણ હૃદયો હોય છે જે અન્યના સુખ માટે દેહને જ નહિ પણ હૃદયને પણ હોમે : મંજરીના હૃદયનું એવું જ ઘડતર હતું.

તેણે વ્યોમેશનો હાથ ખભા ઉપર રહેવા દીધો. પરંતુ તે સાથે જ તેની સામે સનાતન પ્રગટ થયો. અગાસી ઉપર એકનો એક મહામૂલો પ્રસંગ ફરી તેની દૃષ્ટિ સમીપ રચાયો. સનાતનના હસ્ત, સ્પર્શની કલ્પનાએ કંપ અનુભવતી મંજરીએ વ્યોમેશનો હાથ ખભા ઉપર સ્થિર રહેવા દીધો ખરો,

એ હાથ ખસેડવાનો પ્રયત્ન પણ તેણે કર્યો નહિ; પરંતુ તેની છાતી રૂંધાઈ ગઈ; તેની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

વ્યોમેશે એ આંસુ નિહાળ્યાં, વ્યોમેશચંદ્ર પતિ હતો. રાક્ષસ નહોતો, રાક્ષસ પણ પતિ તરીકે કુમળા બની શકે છે. મંજરીનાં આંસુ વ્યોમેશને ગમ્યાં નહિ. મંજરીના રુદને તેના હૃદયમાં અનુકંપા ઉપજાવી.

'મંજરી ! તું કેમ રડે છે ? છાની રહી જા. અહીં નથી ગમતું ?' વ્યોમેશચંદ્રે તેની આંખ લૂછવામાં સહાય કરતાં પૂછ્યું.

આવી સરળતાથી, આવી દયાથી પોતાનાં આંસુ લૂછનાર પતિને શું તેણે એમ કહેવું કે ત્યાં ગમતું નહોતું ! રડવાનું કારણ આવી મમતાથી પૂછનારને શું તેણે એમ જવાબ આપવો કે તેની સાથે તે પરણી, માટે તેને રડવું પડ્યું ?

મંજરીએ વ્યોમેશને આંસુ લૂછવા દીધાં. છતાં તે રડ્યે જ ગઈ. તેને લાગ્યું કે તે વ્યોમેશને પણ અન્યાય કરતી હતી. અને સનાતનને પણ અન્યાય કરતી હતી; આવી સ્થિતિમાં તે રડે નહિ તો બીજું શું કરે ?

રડતાં આંસુયે ખૂટે છે. મંજરી જરા છાની રહી એટલે વ્યોમેશચંદ્રે ફરી પૂછ્યું :

'મંજરી ! તને શું થાય છે ? આટલો બધો અણગમો કેમ ?'

મંજરીને લાગ્યું કે વ્યોમેશચંદ્ર અસંસ્કારી તો નહોતો જ. મંજરી ઉપર ગુસ્સે થવાને બદલે તેઓ સૌમ્ય વર્તન રાખતા હતા. પરંતુ મંજરીની વાચા તો બંધ જ હતી.

'મેં તો કંઈક આશાઓ રાખી હતી. તારા જેવી સંસ્કારી અને સ્વરૂપ-વાન પત્ની મને મળી તે હું મારું સૌભાગ્ય માનતો હતો - હજીયે તેમ માનું છું; પણ તું તો આમ અતડી રહે છે ! જાણે પારકું ઘર હોય એમ સંકોચમાં જ રહે છે !'

વ્યોમેશચંદ્રે વિનવણી કરી. વિનવણી કરતાં કરતાં તેમણે પોતાનો હાથ મંજરીને ખભેથી ખસેડી વાંસે મૂક્યો, અને ધીરે ધીરે હાથ ફેરવવા માંડ્યો

મંજરીએ ઘણી વાર્તાઓ વાંચી હતી. પતિપત્નીના રસમય સંવાદો પણ તેમાં વાંચ્યા હતા. તેની કલ્પના પણ જાણેઅજાણ્યે આવા રસભર સંવાદો ક્વચિત્ સંભળાવતી. આ તો તેણે પ્રત્યક્ષ અને સ્પષ્ટ રીતે પ્રેમ વ્યક્ત કરતાં પતિને જોયો અને સાંભળ્યો.

'મંજરી ! હુંયે તારો છું અને આ ઘરે તારું છે, સમજી ?'

તે સમજી, છતાં તેનું અંતર ઊછળ્યું નહિ. પોતાના સંસ્કાર અને સ્વરૂપનાં વખાણ સાંભળી હરકોઈ પત્ની રીઝે, પતિ 'તારો છું.' એ વિધાનથી પોતાના સમર્પણને વ્યક્ત કરે ત્યારે કોઈ પણ પત્નીને જીવનમાં સ્વર્ગ ઊતરી આવતું દેખાય. પરંતુ મંજરીને પોતાનાં વખાણ ગમ્યાં નહિ. વ્યોમેશચંદ્ર અને તેમનું ઘર તેનાં ન હોત તો જ વધારે સારું થાત એવી લાગણી તેણે અનુભવી.

કોઈ પણ પત્નીના માનને - રોષને સમાવવા વ્યોમેશચંદ્રના શબ્દો પૂરતા હતા. છતાંયે જ્યારે મંજરી બોલી નહિ ત્યારે તેમને ફરીથી ખોટું લાગ્યું. અલબત્ત, ખોટું લાગ્યાથી તેમને ગુસ્સો ન જ ચઢ્યો. વ્યોમેશચંદ્રની રસિકતા ઓસરી ગઈ ન હતી. પત્નીનાં માન અને રોષમાં રસનો તેઓ અનુભવ કરતા હતા. મંજરીનું સુંદર રુદન અને વિસ્તૃત બનતો જતો અનુકૂળ સ્પર્શ તેમના ગુસ્સાને ગાળી નાખતો હતો.

તેમણે ખોટું લાગ્યાનો ભાવ વ્યક્ત થાય એ ઢબે પૂછ્યું :

'મંજરી ! મારી જોડે તું નહિ જ બોલે ને ? મેં એવો શો વાંક કર્યો છે ?'

દયા ઉપજાવતાં આ વચનોએ મંજરીનું હૃદય વીંધ્યું. વ્યોમેશને થતા અન્યાયની ભાવનામાં દયાનો ઉમેરો થતાં મંજરીએ આડી રાખેલી આંખ સહજ વ્યોમેશચંદ્ર તરફ ફેરવી. વ્યોમેશના નવજીવનમાં આ પળ ધન્ય હતી. આજ સુધી મંજરીએ વ્યોમેશચંદ્રની નજર સાથે નજર મેળવી નહોતી. આજે તેણે સહજ દૃષ્ટિ મેળવી. અનુભવી વ્યોમેશચંદ્રને લાગ્યું કે તેની જીત આ જ રસ્તે હતી. મંજરીની દયાવૃત્તિનો સ્પર્શ કરતાં તે જિતાશે એવી તેમને ખાતરી થઈ. તેઓ આગળ વધ્યા :

'મંજરી ! હું નથી ગમતો, ખરું ?'

પતિનું આ લાડવચન હતું - વધારે દયા ઉપજાવવા માટે હતું. દયાથી ઉત્તેજિત થયેલી મંજરીએ વ્યોમેશચંદ્ર તરફ ફરી નજર નાખી. પરંતુ નજર પડતાં જ તેનો જૂનો અણગમો પાછો તરી આવ્યો. વ્યોમેશના મુખ તરફ જોયા વગર તેના શબ્દોમાં તે ગમતી હતી ત્યારે તેના હૃદયમાં દયાનો સંચાર થતો. પરંતુ નજર મેળવતા જ તેને સનાતન સાંભર્યો. સનાતનના પ્રભાત-પુષ્પ સમા મુખને પડખે વ્યોમેશચંદ્રનું મુખ તાપથી કડક, અને મ્લાન બનેલા, રંગ ઊડી ગયેલા પુષ્પ સરખું લાગ્યું.

મંજરીથી છેવટે બોલાઈ ગયું :

'મને અહીં નથી ગમતું.'

# ૨૩

## લક્ષ્મીની ચોકી

*તો ય ધોધ કેરે ધમક જગત ધમધમે રે લોલ.*
*મને આંસુનાં એમ અનુકમ્પ ગમે રે લોલ !*

**નાનાલાલ**

'તને કેમ ગમતું નથી ? તું બધાં સાથે વાત કર. મારી સાથે ફરવા ચાલ. મન હોય તે ઘરેણાંલૂગડાં પહેર, ઘરમાં હારમોનિયમ છે તે વગાડ. તને તો સારું આવડે છે ! શા માટે આમ આખોય દિવસ ઉદાસ રહે છે ?'

અણગમતું મટાડવાના વ્યોમેશચંદ્રે ઈલાજો બતાવ્યા, પરંતુ મંજરીને એકે ઈલાજ ગમ્યો હોય એમ જણાયું નહિ. તેણે એક્કે માગણી કરી નહિ.

પત્ની અણમાનીતી હોય તેનો પતિ ઈલાજ કરી શકે. પરંતુ પતિ જ અણમાનીતી હોય તો પતિએ કે પત્નીએ શું કરવું તેનો ઈલાજ શાસ્ત્રોએ કે ચાતુર્યે સૂચવ્યો જણાતો નથી. વ્યોમેશચંદ્રને લાગ્યું કે આટલી વિનવણી પછી મંજરીને એકલી મૂકવી એ જ વધારે સારું છે. તેમની આશા અમર હતી. ફરી પ્રયત્ન કરી મંજરીને મનાવી શકાશે એવી આશામાં તેઓ ઊઠતા હતા, એટલામાં તેમની નાની પુત્રી વેલી બૂમ પાડતી દોડતી દોડતી આવી.

'જુઓ ને મંજરીબહેન ! મને ભાઈ મારવા આવે છે !'

આટલું બોલી તે મંજરીની પાસે ભરાઈ ગઈ. તેને મંજરી પારકી લાગતી નહોતી. મંજરી પણ ઘરમાં માત્ર વેલીની જ સાથે બોલતી અને હસતી. ક્વચિત્ બીજાં બાળકો સાથે પણ બોલતી અને રમતી. પરંતુ બાળકો સિવાય અન્ય સર્વ તેને મન વર્જ્ય હતાં.

મંજરીએ વેલીને પાસામાં લઈ લીધી, વ્યોમેશચંદ્રે આ દૃશ્ય પહેલી જ વાર જોયું, આનંદ અને આશ્ચર્યની લાગણીમાંથી તેમની આશાએ એક અવનવી ફાળ ભરી :

'મારાં બાળકો તરફ તો આટલો ભાવ છે ! શા માટે એમ માનવું કે એને મારા તરફ ભાવ નથી ?'

તેમના માનસિક વ્યાપારે તેમના દેહમાં સ્ફૂર્તિ આણી. આશામાં ને

આશામાં તેમનાથી બોલી જવાયું :

'મંજરી ! સાંજે મારી સાથે તારે ફરવા આવવાનું છે હો ?'

આટલું બોલી તેઓ ઊભા થયા ને મંજરીના જવાબની તેમણે રાહ જોઈ.

મંજરીએ જવાબ ન આપ્યો. નીચે જોઈ ખોળામાં લપાઈ ગયેલી વેલીના માથા ઉપર તેણે હાથ ફેરવ્યા કર્યો.

વ્યોમેશચંદ્ર ત્યાંથી ગયા. વેલી બેઠી થઈ અને મંજરી સામે તાકીને જોવા લાગી.

'શું જુએ છે ?' મંજરીએ પૂછ્યું.

'તમે રડતાં હતાં ?' વેલીએ જવાબ આપવાને બદલે પ્રશ્ન કર્યો.

'તેં કેમ જાણ્યું ? મંજરીએ સહજ હસતાં પૂછ્યું.

'કેમ ન જાણું ? તમારી આંખો ચોળાઈ ગઈ છે ! લાલ લાલ થઈ ગઈ છે !'

મંજરીએ હસીને કશો જવાબ ન આપ્યો.

'તમે આવાં કેવાં છો ? આખો દહાડો મોં ચઢાવીને જ બેસો છો ! વેલીએ મંજરી સામે વાંધો લીધો.

'મારું મોં જ એવું છે તે હું શું કરું ?' પોતાને ગમતી છોકરી સાથે મંજરીએ વાત લંબાવવા માંડી.

'તમારું મોં તો બહુ જ સારું છે, મને એવું ગમે છે !' વેલીએ મંજરીના મુખસૌંદર્ય વિષે અભિપ્રાય આપ્યો.

હળવા બનેલા મંજરીના હૃદયમાં જવાબ સ્ફુર્યો.

'ત્યારે મારી સાથે તું પરણજે.'

પરંતુ એ જવાબ તેના હૃદયમાં જ રહ્યો. કદાચ વેલી મોટી હોત તો મંજરીએ જવાબ આપ્યો હોત. મંજરીનો સ્વભાવ હતો એવો આનંદી રહ્યો હોત તો વેલી નાની હોવા છતાં તેણે એ જવાબ આપ્યો હોત. પરંતુ મંજરી મંજરી હતી અને વેલી નાની બાળકી હતી, એટલે તેને કાંઈ પણ જવાબ ન આપતાં તેણે વેલીના ગાલ ઉપર વહાલભરી એક ઝીણી ચૂંટી ભરી. વેલી મંજરીને વધારે વળગી.

નીચેથી ટપાલીનો અવાજ આવ્યો. અને મંજરી એકાએક બદલાઈ ગઈ. લક્ષ્મી તે જ વખતે વેલીને ખોળવાને બહાને ત્યાં આવી પહોંચી.

આ અનુભવી સ્ત્રી કેટલાક દિવસથી મંજરીના દર્દની ચિકિત્સા કરવાના પ્રયત્નમાં ગૂંથાઈ હતી. છૂપી રીતે તેણે મંજરીની સઘળી

હિલચાલનો અભ્યાસ કર્યો. એક વાત કદી સમજાતી ન હતી : દરરોજ ટપાલીનો સાદ સાંભળી મંજરી કેમ બદલાઈ જતી ? જીવ વગરની, સુસ્ત, ઉદાસ અને અબોલ મંજરીના કર્ણ ઉપર કાગળવાળાની બૂમ પડતાં તે એકદમ ચમકી ઊઠતી, તેના મુખ ઉપર વ્યાકુળતા દેખાતી; તેનામાં કોઈ અવનવું બળ આવતું; અને મુખ ઉપરની ફિક્કાશ ચાલી જઈ સહજ લાલાશ તરી આવતી.

તેને ત્યાં કાગળો દરરોજ આવતા. મંજરીની જાતને લખેલા કાગળો પણ કેટલાક આવતા. છતાં રોજ આ પ્રમાણે ટપાલ વખતે મંજરી આતુર બની જતી. એવું શું કારણ ? કાગળ વાંચીને મંજરી જેમની તેમ પાછી સુસ્ત બની જતી. કાગળોને ઠેકાણે ન રાખતાં ગમે ત્યાં ફેંકી દેતી. દરકાર વગર ગમે ત્યાં ફેંકાયેલા કાગળો કોઈ વાંચે તેની પણ મંજરીને પરવા ન હતી. લક્ષ્મીએ કેટલીક વખત કાગળો છાનામાના વંચાવ્યા પણ ખરા; પરંતુ આમ નિરાશા પ્રેરતો એક પણ કાગળ લક્ષ્મીના જોવામાં આવ્યો નહિ.

છતાં દરરોજ કાગળ આવતી વખતે મંજરી એવી ને એવી જ ચેષ્ટા કરતી. તે બેઠી હોય તો ચમકી ઊઠતી. કામ કરતી હોય તો અટકી જતી. પુસ્તક વાંચતી હોય તો તેના હાથમાંથી તે પડી જતું. મંજરીને સૂક્ષ્મ રીતે જોનાર જાણી શકે એમ હતું કે કાગળ તેની પાસે આવતાં તેને કોઈ વિચિત્ર અનુભવ થતો.

આજે પણ એમ જ થતું લક્ષ્મીએ ભાળ્યું. વેલીની સાથે ચાલતી રમત કાગળ જોતાં જ તેણે મૂકી દીધી. કાગળ જોવાની તેની વ્યાકુળતા વધી ગઈ. પરંતુ કાગળ તેની પાસે આવતાં જ તેને વાંચ્યા વગર બાજુએ નાખી મંજરી ઉદાસ બની હીંચકે અઢેલીને બેઠી.

'કેમ કાગળ વાંચ્યો નહિ ?' લક્ષ્મીએ પૂછ્યું.

'મારી બહેનપણીનો કાગળ છે. પછી નિરાંતે વાંચીશ.'

'તમે કેમ જાણ્યું કે એ બહેનપણીનો કાગળ છે ?'

'અક્ષર ઉપરથી.'

'કાગળ આવે છે ત્યારે ચમકી ઊઠો છો, પણ હાથમાં આવતાં વાંચતાયે નથી. એનું શું કારણ ?' લક્ષ્મીએ પૂછ્યું.

'તારે શું કામ છે ?'

'મારે કામ છે. મારાથી તમારું આવું મોં જોવાતું નથી. મને પારકી ન ગણશો. હું તમારી જ છું.'

'મારે કોણ પારકું પોતાનું હોય !' મંજરીથી બોલાઈ ગયું.

'ત્યારે શા માટે છુપાવો છો ? કોઈનો કાગળ આવવાની બીક લાગે છે ?' વકીલની સફાઈથી લક્ષ્મીએ પૂછ્યું.

મંજરીએ જવાબ ન આપ્યો. સમજાવવામાં કુશળ લક્ષ્મીએ આગળ ચલાવ્યું :

'હોય ! નાનપણની હજાર વાત હોય. રમતાં રમતાં વાત બની જાય એ વખતે કંઈ ભાન રહે છે ? અને મરદો તો એવા હોય છે કે પછીથી કેડો છોડતા જ નથી. કાંઈ નહિ તો કાગળ લખવામાંથી પણ ન જાય. પણ બહેન! તમારે બીવાનું કાંઈ કારણ નથી. તમારા કાગળો અહીં કોઈ ઉઘાડવાનું નથી. સાહેબને તો એવી ટેવ જ નથી ને.'

'મારે તો કશુંય બીવાનું કારણ નથી.'

'ખરું છે. કોઈ કાગળ લખે અને કોઈ વાંચે એમાં તમારે શું ? ગઈ ગુજરી વિસારે પડી, તોયે કોઈ કાગળ લખે તો તે જાણે તમારે તો કાને જ હાથ દેવાના !'

મંજરીના મુખ ઉપર તિરસ્કાર છવાઈ રહ્યો. પોતાની પત્રલાલસા શું આ રીતે બધા ઉકેલતા હશે ? નાનપણની કોઈ મૂર્ખાઈને પરિણામે કોઈ પુરુષ મળેલી છૂટનો દુરુપયોગ કરે, કાગળ લખે અને પોતાની ફજેતી કરાવે! શું એવા ડરથી તે કાગળો માટે આતુર બનતી હતી ?

પોતે આવી મૂર્ખાઈ કરે જ નહિ એવું મંજરીને અભિમાન હતું. કોઈ પણ પુરુષને અણઘટતો કે ઘટતો લાભ મળે એવી છૂટ આપ્યાનું તેને સાંભરતું ન હતું. ગમે તેનો કાગળ આવે તોપણ તે ખુલ્લો મૂકતાં તેને જરાય ડર રહે એવું હતું નહિ. લક્ષ્મી મંજરીની અસ્થિરતા અને જડતામાં આવી અરસિક વાસના રહેલી શા માટે જોતી હશે તે તેને સમજાયું નહિ. લક્ષ્મી હલકી કક્ષાની સ્ત્રી હતી માટે જ તેને મંજરી માટે આવી ભાવના ઉત્પન્ન થઈ હતી. તિરસ્કારભરી આંખે તેણે લક્ષ્મી તરફ જોયું.

'સામાન્ય સ્ત્રીઓ આવી હશે. હું તો નહિ જ !'

એ વાક્ય તે બોલી નહિ, પરંતુ તેની દૃષ્ટિમાં એવો જ ભાવ રહ્યો હતો.

લક્ષ્મી ગૂંચવાઈ. તિરસ્કારનો તે અર્થ સમજી; અને મંજરી સામાન્ય સ્ત્રી નહોતી એમ તેને થયેલા ભાનમાં વૃદ્ધિ થઈ.

ત્યારે આ વિચિત્રતા શી ? પૂર્વજીવનમાં યાદ કરવા સરખો પુરુષ ન હોય તો વ્યોમેશચંદ્ર શા માટે મંજરીને ગમતા નહિ હોય ? તેમના દેહ ઉપર ઉમર દેખાતી નહોતી. તેમના સ્વભાવમાં કશી વિચિત્રતા નહોતી. અણગમો આવે એવી કશી ટેવ પણ નહોતી. તેમનાં બાળકો મંજરીને

ગમતાં હતાં. ત્યારે મંજરીને શું થતું હતું ? તેનામાંથી હર્ષ કેમ ઊડી ગયો હતો ? સુખ મળ્યે માનવીને આનંદ થવો જ જોઈએ. મંજરી પણ માનવી તો ખરી જ ને ? કક્ષાભેદમાં માનવતા પણ જુદી બની જતી હશે ?

લક્ષ્મી ચાલી ગઈ. વેલી ફરીથી મંજરીને વળગી. મંજરીએ તેને વળગવા દીધી, પરંતુ તેના મનમાં વિચાર આવ્યો :

લક્ષ્મી તરફ બતાવેલો તિરસ્કાર શું વાસ્તવિક હતો ?

તેના પૂર્વજીવનમાં અણઘટતું કશું જ બન્યું નહોતું; પરંતુ તેમાં પ્રવેશ પામી ગયેલો સનાતન હજી ખસતો નહોતો. એ શું ઘટતું હતું ? વચન આપ્યા છતાં તેણે પત્ર લખ્યો નહોતો. પત્ર આવવાની મંજરીએ આશા છોડી દીધી હતી. આશા છોડી દઈ તે માબાપને રાજી રાખવા વ્યોમેશચંદ્ર સાથે પરણી હતી; તે પૂરી સમજ સાથે પરણી હતી. સનાતનની તેના પ્રત્યેની ઉદાસીનતા અને સનાતનની સાંભળેલી નિંદા એ બે કારણોએ તેની પસંદગીને - અગર સંમતિને ખૂબ ઝોક આપ્યો હતો. લગ્ન થઈ ગયું હતું એટલે તેની ફરજ હતી કે તે વ્યોમેશચંદ્રને સુખી કરે. વ્યોમેશ તેનો ધર્મ પાળતો જ હતો. મંજરીને સુખી કરવા તે અથાગ પરિશ્રમ કરતો હતો.

આમ છતાં સનાતનના પત્રની હજી આશા રાખવી, તેને માટે ચમકી ઊઠવું, પત્ર ન આવે એટલે નિરાશાના સાગરમાં ડૂબી જવું અને સર્વનું જીવન ઝેર બનાવવું એ શું મંજરીને માટે ઘટિત હતું ? પત્ની તરીકે તે શું નિષ્ફળ નીવડતી નહોતી ?

આવા વિચારો તેને આવ્યા. લક્ષ્મી કરતાં તે પોતે કઈ રીતે વધારે ઊંચી કક્ષાની નીતિ પાળતી હતી તે વિષે તે વિમાસણમાં પડી. પતિ સિવાયના સર્વ કોઈ પરપુરુષ, પરપુરુષ માટેની આસક્તિ - જરા સરખી પણ - એટલે અનીતિ. શું મંજરી પોતે જ અનીતિમાન ન હતી ?

આનો ઉપાય શો ? સનાતનનો વિચાર સરખો પણ આવતો અટકાવવો ! પરંતુ તે અશક્ય હતું. સનાતન સાથેની થોડીક ક્ષણો તેના હૃદયમાં એવી ઊંડી ઊતરી ગઈ હતી કે ટપાલને સમયે અને નિદ્રામાં તે પરવશ બની જઈ સનાતનની મૂર્તિને સંભારતી હતી. સ્વપ્ન આવે તેનો ઈલાજ નહોતો. પત્ર આવે એ સમયે થરથરવું એ તેણે અટકાવવું જોઈતું હતું. પરંતુ તેયે બની શક્યું નહિ.

તેને વિચાર આવ્યો :

'વ્યોમેશચંદ્ર સાથેનું લગ્ન એ શું તેનું ખરું લગ્ન હતું ?'

એ વિચાર પછી સામાન્ય માનવીને જરૂર બીજો આમ જ વિચાર

આવે :

'એ લગ્ન ખરું ન હોય તો તે લગ્ન જ અનીતિ રૂપ નથી ?'

લગ્ન ઉપર જ સમાજે નીતિની મહોર છાપ મારી છે. સ્ત્રીપુરુષનો સંબંધ લગ્ન વગર અપવિત્ર, અનીતિમય બની જાય છે. પ્રત્યેક બાળક-બાળકી આ જ માન્યતામાં ઊછરે છે. લગ્ન અનીતિ રૂપ હોય એવી તેને કલ્પના પણ આવવી મુશ્કેલ છે. છતાં મંજરીથી એ વિચાર થઈ ગયો એટલું જ નહિ, તેથીયે વધારે ભયંકર વિચાર તેના હૃદયમાં ઝબકી ઊઠ્યો :

'એવાં લગ્ન તૂટી જાય તો....'

એ વિચારની ભયંકરતાએ તેને થથરાવી મૂકી. લગ્નવિચ્છેદ એ કુલીનતાનો વિરોધીવિચાર. એ વિચારનો પડછાયો સુધ્ધાં ઉચ્ચ સમાજમાં પડવો ન જોઈએ. મંજરી ગભરાઈ ગઈ.

'હું જ મરી જાઉં તો કેવું સારું ?'

નિષ્ફળ લગ્નને પરિણામે પુરુષ મરવા ઈચ્છતો નથી. પરંતુ સ્ત્રીને તો મરવું કે અણગમતું લગ્ન સ્વીકારી લેવું એના વિના બીજો કયો માર્ગ છે?

# ૨૪

## પત્રદર્શન

*મુજ ઉર ઝીલતી કંચુકીની ભાતડી પ્રિય તું જ છો !*
*મુજ સાડીમાં શોભતું શોભાવતું ગુલ તું જ છો !*

**નાનાલાલ**

મંજરીને મનાવવાના વ્યોમેશ અને લક્ષ્મીના પ્રયત્નો આમે મિથ્યા બનતા હતા. સ્ત્રીનું માન એ શૃંગારનું આવશ્યક અંગ છે એ સહુ કોઈ જાણે છે. પરંતુ એ માન ક્ષણિક મનાવાની છૂપી આકાંક્ષાથી ભરપૂર અને પતિનું વહાલ વધારવાના સાધન રૂપ હોય છે. એ માન દિવસોના દિવસો સુધી ચાલતું નથી. અને જો તે તેમ ચાલે તો પતિ થાકી જાય છે, કંટાળી જાય છે, બેદરકાર બની જાય છે, અગર ક્રૂર પશુમાં ફેરવાઈ જાય છે.

પત્ની આવું દિવસો ભરનું માન ધારણ કરવાની હિંમત કરતી જ નથી : પરિણીત જીવનની પ્રથમ ભૂમિકામાં તો નહિ જ. પતિ તેને અણગમતો હોય તો જ આવું પરિણામ આવે. વળી સ્ત્રીની સામાન્ય સમજ અણગમતા પતિને પણ ગમતો માનવા મથન કરે છે, અને મોટે ભાગે તે સફળ થાય છે, પરંતુ કેટલાંક હઠીલાં હૃદયો સામાન્ય સમજને પણ ઓળખતાં નથી. અણગમતાપણાનું ભાન તેમનાથી ખસતું નથી. અણગમો સતત રહે છે જ; કદાચ તે વધે પણ ખરો.

પત્નીને મનાવવાના પ્રયત્નો કરી ચૂકેલો પતિ પત્નીના સતત અણગમાથી થાકે છે, કંટાળે છે, કંટાળ્યા પછી તેને પણ પત્ની તરફ તિરસ્કાર આવવો શરૂ થાય છે. જગત જેને અક્કલવાળાં, સમજવાળાં, રૂપવાળાં માને છે એવાં કંઈક સ્ત્રીપુરુષોનાં યુગલો ન સમજાય એવી રીતે જીવનભર પરસ્પરથી અળગાં બની જાય છે. પરસ્પરના અણગમાનું આ પરિણામ. માનવું નથી જ એમ નિશ્ચય કરી બેઠેલી માનિની પ્રત્યે પુરુષને અમુક સમય પછી જરૂર તિરસ્કાર આવવા જ માંડે છે; પછી ભલે તે માનિનીના મુખ ઉપર ચંદ્રની છબી ચિતરાઈ હોય, આંખમાં તારાઓએ ચળકાટ પૂર્યો હોય અને ગુલાબે તેના ગાલ ઉપર બિછાયત કરી હોય !

વ્યોમેશચંદ્ર પણ થાક્યા અને કંટાળ્યા. મંજરી તરફનો તેમનો તીવ્ર ભાવ ઓછો થવા લાગ્યો. તેમણે કામમાં જીવ પરોવવા માંડ્યો. ઘરમાં

વધારે વાર રહેવાની તેમની વૃત્તિ ઓછી થવા માંડી. તેમણે બહારગામ પણ વધારે પ્રમાણમાં જવા માંડ્યું. ઘણી વખત તો તે મંજરી સામું જોતા પણ નહિ. તેમને લાગ્યું કે આવી હૃદય વગરની પૂતળી સાથે પરણવા કરતાં કોઈ લાગણીથી ઊભરાતી સૌન્દર્યરહિત સ્ત્રીને તેઓ પરણ્યા હોત તો વધારે સારું. જેની પાસે ધન હોય તેને મન મનાવવાનાં સાધનો જોઈએ એટલાં મળી શકે છે. તેમણે શહેરો શોધવા માંડ્યાં. મિત્રોને ત્યાં મુંબઈ નિયમિત રીતે જવા માંડ્યું. ઘરમાં હોય તોય દિવસો સુધી મંજરી સાથે તેમને બોલવાનો પ્રસંગ પણ આવતો નહોતો. બોલવાના પ્રસંગો તેઓ હાથે કરીને જતા કરતા હતા એમ મંજરી જોઈ શકી.

આમાંથી કોણ દયાપાત્ર ? મંજરી કે વ્યોમેશ ?

મંજરીને પણ થાક લાગ્યો. શૂન્ય જીવન સહુને થકવે છે. તે પોતાની પરિસ્થિતિ પૂરેપૂરી રીતે સમજતી હતી. વ્યોમેશની પત્ની હતી, તોય બીજા કોઈના પત્રની આશામાં જીવતી હતી. પત્ર આવવાની જરા પણ આશા નહોતી. પત્ર આવે તોય તેનો હવે કશો ઉપયોગ નહોતો. સનાતન તેને હજી સુધી શા માટે સંભારી રાખતો હોય તેની પણ તેને સમજ પડતી નહિ. તેને સંભારવાનું સનાતનને કશું કારણ નહોતું અને છતાં તે સનાતનના પત્રની આશા છોડી શકતી ન હતી ! માનવ વિચિત્રતાનો કાંઈ પાર છે ?

નાહીને તે એક દિવસ બેઠી હતી. અરીસામાં પોતાનું મુખ નિહાળતાં તેને લાગ્યું કે તેનું મુખ પ્રથમ જેવું સુંદર નહોતું. આંખો નીચે સહજ કાળાશ દેખાઈ; ગાલમાં ન સમજાય, ન ગમે એવી, આછી રેષાઓ દેખાઈ. આયનો ઘણે ભાગે તો સૌંદર્ય જ બતાવે છે, પરંતુ કોઈ વાર તે મશ્કરી પણ કરી શકે છે. મુખની આયનામાં દેખાતી કુરૂપતા ભ્રમ પણ હોય. છતાં સૌંદર્ય ઓછું થયાનાં ચિહ્ન કોઈને પણ ગમતાં નથી; સ્ત્રીને તો ખાસ નહિ જ.

એકાએક ટપાલીએ મંજરીનું નામ દઈ કાગળ નાખ્યો. મંજરી પાછી ચમકી. મુખ ઉપર રતાશ તરી આવી, છતાં રોજની માફક કાગળ લેવાની ઉતાવળ તેણે પ્રદર્શિત કરી નહિ. તોપણ તેનું હૃદય તો રોજની માફક ધડક્યું જ. પગને ચાલતાં અટકાવાય; પરંતુ હૃદય એક એવું અંગ છે કે જેના ઉપર બીજાં અંગો જેટલું સ્વામિત્વ ચાલતું નથી.

કંટાળેલું મુખ રાખી ધડકતા હૃદયે મંજરીએ કાગળ હાથમાં લીધો; અને તેનું હૃદય રોજ કરતાં વધારે જોરથી ધડકી ઊઠ્યું. પત્ર અજાણ્યો જ હતો. અક્ષર પણ અજાણ્યા જ હતા - કે નહિ ? અજાણ્યા અક્ષર હોય તો તેનું હૃદય આટલું બધું અસ્વસ્થ કેમ થાય ? સનાતનના અક્ષરોવાળાં કાગળિયાં શું તેણે એક વખત અગાસીમાંથી મેળવી નહોતાં રાખી લીધાં ? સનાતનની

મૂર્તિ માફક સનાતનના અક્ષર પણ તેના કાળજામાં કોતરાઈ રહ્યા હતા.

ઓરડીનું બારણું બંધ કરી મંજરી પલંગ ઉપર જઈ સૂતી. હૃદયને ધડકવું હતું તેટલું તેણે ધડકવા દીધું. હૃદય ધડકાર સહજ શમતાં તેને લાગ્યું કે તેની આંખમાં આંસુ ઊભરાતાં હતાં. તેણે આંસુને ઊભરાવા અને વહેવા દીધાં. તે શા માટે રડતી હતી ? તેને કારણ જડ્યું નહિ. ઘણાં રુદન કારણ વગરનાં જ હોય છે. કારણ જડતાં ન હોવાથી એમ લાગતું હશે. પણ તેણે રડીને હૃદય હલકું પાડ્યું.

ધીમે રહીને તેણે કાગળ ફોડ્યો. તેમ કરતાં તેનો હાથ ધ્રૂજ્યો. ફરી તેણે સરનામું વાંચ્યું. પિતાને સરનામે મોકલેલા આ પત્રથી તેને એકદમ ભાન આવ્યું કે સનાતનને તેના લગ્નની ખબર પડી જ નહિ હોય. સનાતન હવે તેનો થઈ શકે એમ હતું જ નહિ એ ખ્યાલ આવતાં તેને એમ થયું કે કાગળ વાંચવો જ નહિ. પરંતુ એવું મન ક્યાં સુધી રહી શકે ? હાથમાં આવેલો કોઈનો પત્ર પણ વાંચ્યા વગર માનવીથી રહેવાતું નથી. પોતાનો જ પત્ર વાંચ્યા વગર મંજરીથી શી રીતે રહેવાય ? ક્યાં સુધી રહેવાય ? વળી સનાતનનો પત્ર ન વાંચવો એ શું ક્રૂરતા ન કહેવાય ? એવી ક્રૂરતા થાય ?

તેણે પરબીડિયામાંથી પત્ર કાઢ્યો. હાથ તો ધ્રૂજતો જ હતો. પત્ર કાઢતાં બરોબર મંજરી પોતે પરિણીત છે એ વાત ભૂલી ગઈ, અને પ્રથમ તેણે પત્રને છાતી સાથે દબાવ્યો. સનાતનને મળ્યા પછી જગતમાં પહેલું જ સુખ તે અનુભવતી હોય એમ તેણે ઊંડો શ્વાસ લીધો. થોડી વાર સુધી તેણે પત્રને દબાવી રાખ્યો.

કાગળ જેવી જડ વસ્તુઓ મન ઉપર કેમ અસર કરતી હશે ? અસર કરે છે એ સહુ કોઈ જાણે છે. પ્રેમીઓના ઘેલછાભર્યા પત્રવ્યવહાર વાંચવાની પણ જરૂર નથી. પ્રેમીઓ પરસ્પરના પત્રના માત્ર સ્પર્શ કે દર્શનથી જ ઘેલા બની જાય છે એ તેમની ચેષ્ટા નિહાળનાર તરત પરખી શકે છે. શા માટે એક જ કાગળ તેનાં દર્શનમાત્રથી પ્રેમીને વિહ્વળ બનાવે છે ? જડ અને ચેતનની સીમાઉલ્લંઘનનો આ કોયડો કોઈ મનોધર્મવિજ્ઞાની ઉકેલે તો જુદી વાત.

કાગળને દબાવ્યાનો પૂરો સંતોષ વળ્યા પછી મંજરીએ કાગળ છાતીથી ખસેડી આંખ આગળ આણ્યો. વાંચતાં જ તે બેઠી થઈ ગઈ. તેણે એક વખત પત્ર વાંચ્યો, બીજી વખત વાંચ્યો, ત્રીજી વખત વાંચ્યો. તેની પત્રવાચનની લાલસા તોય તૃપ્ત ન થઈ; આજુબાજુની પરિસ્થિતિ તે વીસરી ગઈ; તે કોની પત્ની છે એ વાત ભૂલી ગઈ; સનાતન પરાયો-પરપુરુષ હતો એ સામાજિક સત્ય તેના મનમાં પ્રવેશી શક્યું નહિ. કોણ જાણે કેમ પત્રને

છાતી સરસો દાબ્યાથી પૂરતો સંતોષ મંજરીને વળ્યો નહિ; પત્રને વારંવાર વાંચવાથી પણ તેને પૂરતો સંતોષ થયો નહિ; તેણે પત્રને એક ચુંબન કર્યું.

અંદર દાખલ થવાનું ઓરડીનું દ્વાર ખાલી બંધ કર્યું હતું. તથાપિ બીજી જાળીઓ અને બારીઓ ખુલ્લી જ હતી. દૂરની એક જાળીમાં છૂપાઈને લક્ષ્મીએ આ બધી મંજરીની ચેષ્ઠા નિહાળી. પછી જાણે મહત્ત્વની શોધ તેણે કરી હોય એમ હસતું; પરંતુ ભારેખમ મુખ રાખી જાળી આગળથી તે ખસી ગઈ અને બારણાં પાસે જઈ સહજ બારણું ખોલી તેણે પૂછ્યું :

'બહેન ! આવું કે ?'

મંજરી-પત્રચુંબનમાં બેભાન બનેલી મંજરીને એકદમ ભાન આવ્યું કે તે પોતાના પતિના મકાનમાં જ કોઈ પરપુરુષનો પત્ર વાંચી આનંદ માણે છે !

ક્ષણભર સ્તબ્ધ બની ગયેલી મંજરીએ લક્ષ્મીને જોઈ એકદમ કાગળ સંતાડી દીધો. ગુનો ન કર્યો હોય તોપણ કોઈ ચીજ છુપાવવાનો પ્રયત્ન કરતાં મનુષ્ય ગુનેગાર જેવો જ દેખાય છે.

'કેમ બહેન, રડો છો ?' લક્ષ્મીએ પૂછ્યું.

'હું તો કાંઈ રડતી નથી.'

'ત્યારે તમે હસો છો ?'

'તને ભલું એવું લાગ્યા કરે છે !'

'હું તો ખરી વાત કહું છું.' એટલું બોલી લક્ષ્મી મંજરીની પાસે આવીને ઊભી.

મંજરીનો હાથ ઘડીઘડી ઉશીકા તરફ જતો હતો. કાગળ તેની નીચે જ સંતાડ્યો હતો. રખેને કાગળ ત્યાંથી ખસી જઈ જાહેર થાય એવો ડર તેને લાગ્યા કરતો હતો. આથી જાણીબૂઝીને પકડાઈ જવાય એવી તેના હાથની પ્રવૃત્તિ ચાલ્યા કરતી હતી.

'આજે કોઈના કાગળની રાહ નથી જોવાની ?' લક્ષ્મીએ પૂછ્યું.

'કાગળ કેવો અને રાહ કેવી ?' મંજરી જૂઠું બોલી. સારાં માણસો પણ જીવનમાં કેટલીયે વાર જૂઠું બોલે છે.

'જાઓ, જાઓ. મને છેતરશો નહિ. હું અજાણી નથી. આજ કોનો કાગળ આવ્યો છે તે કહું ?'

લક્ષ્મીના આ બોલ સાંભળી મંજરીના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો, લક્ષ્મી ખરેખર કાગળ વાંચીને જ આવી હોય એવો તેને ભાસ થયો. મંજરીના મુખ ઉપરથી નૂર ઊડી ગયું, તે ફિક્કી પડી ગઈ. વ્યોમેશચંદ્રને તે ચહાતી હોય

કે ન ચહાતી હોય છતાં તે તેમની પત્ની હતી. પત્નીએ પતિ સિવાય બીજા કોઈ પણ પુરુષના જીવનમાં રસ લેવો એ મહાપાપ છે એમ નીતિવેત્તાઓએ નીતિના પ્રથમ સૂત્ર તરીકે સતયુગથી ઉચ્ચારેલું છે. મંજરીને લાગ્યું કે તે પાપ કરે છે. પાપ છુપાવવું એટલે પુણ્ય ! પરંતુ તે છુપાય નહિ ત્યારે ? ત્યારે પાપી કાં તો પ્રાયશ્ચિત્ત કરે કાં તો નઠોર બની જગતને ચીઢવવા ફરીથી એ પાપનો જ રસ્તો લે છે. જેમ માણસને ચીઢવવામાં મજા પડે છે, તેમ જગતને ચીઢવવામાં પણ રમૂજ આવે છે !

લક્ષ્મીએ પલંગ ઉપર બેઠેલી મંજરીની કુમળી હડપચી પકડી હસતે હસતે કહ્યું :

'કેમ ? કેવાં પકડાયાં છો ? બોલો હવે...! કેમ જીભ બંધ થઈ ગઈ? કહું, કોનો કાગળ છે ?'

'કાંઈ પણ ન જાણવા છતાં પૂરેપૂરું જાણવાનો ઢોંગ કરનાર માણસોનું ધીટપણું અજબ હોય છે. કાગળ કોનો છે તે લક્ષ્મી જરાય જાણતી ન હતી. માત્ર મંજરીના સ્વાભાવિક ઊભરાએ તેની કલ્પનાને ઉત્તેજિત કરી હતી. સ્ત્રીસ્વભાવ અને પુરુષસ્વભાવની જાણકાર લક્ષ્મી કલ્પનામાં પણ ખોટાં અનુમાનો તરફ દોરાય એમ ન હતું. અલબત્ત, એણે મંજરીને આપેલી હાસ્ય રૂપની ધમકી આખરે તો અનુમાન અને કલ્પનાની જ રમત હતી. સર્વજ્ઞ હોવાનો ઢોંગ કરી મંજરી પાસેથી કલ્પેલા પ્રસંગની સાચી વિગત કઢાવવાનો લક્ષ્મીએ સચોટ રસ્તો લીધો હતો.

શું કહેવું એ મંજરીને સૂઝ્યું નહિ. તેણે ફરીથી તકિયા ઉપર હાથ ફેરવ્યો, અને સંતાડેલા કાગળને વધારે દબાવી તેનું અસ્તિત્વ અને તેમાં રહેલું રહસ્ય વધારે સાબિત કર્યું. લક્ષ્મીએ તકિયા તરફ પોતાનો હાથ લંબાવ્યો. લક્ષ્મી જોકે નોકર હતી, તથાપિ તેનો દેખાવ, તેની રીતભાત અને તેની ધમક તેને બીજી ચાકરડીઓ કરતાં બહુ જ જુદી પાડી દેતાં હતાં. કદી તે સાસુ જેટલો દમામ રાખતી; કદી ઘરની પોતે જ માલિક હોય એમ હુકમ પણ કરતી; કોઈ વાર બહેનપણી બની જઈ મંજરીના હૃદયની વાત કઢાવવાને મથતી; અને લાગ જોઈ મંજરીના પગ દબાવી પોતાની હલકી નોકરની સ્થિતિ પણ માન્ય કરતી. આ બધું કરવામાં મંજરીને પોતાની કરી લેવાની તેની તજવીજ હતી.

લક્ષ્મીએ જેવો હાથ તકિયા તરફ લંબાવ્યો તેવો જ મંજરીએ તે હાથને જોરથી આઘો કર્યો. મંજરીના મુખ ઉપર ક્રોધ વ્યાપેલો દેખાયો, તેની ભ્રૂકુટી વાંકી થઈ. જવલ્લે ક્રોધ કરતી મંજરીનો કોપ ભય પમાડે એવો હતો.

લક્ષ્મી સમજી કે હવે મંજરીને મનાવવી પડશે. એકલો હક્ક કરી

કાગળ ઝૂંટવી શકાય નહિ.

'છેવટે આવું જ કરશો ને ? અમે અમારા મનથી જીવ આપીએ ત્યારે બહેન તો અમને ધક્કા મારે ! નથી જોઈતો તમારો કાગળ. અમે બધું જાણીએ છીએ કે એ ક્યાંથી આવ્યો છે !' લક્ષ્મીએ મૃદુ રીસ ચઢાવી.

'તું જાણે છે ત્યારે મને પૂછવા કેમ આવી ?' મંજરીએ ગુસ્સો ચાલુ રાખ્યો.

'મને શી ખબર કે તમે હજીયે જુદાઈ રાખશો ?' લક્ષ્મીએ દયા ઉપજાવતી લાચારી બતાવી કહ્યું.

લક્ષ્મીને માટે ફરિયાદ કરવા સરખું મંજરીને કાંઈ જ દેખાયું નહોતું. ઊલટું પોતાને માટે અનહદ કાળજી રાખતી લક્ષ્મી પ્રત્યે તેને કુમળી લાગણી હતી. મંજરીનું મન કુમળી કે તીવ્ર એકે લાગણી દેખાડવાની સ્ફૂર્તિ ધરાવતું જ મટી ગયું હતું ખરું, છતાં લક્ષ્મી છેક અણગમતી બની ગઈ નહોતી. તેના લાચારીભર્યા શબ્દોએ મંજરીને પિગળાવી.

વળી મંજરી એકલી હતી. ભયાનક એકલવાયાપણાની ઓથાર તેને દબાવી રહી હતી. જેની સાથે મંજરી પરણી તેની સાથે તે એકતા સાધી શકી નહોતી. માબાપથી તે જુદી પડી ગઈ હતી. માબાપમય જીવન હવે તેને માટે શક્ય નહોતું. જેની જુદાઈ તેણે સ્વપ્ને પણ ચાહી નહોતી તે સનાતન હવે તેને આ જન્મે પોતાની કરી શકે એમ નહોતું. માત્ર આ એકલી લક્ષ્મી વારે ઘડીએ મંજરીની આસપાસ ઝઝૂમ્યા કરતી હતી અને તેના જીવનમાં ઊંડે ઊતરી સમભાવ બતાવતા મથતી હતી. મંજરીનું કોઈ જ નહોતું. લક્ષ્મીને એ એકલાપણું જણાવવાનું મંજરીને મન થયું.

'જગતમાં મારું કોઈ નથી, શા માટે હું તને કશુંયે કહું ? કદાચ કહું તેથીયે શું ?' મંજરી દુઃખભર્યા અવાજથી બોલી.

લક્ષ્મીને લાગ્યું કે તેના પાસા સવળા પડે છે. મંજરીને માથે અને વાંસે હાથ ફેરવી તેણે જણાવ્યું :

'ના રે, બહેન ! એવું રાખીએ નહિ. એકાદ જણ તો પોતાનું કરવું કે જેને બધુંયે કહેવાય. દુઃખ કહીએ તો તે અડધું ઓછું થઈ જાય.'

બહારથી વ્યોમેશચંદ્રની બૂમ સંભળાઈ :

'લક્ષ્મી ! લક્ષ્મી !'

મંજરી પાસેથી જરા પણ ખસ્યા વગર લક્ષ્મીએ જવાબ દીધો :

'કેમ, શું છે ? હું તો અહીં બહેન પાસે છું.'

વ્યોમેશચંદ્ર બારણું ખોલી અંદર આવ્યા. આ ઓરડીમાં આવ્યે

તેમને કેટલાક દિવસ થઈ ગયા હતા. મંજરી તરફ તેમણે ધ્યાન પણ ન આપ્યું, અને લક્ષ્મી ભણી જોઈ કહ્યું :

'તું અહીં ને અહીં જ ભરાઈ રહે છે. તને શાની ખબર હોય કે આજે એક મહેમાન આવવાના છે ?'

આ શબ્દો લક્ષ્મીને ઉદ્દેશીને બોલાતા હતા. કદાચ લક્ષ્મીને માટે જ તે વ્યંગ વપરાતો હોય ! છતાં મંજરીને લાગ્યું કે લક્ષ્મીને સંબોધાતા શબ્દો ખરેખર તેને માટે હતા.

'મને તે વળી કોણ કહે ?' લક્ષ્મીએ પોતાની પાયરીનું સૂચન કરાવ્યું.

'હું તને કહું છું. મહેમાન મુંબઈથી આવવાના છે.' વ્યોમેશચંદ્રે કહ્યું.

મંજરી ફરી કંપી ઊઠી. તેનો પત્ર સહુએ વાંચ્યો કે શું ? કોઈના પત્ર ઉઘાડી, વાંચી ફરી બંધ કરવાની તરકીબ સુધરેલા જમાનામાં અજાણી નથી.

'તે ભલે આવે ! આપણે મહેમાનોની ક્યાં નવાઈ છે ?' લક્ષ્મીએ કહ્યું.

'હં ! મારે તો મારાં માણસ પણ મહેમાન બની જાય છે.' આછો તિરસ્કાર મુખ ઉપર વ્યક્ત કરી વ્યોમેશચંદ્ર બોલ્યા. ખરે, મંજરીને તેઓ પોતાની બનાવવા મથતા હતા - કાયદા અને સમાજની દૃષ્ટિએ તો તે તેમની હતી જ - છતાં મંજરી પત્ની કરતાં એક મહેમાન સરખી વધારે લાગતી હતી. મહેમાનને લાગતું અતડાપણું હોવા ઉપરાંત મંજરીમાં તો તેના પોતાના જીવન પ્રત્યે એક જાતનો વિરોધ વરસતો દેખાતો હતો. મંજરીએ નીચેથી ઊંચે જોયું જ નહિ.

'તેઓ સાંજે આવશે. સ્ટેશને ગાડી મોકલવાની છે.' વ્યોમેશચંદ્રે સૂચના આપી.

લક્ષ્મીને સમજ ન પડી કે આ બધી સૂચના તેને શા માટે અપાતી હશે. મંજરીને ઉદ્દેશીને કેટલોક મર્મ આમાં વપરાતો હતો એમ જાણ્યા છતાં તેને વ્યોમેશચંદ્રની લંબાણ સૂચનાઓ માટે આશ્ચર્ય ઊપજ્યું.

'વખત થશે એટલે ગાડીવાળો જશે.' લક્ષ્મીએ કહ્યું.

'પણ ગાડીવાળાને કહેશે કોણ ? હું તો અત્યારે જાઉં છું.' વ્યોમેશચંદ્ર બોલ્યા.

'ક્યાં ?' લક્ષ્મીએ પૂછ્યું.

'જહન્નમમાં.' કંટાળીને વ્યોમેશે જવાબ આપ્યો.

'અરે એમ શું ? મહેમાન આવે તે દિવસ તો અહીં રહેવું પડે.' લક્ષ્મી બોલી.

'મારે ગામડે ગયા વગર ચાલે એમ નથી. વખતસર ગાડી મોકલજે, અને મહેમાનની કાળજી રાખજે. હું કાલે પાછો આવીશ.' કહી વ્યોમેશચંદ્ર ગયા.

'મહેમાનને તો તમે ઓળખતાં હશો.' લક્ષ્મીએ મંજરીને પૂછ્યું.

'મારે કોઈને ઓળખવું નથી. મને અહીં એકલી મરી રહેવા દે.' મંજરી બોલી અને કાંઈ સૂઝ ન પડવાથી આંખો દબાવી પાસું ફેરવી સૂઈ ગઈ.

'શું વ્યોમેશચંદ્ર જાણીને જાય છે ?' મંજરીએ સૂતે સૂતે પોતાની જાતને જ પ્રશ્ન પૂછ્યો.

# ૨૫

# મજૂરો

*નથી તકસીર તારી એ*
*ગુનેહગારી હમારી છે.*

**કલાપી**

સનાતનને કુસુમે ઘેર પહોંચાડ્યો. લાંબે રસ્તેથી ફરતાં ફરતાં મોટર સનાતનના ઘર આગળ આવી ત્યારે લગભગ અંધારું થયું હતું. ગરીબોથી ધનિકને આમંત્રણ આપી શકાતું નથી. સનાતનને ઘણીયે ઈચ્છા થઈ કે પોતાના ઉપર સદ્ભાવ રાખી ઘર સુધી પહોંચાડી જનાર યુવતીને ઘેર બોલાવી તેનો સત્કાર કરવો જોઈ. પરંતુ એવી સાંકડી ગલીમાં - કુસુમનું એક ચંપલ પણ ન માય એવી ઓરડીમાં તે આખી કુસુમને કેવી રીતે લઈ જઈ શકે ?

'કુસુમબહેન ! આપે બહુ તકલીફ લીધી.' સનાતને ઉપકાર માન્યો.

'ઓહો ! એમાં શું ? હું તો હવે રોજ તમને અહીં મૂકી જઈશ. સાંજે ફરવા નીકળાશે, અને તમને જવામાં સુગમતા થશે.' કુસુમ ગળે પડી.

સનાતનને આ નિત્યનો ઉપકાર રુચ્યો નહિ. છતાં એ ઉપકાર નિત્યનો થયે જોઈ લેવાશે એમ માની તે કશું બોલ્યો નહિ. કુસુમે પાછું જોઈ 'આવજો' કહેવાના ભાવને વ્યક્ત કરતો હાથનો અભિનય કર્યો, અને મોટર જોતજોતામાં ચાલી ગઈ. યુવાન સ્ત્રીપુરુષોનો સંસર્ગ પૂર્વયુગની માફક આ યુગમાં પણ ભયંકર જ છે એમ તેને લાગ્યું. શિષ્યા અને શિક્ષકની પ્રથા આ યુગમાં પ્રચાર પામતી ચાલી છે. શિષ્યા કે શિક્ષક બેમાંથી એકે ઘણા વૃદ્ધ હોવું જોઈએ એમ તેને વિચાર આવ્યો. યૌવન ભરોંસાપાત્ર હોતું નથી. તેમાં બે યૌવનો ભેગાં મળે ત્યારે જગતની દૃષ્ટિએ વિપરીત લાગતા પ્રસંગો બનવા સંભવ છે એમ માની પોતાના હૃદયને દૃઢ બનાવતા સનાતને ઓરડી ઉઘાડી દીવો સળગાવ્યો.

'કાં માસ્તર ! શું ચાલે છે ?' એક પડોશીએ તે જ વખતે ઓરડીના બારણા આગળ આવી પૂછ્યું.

'ઓહો ! આવો, આવો, મિસ્ત્રી ! તમને ક્યાંથી નવરાશ મળી ?' સનાતને પડોશીને બોલાવ્યો.

'અમે તો મજૂરલોક ! કામ ન મળે એટલે નવરા જ બેસીએ ને ?'

'એમ કેમ ? તમે તો મિલમાં જ છો ને ?' સનાતને પૂછ્યું.

'આ જ સુધી તો મિલમાં હતા. કાલે જે થાય તે ખરું. અમારા મજૂરો અને કારીગરો ઓછા ફાટ્યા છે ? ભાઈસાહેબ ! ખાવાનું તો પૂરું મળે નહિ, અને ત્રીજે દહાજે હડતાલ પાડવા તૈયાર ! એ એક પવન વાયો છે. લોકોને બીજી ગમ જ પડતી નથી.' મિસ્ત્રી બોલ્યા.

'પણ એ હડતાલ તો તમારા બધાના લાભ માટે છે ! તમે બધાય સામેલ થાઓ ત્યારે એ બને !' સનાતને કહ્યું. તેની ચાલમાં કારીગર વર્ગના ઘણા માણસો રહેતા હતા. સનાતન સાથે કોઈ કોઈ કારીગર ઘણુંખરું રાતે ગપ્પાં હાંકતો જ હોય.

'સામેલ ન થઈએ તો શું કરીએ ? એકલદોકલનું ચાલે કેટલું ? હડતાલમાં લાભ શો મળે છે તે તો અમે જાણીએ છીએ. આમથી આમ રખડવું, સરઘસમાં ધાંધલ મચાવવાં, મારામારી કરવી, રોજી ખોવી, પોલીસનો માર ખાવો, અને રાત પડ્યે ઘેર આવી ભૂખ્યાં બૈરાંછોકરાંની ગાળો ખાવી ! છેવટે જખ મારીને પાછા કામે જોડાવું. આ અમારી હડતાલ!' મજૂરોનાં તોફાનથી કંટાળેલા મિસ્ત્રી બોલ્યા.

'ત્યારે મદનલાલ શેઠની મિલમાંયે હડતાલ પડશે કે શું ? શેઠ આજ ઊંચો જીવ કરતા હતા.' સનાતને કહ્યું.

'ભાઈ ! શેઠિયાઓને શું ? લાખોની મિલકત ભેગી કરેલી હોય. ચાર દહાડા મિલ બંધ રહી તેમાં એમને શો ધોકો લાગવાનો ? અમારા જુવાનિયાઓ સમજતા નથી, અને શેઠને હડતાલ પાડવાની ધમકી આપી બેઠા છે.' મિસ્ત્રીએ જણાવ્યું.

'ત્યારે શેઠિયાઓ પણ સહેજ પોતાનો નફો ઓછો કરે તો તેમને કંઈ ભારે ખોટ જવાની છે ? એકાદ વરસ અડધું કમિશન લે તો સેંકડો મજૂરો પૂરું અનાજ પામે; અને તેથી શેઠિયાઓની મોટર બંધ રહેવાની નથી.' સનાતને ગરીબ મજૂરોનો પક્ષ લીધો.

જેની પાસે પૈસો નથી તેને પૈસાની કિંમત સમજાતી નથી. પાઈ પણ ન બચાવનારને નફોતોટો સરખો જ છે. પરંતુ લાખો રૂપિયાનો સંચય કરનાર સહજ જાણે છે કે એક પાઈની બચત એ ભવિષ્યના લાખો રૂપિયા સંઘરવાનો માર્ગ ખુલ્લો કરી આપે છે. એક બદામના નફા ઉપર લાખોનો

સંગ્રહ રચાય છે. ધનવાનો એ સત્યને સારી રીતે પિછાને છે એટલે જ તેમનાથી એક પાઈ સરખી પણ ફેંકી દેવાતી નથી. એટલા જ કારણથી બદામ જેટલો નફો પણ જતો કરતાં તેમનું લોહી ફટકી જાય છે. પાઈ ફેંકવાની વૃત્તિમાંથી આર્થિક વિનાશની જ્વાળા ફેલાય છે એમ ધનિકો માને છે, એટલે તેઓ પાઈને પ્રિયતમા જેટલા વહાલથી - તેથીય વધારે વહાલપૂર્વક પકડી રાખે છે. એ પાઈમાંથી પૈસાનું ઝાડ ઊગે છે, અને એ ઝાડમાંથી ધનિકોને લણવા માટે રૂપિયા ખરી પડે છે. સનાતનની પાસે પૈસા ન હતા; હજી તેણે નફો કરવા માંડ્યો ન હતો. તેને પાઈ કે બદામમાં રહેલું સામર્થ્ય શી રીતે સમજાય ?

સનાતનના આવા ઉદ્‌ગારથી મિસ્ત્રીને નવાઈ લાગી. મિસ્ત્રી જાણતો હતો કે સનાતન શેઠાણીને ભણાવવા જાય છે. મજૂરોની વિરુદ્ધ બોલવાની લાલચ પણ મિસ્ત્રીને આ જ કારણે થઈ હતી. મજૂરોના લાભની વાત સનાતન કરશે એમ તેને લાગ્યું ન હતું. તે આશ્ચર્ય પામી બોલ્યો :

'વાહ, વાહ ! શેઠિયાઓ એટલું સમજે તો પછી જોઈએ શું માસ્તર ! અમે તો અમારાં હાડકાં દળી નાખીએ છીએ અને લોહીનું પાણી કરી નાખીએ છીએ ત્યારે માંડ સૂકો રોટલો ખાવા મળે છે.'

'મદનલાલ શેઠની મિલે તો ઘણો નફો આપ્યો છે. તમને એ નફામાં શા સારું ભાગ ન મળે ? તમારી મહેનત ન હોય તો એમને નફો ક્યાંથી મળે?' નફામાં રહેલું મજૂરીનું મહત્ત્વ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સનાતને મિસ્ત્રીને સમજાવ્યું.

'પણ એવું કરે કોણ ? શેઠિયાઓના મહેલ અને મોટર પછી જતાં રહે ને !' મિસ્ત્રીએ કહ્યું.

'હું કાલે શેઠને વાત કરી જોઈશ.' સનાતને કહ્યું.

આ ભાવનાશીલ યુવક ભૂલી ગયો કે તે પોતે મિસ્ત્રીની માફક શેઠનો નોકર હતો. મિસ્ત્રીની મહેનત અને આવડતની માફક તેની મહેનત અને આવડત પણ શેઠે વેચાતી રાખી હતી. બીજા મજૂરોની માફક સનાતન પણ પગાર મેળવતો હતો. ફેર એટલો જ કે મજૂરોની મુખ્ય મહેનત અંગમહેનત હતી અને સનાતનની મહેનત મગજની મહેનત હતી. મહેનતના પ્રકારફેર સિવાય મજૂર અને સનાતનમાં ઝાઝો ફેર નહોતો. આ સ્થિતિમાં શેઠ જેવા ઘડાયલા ધનિક સનાતનની ધૃષ્ટતાભરી સલાહ ચલાવી લેશે કે કેમ, તેનો પણ એને ખ્યાલ આવ્યો નહિ.

'પણ કાલે જ હડતાલ છે. શેઠે આજ કશો જવાબ ન આપ્યો.' મિસ્ત્રીએ મજૂરોનો નિશ્ચય જણાવ્યો.

'કાલનો દિવસ હડતાલ બંધ રાખો તો ?' સનાતને પૂછ્યું.

મિસ્ત્રીએ સનાતનની બુદ્ધિનો વિચાર કર્યો; શેઠ અને તેમનાં પત્ની સાથેના સનાતનના સંબંધનો વિચાર કર્યો; આજે જ હમણાં શેઠાણી સનાતનને પોતાની મોટરમાં મૂકવા આવેલાં મિસ્ત્રીએ જોયાં હતાં. સનાતનના કહેવા ઉપર વિશ્વાસ રાખવાનું મિસ્ત્રીને મન થયું.

મિસ્ત્રીનું માન મજૂરવર્ગમાં ઘણું ભારે હતું. જૂના વખતથી પ્રામાણિકપણે કામ કરતા આ કારીગરે મજૂરવર્ગની અનેક ઊથલપાથલો ભાળી હતી. જોરજુલમથી, લાલચથી, ગામડામાંના પકડાઈ આવતા મજૂરોને તેણે જૂની ઢબે કેળવ્યા હતા. શહેરમાં વધારે પગાર મળવાની લાલચે દેખાદેખીથી મિલમાં ઘસડાઈ આવતા મજૂરોની તેણે દયા ખાધી હતી; સારાં કપડાં પહેરવાની ટેવ પાડતા મજૂરોને જોઈ તેણે નિઃશ્વાસ નાખ્યા હતા; નાટકસિનેમા જોવા જતા મજૂરોને તેણે ઘણી શિખામણ દીધી હતી. દારૂની લતમાં પડતા મજૂરોનો તો તે કાળ હતો. તેનું ચાલે ત્યાં સુધી દારૂ પીનારની તે એટલી કફોડી સ્થિતિ કરી મૂકતો કે કાં તો તેવા મજૂરને મિલ છોડવી પડતી, અગર દારૂ છોડવો પડતો. પરંતુ તેમ છતાં દારૂ પીનારા વધ્યે જતા હતા એમ થોડા વખતથી તેણે લાચારી સાથે અનુભવ્યું હતું. અને જ્યારથી સ્ત્રીમજૂરે મિલમાં મજૂરીની શરૂઆત કરી ત્યારથી તો તેણે પોતાને કપાળે હાથ દીધા : મજૂરોને શિખામણ આપવી મૂકી દીધી.

તોય મિસ્ત્રીનું માન ભારે હતું. તેમનો બોલ ઉથામવો અશક્ય હતો. પોતાની જવાબદારી મિસ્ત્રી સારી રીતે સમજતા હતા. તેમણે જરા વિચાર કરી જવાબ આપ્યો :

'ચાલો ત્યારે, કાલે હડતાલ ઉપર લોકો નહિ ઊતરે; હું સમજાવીશ. પણ તે એક શરતે : તમારે શેઠને વાત કરવાની.'

સનાતને હા પાડી અને મિસ્ત્રી જરા ખુશી થઈ ઊઠ્યો.

નાનીશી, ઓછા ભાડાની ઓરડીમાં સગડી સળગાવી સનાતને રસોઈ શરૂ કરી. એકલા માણસને રસોઈ કરવી મુશ્કેલ નથી. ચિતરંજનની સોબત પછી તેને જાતમહેનત માટે માન ઉત્પન્ન થયું હતું. બંધુભાવની બાંગ પોકારવા ઈચ્છનાર યુવકે એકે કામથી કંટાળવું જોઈએ નહિ - રસોઈથી પણ નહિ.

શેઠને કેવી રીતે સમજાવવા તેની યોજના ઘડતો સનાતન પુસ્તક બાજુએ મૂકી આડો પડ્યો. નીચે ચાલના ચૉકમાં મિલમજૂરો ભેગા મળી કંઈક ગાતા સંભળાયા. ગીત પ્રથમ તો ધીમું શરૂ થયું; પરંતુ ધીમે ધીમે તેમાં અવાજો પુરાવા લાગ્યા અને સનાતને સ્પષ્ટ ગીત સાંભળ્યું.

*[1]ચાલ્યો તું તો શહેરમાં કોડે હો !*
*ભલા શાને ગામડું છોડે ?*
*અલ્યા શું ઉતાવળો દોડે હો ?*
*ફૂટ્યું ભાગ્ય શાનો ફોડે ? - ચાલ્યો.*
*શહેર મંહી મિલ મેલડી ફૂંકે ધૂમના ગોટેગોટ;*
*હૈયે ભર્યો અંગાર, રખે તને લાગસે એની ચોટ.*
*એને જોઈએ માણસ ખાવા,*
*ઊનાં ઊનાં લોહીમાં નાવા - ચાલ્યો.*
*વીજળિયાં કંઈ ગાડાં દોડે, કચરે માનવી રોજ;*
*દોડતાં ના'વું, દોડતા ખાવું, દોડતાં સૂવું એ મોજ !*
*ઘડી ના બેસાય પગને વાળી*
*બધી મોજ મૂકી બાળી ! - ચાલ્યો.*
*મોટા મોટા મહેલ ઊંચે કરતા વાદળ સાથે વાત;*
*તો ય તસુ તને ભોંય મળે નહિ; ભિડાય તારી જાત.*
*માથાં પગ ભીંતે અડકે;*
*સૂવું પડે કાં તો સડકે - ચાલ્યો.*
*રસ્તા પહોળા ને હૈયાં ટૂંકાં પોસાય ના મહેમાન;*
*સગું વહાલું ભૂલચૂકથી આવ્યું; નીકળી જાયે જાન.*
*બધા જીવ બલિયલ પાપી;*
*પરોણાગતને ઉથાપી - ચાલ્યો.*
*નાટક, ખેલ, સિનેમા ને સટા હોટલી ખાણાં ને ચહા,*
*ઊજળા ઠગ ને હસતી વંત્રી જોઈએ તો શહેરમાં જા !*
*રોગે પછી રોજ તું સડસડજે;*
*વિના મોતે એક દિ' મરજે - ચાલ્યો.*
*ખેતર ઝૂંપડી ગામડું છોડી શહેરમાં ખોળે સુખ !*
*ભૂલ્યા ! ન સમજે શહેરને લાગી બ્રહ્મરાક્ષસની ભૂખ.*
*તને કાચો કાચો ગળશે !*
*તો ય એની ભૂખ ન ટળશે. - ચાલ્યો*

સનાતનને આ ગીતમાં રસ પડ્યો. મજૂરોની દૃષ્ટિએ દેખાતી શહેરની એક બાજુ શું વિચારવા સરખી નહોતી ?

---

૧ રાહ : મારે ઘેર આવજો માવા.

## ૨૬

# નઠારો વિચાર

*છતાં શીખો અગ્નિની ઉપર ચાલવું રે લોલ,*
*ફૂલે ફૂલે તો ઘડીનું એ ફાલવું રે લોલ.*

**નાનાલાલ**

મદનલાલનું મન આજે ઠેકાણે ન હતું. બધી મિલોમાં હડતાલ પડી ચૂકી હતી. આજે તેમની મિલનો વારો હતો. તેમણે આજે મિલમાં જવાનું પણ માંડી વાળ્યું. હતું. મિલમજૂરોના બે-ત્રણ સ્થળે તોફાનો થઈ ચૂક્યાં હતાં, અને પોલીસને ગોળીબાર કરવાની ધમકી આપવી પડી હતી. એવો પ્રસંગ પોતાની મિલમાં ઊભો થાય એ સંભવિત હતું. મિલના માલિકે પોતાની મોંઘી જાતને જોખમમાં નાખવાનું દુરસ્ત ધાર્યું નહિ. જેમ પૈસાથી બધું જ ભાડે મળે છે તેમ પોતાને માટે મરનાર પણ ભાડે મળે છે એમ મદનલાલ જાણતા હતા, એટલે હડતાલનો પ્રસંગ સાચવી લેવા માટે તેમના બીજા નોકરોની ગોઠવણી ત્યાં હતી જ.

મજૂરોએ શા માટે વધારે પગાર માગવા જોઈએ તેની માલિકોને સમજણ પડતી નથી. મુખ્ય ભાગીદારમાંથી એજન્ટ - મુખત્યાર - દલાલ બની તે નામે મિલની માલિકી ભોગવતા ગૃહસ્થો જ્યારે મજૂરોમાં અસંતોષ જુએ છે ત્યારે તેમને તેમાં પેટભરા ચળવળિયાઓનો જ હાથ દેખાય છે. મજૂરો મજૂરી કર્યે જાય : તેમને રીતસર - એટલે બીજે મળતો હોય તે પગાર મળ્યા કરે; રાતપાળીમાં વધારાની રકમ મળે; લાંબો વખત નોકરી કરે, અને એજન્ટનું લાખો રૂપિયાનું કમિશન પૂરું મળી જાય તો મજૂરોને બોનસ પણ અપાય; મજૂરને અકસ્માત થાય તો તેનાં બૈરાં-છોકરાંને માસ બે માસ ચાલે એટલાં નાણાં અપાય; પછી મજૂરોને અસંતોષ શા માટે રહેવો જોઈએ એની સમજ પડવી અગર પાડવી - માલિકો માટે તો બહુ જ મુશ્કેલ છે.

માલિકો દયાળુ પણ હોય છે; પોતા પ્રત્યે નહિ પણ મજૂરો પ્રત્યે પણ. નુકસાનીવાળું કાપડ બીજે ખપતાં વધ્યું હોય તો ઘણી વખત મજૂરોની દયા ખાઈ તેમને વહેંચવાની ઉદારતા તેઓ બતાવે છે, પછી મજૂરોને

જોઈએ શું ?

અલબત્ત, એજન્ટોને મિલના પૈસામાંથી બંગલા અને બગીચા જોઈએ; મોટરો અને ટેનિસ-કોર્ટ જોઈએ; વંશપરંપરાની મિલમાલિકી તથા સગાંવહાલાં ને મિત્રમંડળને ભારે પગારની જગાઓ તથા દલાલીઓ આપવાની સ્વતંત્રતા જોઈએ; મિલને પૈસે બીજા અનેક ખાનગી સટ્ટા તથા ધંધા રમવાની, તેમાં આવતી ખોટ મિલને નામે લખી નફો મળે તો ખાનગી ખજાનામાં મૂકવાની છૂટ જોઈએ; મિલમાંથી મેળવેલા પૈસા બાપ, ભાઈ, પુત્ર કે બૈરીને નામે મિલને જ ધિરાવી મિલ ઉપર પોતાની ચૂડ મજબૂત અને મજબૂત કરવાની સત્તા જોઈએ; અને મિલ ખોટમાં આવી બંધ થાય તો પોતાની જાતને - પોતાના કુટુંબને સુખચેનમાં રાખવાની તથા બીજી મિલો કાઢવાની સગવડ જોઈએ.

પરંતુ તેમાં મજૂરોને શું ? તેમના દેહને દળી મિલમાંથી માલ પેદા કરવામાં આવતો હોય તો તેમને પગાર મળે જ છે. તેમને ક્યાં બુદ્ધિ વાપરવાની છે ? બુદ્ધિ તો માત્ર મિલના સંચાલકો અને માલિકોને જ વાપરવાની છે. મજૂરોના નિત્ય મરતા દેહને બુદ્ધિ વાપરવાનો જીવનભરમાં અવકાશ નથી મળતો એમાં દોષ તેમના નસીબનો ! બુદ્ધિને જ વધારે પૈસા મળે.

અને મજૂરોને આપવાના પૈસા પણ માલિકોના જ હોય છે ને ! હિંદની વસતિની માફક ધનાઢ્યોના ધનમાં તીવ્ર ઉત્પાદકશક્તિ હોય છે. હજારના દસ હજાર અને લાખના દસ લાખ ધનાઢ્યો બહુ ઝડપથી કરી શકે છે. અલબત્ત, જાદુઈ ચીજોની માફક એ ધનના હિમાલયો સિફતથી ઓગળી પણ જાય છે. પણ એ બધી બુદ્ધિની રમતમાં મજૂરોનું સ્થાન હોવું ન જોઈએ. મજૂરોનું સ્થાન, મજૂરીમાં અને મજૂરીમાંથી મરવામાં.

માત્ર એ મિલમુખત્યાર - કે માલિક એક જ વાત ભૂલી જાય છે, કોઈ મજૂરની બુદ્ધિ જીવતી રહે અને માલિકને પૂછે કે 'મજૂરોની મહેનત કાઢી લો અને તમારો પૈસો અને બુદ્ધિ વાપરો. માલ પેદા થઈ શકશે ?' તે વખતે કયો જવાબ આપવો એ મુખત્યારની બુદ્ધિને સૂઝે એમ નથી. કોઈને પણ સૂઝે એમ નથી. કારણ, ખરી ઉત્પાદક શક્તિ મજૂરીમાં છે, મૂડીમાં નહિ. મજૂરીના બાળ તરીકે જન્મેલો પૈસો મજૂરીનો માલિક બની બેઠો છે એ મજૂરો જ્યારે સમજશે ત્યારે મજૂરોને પૈસાની માલિકી, મુખત્યારોની નહિ પણ પોતાની સમજાશે. મિલનો નફો મૂડીનો નહિ - બુદ્ધિ માત્રનો નહિ - તે તો ખરેખર મજૂરોનો છે.

મજૂરોમાં ઉત્પન્ન થયેલી એ ઝાંખી સમજણ પૂરતા ઉપયોગમાં

આવતી નથી. માત્ર માલિકોને સહજ મૂંઝવણમાં નાખે છે - સુખમાં સૂતેલા અમીરને મગતરું પજવી જાય તેમ. એ પજવણીનું મહત્ત્વ વધારે ન કહેવાય. મગતરાને મસળી શકાય. પરંતુ એ પજવણી હવે વધતી જતી હતી. જરાજરામાં હડતાલ પાડવાની ધમકી મજૂરો આપી મિલમાલિકોની પ્રતિષ્ઠા ઉપર હુમલો કરતા હતા. એ સ્થિતિ અસહ્ય બનતી જતી હતી. અને ઝાંખું ઝાંખું - મનને કબૂલ કરવું ન ગમે એવું સત્ય માલિકોને પણ દેખાવા લાગ્યું હતું કે મજૂરવર્ગની એકતામાં મૂડીનો પરાજય છે.

મદનલાલને ચીઢ ઉપજાવતું આ સત્ય કાંઈ દેખાઈ ગયું હોય કે કેમ, પણ તેઓ ભારે બેચેની આજ પ્રદર્શિત કરી રહ્યા હતા. ઘડીમાં બારણા તરફ જોતા, તો ઘડીમાં બારી તરફ જોતા. વળી જરા ઊઠીને આમતેમ ફરતા, અને વળી પાછા બેસી ચોપડી લઈ વાંચતા. તેમની સર્વકૃતિમાં અસ્થિરપણું લાગતું હતું. એક્કે કામમાં તેમનું લક્ષ ચોંટ્યું નહિ.

વાત કરીને તેમના ચિત્તને બીજી પાસ લઈ જનારની તેમને જરૂર લાગી અને તેમણે કુસુમને બોલાવી. હમણાં હમણાં કુસુમ વગર બોલાવ્યે મદનલાલની પાસે જતી નહિ. પતિની નાની નાની બેદરકારીઓ પત્નીને પતિ તરફ વિરક્ત જ બનાવે છે. પ્રથમથી જ કુસુમને પતિ પ્રત્યે જ્વલંત લાગણી જાગી નહોતી. તેમાં આવી રસિક કોડભરી પત્નીને રીઝવવા રમાડવાની પતિને ઓછી ફુરસદ રહેતી. કુસુમનું હૃદય પ્રથમ માની બન્યું, અને પછી વિરક્ત બનવા લાગ્યું. સનાતનની સાથે વાંચવામાં તેને ઘણો રસ પડતો; એ રસમાં મદનલાલ ભાગ લઈ શકે એમ ન હોવાથી કુસુમે એકલાં જ પોતાનું રસજીવન ગાળવા માંડ્યું. વિચારવા માંડ્યું. અલબત્ત, પતિપત્ની વચ્ચે કશી તકરાર થઈ નહોતી; મદનલાલ કુસુમ તરફ સર્વદા માયાળુ વર્તન રાખતા. છતાં એક પ્રકારનું શીત કુસુમના હૃદયમાં પ્રવેશી ગયું.

પતિએ બોલાવી એટલે એકદમ આવી. તેની વાણી અને તેની ચાલ એવી ને એવી જ ઊછળતી હતી.

'આજ તો સોનાનો સૂરજ ઊગ્યો !' કુસુમ અંદર પ્રવેશ કરતાં બોલી.

'અને મને આજ ચેન પડતું નથી. તને તેની શી દરકાર ?' મદનલાલ બોલ્યા. ખરેખર ! તેમના મુખ ઉપર વ્યગ્રતા હતી.

'હું શું કરવાને દરકાર રાખું ? તમારી દરકાર તમારી મિલ ક્યાં ઓછી રાખે છે કે મારી દરકારની જરૂર પડે ?' અડધું હસતું અને અડધું રીસભર્યું મુખ રાખી કુસુમ બોલી, અને મદનલાલની જોડે એક સૉફા ઉપર બેઠી.

'આ તો ચોર કોટવાલને દંડે છે !' મદનલાલ બોલ્યા.

'એટલો વિચાર કરવાનીયે ફુરસદ મળી એ અમારાં ધન્ય ભાગ્ય ! આજે મિલમાં નથી જવું ?' કટાક્ષમાં કુસુમ બોલી. કટાક્ષ મધુરો હતો; શબ્દની પાછળનો અભિનય જોવો ગમે એવો હતો, એમ મદનલાલને લાગ્યા છતાં તેમનાથી બોલાઈ ગયું :

'એ જ દુઃખ છે ને ? આજ તો મિલ બંધ રહેવાની છે. લોકો હડતાલ પાડશે એમ લાગે છે.'

'તમે જો આમ અડધો કલાક મારી પાસે બેસી વાત કરી શકો તો હું એ જ ઈચ્છું કે મિલ સદાય બંધ રહે.' કુસુમે આશીર્વાદ આપ્યો.

પત્નીની મશ્કરી મદનલાલને ગમી. તેઓ હસ્યા, અને કાંઈ બોલવા જતા હતા એટલામાં જ મેજ ઉપર મૂકેલા ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. મદનલાલનું હાસ્ય ઊડી ગયું. તેમણે રિસીવર હાથમાં લીધું.

કુસુમે મદનલાલનો હાથ ઝાલ્યો, અને તેમને ખેંચીને તે બોલી :

'નથી સાંભળવાનો ટેલિફોન.'

'અરે જરૂરનું કામ હશે; છોડી દે.'

'ભલે જરૂરનું કામ હોય; આજે નથી કરવાનું.'

'અરે પણ તું કાંઈ સમજતી નથી. મિલમાં તોફાન હશે તો ?'

'છો તોફાન હોય. બધાંને કપાઈ મરવા દો.' કુસુમે કહ્યું.

'એ કાંઈ ચાલે ? જરા વિચાર કર. તારી આવી ટેવ જ મને ગમતી નથી. તને બોલાવી એટલે તારું તોફાન શરૂ જ થઈ ગયું !'

આ અરસિક ધનવાનને પત્ની કરતાં પોતાની મિલ વધારે વહાલી છે એમ રમતિયાળ કુસુમને લાગ્યું. તેણે હાથ છોડી દીધો. તેનું મુખ ઊતરી ગયું.

શેઠે તરત ટેલિફોનમાં વાત શરૂ કરી :

'કેમ ? કોણ છે... હા... એ તો હું છું... હા હા, મદનલાલ... લોકો કામે લાગ્યા....વાહ ! પછી ?...કાલે જવાબ આપવાનો ?...સનાતન ? ... હા. ઘેર આવે છે... માસ્તર છે... એણે રોક્યા ?... હું બહુ ખુશ થયો... તોફાન તો નથી ને ?... બહુ સારું.... સાંજે આવે છે.... અત્યારે જ બોલાવું ?... ઠીક મિસ્ત્રીને મોકલો... આગેવાનો અત્યારે નહિ... સાંજે... હું સનાતનને... સમજો - બરાબર સાંભળો... હું સનાતનને બોલાવી વાત કરું છું... મને મળી જાઓ... ખબર આપ્યા કરો... હું આજ નહિ આવું.'

રિસીવર મૂકી મદનલાલ કુસુમની પાસે બેઠો અને તેનો હાથ પોતાના હાથમાં તેમણે મૂક્યો.... કુસુમે તે હાથ તરછોડી નાખ્યો. ટેલિફોનમાંની

વાત સાંભળવા તે થોભત નહિ, પરંતુ વાતમાં સનાતનનું નામ આવવાથી તેની જિજ્ઞાસા જાગૃત થઈ. મિલ સાથે, મિલમજૂરો સાથે સનાતનને શો સંબંધ ? એણે કેમ અને કેવી રીતે મજૂરોને રોક્યા ? એ જાણવાનું તેને મન થયું. સનાતનનાં નામમાં તેને એવો જાદુ લાગ્યો હતો કે એ નામ જ્યાં ઉચ્ચારાતું હોય ત્યાંથી જવાનું તેને મન થતું નહિ.

'ચાલ, હવે તારી સાથે વાત કરું. મને ફુરસદ છે. તરછોડાયલા હાથને ન ગણકારી મદનલાલ બોલ્યા.

'મારે એવી છાંડેલી ફુરસદ નથી જોઈતી.' કુસુમે કહ્યું.

'અરે એમ શું કરે છે ? આ તારા માસ્તર તો બહુ કાબેલ જણાય છે.' શેઠે કહ્યું.

'એની કાબેલિયતને તમારે શું કરવી છે ? એ તો બિચારો નિર્ધન માણસ ! કાબેલ હોય તોય તમારો પગારદાર ને ? શેઠના અભિમાનને જખમ કરે એવી વાણીમાં કુસુમે કહ્યું.

'ના, ના. એમ કહેવાય ? એણે તો આજે લાજ રાખી છે. મેં તો એની સાથે કદી લાંબી વાત પણ કરી નથી. પણ હોશિયાર લાગે છે. પગાર લઈ વફાદારી બતાવવી એ આ સમયમાં મુશ્કેલ છે. પણ મને હજી સમજ પડતી નથી કે એણે મિલમજૂરોને કેવી રીતે સમજાવ્યા ? એ ક્યાં રહે છે ?' મદનલાલે પૂછ્યું.

'એમને બોલાવવા છે ?' સનાતનનાં વખાણ સાંભળી કુસુમે માર્દવ ધારણ કરી પૂછ્યું.

'હા, એના વગર અત્યારે ચાલે એમ નથી.'

'મોટર મોકલીએ.'

'ડ્રાઈવર ઘર જાણે છે ?'

'હં... અં... કાલે જ હું એમને મોટરમાં ઘેર મૂકી આવી હતી.'

મદનલાલે ઘંટડી વગાડી. નોકર આવતાં તેમણે બાઈસાહેબના શૉફરને બોલાવવા ફરમાન કર્યું. શૉફર આવતાં તેને હુકમ મળ્યો :

'બાઈસાહેબના માસ્તરને બોલાવી લાવ.'

સલામ કરી શૉફર ચાલ્યો ગયો.

મદનલાલે મોટી જબરજસ્ત બીડી કાઢી સળગાવી મોંમાં મૂકી ઓરડામાં ફરવા માંડ્યું.

કુસુમ મદનલાલની સ્થૂલતા જોઈ રહી. મદનલાલની સફાઈદાર પણ સ્થૂલતા, અને સનાતનની સાદી છતાં ચપળતાનો તફાવત કુસુમના

હૃદયમાં જડાઈ રહ્યો.

અત્યારમાં જ તે નાનાલાલની 'વિલાસની શોભા' વાંચતી હતી. તેના મગજમાં હજી શબ્દો રમતા હતા :

*જોઈ હસે મુજ આંખ, ઠરે મુજ*
*આત્મન પ્રેમની ભરતી ચઢે,*
*દાખવ દેવી ઓ ભાખ સખી*
*મુજ વલ્લભ એ કોણ ક્યાંહી જડે ?*

પરંતુ હવે તેને એ પ્રશ્ન પૂછવાનો રહ્યો જ નહોતો. તેને વલ્લભ મળી ચૂક્યો હતો. પરંતુ તે વલ્લભ હતો ? પતિ અને વલ્લભ જુદા હોય ? તેણે ડોકું હલાવી એ નઠારો વિચાર દૂર ફેંક્યો.

# ૨૭

# મજૂરી

*બ્રહ્મબ્રહ્માંડ આ તો ગ્રહ તાતનું છે,*
*આધાર સહુને સહુનો રહ્યો જ્યાં.*

**કલાપી**

કુસુમ તથા મદનલાલ બંને સનાતનની રાહ જોતાં દીવાનખાનામાં આમતેમ ફરવા લાગ્યાં. કુસુમને વહાલ કરવાની, તેની સાથે વાતો કરવાની મદનલાલને અત્યારે સારી ફુરસદ મળી. પણ તેથી કુસુમનું મન માન્યું નહિ. સામાન્ય રીતે બને છે તેમ એ બંને પતિપત્ની એકબીજાથી દૂર વહી જતાં હતાં. કુસુમ એવા પ્રકારની પત્ની હતી કે જે ચોવીસે કલાક પતિને કબજામાં રાખવા ઈચ્છતી હતી; મદનલાલને પત્ની એ નવાઈની ચીજ નહોતી. વળી અનેક અનુભવોમાંથી પસાર થયેલા પતિને અનેક કામ હોવાથી પત્નીની આજુબાજુએ ભમ્યા કરવાની અનુકૂળતા તેમ જ ઈચ્છા પણ નહોતી. મદનલાલની વાતો કુસુમને અત્યારે ગમી નહિ. તેમની ગમ્મતમાં કુસુમને વિચિત્રતા લાગી. સનાતનની અને મદનલાલની સરખામણીમાં ઊતરી પડેલી કુસુમ મદનલાલની સર્વથા ખામીઓ જ જોયા કરતી.

મોટર પાછી આવી; સનાતન નીચે ઊતર્યો ને બંગલામાં આવ્યો. સનાતનને જોતાં કુસુમના હૃદયમાં અકથ્ય ભાવો તરી આવ્યા. સનાતને બંને પતિપત્નીને નમસ્કાર કર્યા.

'આવો માસ્તર ! બેસો.' શેઠે મોટાઈભર્યો વિવેક દર્શાવ્યો. કુસુમને માસ્તર શબ્દ પસંદ પડ્યો નહિ. પરંતુ એણે માસ્તર અને શેઠ એ બે શબ્દો વચ્ચે સરખામણી કરી તેમાં એને શેઠ કહેવાવા કરતાં માસ્તર કહેવરાવવું વધારે સારું લાગ્યું.

સનાતને ખુરશી લીધી.

'હું તમારા કામથી ઘણો ખુશી થયો છું.' શેઠ બોલ્યા.

'મારું કામ કેવું છે એ તો કુસુમબહેન જાણે. આપ સહુને ગમે એટલે

બસ.' સનાતને જવાબ આપ્યો.

'ઉપરાંત મારી મિલમાં હડતાલ પડતી પણ તમે આજ બંધ રખાવી એ તમારી લાયકાત કહેવાય.' શેઠ બોલ્યા.

'ના જી. એમાં કાંઈ નહિ. આપની મિલના કેટલાક કારીગરો મારી નજીક રહે છે. તેમના એક આગેવાન સાથે મારે વાતચીત થઈ અને તેમની માગણી વાસ્તવિક લાગી; મેં તેને જણાવ્યું કે હું કુસુમબહેન સાથે અગર આપની સાથે એ વિષે વાતચીત કરીશ ત્યાં સુધી તેમણે હડતાલમાં સામેલ ન થવું. આગેવાને એ વાત કબૂલ રાખી.'

'બહુ જ સારું કર્યું. એક દિવસ અમને કેટલો નફો આપે છે તેની લોકોને ક્યાં ખબર છે ? વળી અમારે ત્યાં આજે હડતાળ નથી એ ખબર પડતાં અમારી આબરૂ કેટલી વધી જશે !' શેઠ ખુશ થતા બોલ્યા.

'પરંતુ મજૂરોની માગણી શી છે તે તો પૂછો ? નહિ તો આજને બદલે કાલ હડતાળ પડશે.' કુસુમે કહ્યું.

'ખરું છે. એ માટે તો મેં માસ્તરને બોલાવ્યા. બોલો માસ્તર ! તમારે મજૂરો તરફથી શું કહેવાનું છે ?' મદનલાલે પૂછ્યું.

'એમણે મને કાંઈ પણ કહ્યું નથી. આપની સાથે વાતચીત કરી આપ છેવટનો લાભ શો આપશો તે પૂછવાનું માત્ર કહ્યું છે.' સનાતને જણાવ્યું.

'જુઓ, એ લોકો તો તદ્દન ફાટી ગયા છે. પૈસો અમારો અને લાભ મજૂરોને જોઈએ ? તે પણ એક વખત નહિ; એમની મરજી થાય એટલે પાછો વધારો ઊભો !' મદનલાલે પોતાની મુશ્કેલી જણાવી.

'આપનો પૈસો ખરો, પણ એ લોકોની મજૂરી વગર આપ એ પૈસાને શું કરો ? જેટલી જરૂર પૈસાની એટલી જ જરૂર મજૂરીની.' સનાતને શાંતિથી કહ્યું.

'અરે, મજૂરો તો બીજા મળશે. અને જુઓ ને, પંદર દિવસ મજૂરો ભૂખે મરશે એટલે એમની મેળે ઠેકાણે આવશે. પૈસા વગર ક્યાં કોઈને છૂટકો છે ?' શેઠે પૈસાનું મહત્ત્વ બતાવ્યું.

'એક ટૂંકી વાત હું આપ સાહેબને સમજાવું. પૈસાદારની શક્તિ કેટલી? પગારદારને ભૂખે મારવાની; ખરું ?' સનાતને મૂડીવાદનું મુખ્ય બળ સમજાવ્યું.

'બરાબર.'

'હવે એ જ પ્રમાણે મજૂરો-પગારદારોની કેટલી શક્તિ તે આપણે સમજી લઈએ.'

'શું શું કરશે, કહો જોઈએ ?'

'મજૂરો ભૂખે મરે તો તોફાન અને લૂંટફાટ કરે એ વાત બાજુએ મૂકીએ; પંદર દિવસ સતત ભૂખે મરે તો તમારે તાબે થાય એ વાત કબૂલ કરીએ. પણ ધારો કે તેમને એક માસ, છ માસ કે બાર માસ સુધી ઘેર બેઠા પોષણ મળે, અને આખોય મજૂરવર્ગ સંપીને મિલમાં ન આવે તો શું થાય?'

મદનલાલ ચમક્યા. બાર માસમાં તો કરોડોની ખોટ જાય. છતાં તેમણે એ અસંભવિત વાત કાપી કાઢવા પૂછ્યું :

'પણ એમ ઘેર બેઠાં પોષણ કોણ આપે ?'

'લોકો થોડું બચાવે, થોડું કરજ મેળવે, થોડું દાન મેળવે અને બીજું બધું કામ હલકે પગારે કરે, અને એક જ નિશ્ચય પર આવે કે દુઃખ વેઠીને પણ મિલોને તોડી પાડવી, તો ? શેઠસાહેબ ! આ વાત છેક અસંભવિત નથી.' સનાતને શ્રમજીવીઓના બળની ઝાંખી કરાવી.

'તો પછી તમે શું કરવા માગો છો ?' શેઠે પૂછ્યું.

'આપ એક નિશ્ચય ઉપર આવી જાઓ. એકલો પૈસો જ નફો આપે છે એ વાત હવે ભૂલી જવી પડશે. આપના પૈસાની સાથે મજૂરોની મજૂરી પણ નફો મેળવવામાં જરૂરની છે એ ગ્રાહ્ય કરી લો.'

'ખરું છે.' કુસુમને સનાતનના વાદમાં સત્ય લાગ્યું.

'તે તો કામના પ્રમાણમાં પગાર આપીએ જ છીએ ને ? ક્યાં મફતનું કામ કરાવીએ છીએ ?' શેઠે જવાબ આપ્યો.

'બરાબર. કામ લઈ પગાર આપ આપો છો, પરંતુ નફો તો બધો તમે જ લઈ જાઓ છો ને ?'

'તેમાં શું ? પૈસા તો મારા ને ! વળી ખોટમાં મજૂરો ભાગ આપવાના છે ?'

'જુઓ, શેઠસાહેબ ! માત્ર પૈસા જ નફાને ખેંચી જાય એ ન્યાય કહેવાય નહિ. કામ કરવામાં જેમ પૈસાની જરૂર તેમ મજૂરીની પણ જરૂર. હડતાલ પાડીને મજૂરવર્ગ આપને એકલા પૈસાથી જ મિલ ચલાવવાની તક આપે છે. આ નહિ તો બીજા, પણ મજૂરો તો જોઈએ જ. હવે ધારો કે જગતભરના મજૂરો એક થયા, અને તમારા પૈસે વેચાતા ન લેવાયા. આ હડતાલ તેની જ શરૂઆત છે. આપ એકલા પૈસાથી કામ ચલાવી શકશો?'

'શું હું મજૂરોને નફામાં ભાગ આપું ?'

'શેઠસાહેબ ! નફામાં એનો ભાગ નથી એમ આપ કહેશો ? નફાની સાથે નુકસાનમાંયે તેમને ભાગીદર બનાવો ને ! એ ચોખ્ખો ન્યાય.'

સનાતને કહ્યું.

કુસુમ બોલી :

'ખરું છે. પૈસા અને મજૂરી એ બે મળે ત્યારે કામ ચાલે. અને નફો તો એકલા પૈસાની પાછળ જાય એ કેમ બને ?'

શેઠ જરા વિચાર કરી બોલ્યા :

'પણ બુદ્ધિ તો અમારી ને ! બુદ્ધિ ન હોય તો પૈસો અને મજૂરી બંને વ્યર્થ છે.'

સનાતને જવાબ આપ્યો :

'શેઠસાહેબ ! મને માફ કરજો. પણ સામાન્ય બુદ્ધિ જુદી અને મિલ માટે જરૂરની વિશિષ્ટ બુદ્ધિ જુદી. એ બુદ્ધિ મજૂરીની મફક આપ વેચાતી રાખો છો. આપના એજન્ટો, મેનેજરો, આડતિયા, દલાલ, ગુમાસ્તા એ બધાને આપ વેચાણ કે નફા ઉપર ભાગ આપો છો. આપે મજૂરી, પૈસો અને નિષ્ણાત બુદ્ધિ ભેગાં કરી ધંધો ચલાવ્યો એ આપની બુદ્ધિ ખરી. અને તેટલા પૂરતી આપની કિંમત ભારે ગણીએ. પરંતુ એ ત્રણ વગર ચાલે એમ નથી તો પછી મજૂરી, પૈસો અને બુદ્ધિ એ ત્રણેને નફામાં તેમ જ ખોટમાં ભાગીદાર બનાવો.'

'પણ એથી કાંઈ મજૂરોને લાભ ?' મદનલાલે પૂછ્યું.

'અલબત્ત ! દરેક જણ ભાડૂત મટી માલિક બનશે, અને નફાતોટામાં વધારે જીવ રાખશે. નફો આવે તો ત્રણે ભાગે વહેંચો, ખોટ આવે તો કોની ભૂલથી ખોટ આવી તેનો નિર્ણય કરો, અને તેની જવાબદારી નક્કી કરો. પૈસાની ભૂલથી ખોટ આવી હોય તો એ ખોટ પૈસાએ પૂરી પાડવી; મજૂરીએ ભૂલ કરી હોય તો મજૂરી ખોટ ભરી આપે, અને બુદ્ધિનો વાંક હોય તો બુદ્ધિએ ખોટ ખમવી : વાંક કોઈનો પણ ન હોય તો ખોટ સરખે ભાગે વહેંચવી.' સનાતને કહ્યું.

છેવટે મદનલાલના મનમાં નફો અને ખોટ વહેંચી લેવાનો સિદ્ધાન્ત કાંઈક રુચ્યો. તેમણે કહ્યું :

'તમે મારા મેનેજરને મળી બધી વિગતો નક્કી કરો. હું તેમને અહીં બોલાવું છું.' એટલામાં મિસ્ત્રી આવ્યા અને શેઠને સલામ કરી ઊભા.

'કેમ મિસ્ત્રી ! હડતાલનું કેમ છે ?' શેઠે પૂછ્યું.

'સાહેબ ! આ તો રોગચાળો ચાલ્યો છે. એક મિલે હડતાલ પાડી એટલે બીજી મિલે પાડી. શું કરીએ ? આજકાલના છોકરાઓ હાથમાં રહેતા જ નથી.'

'આટલાં વરસથી તમે આપણી મિલમાં કામ કરો, અને પછી આવું તોફાન ચાલવા દો એ કેવું ?'

'સાહેબ ! હવે બુઢ્ઢાઓનું કોણ સાંભળે છે ? આપણા વખત ગયા. ઠીક છે, આપને પ્રતાપે આજ સુધી આબરૂ રહી છે. આજ તો હડતાલ નહિ પડે.'

'વારુ, તમે બેસો. મેનેજર હમણાં આવશે. તે, તમે અને આપણા માસ્તર ત્રણ મળીને કાલે શો જવાબ આપવો તેનો વિચાર કરી મને જણાવો.' કહી મદનલાલ બીજા ઓરડામાં ગયા. કુસુમે થોડી વાર બેસી મિસ્ત્રીની સાથે વાત કરતા સનાતનને સાંભળ્યો. એટલામાં મેનેજર આવ્યા, એટલે કુસુમ પણ ઓરડાની બહાર ગઈ.

ત્રણે જણે વાતચીત શરૂ કરી. મૂડીવાદનો જગતે સ્વીકાર કર્યો છે એ ખરું; તથાપિ તેમાં રહેલી ભયંકરતા પણ જગતે ઝાંખી ઝાંખી જોઈ છે. ધનને અતિ મહત્ત્વ ન આપવા ફિલસૂફો અને સંતોએ વારંવાર ચેતવણી આપી છે ધનની અતિશયતા ઉપર અંકુશ મૂકવા માટે કુટુંબ, ન્યાય, સમાજ અને રાજ્ય દ્વારા સમાજયોજકોએ કંઈ કંઈ રિવાજો અને ધારાઓ ઘડ્યા છે. ધનમાં સૌનો ભાગ છે એવી ઝાંખી ભાવનાએ દાન-સખાવતના માર્ગો રચી આપ્યા છે. ધનનો ઘમંડ ટાળવા ધન અને ધનવાનોની કડક ટીકા કરતો બુદ્ધિમાનોનો વર્ગ પણ સમાજે રચ્યો છે. છતાં ધનનો ઘમંડ કમી થતો નથી. તે સંતો અને ભક્તોના બકવાદને હસી કાઢે છે; રિવાજો, ધારાઓ અને રાજ્યોને તે પોતાનાં કવચ બનાવી લે છે; બુદ્ધિમાનોને તે ખિસ્સામાં રાખે છે, અને ધનરહિતોના શ્રમ ઉપર પોતાની જાહોજલાલીના સુવર્ણશોભિત અને રત્નમંડિત મિનારાઓ ઊભા કર્યે જ જાય છે. પાશ્ચિમાત્ય યંત્રશોધને તો ધનને સર્વશક્તિમાન પ્રભુનું સ્થાન આપી દીધું, અરે એ સ્થાનને શેષની ફેણમાં જડી લીધું.

પરંતુ જરૂર પડે સ્થિરમૂર્તિ શેષનાગ પણ ફણા હલાવે છે, સ્થિરતાને પારા સરખી ચલ બનાવી દે છે, અને વજ્રથી ઘડાયલાં તખ્તો અને મિનારાઓને ક્ષણભરમાં જમીનદોસ્ત કરી દે છે. શેષ હવે સળવળ્યો છે એ તો સહુ કોઈ જોઈ શકે એમ છે. પરંતુ ધનભાર હળવો કરવાની પ્રબળ ઈચ્છા કોઈને થતી નથી. ધનની પિરામિડ અમર છે એમ માની ધનિકો તેના ઉપર માળ ચણ્યે જાય છે.

સમાજરચનામાં રસ લેતા બુદ્ધિમાનો ગૂંચવાય છે. ધનનો મહેલ તોડી નાખવો કે એ મહેલના ઓરડાઓની માલિકી વહેંચી નાખવી એ બે મહાપ્રશ્નો વચ્ચે સમાજશાસ્ત્રીઓ અથડાય છે. તેનો લાભ કચરાયેલી

જનતાને મળતો નથી. લાભ એટલો જ થાય છે કે શ્રમજીવી પોતાના શ્રમનું મહત્ત્વ પોતાને સમજાવી રહ્યો છે. અને એનો આછો પરચો મૂડીવાદને બતાવી રહ્યો છે.

સનાતને યોજના ઘડી. નફાના બે ભાગ પાડ્યા. એક ભાગ મૂડીને અને એક ભાગ મજૂર સમસ્તને વહેંચવા ઠરાવ્યું. મેનેજરે જબરજસ્ત વાંધો ઉઠાવ્યો. અડધોઅડધ નફામાં મદનલાલની મોટરો, હવેલીઓ અને બાગબગીચા તો કાયમ રહેતા જ હતા; છતાં આખા નફાની માલિકીનો હક્ક મૂકવો એ વફાદાર મેનેજર, જેની દૃષ્ટિ જાતને જ કોઈ મિલમાલિક બનાવવા તરફ વહેતી હતી, તેને જરાય ફાવ્યું નહિ.

મૂડીવાદની સામે યુદ્ધ કરવું સહેલ નથી. મૂડીવાદનાં ઘણાં સાધનો વાપર્યાં સિવાય શ્રમજીવીઓથી એ યુદ્ધ થાય એમ નથી. મહામુસીબતે ચોથા ભાગ ઉપર મજૂરીનો અસ્પષ્ટ હક્ક મહેરબાની તરીકે સ્વીકારાયો. મજૂરો માટે માંદગી સમયની સારવાર, મજૂર બાળકોનું ભણતર, અકસ્માત મુશાહીરો, નિવૃત્તિવેતન, વગેરે સ્વરૂપમાં એ ચોથાભાગને બતાવી મજૂરોના વ્યવસ્થિત મંડળને મિલની ભાગીદારી જ -Shares- માં દાખલ થવાની કૃપા બતાવવામાં આવી.

કચરાવા ટેવાયલા મિસ્ત્રીને તો સોનાના સૂરજ ઊગ્યા દેખાયા. સનાતને સૂચવેલો અને મેનેજરની સંમતિ પામેલો તોડ તેને ઘણો જ લાભકારક દેખાયો. જ્યાં કશું જ નહોતું ત્યાં આટલા લાભ મળે એ મજૂરોને પણ આનંદનો વિષય હતો. હક્કની વાત વીસરી જઈ મૂડીવાદની ઉદારતાનો જ બધાને વિચાર આવે એમ હતું.

'આપણે આ યોજના સહુથી પહેલી જ અમલમાં મૂકીએ. કાંઈ પણ કર્યા વગર છૂટકો છે જ નહિ. પગાર વધારવો જ પડત તેના કરતાં આ નફાનો ભાગ કરવાથી મજૂરોને સારું લાગશે, ટકીને રહેશે અને મજૂરી પણ કરશે. બીજાઓ કરતાં પહેલ કર્યાનું શેઠને માન મળશે. વળી હડતાલ પડવાથી લાગવાના ધોકાનો પણ ડર નહિ.'

શેઠે આ નવી પદ્ધતિને જરા અશ્રદ્ધાથી સંમતિ આપી, છતાં તેમને કરાર વળ્યો. માસ્તરનું માન વધી ગયું. મેનેજરે તેમ જ મિસ્ત્રીએ સનાતનનાં ખૂબ વખાણ કર્યાં અને સહુ વીખરાઈ ગયા. શેઠ મેનેજરની સાથે મોટરમાં બેસી કારખાને ગયા; મિસ્ત્રી પણ શૉફર સાથે બેસી ગયા.

સનાતન જવું કે કેમ તેના વિચારમાં પડ્યો. કુસુમને શીખવીને જવું કે ફરીથી શીખવવા આવવું તેની ગૂંચવણ પડી હતી. એટલામાં જ કુસુમ હસતી તેની સામે આવી પહોંચી.

## ૨૮

# સમુદ્રસ્નાન

*હાંરે લહરી બહેની તું ધીમે ધીમે વાજે,*
*હાંરે તારા સાગરનાં ગાન ગંભીર ગાજે.*

**નાનાલાલ**

કુસુમે આવતાં બરોબર કહ્યું :

'સનાતન ! તમે બધું કરજો; પણ આ વેપારીની વાતમાં ન પડશો.'

સનાતનને સમજ ન પડી. તેની યોજનાથી કુસુમ કે મદનલાલ નાખુશ થયાં હોય એમ જણાતું નહોતું. વળી કુસુમ હસતી હસતી બોલતી હતી. તેણે કહ્યું :

'એમ કેમ ? આ જમાનામાં વેપારીની વાત પહેલી જાણવી જોઈએ.'

'બીજું બધું ઘણુંયે જાણો છો. આટલું નહિ જાણો તો નહિ ચાલે ?' કુસુમે હસવું ચાલુ રાખ્યું.

'પણ હું તો જાણું છું એનું કેમ ?'

'જાણતા હો તો ભૂલી જાઓ. તમને એ દીપતું નથી.'

'દીપતું નથી ? એનું કાંઈ કારણ ?'

'કારણ એટલું જ કે મને એ ગમતું નથી. તમારું મુખ અને તમારી વાણી એવાં સુંદર છે કે મજૂરી, હડતાલ, પૈસો, નફો, તોટો, આડતિયા, દલાલ : એવા એવા શુષ્ક કઠોર શબ્દો તમારા મુખમાં બહુ વિચિત્ર લાગે છે. એ કોઈ કદરૂપા વ્યાપારી માટે રહેવા દો.' કુસુમે કારણ બતાવ્યું.

સનાતનને આ કારણ સાંભળી હસવું આવ્યું. પરંતુ કુસુમના બોલવામાં કાંઈ સત્ય રહેલું હતું એમ પણ એને લાગ્યું. વિચારનો દેહ વાણી. વિચારમાં જીવન રહેલું છે, અને એ જીવન શબ્દ દ્વારા વ્યક્ત થાય છે. વિચારની સ્વચ્છતા-અસ્વચ્છતા વાણીમાં ઊતરી આવે છે, અને માનવ દેહની માફક શબ્દોને પણ ગમતું અણગમતું સ્વરૂપ આપે છે. અમુક કક્ષાના સંસ્કારને અમુક ઢબની શબ્દરચના જરાય રુચતી નથી. કલાપી કે નાનાલાલના વાચન પછી પાર્થિવ ભાષા બોલવાને પણ યોગ્ય રહેતી નથી. પરંતુ જગત પ્રત્યે ક્ષણ ક્યાં કવિતામય રહી શકે છે ? પામર મનુષ્યને

કવિત્વવિરોધી વિચાર પણ કરવા પડે છે. એટલે જીવનની વિચિત્ર ઘટના તેને કઠોર, અપ્રિય, અરસિક શબ્દો ઉચ્ચારવા પ્રેરે છે.

'ઠીક ત્યારે. તમારી હાજરીમાં એવા એવા શબ્દો હું નહિ બોલું.' સનાતને કહ્યું.

'ત્યારે હવે શું શરૂ કરશો ?' કુસુમે પૂછ્યું. તે પોતાના અભ્યાસની વાતમાં સનાતનને દોરતી હતી.

'તમને હવે મારા શિક્ષણની જરૂર લાગે છે ?' સનાતને પૂછ્યું.

'એટલે ? તમારે નાસી છૂટવું છે, ખરું ?'

'ના ના, એમ નહિ. તમને હવે મારા શિક્ષણની જરૂર જણાતી નથી. તમે એકલાં બહુ સારી રીતે સમજી શકશો.' કેટલોક સમય થયાં કુસુમથી ભય પામતા સનાતને કહ્યું.

'મારે તમારા શિક્ષણની જરૂર હોય કે ન હોય તોપણ તમારે અહીંથી જવાનું નથી.' કુસુમે કહ્યું.

'ચાલો ત્યારે આપણે કાંઈક વાંચીએ.'

'આજે મારે કાંઈ જ વાંચવું નથી.'

'ત્યારે હું રજા લઉં ?'

'શાની રજા ? મારી સાથે ફરવા આવવાનું છે.'

સનાતન સહજ કચવાયો. તે દિવસે કુસુમ સાથે મોટરમાં બેઠાનો અનુભવ તે ભૂલ્યો નહોતો. આનંદને બદલે સંકોચમાં તે અડધો થઈ ગયો હતો. કુસુમ તેનો કચવાટ સમજી ગઈ.

'સનાતન ! તમે જો આમ એક માસ મારી સાથે ફરવા આવો તો એક દસકો વહેલા ઘરડા થઈ જાઓ, ખરું ?' કુસુમે તેના સંકોચની મશ્કરી કરી. સનાતનને જવાબ જડ્યો નહિ. અડધાં વાક્યો વિચિત્ર રીતે બોલ્યો :

'ના, ના... હું નવીન ઢબમાં ઊછરેલો નહિ... શહેરનું જીવન અજાણ્યું... એટલે...'

'એ કશું ચાલવાનું નથી. ઊઠો, મોટર તૈયાર છે.' કુસુમે આજ્ઞા કરી.

'સ્ત્રી આજ્ઞા કરતી નથી; પરંતુ આજ્ઞા કરે ત્યારે પુરુષથી તે લોપાતી નથી. સનાતનનું કાંઈ ચાલ્યું નહિ. શિક્ષણને બદલે પર્યટનનો ક્રમ કબૂલવો પડ્યો. તેને કુસુમની સાથે મોટરમાં બેસવું પડ્યું. કુસુમની નિશ્ચલતાએ તેને ગભરાવ્યો. ધડકતે હૃદયે અને સંકોચાતાં અંગે તે કુસુમની જોડે બેઠો.

બે-ત્રણ દુકાનોમાં જઈ કુસુમે એક કલાક ગાળ્યો, અને પછી મોટર દરિયાકિનારે લઈ જવાનું તેણે કહ્યું. દરિયાકિનારાનો એકાંત ભાગ આવતાં

મોટર ઊભી રહી. કુસુમનો આ નિત્યક્રમ હતો. અહીં ઊતરી તે રેતીમાં ફરતી અને બેસતી. કવચિત્ મદનલાલ સાથે હોય તો ફરવા કરતાં બેસવાનું વધારે બનતું. તેના ચાપલ્યને થાક્યા સિવાય બેસવું ગમતું નહિ, સદ્ભાગ્યે મદનલાલ જવલ્લે જ સાથે આવતા. આજે સનાતન સાથમાં હતો. કુસુમને દરિયાનું રૂપ બદલાઈ ગયેલું લાગ્યું. રોજની માફક સુસ્તી પ્રેરતી ભૂરાશ આખા સમુદ્ર ઉપર પ્રસરી નહોતી. આજનો સૂર્ય આથમતે આથમતે તેજની લાંબી રંગબેરંગી લકીરો વડે સમુદ્રને રંગી રહ્યો હતો. ક્ષિતિજનાં ઊંડાણને અને સમુદ્રના કિનારાને તેજસાંકળથી ગૂંથી રહેલો રવિ, ચંદ્રના સરખો કવિપ્રેરક બની ગયો હતો. સંધ્યાનો સમય, આથમતા સૂર્યની રંગલીલા અને શીતળપવન એકાન્તને ઉન્માદ અર્પી રહ્યાં હતાં.

કુસુમે અને સનાતને નીચે ઊતરી રેતીમાં ફરવા માંડ્યું. પાણી હસતું હતું, ઊછળતું હતું, આવકાર આપતું હતું. એકાએક કુસુમ બોલી :

'સનાતન ! તમને તરતાં આવડે છે ?'

'હા. સાધારણ.'

'દરિયામાં તરી શકો ?'

'હા. નદીનાં પાણી કરતાં દરિયાનાં પાણીમાં વધારે સહેલાઈથી તરી શકાય.'

'મને તરતાં ન શીખવો ?' કુસુમે પૂછ્યું.

કુસુમની અપરિચિત સરળતાથી સંકોચ પામી સનાતન શરમાતો શરમાતો હસ્યો.

'કેમ હસો છો ?' કુસુમે પૂછ્યું.

'મને એવું સારું નથી આવડતું કે હું બીજા કોઈને શીખવી શકું.'

'ભલે, ન શીખવશો. પણ અત્યારે નાહીએ તો ?'

'અત્યારે ?'

'કેમ ? શો વાંધો છે ?'

'રાત પડી જાય.'

'રાતે બીક લાગે છે ?'

'ના, ના. પણ અંધારું થાય... શરદી લાગે...'

'આપણે જલદી નાહી લઈશું.'

'ફરી અનુકૂળ વખત જોઈ આવીએ તો કેવું ?'

'હું તો અત્યારે જ નહાવાની.'

'કપડાં ક્યાં છે ?' સનાતને બની શકે એટલા વાંધા રજૂ કર્યા છે.

'છે તે જ કપડાં ભલે પલળે, બીજાં હમણાં મંગાવી લઈએ.' એટલું કહી કુસુમ તાળી પાડી મોટરમાં બેઠેલા શૉફરને બોલાવ્યો, અને બીજાં કપડાં તત્કાળ ઘેરથી લઈ આવવા હુકમ કર્યો.

કુસુમે વધારે વાતચીત કે વિચાર કર્યા વગર, સનાતનની સંમતિની રાહ જોયા સિવાય પાણીમાં પ્રવેશ કર્યો. કિંમતી કપડાં પલળવાનો તેને જરાય ભય લાગ્યો નહિ. બહુ જ આનંદપૂર્વક કુસુમે પાણીમાં છબછબાટ કરવા માંડ્યો.

સનાતનને ભય લાગ્યો કે કુસુમ પાણીમાં ડૂબી જશે. તરતાં ન આવડે તોય પાણીમાં ધસવું એ ઘેલછા જ કહેવાય. કુસુમ પાણીમાં પડી ઘેલા જેવી જ બની ગઈ. તેણે ચારે પાસ પાણી ઉછાળ્યું, ડૂબકીઓ ખાધી અને ખોટું ખોટું તરવા માંડ્યું. પરંતુ એ રમતમાં તે ઊંડા પાણી તરફ જતી હતી તે સનાતને જોયું.

સનાતનથી હવે બહાર રહેવાય એમ નહોતું. કુસુમ ડૂબશે એ ધાસ્તીમાં તેણે પણ પાણીમાં પ્રવેશ કર્યો. કુસુમ પાણીમાં દોડવા લાગી.

'કેવું આવવું પડ્યું ?' હસતાં હસતાં કુસુમે કહ્યું.

'શું કરું ત્યારે ?... અરે અરે... બહુ આગળ ન જાઓ. મોજાં મોટાં છે... તમે પડી જશો.' સનાતન દોડતી કુસુમને આમ બૂમો પાડતો હતો.

'મને પકડો જોઈએ.' કુસુમે રમત શોધી કાઢી અને આગળ દોડવા માંડ્યું. એટલે સનાતનને પણ પાછળ દોડવું પડ્યું. જેવો સનાતન કુસુમની પાસે પહોંચ્યો તેવી કુસુમે તેના મુખ ઉપર છાલક મારી. આંખમાંથી પાણી લૂછી નાખવા સનાતને હાથ ઊંચા કર્યા. પાણીમાં દેહનો રંગ વધારે ગોરો બની જાય છે. સનાતનની ખુલ્લી વિશાળ છાતી અને સ્નાયુબદ્ધ હાથ કુસુમની નજરે પડ્યાં; કુસુમના હૃદયમાં - શરીરમાં એક વીજળી પસાર થઈ ગઈ.

કુસુમ સમજી કે કોઈ અવનવો ભાવ તેના હૃદયમાં પ્રગટે છે. એ ભાવને સંતાડવા - ભૂલી જવા તેણે ફરી દોડવા માંડ્યું. આખું સ્થળ નિર્જન હતું. સ્થળની નિર્જનતા, સમુદ્રની વિશાળતા અને તરંગોની ચંચળતા કુસુમના હૃદયને કોઈ અજાયબ સ્વાતંત્ર્ય આપતાં હતાં. સમુદ્રજળ ચેતનભર્યું હતું; હસતાં, રમતાં, વગર પરવાએ ફાવે તેમ દેહને અડકતાં મોજાં કુસુમના હૃદયને પણ ઝોલે ચડાવતાં હતાં. અવનવો ભાવ ભૂલવાને બદલે વધારે તીવ્ર થયો.

'સનાતન ! આજ તો મને જરૂર તરતાં શીખવો.'

'આજ નહિ. ફરી આવશું.' સનાતને કહ્યું.

'તમે નહિ શીખવો ત્યાં સુધી હું પાણીની બહાર નીકળીશ જ નહિ ને ? જુઓ, હું મારી મેળે તરું છું.'

એટલું બોલી ગરદન સુધી પહોંચતા પાણીમાં તેણે તરવાનો ડોળ કરી હાથ ફેલાવ્યા. પરંતુ તેને ક્યાં તરતાં આવડતું હતું ? તે તરફડવા લાગી, પાણીની અંદર પેસી જવા લાગી. તેનું મસ્તક પણ પાણીમાં ડૂબી ગયું. સનાતન ગભરાઈને તેની પાસે દોડ્યો. ડૂબકાં ખાતાં કુસુમને તેણે પકડી ઊભી કરી. ગભરાઈ ગયેલી કુસુમે મુખ બહાર આવતાં જ સનાતનને જોરથી પકડી લીધો, અને બંને હાથ તેની આસપાસ વીંટાળી દીધા.

'હાય ! હું તો એટલી ગભરાઈ ગઈ ?' થરથરતી કુસુમ બોલી. એ થરથરાટ ડૂબવાના ભયે કે અવનવા સ્પર્શે પ્રેર્યો હતો. તેની કુસુમને જ સમજ ન પડી. પરંતુ કેટલીક ક્ષણો સુધી તેણે સનાતનને પોતાના હાથમાંથી ખસવા દીધો નહિ.

'કુસુમબહેન ! હવે ચાલો.' છેવટે સનાતન બોલ્યો.

'ના, હું નહિ આવું.'

'આપણને કોઈ આમ દેખે તો કેવું કહેવાય ?' સનાતને ગભરાઈને વસ્તુસ્થિતિ સમજાવી.

જવાબમાં કુસુમે સમુદ્રની નિરંકુશતાનો પડઘો પાડતું હાસ્ય કર્યું.

વિશાળ એકાંતમાં એ હાસ્ય સનાતનને ચમકાવી રહ્યું.

# ૨૯

## આશા

*સંધ્યાના આભ કેરે કાંઠડે ઉઘાડી મિટ*
*આશાની એક અલબેલડે ઉઘાડી મિટ.*

**નાનાલાલ**

પરંતુ કુસુમના હાસ્યનો પ્રતિધ્વનિ મોટરના ભૂંગળામાં ઢંકાઈ ગયો. અવાજે એકાંતને ઓસારી દીધું. બંને સહજ ચમક્યાં. ભૂંગળું મદનલાલની મોટરનું હતું. મદનલાલનો શૉફર કપડાં લઈ નીચે ઊતર્યો. કુસુમ અને સનાતન બંનેએ પરસ્પરના સામું જોયું. બંનેનાં મુખ ઊતરી ગયાં. બંને પાણીમાંથી બહાર આવ્યાં. જાહેરસ્નાનની હિંદુ સમાજમાં બંધી નથી; પરંતુ પરપુરુષની સાથે એકાન્તસ્નાનની મનાઈ તો છે જ. મનાઈ નહિ તો તેવા સ્નાન માટે આદર તો નથી જ.

સદ્‌ભાગ્યે મદનલાલ મોટરમાં નહોતા. તોય એક પ્રકારનું ઓશિયાળાપણું બંનેમાં આવી ગયું.

કપડાં બદલી રહેલા સનાતનના હાથમાં શૉફરે ચિઠ્ઠી મૂકી. કુસુમને ભય લાગ્યો. સનાતનને રજા આપી હશે કે શું ? મદનલાલે જાણીને જ પોતાની મોટરમાં કપડાં મોકલ્યાં હશે ? સનાતન સાથે કુસુમ એકલી સમુદ્રસ્નાન માટે જાય એ મદનલાલને ન જ ગમે એટલું સમજવાની શક્તિ કુસુમમાં હતી. તેણે પૂછ્યું :

'શું લખ્યું છે ?'

'મને અત્યારે જ ઘેર બોલાવે છે.' સનાતને કહ્યું.

'કોણ ?'

'શેઠસાહેબ.'

કુસુમ કાંઈ બોલી નહિ. સનાતન વિચારમાં પડ્યો. કુસુમે મદનલાલને ન જોયા એટલે તેનું ઓસરેલું આત્મબળ પાછું ઊભરાયું.

'શું કારણ હશે ?' સનાતને અડધું પોતાની જાતને અને અડધું કુસુમને પૂછ્યું.

'જે હશે તે. ચાલો મારી સાથે પાછા.' કહી કુસુમ મોટરમાં બેઠી, અને

સંકોચાતા સનાતનને તેણે પોતાની સાથે જ બેસાડ્યો.

લંબાઈનો ખ્યાલ ભુલાવતી મોટર જોતજોતામાં બંગલે આવી પહોંચી. મદનલાલ બારણા આગળ ઊભા હતા. પતિ પત્ની તરફ ભલે બેદરકાર રહે; પરંતુ પત્નીનું સમગ્ર ધ્યાન પોતાનામાં જ પરોવાયલું રહે એમ તે માગે છે. મદનલાલની આંખમાં સ્પષ્ટ અણગમો દેખાયો. કુસુમ અને સનાતન એક મોટરમાંથી સાથે ઊતરે એ દૃશ્ય તેમને પસંદ પડ્યું લાગ્યું નહિ. પતિની ઉદારતાને પણ સીમા હોય છે. અન્ય પુરુષની સાથે સ્નાન કરી રહેલી પત્ની તે પુરુષને સ્નાન પછી પણ સાથે રાખ્યા કરે એ પતિથી ભાગ્યે જ જોયું જાય. જ્યાં સુધી પત્નીત્વ જોડે માલિકીની ભાવના ભળેલી છે ત્યાં સુધી સ્નેહ સાથે ઈર્ષા જોડાયેલી જ સમજવી.

પરંતુ એક ક્ષણમાં જ મદનલાલે મુખ ઉપરનો અણગમો દૂર કરી દીધો. અત્યંત ભાવથી તેમણે સનાતનને બોલાવ્યો :

'આવો, આવો સનાતન ! તમને ચિઠ્ઠી મળી એ બહુ સારું થયું.'

મદનલાલના મુખ ઉપરનો ક્ષણિક અણગમો વર્તી ગયેલી કુસુમને શંકા પડી કે તેણે પરખેલો અણગમો માત્ર ભ્રમરૂપ પણ હોય, પોતાની શંકાના પડછાયારૂપ પણ હોય.

'આપે ચિઠ્ઠી મળતાં બરોબર આવવા લખ્યું હતું એટલે હું આવ્યો છું. કાંઈ કામ હશે.' સનાતને કહ્યું.

'અત્યારે જ કામ છે, અને તે જરૂરનું કામ છે. માટે જ તમને બોલાવ્યા.' મદનલાલ બોલ્યા.

'બેશક આપ હુકમ કરો.'

'હુકમ ?... હા... હા...! જુઓ. તમે ગોઠવેલી યોજના અમારા ડિરેક્ટરોએ કબૂલ રાખી અને હડતાલ શમી ગઈ એ બદલ હું તમને થોડું ઈનામ આપવા માગું છું.' અંદર જતાં જતાં મદનલાલ બોલ્યા. ત્રણે જણ દીવાનખાનામાં જઈને બેઠાં, અને મદનલાલે દસ હજારનો એક ચૅક લખી, ફાડી, સનાતનના હાથમાં મૂક્યો.

ચૅક જોઈ સનાતન સ્તબ્ધ બની ગયો. એકસામટા સો રૂપિયા જોવાની જેને મુશ્કેલી હતી તેના હાથમાં એથી સો ગણી રકમ આવી પડે ત્યારે તેને ચમકાવનારી નવાઈ લાગે એમાં આશ્ચર્ય નથી. ક્ષણભરમાં સનાતન સ્વસ્થ થયો. સ્વાસ્થ્ય આવતાં તેને લાગ્યું કે એ રકમ લેવાની તેની પાત્રતા નહોતી. ચૅક પાછો ધરી સનાતન બોલી ઊઠ્યો :

'નહિ, જી ! મેં એવું કાંઈ જ કર્યું નથી કે જેથી હું આટલી ભારે રકમ

લઈ શકું. એ તો વગર મહેનતના - ખોટા પૈસા ગણાય.'

મદનલાલ ખડખડ હસ્યા અને બોલ્યા :

'અરે ! તમે તો તદ્દન ભલા માણસ છો ! આ તો હું તમને કશું જ આપતો નથી. બીજા કોઈ પંચ કે લવાદ નીમ્યા હોત તો તેમની પાછળ કેટલું ખર્ચ કરવું પડત તેનો તમને ખ્યાલ નથી. વળી બીજે બધે હડતાલ છે અને હું બચી ગયો એમાં મને કેટલો નફો થયો તે જાણો છો ?'

'પણ, શેઠસાહેબ ! મહેનતના પ્રમાણમાં બદલો હોય. મને આમાં કેટલી મહેનત પડી છે તે હું જાણું ને ! આટલી બધી રકમ લેવી મને તો અન્યાયરૂપ લાગે છે.'

મદનલાલ અને કુસુમ આ વેદિયાપણું નિહાળી પરસ્પરની સામે જોઈ રહ્યાં. ઈનામ લેનારા ઘણા મળે છે; ઈનામની ના કહેનારા શોધ્યા જડતા નથી. સહજ હસીને કુસુમ બોલી :

'આ તે કેવા વિચિત્ર માણસ છે !'

મદનલાલે કુસુમનો ઉદ્‌ગાર ધ્યાનથી સાંભળ્યો, અને ધ્યાનથી કુસુમના મુખભાવ નિહાળ્યા. હસતે હસતે તેઓ બોલ્યા :

'અને હજી તો તમારી પાસેથી બીજાં કામ લેવાં છે, સમજ્યા ?'

'આપ તે કહો. ખુશીથી કરીશ.' સનાતન બોલ્યો.

'પણ જ્યાં સુધી તમે આ ઈનામ ન લ્યો ત્યાં સુધી હું તમને કશું કામ સોંપીશ નહિ. જુઓ, અમારા ધંધામાં વખત ઉપર આવા પૈસાનો હિસાબ હોય જ નહિ. કુસુમ ! તું આપ જોઈએ ? તારે હાથે લેશે.' મદનલાલે કહ્યું.

મદનલાલ ભલે ઘણું ભણ્યા ન હોય; વ્યાપારની આંટીઘૂંટી અને અનુભવે તેમનામાં એક પ્રકારની હોશિયારી આણી દીધી હતી. તેમને અમુક રીતના દાવપેચ રમતાં આવડી ગયું હતું.

મદનલાલનો મર્મ કુસુમ સમજી ન હતી. નાના મેજ ઉપર મૂકી દીધેલો ચૅક કુસુમે હાથમાં લીધો, અને સનાતનના હાથમાં તે જોરથી મૂકતાં બોલી :

'મારા સોગન જે ન લે તેને !'

સનાતનથી કુસુમના હાથને તરછોડ્યો નહિ. ઝડપથી બે-ત્રણ વખત આંખો મટમટાવી મદનલાલ બોલ્યા :

'ઠીક કર્યું. હવે હું તમને એક ખાસ કામ સોંપું છું. તમે ફતેહમંદ થશો તો તેમાં તમારું નસીબ પણ ખીલી નીકળશે.'

સનાતન અને કુસુમ આવા નસીબ ખીલવનારા કાર્યની હકીકત

સાંભળવા એકચિત્ત થયાં. મદનલાલના એક મિત્ર અમુક શહેરમાં વસતા હતા. મદનલાલને મુખે એ શહેરનું નામ સાંભળી સનાતન ચમકી ઊઠ્યો. એ જ શહેરમાં તેણે વિદ્યાભ્યાસ કર્યો હતો ! એની મંજરી એ જ શહેરમાં હતી ! મંજરીના વિચારે તેને વિકળ બનાવ્યો. તેણે કાર્યની રૂપરેખા મદનલાલ પાસે આતુરતાથી સાંભળી. ઈનામનું વિષમ પ્રમાણ તે વીસરી ગયો.

'જુઓ, એક મારા મિત્ર મોટા જાગીરદાર છે. એમની જમીનોમાં કપાસનું વાવેતર ઘણું કરાવે છે. એમને પોતાના શહેરમાં જ એક મિલ ઉઘાડવી છે. બહુ દિવસથી તેમનો વિચાર ચાલ્યા કરે છે. ત્યાં આજ ને આજ - રાતમાં જ જાઓ, અને તત્કાળ બધી વિગત નક્કી કરી આવો. હાલનો સમય ખરેખરો અનુકૂળ છે. બેકાર મજૂરો ત્યાં ગોઠવાઈ જશે; મારા મિત્રથી એક મિલ કાઢી શકાશે; અને મજૂરો જતાં અહીંની કેટલીક મિલોમાં તાળાં લાગશે, તથા આપણા વિરુદ્ધની હરીફાઈ તદ્દન ઓછી થઈ જશે.' શેઠ બોલ્યા. તેમની વ્યાપારી યોજનાશક્તિમાં અંગત લાભ સાથે મિત્ર લાભ કરવાની કુશળતાનો વિચાર સહુને વિસ્મય પમાડે એવો હતો. પરંતુ કુસુમ ચમકી. વ્યાપારી કૌશલ્ય સાથે સાંસારિક યુક્તિઓમાં પણ મદનલાલ પાવરધા બની ગયેલા તેને લાગ્યા.

'સનાતનને અહીંથી કાઢવાનો આ રસ્તો હશે શું ?' કુસુમના હૃદયમાં વિચાર ચમક્યો.

'સાહેબ ! આપનો આભાર માનું છું; પરંતુ મને એ બાબતમાં કશી જ ગમ નથી. કોઈ માહિતગાર માણસને મોકલો તો ?' સનાતને કહ્યું.

'માહિતગાર માણસો અંદરથી પોતાનો સ્વાર્થ સાધશે. તમે પ્રામાણિક છો, અને તમને આમ મોકલીશ તો તમને પણ ધંધાની માહિતી થશે, તમને ત્યાં કશી હરકત નહિ પડે. સાથે એક નોકર લઈ જજો.'

'આમ તો એ શહેર મારું જાણીતું છે. બધો અભ્યાસ મેં ત્યાં જ કર્યો હતો. એ ગૃહસ્થનું નામ શું ?'

'વ્યોમેશચંદ્ર. બહુ સારા માણસ છે. તમારા જેવાને એમની સાથે વાત કરતાં જરૂર ફાવશે. મારી માફક એમને પણ તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ બેસશે. કેમ, ખરું ને ?' કહી મદનલાલે કુસુમની સામે જોયું.

કુસુમ કચવાઈ. સનાતન સરખા રસિક વિદ્વાન પુરુષને મિલ જેવા હલકા કામમાં કોઈ નાખે એ તેને સુરુચિનો ભંગ કરવા સરખું લાગ્યું. વળી સનાતન દૂર જાય તો એના અભ્યાસક્રમમાં - તેના વિકાસ પામતા સાહિત્ય-જીવનમાં ખામી આવવાનો કુસુમને સકારણ ભય ઊપજ્યો. સનાતનને દૂર

ખસેડવાની વાત તેના હૃદયને ગમે તે કારણે ખૂંચવા લાગી. કુસુમે પોતાનો વાંધો જાહેર કર્યો :

'સનાતનને આવા મેલા ધંધામાં ક્યાં નાખો છો ?'

'એટલે ? મિલનો ધંધો મેલો છે ?' મદનલાલે હસતાં હસતાં પૂછ્યું.

'નહિ ત્યારે ?'

'મારાં અને તારાં કપડાં ત્યાં જ થાય છે.'

'અ... અને મારું વાચન એમનું એમ રહેશે તે ?'

'સનાતન તો કહેતા હતા કે હવે તું તારી મેળે બધું જોઈ શકે એમ છે.'

'એ તો કહે. મને ન ફાવે એમના વગર. મારા લેખો બધા અધૂરા રહેશે.'

'બીજા કોઈ ગ્રેજ્યુએટને રોકીશું. એમાં શું ? અને વળી સનાતન ક્યાં નાસી જવાના છે ? વખત બે વખત એમને પણ આપણે બોલાવી શકીશું.'

'એમની સાથે વાંચવું લખવું ફાવી ગયું છે અને તમે એમને બીજે કામે રોકો છો !' જરા લાડથી છણકાઈને કુસુમ બોલી. લાડનો અસરકારક ઉત્તર મદનલાલની પાસે હતો. તેમણે કહ્યું :

'તે તું જાણે અને સનાતન જાણે. આ તો સનાતનનું ભવિષ્ય સુધારવાની તક મળે છે. એ જતી કરવી હોય તો તારી મરજી.'

કુસુમની પાસે આ દલીલનો ઉત્તર ન હતો. ખટકતે હૃદયે તે બેસી રહી. સનાતન છેવટના ભાગમાં લગભગ અવાક્ બની ગયો હતો. આગ્રહપૂર્વક અપાતા ચૅકમાં તેને મુલતવી રહેતી શક્યતા એકદમ ઊઘડતી લાગી. શહેરનું નામ સાંભળતાં મંજરીની હૃદયસ્થ પ્રતિમામાં પ્રકાશ ઊઘડતો લાગ્યો. અને પોતાને જવાની યોજના સાંભળતાં તેનાં સ્વપ્ન સિદ્ધ થતાં લાગ્યાં.

હવે તે પત્ર કેમ ન લખી શકે ? દસ હજારની રકમ તેના હાથમાં આવી હતી અને મિલઉદ્યોગમાં સારું સ્થાન મળે એવી કોઈ અસ્પષ્ટ યોજના તકદીર ઘડતું હતું. મંજરીનું પોષણ કરવાની શક્તિ તેનામાં આવી ગયેલી દેખાઈ. જીવનની પ્રથમ ધનપ્રાપ્તિ મંજરીને જ નામે મૂકવાનો તેણે નિશ્ચય કર્યો. પછી એ કુલીન કન્યાને લગ્ન ભારરૂપ ન જ થઈ પડે. ત્યાં જતાં જ મંજરી મળશે, અને... તે પોતાની થશે. એ કુમળા વિચારે સનાતનનું હૃદય ધબકી ઊઠ્યું.

મદનલાલને અને કુસુમને સમજ ન પડે એવી સરળતાથી અને ઝડપથી સનાતને મદનલાલની યોજના સ્વીકારી લીધી. શહેરના નામ

સાથે જ તેની આંખમાં ઊંડું ઊંડું તેજ ચમકવા લાગ્યું. જાગ્રત છતાં તે કાંઈ સ્વપ્ન જોતો હોય એમ કુસુમને ભાસ થયો. કુસુમને આ યોજના જરાય ગમી નહિ, પરંતુ મદનલાલ અને સનાતન બંનેની સંમતિ તેમાં મળી. રાત્રે ને રાત્રે જ વ્યોમેશચંદ્રને તારથી ખબર મળી. અને એક દિવસ વચમાં જતો કરી ત્રીજે દિવસે સવારે નીકળવા સનાતને કબૂલ કર્યું.

બહુ દિવસથી પત્ર લખવાની તક ખોળતા સનાતનને તે તક મળી ગઈ. મંજરીને પત્ર લખવાની તેને તાલાવેલી લાગી, કુસુમના આગ્રહને માન્ય ન કરી તે ઝડપથી ઘેર જતો રહ્યો.

મદનલાલ પણ કાંઈ ન સમજાય એવી ખુશી વ્યક્ત કરતા દેખાયા. કુસુમ અને સનાતનને પરસ્પરથી દૂર રાખવાના ઉદ્દેશથી તેમણે માંડેલી રમતમાં તેમને વિજય મળ્યો. સનાતન અને કુસુમના વધતા જતા પરિચયથી કેટલાક સમયથી મદનલાલને અણગમો થવા માંડ્યો હતો. કુસુમ અને સનાતન આજે સાથે સ્નાન કરતાં હતાં એ ખબર કપડાં લેવા આવેલા શૉફર દ્વારા પડતાં તેમનો અણગમો વધી પડ્યો, અને બંનેને છૂટાં પાડવા માટે તાત્કાલિક યોજના તેમણે ઘડી કાઢી. અલબત્ત, વ્યોમેશચંદ્રને મિલ કાઢવામાં સલાહ અને સહાય આપવાની વાત કેટલાક સમયથી ચાલતી જ હતી. પરંતુ તેમાં સનાતનને યોજી દેવાનો વિચાર તીવ્રપણે મદનલાલને આજે જ આવ્યો. મિલની હડતાળના અંગે તેણે કરેલી સહાયનો યત્કિંચિત બદલો પણ સાથેસાથે આપવાની તેમની ઈચ્છા ફળીભૂત થાય એમ હતું. તેમની યુક્તિ સફળ થઈ.

સનાતને રાત્રે ઘેર જઈ ઝડપથી કાગળ લખવાની શરૂઆત કરી. પરંતુ તેને પત્ર લખતાં મહાભારત મુશ્કેલી નડી. મંજરીને સંબોધન કેવી રીતે કરવું તેની ગોઠવણમાં જ અડધી રાત નીકળી ગઈ. અંતે તેણે પત્ર પૂરો કર્યો. પ્રેમીઓના પત્ર વાંચવા સરખા હોતા જ નથી. તેમાં શું હોય ? એનો એ શબ્દાડંબર, એના એ ભાવ અને એના એ ઊભરા ! સર્વ પ્રેમીઓના પત્રો ભેગા કરતાં પ્રત્યેકમાં કંટાળો ઉપજાવતું એકતાનપણું જ સંભળાયા કરશે.

પરંતુ એ અભિપ્રાય અપ્રેમીનો - ત્રાહિતનો છે. જેણે પત્રો લખ્યા હોય અને જેને ઉદ્દેશીને લખાયા હોય તેમનો એ અભિપ્રાય નથી જ. પ્રેમીઓ તો માને છે કે પત્રોમાં તેમનાં જિગર ઠલવાય છે. મોડી રાત્રે પૂરો થયેલો પત્ર સવારમાં જ ટપાલમાં પડ્યો. જાણે વહેલો પત્ર ટપાલમાં નાખવાથી તે વહેલો પહોંચવાનો ન હોય !

ત્રીજે દિવસે એ મુંબઈથી નીકળ્યો. નીકળતા પહેલાં તે કુસુમને

મળ્યો. સનાતનના મુખ ઉપરનો ઉત્સાહ કુસુમને ન સમજાયો. કુસુમે આગ્રહ કરીને કહ્યું :

'પાછા વહેલા જ આવશો ને ?'

'હા, કામ પૂરું થયે તરત પાછો ફરીશ.' સનાતને કહ્યું.

પરંતુ સનાતનના દેહમાં કાંઈ જુદું જ ચાંચલ્ય દેખાતું હતું. કુસુમે ધાર્યું કે ભવિષ્ય ઊજળું કરવાની અભિલાષા સનાતનને આમ ઉત્સાહ અર્પતી હતી. કુસુમે નિઃશ્વાસ નાખ્યો. તેને લાગ્યું કે ધનમાં રસિકતા હોમાય છે, રસવૃત્તિ ઉપર લક્ષ્મી વિજય મેળવે છે ! જતે જતે તેણે સનાતનને કહ્યું :

'અહં, બહુ પૈસાની લાહ્યમાં પડશો નહિ. આ કુમળું મુખ કઠોર બની જશે.'

મંજરીની મૂર્તિ નિહાળતા સનાતને ક્ષણભર મંજરીને વિચારી. કુસુમના હૃદયને તે જોઈ રહ્યો.

# ૩૦

## અસ્પૃશ્યમિલન

*મારે ટકોરે દ્વાર ખુલે કે નહિ ?*
*તુંને પુકારું શેરીએ યા ના સનમ ?*

**કલાપી**

ઊછળતા હૃદયે સનાતન મુંબઈથી નીકળ્યો. તેનો વખત કેમે કર્યો જાય નહિ. ન વંચાય, ન સુવાય, ન કોઈ સાથે વાતો થાય. આગગાડીને પણ કોણ જાણે શું થયું હતું ! રોજ ઝડપથી દોડનારી ગાડી તે દિવસે કેમ વાર લગાડ્યા કરતી હતી તેની સનાતનને સમજણ પડી નહિ. સુસ્ત ડ્રાઈવર અને રેઢિયાળ ગાર્ડ બંને વચ્ચે ગાડી પણ રમતિયાળ બની ધાર્યા પ્રમાણે આગળ વધતી ન હતી. છેવટે સંધ્યાકાળના અરસામાં ગાડી ધારેલા સ્ટેશને આવી પહોંચી. સનાતન ઝડપથી ઊતર્યો, તેને તેડવા આવેલી ગાડીમાં બેઠો અને જાગીરદાર વ્યોમેશચંદ્રને ત્યાં પહોંચ્યો.

મંજરી બે કલાકથી બારીએ ઊભી રહી હતી. અમુક બનાવો નિશ્ચિત સમયે જ બને છે એમ જાણ્યા છતાં તે વહેલા બનવાની ઈંતેજારી ડહાપણભરી માનવજાત દેખાડે છે એ શું નવાઈ નથી ? પત્ર મળ્યા પછી આખો દિવસ મંજરીને અપાર બેચેની રહી. સનાતન આવવાનો છે એ વાતથી આનંદ પામવાનો અધિકાર નષ્ટ થઈ ગયો હતો તોય તે ગાડીની વાટ જોયા કરતી ઘડી ઘડી બારીએ આવી જતી. છેવટનો કલાક તો મંજરી બારીએથી ખસી જ નહિ.

મંજરી માટેની બે દિવસથી વધી ગયેલી ઝંખના સનાતનના હૃદયમાં ક્ષણે ક્ષણે તીવ્ર બનતી જતી હતી. સ્ટેશને ઊતરતાં જ મંજરી તેની દૃષ્ટિએ પડશે એવી ઘેલી આશા સેવતો સનાતન વ્યોમેશચંદ્રનું ઘર આવતાં ગાડીમાંથી ઊતર્યો. ઊતરતાં જ તેણે મંજરીને બારીએ ઊભેલી નિહાળી ! તેને અત્યંત આશ્ચર્ય લાગ્યું. મંજરીને અહીં જોવાની ધારણા તેણે રાખી નહોતી. ઘડીભર તેને લાગ્યું કે તેની ઝંખના અને સંધ્યાકાળનો સમય તેને કોઈ અજાણી યુવતીમાં મંજરીનો ભ્રમ ઉપજાવતાં હતાં.

પરંતુ તેની એ ધારણા ખોટી પડી. બારીએ ઊભેલ યુવતી મંજરી જ હતી એમ તેની ખાતરી થઈ. વચ્ચે વર્ષ સવાવર્ષનો ગાળો પડ્યો હતો છતાં

મંજરીને તે ભૂલ્યો ન હતો. તેને માત્ર એક તફાવત લાગ્યો : પ્રથમ કરતાં મંજરી વધારે સુંદર દેખાતી હતી. પણ એ અહીં ક્યાંથી ? તેના મનમાં અકારણ ધ્રાસકો પડ્યો. દીનાનાથ અને વ્યોમેશચંદ્રનો સંબંધ તે જાણતો હતો. કદાચ બધાંની સાથે પોતાને અહીં મળવા આવી હોય ! પોતે લખેલા કાગળનો મંજરીએ આવી હાજરી દ્વારા જવાબ આપ્યો હોય એમ જ તેને સંભવ લાગ્યો. મંજરી પ્રત્યક્ષ મળશે ત્યારે ? સનાતને બારીએ ઊભેલી મંજરી સામે જોયું. મંજરીએ સનાતન સામે જોયું. બંનેની આંખો મળી. આંખો મળતાં બંનેના હૃદયમાં કોઈ અવનવી વીજળી પ્રગટી.

મંજરી અંદર જતી રહી. સનાતન સાવધ થયો. ક્ષણ બે ક્ષણમાં બની ગયેલા આ અતિમહત્ત્વના બનાવનું મહત્ત્વ બીજા કોઈને દેખાયું નહિ. કોઈનું ધ્યાન પણ આ દૃષ્ટિમિલનમાં દોરાયું નહિ. નોકર સનાતનને ઘરમાં લઈ ગયો. કેટલાક નોકરો સનાતનને ઓળખતા હતા. તેમણે સનાતનની ખબર પૂછી. મંજરીના જ ખ્યાલમાં ઊંડા ઊતરી ગયેલા સનાતનને ભાન આવ્યું કે ઘરના માલિક વ્યોમેશચંદ્રને તે હજી મળ્યો નહોતો, તેમ તેમની ખબર પણ તેણે પૂછી ન હતી. પોતાની તહેનાતમાં રોકાયેલા એક નોકરને સનાતને કહ્યું :

'મારા આવ્યાની વ્યોમેશચંદ્રને ખબર આપશો ?'

'સાહેબ જાણે છે.' નોકરે કહ્યું.

'ત્યારે મને સાહેબની પાસે લઈ જાઓ.'

'સાહેબ તો નથી.'

'ક્યાં ગયા છે ?'

'ગામડે એકાએક જવું પડ્યું.'

'ક્યારે આવશે ?'

'કાલ પરમ આવી જશે.'

'મારે એટલું વધારે રહેવું પડશે.'

'તેમાં હરકત શી છે ? બાઈસાહેબ ઘરમાં છે. આપને જરાય અડચણ પડવા નહિ દે.'

'વ્યોમેશચંદ્ર ફરી પરણ્યા કે શું ? હું હતો તેવામાં જ તેમનાં પ્રથમ પત્ની ગુજરી ગયાં હતાં.'

'આપને શાની ખબર હોય ? આપની જોડમાં જ દીનાનાથભાઈ રહેતા હતા ને...' નોકરે વાક્ય હજી પૂરું કર્યું નહોતું એટલામાં તો સનાતનને ભાલાનો ઘા થયો હોય એમ લાગ્યું. તેને ભાસ થયો કે તેની શુદ્ધિ

જતી રહે છે.

'... તેમનાં દીકરી સાથે લગ્ન થયું છે.' નોકરે વાક્ય પૂરું કર્યું. સનાતનની આંખે અંધારાં આવ્યાં. તકિયા ઉપર તે એકાએક આડો પડ્યો અને તેની આંખો મીંચાઈ ગઈ.

'બાઈસાહેબ પાસે આવવું છે ?'

'ના.' ઊંડાણમાંથી સનાતનની વૈખરીએ જવાબ આપ્યો.

'મને પૂછશે તો શું કહું ?'

'હમણાં નહિ. પછી કહીશ.'

મીંચેલી આંખો ઉપર તેણે હાથ મૂક્યો.

'આપ જરા થાક ખાઓ.' નોકરે જાણ્યું કે મહેમાનને મુસાફરીનો થાક લાગ્યો હશે.

'આપ જરા આડા પડો. હું ચા કરી લાવું.' નોકરે કહ્યું, અને આરામની અનુકૂળતા માટે તેણે સનાતનને એકાંત આપ્યું.

પરંતુ એ એકાન્ત અંધકારમય હતું, શૂન્યકારમય હતું. પૃથ્વીથી દૂર ફેંકાયેલા વ્યોમવિહારી કો મુસાફર અવકાશના આકર્ષણ રહિત, મૂર્છા ઉપજાવતા શીત અક્રિય એકાન્ત પટ ઉપર આવી પડે અને આધાર-રહિતપણું અનુભવે એવી મૂર્છાભરી સ્થિતિ એણે અનુભવી.

ચહાનો પ્યાલો કોઈ તેની પાસે મૂકી ગયું. કલાક પછી નોકરે આવી જોયું તો પ્યાલો એમનો એમ ભરેલો પડ્યો હતો. રાત્રે જમવા માટે બે-ત્રણ માણસો તેને આગ્રહ કરી ગયાં. તેની અતૃપ્તિ ભોજનથી ભાંગે એવી ન હતી. તેણે જમવાની પણ ના પાડી દીધી. તેની તબિયત સારી ન હતી એવી નોકરવર્ગમાં ચર્ચા ચાલી. ઘરના મુનીમે આવી ડૉક્ટર બોલાવવાની સૂચના કરી. કેટલાંક દર્દો ડૉક્ટરોથી મટે એવા હોતા નથી. તેણે દવાની ના પાડી. આ બધું પડછાયાની સૃષ્ટિમાં જાણે બની જ ગયું હોય એમ તેને ભાસ થયો. તેનું હૃદય કોઈ અકથ્ય મૂર્છામાં પડ્યું હતું. ઊંડી ઊંડી તીવ્ર વેદનામાં તે બાહ્ય જગતનું ભાન લગભગ ભૂલી જ ગયો.

વેદના પણ વેઠતે વેઠતે સહ્ય બને છે. પ્રથમ ફટકે આવેલી તેની મૂર્છા વળી. ફટકાના દુઃખનો અનુભવ કરવાની કઠણાશ કુદરત આપોઆપ આપે છે. શૂન્યતામાંથી સનાતન ધીમે ધીમે ભાનમાં ઊંચે આવવા લાગ્યો. તેના આખા જગત ઉપર કાળાશ ફરી વળી હતી. તેની રસવૃત્તિમાં કટુતા વ્યાપી ગઈ હતી, તેના જીવનમાં ઝેર ફેલાઈ ગયું હતું. એટલું જાણવા અને અનુભવવાનું બળ તેનામાં આવ્યું. તેણે આંખ ઉપરથી હાથ ખસેડ્યો, અને

આંખ ઉઘાડી. ચારે પાસ નિરાધારપણું તેણે નિહાળ્યું. તેણે બેસવા પ્રયત્ન કર્યો, પરંતુ તેને લાગ્યું કે તેનાથી બેસી શકાશે નહિ. બેસવા માટે તેને કાંઈ આધાર જોઈતો હતો.

એકાએક તેણે ઓરડાની મધ્યમાં હીંચકો દીઠો. આધાર આપવા તે સનાતનને આવકારી રહ્યો હતો. હીંચકો એ પીડિતોનું આશ્રયસ્થાન છે. સનાતન બાથોડિયાં ભરી હીંચકે બેઠો, અને શૂન્યપણામાંથી વેદનામાં જાગ્રત થતા મનને અને શરીરને તેણે ધીમે ધીમે ઝોલે ચડાવ્યું. ઝોલે ચઢેલું મન તેની આંખને બારીએ ઊભેલી મંજરીની મૂર્તિ જ બતાવ્યા કરતું હતું. ખરેખર મંજરી જ આવીને સામે ઊભી રહી હોય એવો તેના ઝૂલતા હૃદયને ત્રણ-ચાર વખત ભાસ થયો. એ ભાસ થતાં જ તે હીંચકો અટકાવતો, અને ઓરડાની સામે આવેલા બારણામાં તાકીને જોઈ રહેતો. ક્ષણ, બે ક્ષણ, પાંચ ક્ષણ એમ જોઈ રહી કોઈ નથી એવી ખાતરી થતાં નિસાસો નાખી તે ફરી હીંચકાને પગ વડે હલાવતો.

ઘડિયાળમાં બારના ટકોરા થયા. સનાતનને સમજાયું કે મધરાત થતી હતી. તેને સૂવાની જરાય ઈચ્છા ન હતી, મંજરીની યાદ આપતું હીંચકાનું મધુરું ઘેન તેને પલંગ કરતાં વધારે શાંતિદાયક લાગ્યું. પરંતુ એ ઘેન મંજરીની માત્ર યાદ આપતું હતું ? કે મંજરીનાં પ્રત્યક્ષ દર્શન કરાવતું હતું ? મંજરી નિહાળ્યાનો ફરી પાછો ભાસ તેને કેમ થયો ? એ મોહક ભાસ નિરર્થક હતો એમ તે જાણતો હતો. છતાં બારણામાં દેખાતી મંજરીની આકૃતિને તાકીને જોઈ રહ્યો. એ આકૃતિ આ વખતે સ્થિર કેમ લાગી ? તે કેમ ખસતી ન હતી ? શું કલ્પના ઘટ્ટ બની સ્થૂલ રૂપ લઈ શકે છે ?

આંખની ઈન્દ્રજાળ ખસેડવા સનાતને દૃષ્ટિ ફેરવી ઓરડાને નિહાળ્યો અને તેની આંખ મંજરી સિવાયની વસ્તુઓ જોઈ શકે છે એવી ખાતરી થતાં તેણે ફરી બારણા તરફ જોયું. ખરે, મંજરી ત્યાં ઊભેલી દેખાતી જ હતી ! તેણે હીંચકો ખાવો બંધ કર્યો, અને પોતાનું સમગ્ર ભાન દૃષ્ટિમાં એકત્રિત કર્યું. બારણામાં ઊભેલી પ્રતિમા મંજરી જ હતી એમ તેની ખાતરી થઈ. તેણે બોલવાની ઈચ્છા કરી. તેની વાચા બંધ થયેલી લાગી ! દોડીને મંજરી પાસે જવાની તેને ઉત્કંઠા થઈ. તેના પગ જ્યાં ને ત્યાં ચોંટી ગયેલા લાગ્યા. મંજરીને તે કેમ બોલાવી શકે ? કયા હક્કથી તે મંજરી પાસે દોડીને જાય ? મંજરી તો વ્યોમેશચંદ્રની પત્ની હતી !

મંજરીને પત્ર લખવાનું તેણે કરેલું સાહસ કેવું બાલિશ હતું ? મંજરી આસપાસ પોતાનું જીવનસ્વપ્ન રચવાની ધૃષ્ટતામાં કેવી મૂર્ખાઈ હતી ? અણસમજની અસ્પષ્ટ અલ્પ વાત ઉપર આધાર રાખી મંજરી આજ સુધી

તેને ચાહતી બેસી રહી હશે એમ ધારવામાં તેણે કેવું અનુભવ - શૈથિલ્ય બતાવ્યું હતું ? તે નીચું જોઈ રહ્યો. મંજરીને પત્ર લખ્યાનો તેને પશ્ચાત્તાપ થયો. પ્રથમના ભ્રમની માફક આ વખત પણ મંજરીનું દૃશ્ય ભ્રમ હોય એમ તે ઈચ્છવા લાગ્યો. નીચું જોયે મંજરીનું દૃશ્ય જાણે અદૃશ્ય થઈ જશે એવી તેને આશા ઊપજી.

પરંતુ નીચી નમાવેલી દૃષ્ટિને પળ ભાસ થયો કે બારણામાં ઊભેલી પ્રતિમા તેની નજીક આવતી હતી. એ ખરું કે ખોટું તેની ખાતરી કરવા તેણે આંખ ઉઘાડી, અને મંજરી તેની સામે - તેની બહુ નજીક આવી ઊભેલી દેખાઈ. મંજરીની આંખમાં તેજબિંદુ તેને દેખાયાં.

શું બોલવું તેની સનાતનને સમજ પડી નહિ. મંજરી પણ અવાક્ હતી. માત્ર તેની આંખમાં અટકી રહેલાં તેજબિંદુ બહાર નીકળવા મથતાં હતાં. સનાતનને સ્ત્રી સન્મુખ ઊભા થવાનો વિવેક પણ આ વખતે ન સાંભર્યો. વગર વિચાર્યે તેનાથી બોલાઈ ગયું :

'કેમ છે ?'

મંજરીએ કશો ઉત્તર આપ્યો નહિ. સનાતનને ઓળખતી જ બાધ પડી હોય તો તે મધરાતે આવે શા માટે ? છતાં તેનાથી પુછાઈ ગયું :

'મને ઓળખો છો ને ? ભૂલી તો નથી ગયાં ?'

'જવાબમાં માત્ર મંજરીની આંખમાં ભરાઈ રહેલાં તેજબિંદુ આંસુરૂપે ગાલ ઉપર ઢળી પડ્યાં.

'મને કશી જ ખબર નહોતી - અહીં આવ્યો ત્યાં સુધી.' સનાતને કહ્યું. ઊભરાતાં આંસુને લૂગડાના છેડા વડે લૂછવાની ક્રિયાથી મંજરીએ સનાતનના અજાણપણાનો ઉત્તર વાળ્યો. કઈ બાબતની ખબર વિષે સનાતન અજાણપણું દર્શાવતો હતો તે મંજરી સમજી શકી હતી.

'પત્ર લખવાની મેં ખરેખર ભૂલ કરી. હું માફી માગું છું.' અબોલ મંજરીને સનાતને કહ્યું.

મંજરીની પત્રલાલસા પૂરી થઈ હતી - તે જ દિવસે. પરંતુ તેની પ્રેમવાંછના અધૂરી જ હતી ને ? તેનાથી હવે રહેવાયું નહિ. તેના બળતા હૃદયમાંથી વ્યંગ વાક્યમાં જવાબ ઊતર્યો :

'તમે માફી માગી બચી શકો છો.'

સનાતનને સમજ ન પડી. પરાઈ પત્ની શું કહેવા માગે છે તે તેને સ્પષ્ટ થયું નહિ. તેણે સ્પષ્ટતા માગવા પૂછ્યું :

'એટલે ?'

'એટલે એ જ કે મારાથી તો માફી પણ મગાય એમ નથી.'

'કારણ ?'

'કારણ એ જ કે મારું જીવન અગ્નિમાં બળી રહ્યું છે.'

'એમ ન બોલો. પ્રભુ તમને સુખ...'

'મને મોત સિવાય કોઈ જ સુખ આપી શકે એમ નથી.'

સનાતન ચમક્યો. મંજરી શાને માટે આવું દુઃખ લગાડતી હતી તેની તેને પૂરી સમજ પડી નહિ. તેના હૃદયમાં સુખનો સંચાર નહોતો એટલું તો તે જોઈ શક્યો.

'એમ ન બોલો.' સનાતને પણ દુઃખપૂર્વક કહ્યું. મંજરી કોઈ પણ કારણે મોત પાસે સુખ માગે એ તેને ગમ્યું નહિ.

'બોલું કે ન બોલું એ સરખું જ છે. તોય તમને જોઈને આટલું બોલાઈ જાય છે.' મંજરીએ કહ્યું.

સનાતનને ભાન આવ્યું કે તે પોતે બેઠો હતો અને મંજરી ઊભી હતી. મોત પાસે સુખ માગતી મંજરીના દેહને પણ આરામ ઘટતો હતો એમ તેને લાગ્યું. તેણે ઊભા થઈ મંજરીને હીંચકો બતાવી કહ્યું :

'બહુ ઊભાં રહ્યાં. બેસો ને ?'

મંજરીએ સનાતનની સામે જોયું. મંજરીની આંખમાં સનાતને કદી ન જોયેલી સખ્તી નિહાળી. ક્ષણમાં જ એ સખ્તી ખસી ગઈ અને મંજરીના મુખ ઉપર સ્મિત ફરી વળ્યું. આવી સખ્તી અને સ્મિતની અદલાબદલી તેને ગંભીર લાગી.

'તમારી સાથે જ હીંચકે બેસી જાઉં તો ?' મંજરી બોલી અને એમ બોલતાં બરોબર તેનું સ્મિત ઊડી ગયું, અને સહજ અટકેલાં અશ્રુ ફરી ઊભરાઈ આવ્યાં. જ્યાંની ત્યાં જ તે જાજમ ઉપર બેસી ગઈ. સનાતન પણ તેની સામે જાજમ ઉપર બેઠો.

'મંજરી ! કેમ આમ કરો છો ? મારો કાંઈ દોષ થયો છે ?' સનાતને મંજરીને પૂછ્યું.

'દોષ મારા ભાગ્યનો.' રડતી મંજરીએ જવાબ આપ્યો.

'મારું ભાગ્ય પણ કેમ વીસરો છો ? ઘરમાં પગ મૂકતાં સુધી હૃદયમાં ચંદ્ર ચમકતો હતો. પછી અંધારું થઈ ગયું.' સનાતને પહેલી વાર હૃદય ખોલ્યું.

'અરેરે ! મારી જ ભૂલ થઈ.'

'કેમ ?'

'પત્ર લાલસા આજ સુધી રાખી. પણ તે માટે પૂરતી રાહ ન જોઈ.' મંજરીએ કહ્યું.

સનાતનને લાગ્યું કે તેની પોતાની ભૂલ પણ ઓછી ન હતી. વાયદાની પણ અવધ હોય છે. વાયદો સાંભરે છે એટલું પણ જણાવવાની જરૂર હોય છે. ભૂલ મંજરીની કે તેની ? વળી મંજરીનો રુદનભર્યો ટહુકો સંભળાયો :

'મેં માની લીધું કે તમને મારી જરૂર નથી.'

'શાથી ?' સનાતને પૂછ્યું.

'લાંબો સમય થાય ! ન પત્ર ! ન ખબર ! હું શું જાણું કે મંજરી વિસરાઈ નહિ હોય ?'

'મંજરી વિસરાય ?'

'કેમ નહિ ? હવે વીસરવી જ પડશે ને ?'

'મંજરીને વિસારતાં અનેક મોત જોઈશું.'

'તેથી શું ?'

બંને જણ થોડી ક્ષણો શાંત રહ્યાં; પરસ્પર સામું જોઈ રહ્યાં. શારીરિક અને માનસિક નિકટતા છતાં અથાગ ઊંડાણવાળી એક સામાજિક ખાઈ બંનેને જુદાં પાડતી હતી, જાણે નદીની સામસામી પાળે વિરહી ચકવો ચકવી પરસ્પરને જોતાં ન હોય !

'તમે થાકો એટલી રાહ જોવડાવવાની મારી ક્રૂરતા જ બધાંનું મૂળ છે.' સનાતન બોલ્યો. સનાતનને ચોંકાવતો જવાબ મળ્યો.

'રાહ જોતાં હું ન થાકત. જન્મભર રાહ જોયા કરત, પણ... પણ...'

'કહો, કહો. અધૂરું વાક્ય ન મૂકો.'

'કાંઈ નહિ.'

'સનાતનથી કશું છુપાવશો તો તેના ચિરાયલા હૃદયમાં લૂણ ભર્યા સરખું થશે.'

'તમે ગમે ત્યાં ફરો છો; પતિત સ્ત્રીઓમાં, ધનિક સ્ત્રીઓનાં સુખ માણો છો એવી ખબર મળી. ખબર કહેનારને મારી કે તમારી સાથે વેર ન હતું. હું શું કરું ! તમને મારી જરૂર નથી એમ જાણ્યું એટલે માબાપને ખુશ કર્યાં.'

સનાતનને બુલબુલ યાદ આવી. કુસુમ યાદ આવી. તેમના સંબંધો શું જગતમાં આવા સ્વરૂપે ઓળખાતા હતા ? એમાં જગતનો દોષ પણ શો?

બારણામાં કોઈ પડછાયો દેખાયો. સનાતન સહજ ચમક્યો, પરંતુ

તેને મંજરીના નિશ્ચયે પડછાયાથી પણ વધારે ચમક આપી.

મંજરી બોલી :

'હશે, જે થયું તે. હું તો તમારી સાથે ચાલી આવીશ.'

મંજરીના વદન ઉપર ભયંકર નિશ્ચયની રેખાઓ જોતા વિચારતા સનાતને બારણા પાસે સ્ત્રી સ્વરૂપે ઊઘડતા પડછાયાનો બોલ સાંભળ્યો :

'બહેન ! સાહેબ આવ્યા છે. આપને બોલાવે છે.' લક્ષ્મી બોલતી બોલતી સહજ અંદર આવી.

'જા, જઈને કહે કે હું અત્યારે મળીશ નહિ.' મંજરીએ જવાબ આપ્યો. મૃદુ મંજરીની દૃઢતાનો વિચાર કરતા સનાતને પૂછ્યું :

'વ્યોમેશચંદ્ર આવ્યા છે ?'

'જી, હા. અને બાઈસાહેબનું રટણ કર્યા કરે છે.' લક્ષ્મીએ જવાબ આપ્યો.

પ્રિયતમની સમક્ષ પ્રિયતમાના દેહનો માલિક દેહની માગણી કરતો હતો ! મંજરીને કમકમી આવી.

'એક વખત ના કહી તે સાંભળતી નથી ? જા, કહે, હું આજ નહિ મળું.' મંજરી બોલી.

'અરે બહેન ? એ તે ચાલે ? આવીને જવાબ તો આપો ?' ધીર લક્ષ્મીને મંજરીના ગુસ્સાનો ભય જણાયો નહિ.

'શું થયું છે ? શાનો જવાબ આપે ?'

'સાહેબ તો ઘાયલ થયા છે. માથામાંથી અને હાથમાંથી લોહી નીકળે છે.' લક્ષ્મી બોલી.

સનાતન અને મંજરી આશ્ચર્ય પામી બોલ્યાં :

'શાથી ?'

'રસ્તામાં લૂંટારા મળ્યા, તેમણે ઘાયલ કર્યા મારા સાહેબને.'

સનાતન અને મંજરી ક્ષણભર પરસ્પર સામે જોઈ બંને લક્ષ્મીની પાછળ દોડ્યાં.

# ૩૧

## ગજગ્રાહ

*દૂર દૂરની કુંજમાં મોર કરે ટહુકાર,*
*સખી ટહુકારમાં જીવવું મોંઘાં મોર દિદાર .*

**નાનાલાલ**

એકાગ્ર બની ગયેલાં સનાતન અને મંજરીને વ્યોમેશચંદ્ર આવ્યાની ખબર પડે નહિ એ સ્વાભાવિક હતું. મકાન ઘણું મોટું હતું. જાગીરદારની જાહોજલાલી રાતના અવરજવરને નિત્યનો ક્રમ બનાવતી હતી. વ્યોમેશચંદ્ર ઘવાયલી સ્થિતિમાં પાછા ફર્યા એથી થતો વિશેષ ગરબડાટ પરસ્પરના સામિપ્યમાં અણઓળખાયલો રહ્યો. બંનેનું માનસ એવી તીવ્ર લાગણીઓ અનુભવતું હતું કે તેમને પ્રત્યક્ષ સમાચાર સંભળાય નહિ ત્યાં સુધી તેમનાથી પરસ્પરને છોડાય એમ નહોતું. ત્રાહિત માનવીની પણ ઘવાયલી સ્થિતિ અન્ય કુમળા ભાવોનું તિરોધાર કરે છે. આજ તો ઘરનો માલિક ઘવાયેલો હતો.

પલંગ ઉપર સૂતેલા વ્યોમેશચંદ્રની મીંચાતી ઊઘડતી આંખ કોઈને ખોળતી હતી. તેમની પાસે નોકરો ઊભા હતા, એક-બે બાળકો ઊભાં હતાં, પરંતુ તેમની વિકળતા શમતી ન હતી. તેમના ઘા ઉપર પાટા બંધાતા હતા. ડૉક્ટર માટે એક માણસ દોડ્યો જ હતો. આવતા બરોબર વ્યોમેશચંદ્રે મંજરીને સંભારી. મંજરી ઉપર જાસૂસી કર્યા કરતી લક્ષ્મી જાણતી હતી કે ઘવાયલી મંજરી પોતાના ઘા રુઝવવા - કે તાજા કરવા મધરાતે ક્યાં ગઈ હતી ? તે મહેમાનના ઓરડા તરફ ગઈ. થોડી વાર ત્યાં છુપાઈને તે ઊભી રહી. બંનેની વાતચીતના આછા ટુકડા તેણે સાંભળ્યા. મંજરીનો સનાતન સાથે નાસી જવાનો નિશ્ચય તેણે સાંભળ્યો એટલે તેણે જાહેર થઈ બધી હકીકત કહી.

સનાતન અને મંજરી બંનેની માનવતાએ પરસ્પરના પ્રેમસંસ્મરણને અટકાવી દીધું. પ્રેમ એ સર્વોત્કૃષ્ટ ભાવ હશે - છે જ. પરંતુ સ્વમાન અને કરુણાના ભાવો પ્રેમનો પણ ભોગ માગે છે. વ્યોમેશચંદ્રના પલંગ પાસે પહોંચતાં જ બંને પ્રેમીઓને સમજાયું કે વ્યોમેશચંદ્રની વિકળ આંખ

મંજરીને ખોળતી હતી.

'બહેન ! જરા પાસે તો જાઓ ?' લક્ષ્મીએ ચાલાકીભર્યું સૂચન કર્યું. મંજરી પલંગ ઉપર બેસી ગઈ. વ્યોમેશચંદ્રે મંજરીનો હાથ પકડી લીધો; મંજરીએ તેમાં વાંધો લીધો નહિ કે અણગમો બતાવ્યો નહિ. ઊલટું બીજે હાથે તેણે વ્યોમેશચંદ્રના કપાળ ઉપર આવી ગયેલા વાળ સહજ ઊંચા કર્યા. વ્યોમેશચંદ્રની વિકળતા શમી ગઈ. તેમણે આંખ મીંચી. તેમના મુખ ઉપર એક પ્રકારની શાંતિ છવાઈ. મંજરીની આંખ ક્ષણ માટે સનાતનની આંખ સાથે મળી. અને મંજરીએ દૃષ્ટિ ફેરવી લીધી.

ડૉક્ટર આવતાં વ્યોમેશચંદ્રે આંખ ઉઘાડી. મંજરી તેની પાસે જ બેઠેલી હતી. મંજરીનો હાથ વ્યોમેશચંદ્રના હાથમાં જ હતો. ડૉક્ટરની સારવાર કરતાં મંજરીનો હાથ વ્યોમેશચંદ્રને વધારે આરામ આપતો હતો. રડતાં છોકરાં અને માણસોને વ્યોમેશચંદ્રે કહ્યું :

'ગભરાવાનું કારણ નથી.'

ડૉક્ટરે પણ તેમ જ જણાવ્યું. પરંતુ પાટા બાંધી દવા આપ્યા પછી મંજરીને એક બાજુએ બોલાવી ડૉક્ટરે ખાસ કાળજી રાખવા જણાવ્યું. જરા સરખી નિષ્કાળજી વ્યોમેશચંદ્રને ઘાતક નીવડે એવો સંભવ ડૉક્ટરે બતાવ્યો. મંજરીના પોતાના હાથ વગર પાટા છોડવા, બાંધવા કે દવા આપવાની તેમણે મના કરી.

વ્યોમેશચંદ્રના કેટલાક ખેડૂતો વર્ષોથી તેમને સાથ આપતાં નહોતા. ખેડૂતોની સ્થિતિ પરત્વે દયા ખાઈ વ્યોમેશચંદ્રે બે-ત્રણ વર્ષ ખેડૂતોને માફી આપી. પરંતુ એ માફી ખેડૂતોને હક બની ગઈ લાગી. જમીનનો ખરો માલિક ખેડૂત કે જમીનદાર એ પ્રશ્ન ધીમે ધીમે તીવ્ર સ્વરૂપ ધારણ કરતો જાય છે. સુખી જન્મના અકસ્માતે જમીનદારો જમીનની માલિકી લઈ બેસે અને તલપૂર મજૂરી વગર મજૂરોના નફામાંથી સારો લાભ મેળવે એ સામાજિક ન્યાય કે અન્યાય ગણાય એ પ્રશ્નની ચર્ચા નિરુપયોગી છે. જે તે સમય એ પ્રશ્નનું નિરાકરણ કર્યે જાય છે. તથાપિ જમીનદારો પોતાની માલિકી માનતા કે મનાવતા અટકે એ પહેલાં જમીનદારો અને ખેડૂતોના માનસમાં ભારે ક્રાન્તિ થવાની જરૂર છે. એ માનસક્રાન્તિ સ્થૂલ રૂપ ધારણ કરે છે. દીવાની ફોજદારી કરી વ્યોમેશચંદ્રે જમીન ઉપરથી કઢાવી મૂકેલા ચાર-પાંચ ઉગ્ર ખેડૂતોએ વ્યોમેશચંદ્રનું ખૂન કરવાનો નિશ્ચય કરી નાખ્યો હતો.

માનવીનું હૃદય ગુનો કરવા પ્રેરાય છે ત્યારે તેને પ્રમાણનો જરાય ખ્યાલ રહેતો નથી. સમાજની અવ્યવસ્થિત ઘટના ઘણા ઘણા ગુનાઓની

માતા છે - પછી એ માલિકી જમીનની હોય કે સ્ત્રીની હોય. વ્યક્તિગત માલિકી નાબૂદ થાય તો દીવાની ફોજદારી કાયદાઓનો મોટો ભાગ નિરુપયોગી બની રહે; અને માનવી ગુનો અને સજા તેમ જ અદાલત-વકીલોની ભયંકર ચુંગાલમાંથી ઊગરી જાય.

વ્યોમેશચંદ્રના હિતચિંતક ખેડૂતોમાંથી કોઈ કોઈએ તેમને ચેતવણી આપી હતી. પરંતુ એક કુશળ, બહાદુર અને અનુભવી જમીનદાર તરીકે તેમને ખેડૂતોના ભયંકર નિશ્ચયનો જરાય ડર લાગ્યો નહિ. મોટા જમીનદારો અને વ્યાપારીઓને એવી ધમકી બીજાઓ મારફત સાંભળવા નિત્ય પ્રસંગો આવે છે. એ ધમકીઓને માની તેમનાથી ડરી જવાની નામર્દાઈ બતાવનારથી મિલકતની વ્યવસ્થા થઈ શકે નહિ. તેમણે ગામડે જઈ બીજા ખેડૂતોને જમીન આપવા નિશ્ચય કર્યો. મૂળના તોફાની ખેડૂતોની ઉપરવટ થઈ બીજા ખેડૂતો જમીન રાખવા તૈયાર થયા નહોતા. કેટલાક પ્રયત્ન પછી પરગામના ખેડૂતોએ જમીન રાખવા કબૂલ કર્યું હતું, એટલે ગામડે જઈ પોતાનો દાબ બેસાડી પોતાના ધાર્યા ખેડૂતોને જમીન આપ-વાની સામાન્ય ક્રિયા વ્યોમેશચંદ્રને કરવાની હતી. તે કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. મિલ કાઢવાના કામે આવનાર પ્રતિનિધિને રોકીને પણ આ કાર્ય કરવાની જરૂર તેમને દેખાઈ હતી. એટલે સનાતન આવવાનો હતો છતાં વ્યોમેશચંદ્ર ગામડે જવા તૈયાર થયા, અને પોતાનાં માણસોને આગળ મોકલી એકલા ઘોડા ઉપર તેઓ ગામડે જવા નીકળ્યા.

સંધ્યાકાળ થતાં તેઓ પોતાના એક ગામડામાં આવ્યા. ત્યાંના ખેડૂતોએ પોતાના જમીનદારને ખૂબ માન આપ્યું. ખેડૂતોની સાથે તેમનાં સુખદુઃખની વાત કરી તેમને મેળવી લેવાનો પ્રયત્ન કરતાં વ્યોમેશચંદ્રને એ ગામમાં ખૂબ વાર થઈ ગઈ. રાત્રે ત્યાં જ રહેવાનો આગ્રહ ગામડિયાઓએ કર્યો છતાં તેઓ બીજે ગામ જવા સજ્જ થયા. સાથમાં બે વરતણિયા લઈ લીધા.

ગામને સીમાડે પહોંચતાં પહેલાં એક ઝાડીમાંથી બુકાની બાંધેલા પાંચ-સાત માણસો ડાંગ અને ધારિયાં સાથે નીકળી આવ્યા. વરતણિયા ચેત્યા. તેમણે ગામની આણ દીધી.

'હરામખોરો ! જો આગળ વધ્યા તો કાલે જીવતા બાળી મૂકશું.' એક વરતણિયાએ કહ્યું.

'કાલની વાત કાલ. આજ તો અમારો દાવ છે.' ટોળીનો આગેવાન બોલ્યો. ડાંગ ઉપાડી ટોળું આગળ વધી આવ્યું.

'સાહેબ ! ઘોડો મારી મૂકો.' બીજા વરતણિયાએ કહ્યું.

'જા, જા, મગદૂર છે મારા ઉપર કોઈ હાથ કરે !' વ્યોમેશચંદ્રે કહ્યું. જન્મભરની જમીનદારીએ તેમનામાં એક જાતની નિર્ભયતા અને અભિમાન વિકસાવ્યાં હતાં.

વ્યોમેશચંદ્રના કથનના જવાબમાં એક જબરજસ્ત ફટકો તેમના ઉપર પડ્યો. તેઓ જમીન ઉપર પડી ગયા. પોતાની મહત્તાનો વિચાર માનવીને બહાદુર અને ઝનૂની બનાવી શકે છે. વ્યોમેશચંદ્ર ઊભા થઈ ટોળામાં ઘૂસી ગયા, અને તેમનાથી બને એવી રીતે પ્રહાર કરવા અને ઝીલવા લાગ્યા. વ્યોમેશચંદ્રને સાચવવા મથતા બંને વરતણિયાઓએ સામનો કરી ભારે બુમરાણ મચાવ્યું. ફરતા બબ્બે ગાઉ દૂરના માણસો સાંભળે એવી બૂમો પાડી તેમણે અંગ ઉપર - અગર ડાંગ ઉપર ફટકા ઝીલ્યા છતાં વ્યોમેશચંદ્ર અને વરતણિયા ત્રણે ખૂબ ઘવાયા.

બૂમો અને ધાંધળ સાંભળી ગામ અને ખેતરમાં સૂતેલા ખેડૂતો જાગ્રત થઈ ગયા, અને હાથમાં બળતા કાકડા કે ફાનસો લેઈ આવતા દૂરથી દેખાયા. દીવાનો પ્રકાશ જોઈ ટોળીવાળા હરામખોરો નાસી જવા લાગ્યા. વ્યોમેશચંદ્રે નાસતી ટોળીમાંથી એક બોલ સાંભળ્યો :

'અમને જમીન ન આપી તો હવે જોઈએ તમે કેવી વાપરો છો !'

વ્યોમેશચંદ્રને ખાતરી થઈ કે આ બધું તોફાન કાઢી મૂકેલા ખેડૂતોનું છે. લોકો આવી પહોંચતાં તેમણે વ્યોમેશચંદ્રને ઓળખ્યા. લોકો દિલગીર થયા. કેટલાક આજુબાજુ હરામખોરોને પકડવા દોડ્યા. અને કેટલાક ગામમાંથી ગાડું-ગોદડાં લઈ આવ્યા.

વ્યોમેશચંદ્રે ઘેર જવાની ઈચ્છા દર્શાવી. ટોળાબંધ માણસો સાથે ગાડામાં ઘવાયેલા વ્યોમેશચંદ્ર ઘેર આવ્યા તે વખતે મધરાત વીતી ગઈ હતી. ડૉક્ટરે આવી સારવાર કરી. મંજરીને બધી સૂચનાઓ આપી. મંજરી વ્યોમેશચંદ્રની પાસે બેઠી અને તેમને ઊંઘ આવી ગઈ.

વ્યોમેશચંદ્રને નિદ્રા આવેલી જોતાં મંજરીએ ઓરડામાં નજર ફેરવી. સનાતન ત્યાં ન હતો. છોકરાં સૂઈ ગયાં હતાં. ચકોર લક્ષ્મી પાસે જ હતી. તેણે કહ્યું :

'મહેમાન સૂઈ ગયા છે.'

'બહુ સારું.' કહી મંજરી છણકાઈ, અને પલંગ ઉપરથી ઊઠી. તેના ખસતા બરોબર વ્યોમેશચંદ્ર જાગી ઊઠ્યા. તેમણે દયામણે અવાજે કહ્યું :

'મંજરી.'

મંજરી પાછી વળી અને પલંગ ઉપર બેઠી.

'બહુ ન જાગીશ. હવે સૂઈ જા.'

'મને ઊંઘ નથી આવતી.'

'ઊંચો જીવ ન રાખીશ. તું નજર સામે હોઈશ તો મને મટી જશે.' વ્યોમેશચંદ્રે કહ્યું. મંજરી જરા શરમાઈ.

'બોલવાની ડૉક્ટર સાહેબે ના પાડી છે.' મંજરીએ દર્દીને સૂચના આપી.

'મારી આંખ ઊઘડે તે વખતે હું તને જોઉં એમ કર.' વ્યોમેશચંદ્રે કહ્યું.

'બહેન અહીં જ સૂશે.' લક્ષ્મીએ બન્ને ઉપર ઉપકાર કર્યો.

મંજરીથી પલંગ છોડાયો નહિ. તેનું મન અને શરીર બંને થાકી ગયાં હતાં. વ્યોમેશચંદ્રના પલંગ ઉપર જગા હતી જ. પલંગની મચ્છરદાનીને માથું ટેકવી તે સહજ આડી પડી - જોકે તેને માટે બીજો પલંગ પથરાયેલો હતો જ; વિચિત્ર સ્વપ્નો અનુભવતી મંજરી આમ સૂતી તે જ વખતે ગામમાં કૂકડાનો સ્વર સંભળાયો. પ્રભાતની તૈયારી થઈ રહી હતી. કલાકેક આમ મંજરી સૂતી અને સવાર થઈ ગયું. મંજરી ઝબકીને જાગી. કોઈ સ્વપ્ન તેને પજવતું હતું. સનાતન અને વ્યોમેશ તેના હાથ ખેંચતા હતા ! સનાતનનો હાથ ગમતો હતો. પરંતુ વ્યોમેશચંદ્ર તરફ તે ઘસડાતી હતી. આ ભયંકર ગજગ્રાહથી ગભરાઈ તે જાગી ગઇ. તેણે માથું ઊંચક્યું. વ્યોમેશચંદ્ર જાગતા હતા. તેમની અને મંજરીની આંખ મળી.

'આમ સૂઈ રહી ? શા માટે ?' વ્યોમેશચંદ્રે પૂછ્યું.

મંજરીએ જવાબ ન આપ્યો. પરંતુ તે પલંગ ઉપરથી ઊઠી અને વ્યોમેશચંદ્રના મસ્તકેથી જરા ખસી ગયેલા પાટાને સમારવા લાગી. વ્યોમેશચંદ્રને સ્વર્ગ મળ્યું. તેમને જીવવાનું મન થયું. આવી સ્નેહાળ મંજરીને પૂરી ન સમજવા માટે તેમને પોતાના સ્વભાવ ઉપર કંટાળો આવ્યો.

લક્ષ્મી એકાએક ઓરડામાં આવી બોલી ઊઠી :

'પેલા મહેમાન તો દેખાતા નથી.'

'કયા મહેમાન ?' વ્યોમેશચંદ્રે પૂછ્યું.

'કાલે આવ્યા હતા તે.' લક્ષ્મીએ કહ્યું.

'મુંબઈથી આવનાર હતા તે ?'

'હા.' લક્ષ્મી બોલી.

'ક્યાં ગયા ?' વ્યોમેશે પૂછ્યું.

'ખબર નથી.'

'શા ઉપરથી જાણ્યું ?'

'ચહા આપવા નોકર તેમના ઓરડામાં ગયો. ત્યાં ન મળ્યા એટલે આખું ઘર બધા ખોળી વળ્યા પણ જડતા નથી.'

મંજરી શાંત બેસી રહી. તેની આંખ સખ્ત બની ગઈ. વ્યોમેશચંદ્રે ફરી આખું ઘર ખોળાવ્યું, સનાતનનો પત્તો લાગ્યો નહિ. કલાક, બે કલાક, ત્રણ કલાક રાહ જોયા છતાં સનાતન દેખાયો નહિ, એટલે વ્યોમેશચંદ્રે મુંબઈ તાર કરી મદનલાલને ખબર આપી.

મદનલાલ અને કુસુમ બંનેને નવાઈ લાગી. બંનેએ ખૂબ તપાસ ચારે બાજુએ કરાવી, પરંતુ સનાતન મળ્યો નહિ. માત્ર ત્રીજે દિવસે મદનલાલે ટપાલ ઉઘાડી તો તેમાંથી એક દસ હજારનો ચૅક નીકળી આવ્યો. એ સનાતનને આપેલો ચૅક હતો.

વ્યોમેશચંદ્રને મદનલાલે પત્રથી જણાવ્યું કે સનાતન મળી આવ્યો નહોતો.

મંજરીએ તે પત્ર સાંભળ્યો. પૂતળીની માફક ક્ષણભર જડ બની ગયેલી મંજરી ઝડપથી વ્યોમેશચંદ્રને પાટો બાંધવા લાગી.

## ૩૨

# કરાલ નિશ્ચય

*અનન્ત સૃજનો થશે.*
*સખિ ! અન્ત એ ઝીલશું*
*અનન્ત પદમાં રમન્ત આપણ*
*અનન્ત યુગ પી જશું.*

નાનાલાલ

વ્યોમેશચંદ્રને વાગેલા ઘા રુઝાવા લાગ્યા. પરંતુ સનાતનની ભાળ કોઈને લાગી નહિ. મંજરીએ વ્યોમેશચંદ્રની ઘણી જ સારવાર કરી. માતા કે પત્ની સિવાય આવી સારવાર કોઈથી ન જ થાય એમ ચારેપાસ મંજરીનાં વખાણ તરીકે કહેવાવા માંડ્યું. વ્યોમેશચંદ્ર વારંવાર મંજરીનો આભાર માનતા અને આવી પત્ની તેમને મળી એ માટે ઈશ્વરની કૃપા સમજતા. મંજરી મહેનતથી ન થાકતી, ઉજાગરાથી ન થાકતી. તે વ્યોમેશચંદ્રને દવા પાતી, વ્યોમેશચંદ્રને પાટા બાંધતી અને તેમની રસોઈ પણ જાતે જ કરતી. મંજરીને પોતાને પણ સમજાયું નહિ કે તે આટલી બધી મહેનત વ્યોમેશચંદ્ર માટે કેમ કરતી હતી. લક્ષ્મી પણ ભારે વિચારમાં પડી.

માંદગી અને મૃત્યુ દૂર થાય એટલે માનવહૃદયમાં રસનો આવિર્ભાવ થાય છે. વ્યોમેશચંદ્રની જાગ્રત થતી રસવૃતિ મંજરીના હૃદયને સ્પર્શવા ક્વચિત્ મથતી હતી. એક વખત તેમણે એકલી મંજરીનો હાથ પકડી કહ્યું:

'મંજરી ! મેં તને બરાબર ઓળખી નહિ.'

મંજરીએ હાથ છોડાવ્યો નહિ, પરંતુ તેણે કશો જવાબ આપ્યો નહિ.

એક વખત મંજરીને વાંસે હાથ ફેરવતાં તેમણે કહ્યું :

'મંજરી ! તું ન હોત તો મારાથી જિવાત નહિ.'

ખરે, જીવન અને મૃત્યુનો આધાર કંઈક વખત મર્ત્ય માનવી બની શકે છે. મંજરી વ્યોમેશચંદ્રના બધાય પ્રશ્નોનો ઉત્તર આપતી. માત્ર વ્યોમેશચંદ્રના બોલમાં ભાવ પ્રવેશતો ત્યારે મંજરી શાંત રહેતી. તેણે નિયમ મુજબ કશો જવાબ ન આપ્યો.

વ્યોમેશચંદ્ર હવે હરતાફરતા થયા. મંજરીને પાસે લઈ હીંચકે બેસવાની પણ તેમણે શરૂઆત કરી; તેમનું જીવન મંજરીમય થઈ ગયું હતું. તેઓ ક્વચિત્ પૂછતા :

'મંજરી ! તું મને ચાહે છે ખરી ?'

સ્નેહવાક્યો સદા નિરુત્તર રહેતાં. વ્યોમેશચંદ્ર વિચારમાં પડતા. પરંતુ મંજરીની સ્નેહભરી સારવારનો વિચાર કરતાં તેમને મંજરીના અબોલનો સ્પષ્ટ અર્થ સમજાતો. મંજરી વ્યોમેશચંદ્રને ચાહતી ન હોય તો આટલી મહેનત કરે ખરી ?

તેમને જોવાને મદનલાલ અને તેમનાં પત્ની આવી ગયાં. સ્વાભાવિક રીતે જ સનાતન સંબંધી વાતચીત થતી હતી. મંજરીને કુસુમે સનાતન સંબંધી ઘણી વાતો પૂછી. મદનલાલ અને વ્યોમેશચંદ્ર વચ્ચે ધનિકતાની મૈત્રી હતી જ. મંજરી અને કુસુમ વચ્ચે સનાતનની વાતોમાંથી મૈત્રી જાગી.

'સનાતન શાથી ચાલ્યા ગયા ?' કુસુમે મંજરીને પૂછ્યું બંને એકલાં હતાં.

'સમજાયું નહિ.' મંજરીએ કહ્યું.

'કેવી રીતે ગયા હશે ?'

'એની પણ સમજ પડતી નથી.'

'તમે ક્યાંથી એમને ઓળખો ?'

'એ મારી પાસેના ઘરમાં રહી ભણ્યા હતા. તમે એમને ક્યાંથી ઓળખો ?'

'એ મને સાહિત્યનો અભ્યાસ કરાવતા હતા.'

સનાતન પ્રત્યે આ લલનાઓને શા માટે સદ્‌ભાવ હતો તેનું કારણ બંને સમજી ગયા. સનાતન મંજરીની પડોશમાં અને કુસુમની પાસે રહેતો હતો ! મંજરીની બહેનપણીએ એક શેઠની પત્ની સાથેની સનાતનની મૈત્રી વગોવી હતી તેનું મંજરીને સ્મરણ થયું. શું આ જ તે સ્ત્રી હતી ? મંજરીને કુસુમ પ્રત્યે વેર વસ્યું નહિ. સનાતનમાં રસ લેતું સહુ કોઈ વહાલું લાગતું.

સનાતનના અદૃશ્ય થયા પછી બાર માસમાં તો કુસુમે પોતાની લેખનપ્રવૃત્તિ ઘણી જ વધારી દીધી. તેની કલ્પનાએ ટૂંકી વાર્તાઓ અને ભાવનાએ કંઈક કવિતાઓ તેની પાસે રચાવી. મદનલાલને કુસુમની સાહિત્યપ્રવૃત્તિ પ્રત્યે વેર ઊપજ્યું નહિ. પત્નીનાં સાહિત્યકારોમાં થતાં વખાણથી તેઓ રાજી થતાં એટલું જ નહિ કુસુમની કવિતાઓ છપાવવા માટે તેમણે સહર્ષ સંમતિ આપી અને કુસુમનો કવિતાસંગ્રહ સનાતનને

અર્પણ થયો તેની પણ તેમને બહુ હરકત લાગી નહિ.

પરંતુ કુસુમે પોતાનો કવિતાસંગ્રહ મંજરીને ભેટ મોકલ્યો ત્યારે પ્રતિઉત્તરમાં તેણે જાણ્યું કે મંજરીની તબિયત ખરાબ થતી ચાલી હતી. વ્યોમેશચંદ્રની પ્રકૃતિ જેમ જેમ સુધરતી ગઈ તેમ તેમ મંજરીના દેહમાં અશક્તિ વધતી ચાલી. લોકોને લાગ્યું કે વ્યોમેશચંદ્રની ચાકરીમાં મંજરીએ પોતાના દેહને ઘસી નાખ્યો હતો. એ વાત ખરી હતી. વ્યોમેશચંદ્રે મંજરીને નામે હજારો રૂપિયા મૂક્યા, તેને માટે ઘરેણાંલૂગડાં નવાં વસાવ્યાં. તેને દેશપરદેશની મુસાફરી કરાવવા ઈચ્છા પ્રદર્શિત કરી; પરંતુ મંજરીનું મન કદી પ્રફુલ્લ બન્યું દેખાતું નહિ.

અસ્વસ્થતાપણાનું બહાનું કાઢી અલગ બની જતી મંજરી ઉપર સાજા થયેલ વ્યોમેશચંદ્રે છેવટનો ઉપાય અજમાવવા નિશ્ચય કર્યો. પતિપત્નીના કેટલાક અનામી પરંતુ સ્પષ્ટ હક્ક સમાજે અને કાયદાએ માન્યા છે. અને એ હક્કનો ઉપભોગ બળજોરીથી કરવાની પણ તેમાં છૂટ રાખેલી છે. વ્યોમેશચંદ્રના અસંતુષ્ટ મને પતિત્વના હક્ક સ્થાપન કરવા તેમને પ્રેર્યા.

દુખતે માથે એકલી સૂતેલી મંજરી પાસે મધરાતે વ્યોમેશચંદ્ર આવ્યા. મંજરી એવી જ એક મધરાતની યાદ કરતી જાગતી પડી હતી. એ મધરાતે તે સનાતનની સાથે વિકળતામાં ગાળેલી પેલી રાત્રિ હતી કે જ્યારે મંજરીએ સનાતન સાથે નાસી જવાની ભયંકર માગણી કરી હતી. વ્યોમેશચંદ્રને જોઈ મંજરી બેઠી થઈ ગઈ.

'તું હજી સૂતી નથી ?' મંજરીના ખાટલામાં બેસી વ્યોમેશચંદ્રે પૂછ્યું.

'ના.' મંજરીએ ધીમેથી જવાબ આપ્યો.

'કેમ ?'

'હજી ઊંઘ આવી નથી.'

'શાથી એમ થાય છે ?'

'મારું માથું દુખે છે.'

'લાવ હું દબાવી આપું.' કહી વ્યોમેશચંદ્રે તેના માથાનો સ્પર્શ કર્યો.

'હવે જરૂર નથી. લક્ષ્મી હમણાં જ માથું દબાવી ગઈ.' હસ્તસ્પર્શ થતો અટકાવી મંજરી બોલી.

'હું લક્ષ્મી કરતાં પણ ગયો ? ચાલ, હવે બધું અતડાપણું મૂકી દે. મારી આટલી આટલી ચાકરી તેં કરી અને હું તારું માથું પણ ન દબાવી શકું ?' એટલું કહી બળ કરી મંજરીનું મસ્તક વ્યોમેશચંદ્રે હાથમાં લીધું અને તેને

દબાવવાનું શરૂ કર્યું, બળને વશ થઈ મંજરી તકિયે આડી પડી અને વ્યોમેશચંદ્રની શીર્ષચંપીને સ્વીકારી રહી. સ્ત્રીના દેહને અડતાં પુરુષ ઘેલો બને છે. બહુ દિવસે આટલો લાંબો સ્પર્શ પામતા વ્યોમેશચંદ્રથી મસ્તકની મર્યાદામાં રહેવાયું નહિ. મંજરી ચમકીને પાછી બેઠી થઈ.

'હવે બસ માથું ઊતરી ગયું છે.' મંજરી બોલી.

'આ શી ઘેલછા ? માથું ઊતર્યું હોય તોય મારે દાબવું છે.'

'મને ફાવતું નથી.'

'તને ભલે ન ફાવે; મને ફાવે એટલે બસ !' વ્યોમેશચંદ્રે મશ્કરી કરી. મંજરીને આ વર્તનમાં અપમાન લાગ્યું. પતિપત્ની વચ્ચેના વ્યવહારમાં માન અપમાન હોઈ શકે ? મંજરીએ વ્યોમેશચંદ્રના હાથને ખસેડી નાખ્યો.

'આજે કશું તોફાન ચાલવાનું નથી.' સાજા થયેલા વ્યોમેશચંદ્ર બોલ્યા. મંજરી આ વાક્યનો અર્થ કરી સહજ કંપી ઊઠી. વ્યોમેશચંદ્ર મંજરીને તોફાનની ના કહ્યા છતાં તેમણે પોતે તોફાની દેખાવ શરૂ કર્યો હતો. મંજરીને ગળે તેમણે હાથ મૂક્યો અને પૂછ્યું :

'મંજરી ! ક્યાં સુધી આમ શરમાઈશ ?'

મંજરી ખરેખર શરમાઈ. એટલું જ નહિ, તેને રીસ ચઢી. જોર કરી તેણે વ્યોમેશચંદ્રનો હાથ ગળેથી ખસેડવા પ્રયત્ન કર્યો. પ્રયત્નનું ફળ એ આવ્યું કે વ્યોમેશચંદ્રના તરફ ઘસડાઈ અને તેના એકને બદલે અનેક અંગનો સ્પર્શ થતો લાગ્યો. તે ગૂંગળાતી બોલી ઊઠી :

'મને મૂકી દો ! મારી તબિયત સારી નથી.'

'તારી તબિયત આખી જિંદગી સુધી સારી નહિ રહે. તેમાં હું શું કરું ?' પુરુષવર્ગના પ્રતિનિધિને શોભે એવી બેદરકારીથી વ્યોમેશચંદ્ર બોલ્યા અને મંજરીને તેમણે વધારે ગૂંગળાવી.

'છોડો ! આમ બળાત્કાર ન કરો.' મંજરીનો ક્રુદ્ધ અવાજ સંભળાયો.

'બળાત્કાર ? તું શું બોલે છે ? તું શું મારી પત્ની નથી ?'

'પત્નીની મરજી વિરુદ્ધ જે કાંઈ થાય તે બળાત્કાર જ !'

'ભલે તેમ હોય; બળાત્કારનો મને હક્ક છે.'

'હક્ક ! હું અને તમે બંને પાપમાં પડીશું.'

'પાપ ? શાનું પાપ ?'

'વ્યભિચારનું.'

વ્યોમેશચંદ્રે વ્યભિચારનું નામ સાંભળી પોતાના હાથ છોડી દીધા અને આશ્ચર્ય પામી તેઓ મંજરી સામે જોવા લાગ્યા. મંજરી બહુ સુંદર

દેખાતી હતી. વિરોધ કરતી લલના સદાય મોહક હોય છે. છતાં વ્યોમેશચંદ્ર સરખા નીતિમાન પુરુષને વ્યભિચાર શબ્દનો ઉચ્ચાર ચમકાવે એ સહજ હતું. પત્ની સાથેનો પ્રેમવ્યવહાર કદી પણ વ્યભિચારને નામે ઓળખતો હોય એમ તેમણે સાંભળ્યું નહોતું. આજ તેમની જ પત્ની તેમના પ્રેમઅભિનયને કલુષિત ભાવથી ઓળખાવતી હતી. પતિપત્નીનો સંબંધ સદાય પુણ્યમય મનાયો છે. તેઓ એક જ વાત ભૂલી ગયા. પતિત્વ અને પત્નીત્વના મૂળમાં જ પુણ્ય ન હોય તો ? મરજી વિરુદ્ધનો, ન છૂટકાનો, પૈસાનો, શરમનો, દબાણનો, અજાણપણાનો, સ્વાર્થનો લગ્નસંબંધ શું પવિત્ર કહેવાય ? અને કેટલાં લગ્નમાં આ તત્ત્વો નહિ આવતાં હોય ? નિઃસ્વાર્થ લગ્નસંબંધ જગતમાં દુર્લભ છે. માટે જ મોટા ભાગનાં લગ્નો અપવિત્ર હોય છે. અપવિત્ર લગ્નનો સંબંધ વ્યભિચાર તરીકે ઓળખનારને આપણે કેમ દોષ દઈ શકીશું ?

વ્યોમેશચંદ્રને વિચારની તક મળી. દલીલ સર્વદા પોતાના લાભનું જ વલણ લે છે. વ્યોમેશચંદ્રને મંજરીના ચમકાવનાર વિચારમાં અસત્ય લાગ્યું. તેઓ ફરીથી મંજરીને બલપૂર્વક ભેટી પડ્યા અને બોલ્યા :

'ભલે મને પાપ લાગતું.'

પરંતુ વ્યોમેશચંદ્રના હાથમાં સપડાયેલો મંજરીનો દેહ થરથર ધ્રૂજતો હતો એમ તેમણે તત્કાળ જાણ્યું. બલપ્રદર્શનમાં પુરુષત્વ સમાયેલું છે એવી ઘણાની માન્યતા હોય છે. સ્ત્રીત્વ ઉપર વિજય મેળવવાનો એ સચોટ ઈલાજ છે એમ પણ ઘણા માને છે. છતાં વ્યોમેશચંદ્રના પુરુષત્વમાં એટલું બધું કાઠિન્ય ન હતું કે એક થરથરતી સ્ત્રી પછી ભલે તે પત્ની હોય, તોપણ તેને તેઓ વધારે થરથરાવે. માનવતા અને કહેવાતા પુરુષત્વ વચ્ચેના ઘર્ષણનો પ્રસંગ તેમને મૂંઝવી રહ્યો. મંજરીનો દેહ થરથરતો હતો એટલું જ નહિ, પણ તેની દંતાવલિ પણ કડકડી ઊઠી. વ્યોમેશચંદ્રે પુરુષત્વને ભોગે માનવતાને સ્વીકારી મંજરીને છોડી દીધી, અને તેને પૂછ્યું :

'મંજરી ! તને તાવ તો નથી આવ્યો ?'

મંજરીને થરથરવા સિવાય બીજું કશું ભાન ન હતું. યંત્રની નિયમિતતાથી વ્યોમેશચંદ્ર સામે જોઈ રહેલી મંજરી યંત્ર સરખી અચેતન બની ગઈ.

'તું સૂઈ જા. હું રજાઈ ઓઢાડું.' વ્યોમેશચંદ્રે કહ્યું, અને ધીમે રહી તેમણે મંજરીને સુવાડી અને તેના ઉપર રજાઈ ઓઢાડી. એક રજાઈથી તેનો થરકાટ કમી થયો નહિ, એટલે તેમણે બીજી રજાઈ મંજરી ઉપર નાખી. તેઓ

પલંગમાં ન બેસતાં પાસે ઊભા રહ્યા. થોડી ક્ષણો પછી તેમણે મંજરીને કપાળે હાથ મૂક્યો. એ સ્પર્શમાં સંપૂર્ણ નિર્વિકારીપણું હતું. મંજરીને જ્વર છે કે નહિ એટલું જોવાનો જ તેમાં ઉદ્દેશ હતો. પરંતુ મંજરીએ વ્યોમેશચંદ્રના હાથ ઉપર પોતાનો હાથ મૂક્યો, અત્યંત મૃદુતાથી પૂછ્યું :

'હું બહુ દુઃખ દઉં છું, ખરું ?'

મંજરીની આંખમાં બે અશ્રુબિંદુ ચમક્યાં. મંજરી અણસમજુ ન હતી. પત્નીત્વના અર્થની તેને ખબર હતી. એ અર્થ સિદ્ધ કરવા તેણે વ્યોમેશચંદ્રની કાળજીપૂર્વક ચાકરી કરી હતી. વ્યોમેશચંદ્રનાં બાળકો પ્રત્યે તે સગી મા સરખું વર્તન રાખતી હતી. પરંતુ તેનું પત્નીત્વ એટલી મર્યાદામાં જ રહેતું. ઉપભોગના તત્ત્વથી રહિત પતિપણું કે પત્ની પણું અધૂરું જ છે એમ તે માનતી અને છતાં તેનાથી મર્યાદા બહાર જઈ શકાયું જ નહિ. પતિને છેવટે નિરાશા અર્પતાં તેને દુઃખ થયું. પોતાની સંભાળમાં પરોવાયલા પતિને તેથી જ એણે રુદનમય પ્રશ્ન કર્યો :

'હું બહુ દુઃખ દઉં છું, ખરું ?'

એક રીતે તે વ્યોમેશચંદ્રને દુઃખ જ દેતી હતી. પરંતુ આવી કરુણ રીતે થતો દોષસ્વીકાર સંપૂર્ણ ક્ષમાને પાત્ર છે. વ્યોમેશચંદ્રે જવાબ આપ્યો :

'મને જિવાડનાર મને દુઃખ દે છે એમ કેમ કહેવાય ?'

'હું બધું સમજું છું. પણ... પણ... મને માફ કરો.'

'હવે તું બહુ વિચાર ન કર અને સૂઈ જા. હું લક્ષ્મીને મોકલું ?' વ્યોમેશચંદ્રે પૂછ્યું.

'જરૂર નથી. હું સૂઈ રહીશ.'

'એકલી ન સૂઈશ. કોઈક પાસે જોઈએ.'

એટલું કહી વ્યોમેશચંદ્ર ઓરડાની બહાર ગયા. એક પરાયા પુરુષની માફક વિવેકથી બહાર ચાલ્યા જતા વ્યોમેશચંદ્રની સલૂકાઈ મંજરી જોઈ રહી. તેને લાગ્યું કે તે વ્યોમેશચંદ્રને ભારે અન્યાય કરતી હતી. પરંતુ તેમાં કોનો દોષ ? એ દોષનો ઈલાજ શો ?

વ્યોમેશચંદ્રે લક્ષ્મીને ઉઠાડી પાસે મોકલી.

'જા, મંજરીની પાસે સૂઈ રહે. એને તાવ આવ્યો છે.'

કંટાળો દેખાડતી છતાં જાગતી લક્ષ્મી વ્યોમેશચંદ્રથી સંભળાય એમ બબડી :

'પેલા સાથે નાસી જવાયું હોત તો તાવ ન આવત.'

ચાડી અને નિંદામાં અમૃત મૂકી પ્રભુએ વૃત્તિને અમર બનાવી લાગે છે. વળી અમરતા સાથે અમૃતની મીઠાશ પણ તેમાં પ્રભુએ ઉતારી દેખાય છે. નિંદા કરનાર અને સાંભળનાર બંનેને તે એવી મધુરી લાગે છે કે તેની મીઠાશ મૂકવી કોઈને ગમતી નથી.

'શું બબડે છે ?' વ્યોમેશચંદ્ર બોલ્યા. તેમને લાગ્યું કે લક્ષ્મી ઊંઘની અસરમાં આમ બોલતી હતી.

'જે છે તે કહું છું.' લક્ષ્મી બોલી.

'એટલે ? શાની નાસવાની વાત કરે છે ? હલકી જાત !' વ્યોમેશચંદ્રે લક્ષ્મીને ધમકાવી. તેમની સભ્યતાએ તેમને ખાતરી આપી હતી કે આમ નાસવાની વાત હલકી જાતની સ્ત્રીઓ જ કરી શકે ! ઉચ્ચ કોમમાં નાસી જવું એ સ્ત્રીની કલ્પના બહારનો વિષય છે, એટલે તે ઉચ્ચારમાં પણ ઊતરવો અસંભવિત છે ! લક્ષ્મીનો જવાબ સાંભળી તેઓ ચોંકી ઊઠ્યા.

'એ તો બાઈસાહેબ પેલા મુંબઈવાળા મહેમાન સાથે નાસી જવાની વાત કરતાં હતાં તે કહું છું !'

'કયા મહેમાન ? ભાનમાં છે કે નહિ ?'

'પેલા જડતા નથી તે ! સનાતન !' લક્ષ્મી બોલતી બોલતી ત્યાંથી મંજરીના ઓરડા તરફ જવા લાગી.

વ્યોમેશચંદ્ર ત્યાં ને ત્યાં સ્થિર ઊભા રહ્યા. તેમને મંજરીના વિચિત્ર વર્તનની કાંઈ સમજ પડતી હોય એમ લાગ્યું. શું મંજરી સનાતનને ચાહતી હતી ? એવું જ કાંઈ ન હોય તો મંજરી જેવી સમજવાળી ડહાપણભરી યુવતી પોતાના પતિ પ્રત્યે આવું અણઘટતું વર્તન રાખે ?

પોતાને ચાહતી ન હોય એવી સ્ત્રી સાથે કોઈ પણ સંજોગોમાં લગ્ન કરનાર પતિએ શું કરવું ? વર્તમાન યુગમાં એ પ્રશ્ન તીવ્ર બનતો જાય છે. એવી પત્નીને મારવી, ઝૂડવી, કાઢી મૂકવી, તેનું નાક કાપવું કે તેનું ગળું કાપવું એ પ્રાચીન કાળથી ચાલતા આવેલા જાણીતા ઈલાજ બહાદુર પુરુષને એકદમ સૂઝી આવે છે એ ખરું; પરંતુ વર્તમાન યુગમાં બહાદુરીની વ્યાખ્યા બદલાતી જાય છે. મારવા કરતાં મરવામાં, ઘા કરવા કરતાં ઘા સહન કરવામાં વધારે ઊંચા પ્રકારની બહાદુરી રહેલી છે એવી અસ્પષ્ટ ભાવના જનસમાજમાં જાગતી જાય છે. પતિપત્નીના સંબંધમાં પણ એ ભાવના પ્રવેશ કરે તો નવાઈ કહેવાય નહિ. વ્યોમેશચંદ્રની સ્વાભાવિક સજ્જનતાએ તેમને અશિષ્ટ બનતાં અટકાવ્યા. અને સવારમાં મંજરીને

જોવા આવતાં તેમના બધા વિચાર ઓસરી ગયા.

મંજરીને ખરેખર તાવ આવ્યો હતો.

માંદા ગુનેગારને પણ શિક્ષા થઈ શકતી નથી. માંદી મંજરીને શિક્ષા થઈ શકે ? વળી તે ખરેખર ગુનેગાર હતી ખરી ? વ્યોમેશચંદ્રની ઉદારતાએ મંજરીના દોષને ગાળી નાખ્યો. મંજરીની સામે તેઓ જોઈ રહ્યા. મંજરી તેમની સામે જોઈ રહી. બંનેને લાગ્યું કે તેમની વચ્ચેનો કોઈ પડદો ઊઘડી ગયો છે. એ પડદો ઊઘડતાં સ્વભાવની વિકરાળતા વિકસવાને બદલે કોઈ અવર્ણનીય મૃદુતા ઊભરાઈ આવી. બંનેને પરસ્પર પ્રત્યે દયા ઉત્પન્ન થઈ. મંજરીની આંખ ફરી આંસુથી ઊભરાઈ. વ્યોમેશચંદ્રે સમભાવપૂર્વક કહ્યું :

'મંજરી ! તાવ આવ્યો છે ?'

'વધારે નથી.' આંખો લૂછતાં તેણે કહ્યું.

'ગભરાઈશ નહિ. હમણા ડૉક્ટરને બોલાવું છું. આમ મટી જશે.'

'મને મારી ચિંતા નથી.'

પરંતુ ડૉક્ટરે આવી વ્યોમેશચંદ્રની ચિંતા વધારી દીધી. એકાન્તમાં બોલાવી ડૉક્ટરે વ્યોમેશચંદ્રને કહ્યું :

'મંજરીબહેનને ક્ષયની અસર છે. બહુ સંભાળવું પડશે.'

વ્યોમેશચંદ્ર ચમક્યા. માનસિક આઘાત દેહને આમ ઘસી નાખતો હશે ?

'શાથી આમ થયું હશે ?'

'અનેક કારણો હોય. મધ્ય અને ઉચ્ચ વર્ગની સ્ત્રીઓમાં આ રોગ પ્રચલિત છે. ખાસ ઈલાજોની જરૂર છે.'

'શા શા ઈલાજો લઉં ? આપ કહો તેમ કરવા તૈયાર છું.'

'ઉપચારો તો હું કરીશ, પરંતુ એમને હવાફેર કરાવો; આ જગાએથી તેમને ફેરવી નાખો.'

વ્યોમેશચંદ્ર ડૉક્ટરના ગયા પછી મંજરી પાસે આવીને બેઠા. પરંતુ ક્ષયના નામે તેમના મુખ ઉપર ઉત્પન્ન કરેલી વિકળતા હજી શમી નહોતી. નાનકડી વેલી એટલામાં દોડતી દોડતી આવી સૂતેલી મંજરીને બાઝી પડી.

'મંજરીબહેન ! તમે ક્યાં જતાં રહેવાનાં છો ?'

'કંઈ જ નહિ. તને કોણે કહ્યું ?' મંજરીએ બાળકીને છાતી સરસી દબાવતાં કહ્યું.

'લક્ષ્મી કહેતી હતી.' બાળકીએ જવાબ આપ્યો. બાળકો આપણે ધારીએ તે કરતાં વધારે ચબરાક હોય છે.

'એ હરામખોરની જીભ બહુ વધી છે. આજે એને કાઢી મૂકું.' વ્યોમેશચંદ્ર ગુસ્સે થઈ બોલી ઊઠ્યા.

'કોઈને કાઢી મૂકવાની જરૂર નથી. લક્ષ્મી વગર ઘરમાં બહુ અડચણ પડશે.' મંજરીએ કહ્યું.

'ત્યારે તમે નહિ જાઓ ને ?' વેલીએ ફરી ખાતરી કરવા પૂછ્યું.

'તને મૂકીને હું કંઈ જ જવાની નથી.' મંજરીએ કહ્યું અને વ્યોમેશચંદ્રની સામે તેણે જોયું.

'સનાતન સાથે નાસી જતાં વેલીના પ્રેમે તેને રોકી હશે કે શું ?' વ્યોમેશચંદ્રને વિચાર આવ્યો. મંજરીને હવાફેર કરવાની તેમણે યોજનાઓ ઘડવા માંડી. મંજરી વગર તેમનાથી રહેવાય એમ ન હતું.

# ૩૩

## પડછાયા

*જીવન નૃત્ય કરી કરી થાકતાં,*
*નીરવ શોક હવે ઉર ઠારશે;*
*સકળ સ્વપ્ન ભલે વીખરી જતાં,*
*સ્મરણ એકલ એ સહુ બાળશે.*

**ચંદ્રવદન**

ઉનાળો ઊતરતો હતો. સંધ્યા નદી ઉપર ઘણી લંબાય છે. નદીના પટ ઉપર એક હોડી ધીમી ધીમી આગળ વધતી હતી. ઊતરતા ઉનાળાનો શાંત દિવસ ભાવિ સરખો અનિશ્ચિત હોય છે. મધ્ય પ્રવાહમાં તરતી હોડીએ આછો ઝોલો લીધો.

'અલ્યા સમાલ, વંટોળિયો લાગે છે.' એક ખલાસી બોલી ઊઠ્યો. ખલાસીઓ પવન અને પાણીને અડતાં જ ઓળખી શકે છે.

હોડી સુંદર હતી. તેમાં નાનકડું ઘર હતું, અને ઉપર અગાસી હતી. આવી હોડી ગુજરાતમાં ભાગ્યે જ નજરે પડે. એક ધનિક કુટુંબે આવી ખાસ હોડી કરાવી હતી, અને પંદરેક દિવસથી કિનારે આવેલા બંગલામાં હવાફેર માટે ઊતરી સવારસાંજ એ કુટુંબ હોડીમાં ફરવા નીકળતું. ક્વચિત્ તેમાંથી હારમોનિયમ કે ગ્રામોફોનનું સંગીત સંભળાતું અને આખા નદીકિનારાને ઓછા-વધતા સૂરથી ભરી દેતું. એકાન્તમાં સંગીત પણ અજબ પડઘા પાડે છે.

ખલાસીએ વંટોળિયાની બૂમ પાડી તે વખતે બે-ત્રણ બાળકો, બે-ત્રણ સ્ત્રીઓ અને બે-ત્રણ પુરુષો હોડીની અગાસીમાં બેઠેલાં હતાં. તેમની વાતો, હસાહસ, બાળકોનો કલબલાટ અને બધાં વચ્ચેની સતત ચિચિયારી પાડ્યા કરતું ગ્રામોફોન વાતાવરણને આછી પણ વિચિત્ર અશાંતિ અર્પતાં હતાં. ખલાસીની બૂમ સાંભળતાં બધે શાંતિ ફેલાઈ ગઈ.

'શું છે ?' કોઈએ પૂછ્યું. જાણે સ્વપ્નમાં અવાજ ન સંભળાતો હોય એવો એ એકલ અવાજ લાગ્યો.

એટલામાં પવનના સુસવાટાથી આજુબાજુનાં વૃક્ષો હાલી ઊઠ્યાં. નાવે બીજો ઝોલો ખાધો, અને તેની સાથે જ પવનનું બળ એકાએક વધી ગયું. હોડી ઝૂલવા લાગી. ખલાસીઓ ઉતાવળથી પરસ્પરને સૂચનો આપવા લાગ્યા. ગ્રામોફોન બંધ થઈ ગયું.

'સમાલો !' 'ખેંચી રાખ !' 'દોરડું છોડ !' 'સુકાન પર હાથ રાખ !' 'હે રામ !' વગેરે શબ્દો નદીમાંથી સંભળાવા લાગ્યા. જોકે પવનનો ઘુઘવાટ બધા જ શબ્દોને સંભળાવા દેતો ન હતો.

કોઈ જબરજસ્ત વંટોળિયો ઘેલા હાથીની માફક છૂટો થઈ તેના માર્ગમાં આવતી સઘળી વસ્તુઓને હચમચાવી મૂકતો હતો. ભેખડ ઉપર ઊભેલો એક પુરુષ નિત્યની માફક અત્યારે પણ હોડી તરફ જોતો હતો. હોડી અસ્થિર બનેલી જોતાં તે એક ક્ષણમાં નીચે ઊતરી આવ્યો, અને કિનારે લાંગરેલી એક ખુલ્લી હોડીને લઈ પાણીમાં આગળ વધ્યો. જોતજોતામાં તે પેલી ડામાડોળ થતી હોડીની નજીક આવી પહોંચ્યો.

'ભાઈ ! જરા જોજો, એક દોરડું ફેંકો.' એક ખલાસી બોલ્યો.

'કેમ ? આગળ જવાનો વિચાર છે ?' ભેખડેથી ઊતરી હોડી લાવેલા પુરુષે પૂછ્યું.

'બને તો આ બધાંને મુકામે પહોંચાડીએ.'

'બેવકૂફ ! જોતો નથી ? હોડી ક્યાંથી આગળ વધશે ? બધાંને ડુબાવવાં છે, શું ?'

'ત્યારે શું કરું ?'

'સામી ભેખડે ઉતારીએ.' અજાણ્યા પુરુષે કહ્યું.

'મહામથન કરી ખલાસીઓએ યુવક અને તેની હોડીની સહાય વડે ડામાડોળ થતી મોટી નાવને કિનારે અડકાડી. વંટોળિયો ઘૂમતો હતો, એટલું નહિ, તેની સહાયમાં વરસાદને પણ ખેંચતો હતો.

'અલ્યા ઘેમર ! આટલાં વરસથી નદી ખેડો છો, અને વંટોળિયામાં આગળ હોડી ન લેવાય એ ભૂલી ગયા ?' અજાણ્યા યુવકે એક ખલાસીને ઓળખી કહ્યું.

'ભાઈ ! અમે પહોંચાડત મુકામે. પણ આ હોડી નવી જાતની તે અમને ફાવશે નહિ. નહિ તો ગમે તેવું વાવાઝોડું હોય ને !' ઘેમરે કહ્યું.

'હવે બધાંને ધીમે રહીને ઉતાર અને વરસાદ વધે તે પહેલાં ધર્મશાળામાં બધાંને પહોંચાડ.' યુવકનો અવાજ સંભળાયો.

'એ જ ઠીક પડશે; બીજી જગા નથી.' કહી ખલાસીએ બીજા

ખલાસીઓની સહાય વડે બાળકો, સ્ત્રીઓ અને પુરુષોને કિનારે ઉતાર્યાં. છેવટે એક માંદી સ્ત્રીને સ્ટ્રેચર-ખાટલામાં સુવાડી સંભાળથી ઉતારવી પડી. તેને ઊંચકી બે માણસો આગળ ચાલ્યા. તેની સાથે જ એક યુવતી આગળ ચાલવા લાગી. અંધકાર હતો છતાં તે યુવતીએ પેલા યુવકને ઓળખ્યો, અને તેનાથી પુછાઈ ગયું :

'કોણ ? સનાતન ?'

ખાટલામાં સૂતેલી માંદી યુવતીએ પોતાનું ડોકું ઊંચક્યું.

'બહુ હાલશો નહિ.' એક ઊંચકનારે કહ્યું.

સનાતને પોતાને બોલાવનાર સ્ત્રીનો કંઠ ઓળખ્યો; તે કુસુમ હતી, માંદી સ્ત્રી પણ તેણે ઓળખી; તે મંજરી હતી.

તેણે કુસુમના પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. માત્ર પોતાના મુખ ઉપર લૂગડું ફેરવી નદી અને વરસાદનાં પાણીના લાગેલા છાંટા તેણે લૂછવા માંડ્યા.

'સનાતન !' કુસુમે ફરી સંબોધન કર્યું. પરંતુ તેનો કશો ઉત્તર મળ્યો નહિ. ટોળામાંથી ખસી બાજુએ ઊભેલા સનાતનને એક ખલાસીએ બૂમ પાડી :

'ભાઈ ! આપને બોલાવે છે !'

'તમે જાઓ. હું આવું છું, હોડી ગોઠવીને.'

વરસાદ અને વંટોળિયાના ભયે સહુ ઉતાવળાં જતાં હતાં. માત્ર સનાતન વધતા જતા અંધકારમાં ત્યાં ને ત્યાં સ્થિર ઊભો રહ્યો. તેના વસ્ત્રની માફક તેનું હૈયું પણ અત્યારે હાલી ઊઠ્યું હતું. જેમને તે છોડવા ઈચ્છતો હતો તે અણધાર્યાં સામે જ આવી ઊભાં હતાં ! એક વખત તે મંજરીને છોડી અદૃશ્ય થઈ ગયો હતો., શા માટે ?

ઘાયલ વ્યોમેશચંદ્રના હાથમાં રહેલો મંજરીનો હાથ, વ્યોમેશચંદ્રની વ્યાકુળ પરાધીનતા, ને મંજરીના હૃદયમાં પ્રેમ કરતાં પણ વધારે પ્રબળપણે પ્રગટેલી સેવાભાવના તે દિવસે સનાતને નિહાળી, અને તેને લાગ્યું કે એ પતિપત્નીના જીવનમાં તેણે ક્ષણ પણ ઊભા રહેવું એ પાપ છે. વ્યોમેશચંદ્રના લગ્નને સ્વીકારી શકેલી મંજરી વ્યોમેશચંદ્રની સારવાર સ્વીકારતી હતી. સનાતન તેમના જીવનમાંથી જ અદૃશ્ય થઈ જાય તો મંજરી પોતાના જીવનને સરળતાથી સ્વીકારતી બની જાય એવો પૂર્ણ સંભવ હતો. એક વંટોળિયાની માફક કોઈના જીવનમાં પ્રવેશ કરી એ જીવનને વેરણછેરણ કરી ચાલ્યા જવાનો તેને જરાય હક્ક ન હતો. તેણે પોતાના

હૃદયને પથ્થર બનાવી દીધું, અને કોઈને કશી જ ખબર ન પડે એમ તે અંધકારમાં ઘર બહાર ચાલી નીકળ્યો.

ક્યાં જવું તેની એને ખબર ન હતી; શું કરવું તેની એને ખબર ન હતી; મંજરીના જીવનમાંથી જેટલે દૂર ચાલ્યા જવાય એટલે દૂર જવાની તેનામાં સબળ વૃત્તિ જાગ્રત થઈ હતી. ડગલાં ભરવાથી દૂર જવાય એમ તે ધારતો હતો. તેણે ખૂબ ડગલાં ભર્યાં. તેની પાછળ કોઈ આવતું હતું તેની પણ તેને ખબર રહી નહિ. પાછળ આવતો માણસ કંટાળ્યો, અને ઝડપથી ડગલાં ભરી તેણે સનાતનને ખભે હાથ મૂક્યો. સનાતને ચમકીને પાછળ જોયું. તે વસતીની બહાર નીકળી ગયો હતો. તેના ખભા ઉપર હાથ મૂકનાર માણસે તેને પૂછ્યું :

'ક્યાં જશો ?'

અવાજ અને આકૃતિ ઉપરથી તે પુરુષ તેને સહજ પરિચિત લાગ્યો.

'થાક ન લાગે ત્યાં સુધી તમે કોણ છો ?' સનાતનથી પેલા માણસને પૂરો ઓળખી શકાયો નહિ.

'મને ન ઓળખ્યો ? તમને છરો વગાડ્યો હતો તે.'

'રફીક ! તું અહીં ક્યાંથી ?'

'આપની પાછળ આવ્યો.'

'કેમ ?'

'ચિતરંજને મોકલ્યો.'

'એ ક્યાં છે ?'

'ગામમાં જ. એમના મિત્રને મળવા આવ્યા છે.'

'પણ તું ચિતરંજન સાથે ક્યાંથી ?'

'હું તેમની જોડે જ હવે રહું છું.'

'શું કામ કરે છે ?'

'જે કામ એ બતાવે તે. અત્યારે તમને સાથે લઈ જવાનું કામ સોંપ્યું છે.'

'હું ન આવું તો ?'

'તો ઊંચકીને લઈ જઈશ.' પ્રચંડ રફીક હસતે હસતે બોલ્યો. આ મશ્કરી તે ખરી પાડે એવો તેનો દેખાવ હતો જ.

ચિતરંજન પાસે જવાનું સનાતનને મન થયું. નિરાશા ઉત્પન્ન થાય ત્યારે પોતાની પાસે આવવાનું તેમનું કાયમનું આમંત્રણ હતું. સનાતન પાછો ફર્યો. તેના હૃદયમાં નિરાશા જ હતી. આથી વધારે અંધકારમય

સ્થિતિ કઈ હોય ?

પરંતુ એમાં ચિતરંજન શું કરી શકશે ? સ્થિતિપલટો કરવાની કોનામાં શક્તિ રહી હતી ? મંજરી અને વ્યોમેશચંદ્રનાં લગ્ન એ સિદ્ધ વાત હતી. મંજરી સનાતનને ચાહતી હતી એ એટલું જ સિદ્ધ હતું. લગ્ન એ ટાળી ન શકાય એવી સામાજિક ઘટના હતી. મંજરી અને સનાતન બંનેએ લગ્નમાં પોતાના પ્રેમનો ભોગ આપવો એ જ માત્ર બની શકે એમ હતું. એ ભોગ આપતાં મંજરીને ઓછામાં ઓછું દુઃખ થાય એમ કરવું એ જ માત્ર સનાતનની ફરજ હતી. મંજરીના જીવનમાંથી અદૃશ્ય થવા સિવાય એ બની શકે એમ નહોતું. તેના જીવનમાંથી અદૃશ્ય કેમ થવાય ? તેની આંખથી અદૃશ્ય બનવું એ એનો પ્રાથમિક ઈલાજ. એમાં ચિતરંજનને મળવાથી વધારે શું ?

તોય તે ચિતરંજનની પાસે ગયો. દીનાનાથનું એ જૂનું મકાન. મંજરીનાં માતાપિતા ત્યાં ન હતાં; વ્યોમેશચંદ્રની સારવાર માટે તેમને ઘેર પહોંચી ગયાં હતાં.

'આવ, સનાતન !' ચિતરંજને કહ્યું.

સનાતન પોતાની જગ્યાએ બેઠો. એ જ સ્થાને તેણે મંજરીને હૃદય અર્પણ કર્યું હતું - જીવન અર્પણ કર્યું હતું. એ અર્પણ આજ નિરર્થક બન્યું હતું. મંજરીથી તેને અદૃશ્ય થવાનું હતું.

'તારી પાછળ જ હું આવ્યો.' અબોલ સનાતનને ચિતરંજને કહ્યું.

'હું આવ્યો એની આપને શી ખબર ?' સનાતને પૂછ્યું.

'દુનિયામાં કેટલાક બેવકૂફોની હું ખબર રાખતો રહું છું.'

શું સનાતન બેવકૂફ હતો ? શા માટે તેણે પત્રલેખનનો કાળ લંબાવ્યો ? તેણે વગર બોલ્યે પોતાની બેવકૂફમાં થતી ગણતરીને સંમતિ આપી.

'મને ચિંતા હતી કે તું કાંઈ વાંકું વસમું કરી બેસીશ.' ચિતરંજને વાતચીતને પોતાના પંજામાં પકડી રાખી.

'એટલે !'

આ બે કલાકથી હું જાણું છું કે તું જતો રહેવા ધારે છે. એ માટે તો મેં રફીકનો તારા ઉપર પહેરો રાખ્યો. કહે, ક્યાં જવાનો વિચાર કર્યો છે ?'

'જ્યાં પગ લઈ જાય ત્યાં.'

'આજના યુવાનોને પગ જ ક્યાં છે ?'

'પગ નહિ હોય તો જિગર તો છે જ.' સનાતનને આજના યુવાનોની

ટીકા ગમી નહિ.

'આજના યુવાનોમાં જિગર પણ નથી.'

'જિગર હોત તો શું કરત ?'

'જૂના યુગનો યુવાન હોત તો તે ગમતી સ્ત્રીને ઉપાડી લઈ ગયો હોત.'

'સ્ત્રી એ મિલકત નથી - ન હોવી જોઈએ.'

'અગર ખુલ્લે છોગે બંને ભેગાં રહેતાં હોત.'

'બહુ જ અશિષ્ટ ! અસંસ્કૃત !'

'ખરું, પણ વધારે પ્રામાણિક. નહિ ?'

સનાતન આ વિચિત્ર પણ ખરી લાગતી વાત સાંભળી વિસ્મય પામ્યો. લગ્ન એ પવિત્ર સંબંધ છે - હોવો જોઈએ. જ્યાં તેમ ન હોય ત્યાં સુઘળ અનુકૂળતાનો એ સંબંધ છે. એ સંબંધ પવિત્ર હોય કે સગવડરૂપ હોય તોપણ તેને નિભાવી શકાય એ સારામાં સારો સંસારમાર્ગ છે. પરંતુ એવી નિભાવણીને પણ સીમા હોય છે. પવિત્રતાની - સગવડની સીમાનું ઉલ્લંઘન થાય તોપણ લગ્નસંબંધ ચાલુ રાખવો એમાં ન્યાય હશે ? ડહાપણ હશે ? નીતિ હશે ? એને લગ્નસંબંધનું નામ આપેલું ચાલુ રાખી શકાય ખરું ? સંબંધ વિચ્છેદ એ વધારે સારો માર્ગ ન કહેવાય ?

'મંજરીને મળ્યો ?' વિચારમાં પડેલા સનાતનને ચિતરંજને પૂછ્યું.

'હા, જી.'

'હવે એક જ જૂનો માર્ગ સૂચવવો બાકી રહ્યો.'

'શો ?'

'પણ તે માર્ગ તમે આજના યુવાનો લઈ શકો કે કેમ એની મને શંકા છે.'

'કારણ ?'

'કારણ એટલું જ કે તમે આજના યુવકો કામી છો. લોલુપ છો. પ્રેમી નથી.'

'હું શું કરું તો પ્રેમી કહેવાઉ ?'

'કહેવા માટે પ્રેમી થવાને જરૂર નથી. પ્રેમી હોઉ તો જ પ્રેમી કહેવાજે.'

'હં. આપ શું સૂચવો છો ?'

'મસ્ત બન; સાધુ બન; દેહથી આગળ જા; રડતો ન બેસ; બને તો મંજરીને ભૂલી જા.'

'ભૂલવાની વાત મુશ્કેલ નથી ?'

'અલબત્ત, ઘણી જ મુશ્કેલ. પરંતુ મુશ્કેલીને ઠોકર મારે તે યુવક; મુશ્કેલીની ઠોકરે ચડી રડતો બેસે એ નામર્દ. પછી એ મુશ્કેલી ધનવિષયક હોય કે પ્રેમવિષયક હોય.'

સનાતનને ચિતરંજને એક માર્ગ બતાવ્યો. વાચન, ચિન્તન અને કાર્ય. એમાં દુઃખને ઓગાળી નાખવાની શક્તિ રહેલી દેખાડી. વળી રફીક અને બુલબુલનું દૃષ્ટાંત તેની આગળ મૂકી એવા ભગ્ન જીવનની સેવામાં પોતાના જીવનઅવશેષને ગાળવાથી પ્રેમસિદ્ધિ કરતાં પણ વધારે મહાન સિદ્ધિ મેળવવાની તેનામાં આશા ઉપજાવી.

સાધુપણું આર્યજીવનનો અંશ છે. ફકીરી એ પૌર્વાત્ય પ્રજાનો પ્રિયધર્મ છે. પશ્ચાત્તાપમાં પડેલા રફીક અને અંધ બુલબુલની સોબતમાં નદીકિનારાનું એકાંત સેવી, ભગ્નપ્રેમી સનાતને વિરાગ કેળવવો શરૂ કર્યો. જગતમાંથી તે લગભગ અદૃશ્ય બની ગયો. મંજરીના જીવનની બહાર - કુસુમના જીવનની બહાર નીકળી જઈ તે બંને યુવતીઓને સુખી થવાની તક આપતો હતો. તેને કલ્પના પણ ન હતી કે અણધાર્યા સંજોગોમાં એ જ બંને યુવતીઓ તેની જ મહેમાન બનશે. અને મંજરીએ પ્રેમમાં પોતાના દેહને ઓગાળી દીધો હતો તેનું ખરું ભાન સનાતનને નદીકિનારે જ થયું. મંજરીને પોતાની સાથે નાસી આવવા દીધી હોત તો તેનો દેહ આમ ઘસાત ખરો ?

મોડી રાત સુધી તે નદીની કરાડ ઉપર બેસી રહ્યો. વંટોળિયો અને વરસાદ બંને અદૃશ્ય થયાં હતાં. પરંતુ એ કુદરતનો વંટોળિયો સનાતનના હૃદયમાં પ્રવેશ પામ્યો હતો. રફીક તેને રાતમાં બોલાવવા આવ્યો ન હોત તો તે ભાગ્યે પોતાની ઝૂંપડીમાં જાત.

'રફીક ! બધાં મહેમાનો જમ્યાં ?' ઝૂંપડીમાં આવી સનાતને પૂછ્યું.

'હા. સગવડ થઈ ગઈ, બહેનો તો કાંઈ જમી નહિ.' રફીકે જણાવ્યું. સ્ત્રીઓના વેચાણમાંથી ગુજરાન મેળવતો એ ગુંડો પવિત્ર નિઝામી મુસ્લિમ બની ગયો હતો. માનવીની સદ્ગતિ સર્વદા શક્ય છે. પાપીને તરછોડવાની જરાય જરૂર નથી. પાપીને તરછોડનાર જાતે જ પાપી બને છે.

'બધાંને સુવાડ્યાં ?' સનાતને પૂછ્યું.

'હા જી. ધર્મશાળા મોટી છે. ગોદડાંની પણ પૂરી સગવડ છે.' પ્રભાતમાં બુલબુલની ભેરવીએ સહુને જાગ્રત કર્યાં :

*દયાધન ! પાર ઉતારો નાવ !*
*આંધી ચડી જલ મારે ઉછાળા;*
*ભૂલ્યો સુકાની દાવ ! - દયાધન.*
*સૂરજ અસ્ત ! શશી તારાગણ*
*અંધારે ગરકાવ ! - દયાધન.*
*નીર તીર બની એક ગૂંથાયાં !*
*કરવી કોને રાવ ? - દયાધન.*
*સઢ તૂટ્યા, ખોવાય હલેસા*
*મારગ નાથ બતાવ ! - દયાધન.*
*પાપભાર જરી હળવો કરીને*
*ડૂબતી નાવ બચાવ ! - દયાધન.*

ધર્મશાળા સનાતનની ઝૂંપડીની જોડમાં જ હતી. ધર્મશાળામાં જવું કે ન જવું તેના સંકલ્પવિકલ્પમાં પડેલા સનાતનને ધર્મશાળામાંથી વ્યોમેશચંદ્રે જ બોલાવ્યો. અનિચ્છાએ સનાતન ત્યાં ગયો. માંદી મંજરી એક ખાટલામાં સૂતી હતી. તેનો દેહ એવો કૃશ બની ગયો હતો કે ખાટલો ખાલી ખાલી લાગતો હતો. છતાં મંજરીના મુખ ઉપર રોગભરી ખૂબસૂરત લાલાશ અને તેની ચપળ ચમકતી કાળી આંખો તેને હજી આકર્ષક બનાવી રહી હતી.

'મંજરી તમને યાદ કરે છે.' વ્યોમેશચંદ્રે સનાતનને કહ્યું.

સનાતનના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. મંજરીની આવી સ્થિતિ ? ભોગ સનાતને આપ્યો, કે મંજરીએ ? ભૂલવા મથતો સનાતન પ્રેમી ? કે તેને ન ભૂલેલી મંજરી પ્રેમી ?

આંખને ઈશારે મંજરીએ સનાતનને પાસે બોલાવ્યો. માંદગીમાં મર્યાદાની કોઈ આશા રાખતું નથી. જોવા આવનાર બધાં જ જ્વરગ્રસ્તને ગમે છે. સનાતન ખાટલા આગળ જઈ ઊભો.

'બેસો ને ?' કુસુમે કહ્યું.

સનાતન ખાટલા નીચે બેસી ગયો. મંજરી તેના સામે જોયા કરતી હતી.

'કેમ આવું શરીર કરી નાખ્યું ?' સનાતને મંજરીને પૂછ્યું;

'હોય. દેહ છે.' મંજરીએ ધીમેથી કહ્યું. તેનાથી બળપૂર્વક બોલાતું પણ ન હતું.

'મટી જશે એ તો.' સનાતને આશ્વાસન આપ્યું.

દર્દી અસાધ્ય રોગને પારખી જાય છે. લાંબા પરિચયથી મૃત્યુનો ભય

પણ દર્દીને રહેતો નથી. મંજરીએ કહ્યું :

'મને તેની ચિંતા નથી.'

'તમારે કશી જ ચિંતા ન રાખવી.'

'મને એક જ ચિંતા છે.' એટલું કહી મંજરીએ આંખ મીંચી. તેને ભારે થાક લાગ્યો જણાતો હતો. આટલી વાતચીત પણ તેના દેહને શ્રમિત બનાવતી હતી. જરા રહી તેણે આંખ ઉઘાડી. તેની આંખમાં અમાનુષી વિકળતા ઊભરાઈ આવી. તેણે સનાતનને કહ્યું :

'એક વાત પૂછું ?'

'તમને થાક લાગશે.'

'હવે નહિ લાગે. થોડું જ પૂછીશ.'

'કહો, શું છે ?'

'હું... જાઉં ત્યારે... પત્ર લખશો ને ?'

'જરૂર.'

'ક્યાં લખશો ?'

'તમે જ્યાં હશો ત્યાં.'

'જો જો... ફરી ભૂલ ન થાય...'

'હું ખાતરી આપું છું.'

મંજરીના મુખ ઉપર સ્મિત છવાયું. તેની આંખ હસી ઊઠી. પરંતુ એ સ્મિત કેમ સ્થિર હતું ? એ હસી ઊઠેલી આંખો કેમ પલક મારતી ન હતી ?

'અરે ! અરે ! જુઓ, બહેનને કાંઈ થયું ! લક્ષ્મી દૂરથી બોલી ઊઠી. સહુ દોડીને ખાટલા પાસે આવ્યાં.

'મંજરી !' વ્યોમેશચંદ્રે બૂમ પાડી.

મંજરીની આંખ હસતી જ હતી.

'મંજરી ! મંજરી !' રડતે સાદે વ્યોમેશચંદ્ર ફરી બૂમ મારી ઊઠ્યા.

મંજરીએ જવાબ ન આપ્યો. સ્મિત એ તેનો જગતને - જગતનાં સર્વ સ્નેહીઓને છેલ્લો જવાબ હતો. તેને તેનો સનાતન પત્ર પાઠવશે એ આશા તેના જીવનની છેલ્લી ક્ષણ હતી. આશામાં પ્રસન્નતા અનુભવતા મંજરીનો આત્મા તેના મુખને સ્મિતથી રંગી દેહ છોડી ઊડી ગયો. ક્યાં ? કોણ જાણે!

આખી ધર્મશાળા રડી ઊઠી. કિનારો રડી ઊઠ્યો. ન રડ્યો માત્ર સનાતન. તે વિરાગને કેળવતો હતો. જગતના સંબંધથી તે પર જવા મથતો

હતો. મંજરીના દેહને તેણે ચિતામાં સળગતો જોયો. તેનું હૃદયકાઠિન્ય તેને અવિકળ રાખી શક્યું.

તે જ વખતે લક્ષ્મી એક પત્ર લઈને દોડતી આવી.

'શું છે ?' કોઈએ પૂછ્યું.

'આ કાગળ બહેનની સાથે જ રાખવાનો છે.' રડતી લક્ષ્મીએ કહ્યું.

'કેમ ?'

'એવી એમની ઇચ્છા હતી.'

'જોઉં, શાનો કાગળ છે ?' સનાતને પૂછ્યું.

લક્ષ્મીએ તેના હાથમાં પત્ર મૂક્યો. સનાતનના હાથના અક્ષર તેની ઉપર હતા. 'કાંઈ જોવાની જરૂર નથી. એની ઇચ્છા પ્રમાણે એ પત્ર એની સાથે જ રાખો.' વ્યોમેશચંદ્ર બોલ્યા.

સનાતને એ પત્ર ચિતામાં મૂકી દીધો. દેહ સાથે બળી ઊઠતા પત્રે પણ તેના હૃદયને હલાવ્યું નહિ. હૃદય ઉપર આજ તેણે વજ્રભાર મૂકવાનો સંકલ્પ કર્યો હતો.

સંધ્યાકાળે સનાતન નદીની કરાડે એકલો બેઠો બેઠો લાંબા લાંબા વૃક્ષપડછાયા પાણીમાં વિસ્તરતા જોતો હતો. માનવ જીવન સત્ય હશે, કે કોઈ અનંત જીવનનો એ બેડોળ પડછાયો માત્ર હશે ?

'શું કરો છો ?' પાછળથી એક બાલસ્વરે સનાતનને વિચારમાંથી જાગ્રત કર્યો. નાનકડી વેલી તેની પાસે ઊભી હતી.

'કાંઈ નહિ. બેઠો છું.' સનાતને કહ્યું.

'ખોટું ! કંઈ શોધો છો.' વેલીએ કહ્યું.

'શોધ્યે કશું જ જડતું નથી.'

'જુઠ્ઠા ! હું જાણું છું ને !'

'શું ?'

'તમે મંજરીબહેનને જુઓ છો.'

'હવે મંજરી જોયે દેખાય એમ નથી.'

'ખોટું ! હું દેખું છું ને ?'

'કેવી રીતે ?'

'કોઈને કહો નહિ તો બતાવું.'

'નહિ કહું.'

'આંખો મીંચો પછી મંજરીબહેન દેખાય છે કે નહિ તે કહો.'

સનાતનનું હૃદય ધડકી ઊઠ્યું. તેણે આંખો મીંચી. ખરે, બાળકી કહેતી હતી એમ મંજરી મીંચેલી આંખે તાદૃશ દેખાતી હતી !

'અને બધા કહે છે કે મંજરીબહેન ગુજરી ગયાં !' વેલી જગતની માન્યતાને તિરસ્કારતી બોલી ઊઠી. પરંતુ વેલીને સમજ પડી નહિ કે સનાતનની આંખમાંથી આંસુધારા કેમ વહેતી હતી !

'ના દેખાયાં ?' વેલીએ પૂછ્યું.

આંખ ઉપર બંને હાથ રાખી સનાતન ખૂબ રોયો. તેનો પડછાયો વિલીન થઈ ગયો. માત્ર તેનું રુદન પડઘો પાડી રહ્યું હતું.